શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણકૃત

# શ્રી બૃહત્સંગ્રહણિ.

મૂળ-મૂળ ને ટીકાના અર્થ યુક્ત.

પ્રસિદ્ધ કર્ત્તા,

શા. કુંવરજી આણંદજી

ભાવનગર.

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણવિરચિત.

શ્રી મલયગિરિજીકૃત ટીકાયુક્ત

# શ્રી બૃહત્સંગ્રહણિ.

મૂળ તથા મૂળ અને ટીકાનું ભાષાન્તર, વિવેચન
અને ઉપયુક્ત યંત્રો સહિત.

ગુરુણીજી લાભશ્રીજીની પ્રેરણાથી તથા શ્રાવિકાવર્ગની
આર્થિક સહાયથી

ભાષાંતર કર્તા તથા પ્રસિદ્ધ કર્તા,

શા. કુંવરજી આણંદજી
પ્રમુખ-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

વીર સં. ૨૪૬૧ ] કિંમત રૂા. ૧-૦-૦ [ વિક્રમ સં. ૧૯૯૧

મળવાનું ઠેકાણું:—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

પૂજ્ય ઉપકારી શાસનપ્રભાવક ગુરૂ મહારાજનું
ખાસ સ્મરણ અને અર્પણ.

શુદ્ધ મુનિમાર્ગપ્રવર્તક મુનિરાજશ્રી બુટેરાયજી મહારાજના મુખ્ય શિષ્ય મુનિરાજશ્રી મૂળચંદજી ગણિ, તચ્છિષ્ય ત્યાગમૂર્ત્તિ મુનિરાજશ્રી ભક્તિવિજયજી તથા શાંતમૂર્ત્તિ પરમ ઉપકારી મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ તચ્છિષ્ય પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી ગણિનું આ ગ્રંથપ્રકાશનરૂપ શુભ પ્રસંગે ખાસ સ્મરણ કરી આ જ્ઞાનપ્રસાદી તેમના કરકમલમાં અર્પણ કરૂં છું.

લઘુકિંકરી લાભશ્રી

મુદ્રકઃ—
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

# પ્રસ્તાવના.

આ **બૃહત્સંગ્રહણિ** ગ્રંથ કે જેનું બીજું નામ **ત્રૈલોકયદીપિકા** છે તે પ્રથમ **શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** મહારાજાએ શ્રી પ્રજ્ઞાપના સૂત્રાદિના આધારે રચેલો છે. તેની મૂળ ગાથા ૩૫૩ છે. સદરહુ ગ્રંથ **શ્રીમલયગિરિજી** મહારાજ-કૃત ટીકા સાથે છપાયેલ છે, તેમાં પાછલા ભાગમાં ૩૫૩ મૂળ ગાથાઓ આપેલ છે. ટીકામાં ૧૪ ક્ષેપક ગાથા ભળવાથી ૩૬૭ ગાથાઓ છે. **શ્રીચંદ્રસૂરિ** કે જેઓ **મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરિ**ના શિષ્ય છે તેમણે આ બૃહત્સંગ્રહણિ ઉપરથી ગાથા ૩૧૮ની બીજી બૃહત્સંગ્રહણિ બનાવી છે. તે **હર્ષસારમુનિના શિષ્યે** કરેલા અર્થ-બાળાવબોધ સહિત બહુ વર્ષ અગાઉ શ્રાવક ભીમસિંહ માણેકે પ્રકરણ રત્નાકર ભાગ ૪ થામાં છપાવેલ છે. તેના અર્થમાં બાળાવબોધકારે મૂળ બૃહત્સંગ્રહણિ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે ૫૦૦ ગાથાની બનાવ્યાનું લખ્યું છે, પરંતુ તેમાં કાંઇ ભૂલ થયેલી જણાય છે; કેમકે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની કરેલી બૃહત્સંગ્રહણિ તો ૩૫૩ ગાથાની જ છે. શ્રી ચંદ્રસૂરિકૃત બૃહત્સંગ્રહણિનું નામ આપીને માસ્તર ઉમેદચંદ રાયચંદે બુકાકારે એ ગ્રંથ છપાવેલ છે તેમાં ગાથા ૪૮૫ છે; પરંતુ એટલો વધારો બીજી ક્ષેપક ગાથાઓવડે થયેલો જણાય છે.

આ બૃહત્સંગ્રહણિ ગ્રંથના ટીકાકાર મહારાજે અનેક સ્થળે ટીકા એટલી બધી વિસ્તૃત કરી છે કે જેની અંદર ઉપર જણાવેલી બુકની સર્વ ગાથાઓનો સમાવેશ પ્રાય: થઇ ગયેલો છે. આ ગ્રંથ ટીકા સાથે **શ્રી ભાવનગર જૈન આત્માનંદ સભા** તરફથી સંવત્ ૧૯૭૩ માં છપાયેલ છે. તેનું સંશોધન **ઉપાધ્યાય શ્રી વીરવિજયજી**ના શિષ્ય **પંન્યાસશ્રી** ( હાલ આચાર્ય ) **દાનવિજયજી ગણિએ** કરેલું છે. અમે તે ગ્રંથની ગાથાઓનું તથા ટીકાનું શુદ્ધ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરીને પ્રગટ કરવાનો અલ્પમતિ અનુસાર પ્રયત્ન કર્યો છે. તેમાં જે ગાથાની ટીકા માત્ર શબ્દાર્થ પૂરતી જ હોય તેનો અર્થ અમે જુદો લખ્યો નથી, પરંતુ જે ગાથાની ટીકા વધારે વિસ્તારવાળી હોય તે ગાથાનો શબ્દાર્થ જુદો આપ્યો છે.

આ ગ્રંથના કર્ત્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કર્ત્તા તરીકે પોતાનું નામ આપેલું નથી; પરંતુ ટીકાકાર શ્રી મલયગિરિજી મહારાજે પ્રારંભમાં જ આ ગ્રંથના કર્ત્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે એમ કહ્યું છે. વળી આ આચાર્ય પૂર્વધર હતા

કારણ કે વાદી, ક્ષમાશ્રમણ, વાચક ને દિવાકર એવા ઉપનામ પૂર્વધરને જ આપવામાં આવે છે. ઉપાધ્યાયને વાચક શબ્દથી બોલાવાય છે પણ આ વાચક તે ઉમાસ્વાતિ વાચકાદિ સમજવા.

આ ગ્રંથકર્ત્તા સંબંધી જન્મતિથિ, જન્મસ્થાન, ગુરુનામ વિગેરે લભ્ય નથી તેથી અમે લખી શકયા નથી. એમણે મહાભાષ્ય, જિતકલ્પ, બૃહત્ક્ષેત્રસમાસ, વિશેષણવતી વિગેરે ગ્રંથો રચેલા ઉપલભ્ય છે. ટીકાકાર શ્રી મલયગિરિજી મહારાજ કળિકાળસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય**ના સમયમાં જ થયેલા છે. એમણે સાથે રહીને જ સરસ્વતી મહાદેવીનું આરાધન કર્યું હતું, જેમાં સાથે **શ્રી દેવેન્દ્રસૂરિ** જેઓ પાંચ કર્મગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સાથેના રચનારા છે તેઓ પણ હતા. શ્રી મલયગિરિજી મહારાજ મહાન્ ટીકાકાર થયા છે. એમણે જીવાભિગમ, પ્રજ્ઞાપના, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વિગેરે સૂત્રો તથા બૃહત્સંગ્રહણિ, બૃહત્ક્ષેત્રસમાસ વિગેરે અનેક પ્રકરણ ગ્રંથો ઉપર ટીકા કરેલી છે. આવશ્યક સૂત્ર ઉપર પણ એમણે ટીકા કરી છે. તેનો અમુક ભાગ છપાયેલો છે. આ ટીકા એમણે મૂળ ટીકાકાર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા મહાપુરુષ **શ્રી હરિભદ્રસૂરિ**ની કરેલી પ્રાચીન ટીકાને આધારે કરી છે; પરંતુ એ મૂળ ટીકા અત્યારે લભ્ય નથી. આ ટીકાની અંદર ઘણે ઠેકાણે તેનો આધાર લીધાનું કહેલું છે. આ ટીકાનું પ્રમાણ શુમારે સાડાપાંચ હજાર શ્લોકપ્રમાણ છે. ટીકાની ભાષા બહુ જ સરલ છે તેથી જ મારી જેવો અલ્પમતિ તેનું ભાષાંતર કરવા શક્તિમાન થયો છે. જો કે અલ્પમતિને લઈને તેમ જ છદ્મસ્થપણાને લઈને આ ભાષાંતરમાં અનેક સ્થાને સ્ખલના થવાનો સંભવ છે તે મને જણાવવા માટે વિદ્વદ્વર્ગને મારી નમ્ર પ્રાર્થના છે. સ્ખલના દૂર થવા માટે મેં બનતો પ્રયાસ કર્યો છે. સભાના શાસ્ત્રી જેઠાલાલે પણ તેના પર સારૂં લક્ષ્ય આપ્યું છે જેથી તેનો પણ હું આભારી છું.

જેમ બૃહત્ક્ષેત્રસમાસ ને લઘુક્ષેત્રસમાસ છે, તે બંને ઉપર જુદી જુદી વિસ્તૃત ટીકાઓ પણ છે તેમ આ બૃહત્સંગ્રહણિ માટે નથી; કારણ કે જે લઘુસંગ્રહણિ કહેવાય છે તે તો માત્ર ૩૦ ગાથાની જ છે અને તેમાં જંબૂદ્વીપના શાશ્વત પદાર્થો વિગેરેનો જ અધિકાર છે કે જે આનાથી તદ્દન જુદો જ વિષય બતાવે છે.

આ ગ્રંથનું બીજું નામ **ત્રૈલોકયદીપિકા** પણ છે, કારણ કે આ ગ્રંથમાં ત્રણે લોકમાં રહેલા દેવ, નારક, મનુષ્ય ને તિર્યંચરૂપ ચારે ગતિના જીવો સંબંધી હકીકત સમાવી છે. આયુ, સ્થાન, અવગાહના, ઉપપાતવિરહકાળ, ચ્યવનવિરહકાળ, ઉપપાતવિરહસંખ્યા ને ગતિ, આગતિરૂપ નવ નવ દ્વાર દેવ અને નારકીના નિરૂપણ કર્યા છે અને સ્થાનનું અનિયતપણું હોવાથી મનુષ્ય ને તિર્યંચના સ્થાન સિવાય આઠ આઠ દ્વાર કહેલા છે. એકંદર ચાર ગતિના મળીને ૩૪ દ્વાર કહેલા છે; પરંતુ પ્રાસંગિક દેવોને અંગે ચિહ્ન, શરીરના વર્ણ, અવધિજ્ઞાનનું પ્રમાણ, વિમાન, વિષય, લેશ્યા વિગેરે અને નારકીને અંગે ત્રણ પ્રકારની

વેદના, અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાનનું ક્ષેત્ર, નરકાવાસાના આકાર, લેશ્યા વિગેરે તેમ જ મનુષ્ય ને તિર્યંચના સ્થાન તરીકે મનુષ્યક્ષેત્ર અને તિર્ચ્છાલોકનું–અસંખ્ય દ્વીપસમુદ્રોનું સ્વરૂપ વિગેરે અનેક બાબતો બતાવી છે. ચારે ગતિના જીવોમાંથી કયા જીવો તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવાદિપણું પામે છે, ચક્રવર્તીના ચૌદરત્નમાં કોણ ઉપજે છે વિગેરે અનેક બાબતો બતાવી છે. એકેંદ્રિયનું સ્વરૂપ કહેતાં નિગોદનું સ્વરૂપ બહુ વિસ્તારથી બતાવ્યું છે. ત્રણ પ્રકારના પલ્યોપમાદિનું અને ત્રણ પ્રકારના અંગુળાદિનું સ્વરૂપ પણ બહુ વિસ્તારથી બતાવેલ છે. કેટલીક બાબતોમાં શંકા સમાધાન પણ ટીકાકારે બહુ વિસ્તારથી કરેલ છે. વીર પ્રભુના શરીરથી ભરતચક્રીનું શરીર ૫૦૦ ગણું સિદ્ધ કરવામાં ઘણી યુક્તિઓ વાપરી છે. દ્રવ્ય લેશ્યા છે તે દેહના વર્ણરૂપ નથી એ બાબત ચર્ચીને સિદ્ધ કરી છે. બીજા પણ અઢીદ્વીપ બહારના સ્થિર સૂર્યચંદ્રાદિની સંખ્યા, પંક્તિ વિગેરેના સંબંધમાં એકથી વધારે મતાંતરો પ્રદર્શિત કર્યા છે.

મૂળકર્ત્તાએ પ્રાંતે સંક્ષિપ્તતર સંગ્રહણિનું નિરૂપણ કરતાં તેમાં કહેવાતા ૨૪ દ્વારના નામ માત્ર જ બે ગાથાવડે આપ્યા છે, પરંતુ ટીકાકાર મહારાજાએ તે ચોવીશે દ્વારનું બહુ વિસ્તારથી સ્વરૂપ દર્શાવ્યું છે. પાછળના ભાગમાં પર્યાપ્તિ, યોનિ, કુલકોટિ વિગેરેની સંખ્યા ને સ્વરૂપ કહેવા સાથે યોનિના ચાર પ્રકારે ત્રણ ત્રણ ભેદ બતાવ્યા છે. સિદ્ધ સંબંધી અને તેના સ્થાન સંબંધી તેમ જ સમ-યસિદ્ધિ સંબંધી પણ સારૂં નિરૂપણ કર્યું છે. જ્યાં જ્યાં પ્રસંગ પ્રાપ્ત થયો ત્યાં ત્યાં વિસ્તાર કરવામાં તેમણે કૃપણતા વાપરી નથી.

આ ગ્રંથનો બહોળો ભાગ તો દેવસંબંધી અધિકારે જ રોકયો છે. તે અધિકારમાં ગાથાઓ ૨૩૧ ને આ બુકના પાના ૧૩૭ રોકાયેલા છે. ત્યારપછી નરકાધિકારમાં ગાથાઓ ૭૪ ને આ બુકના પાના ૪૮ ( ૧૩૮ થી ૧૮૫ ) રોકાયેલા છે. તિર્યંચ ને મનુષ્યાધિકારનો બહુ વિસ્તાર કરવામાં આવ્યો નથી. તેમાં ગાથા ૩૯ ને આ બુકના પાના ૨૧ (૧૮૬ થી ૨૦૬) રોકયા છે. પછી પાછળની ગાથાઓ ૨૩ ને આ બુકના પાના ૨૧ (૨૦૭ થી ૨૨૭) પ્રાસંગિક અનેક બાબતોમાં રોકેલ છે. એકંદર ગાથાઓ ૩૬૭ અને ટીકાવાળી પ્રતના પાના ૧૪૩ છે. આ બુકના પૃષ્ઠ ૨૨૭ છે. આ બધી હકીકત જાણવા માટે આ સાથે આપવામાં આવેલી વિસ્તૃત અનુક્રમણિકા વાંચવાની જ ભલામણ કરવી યોગ્ય લાગે છે કે જેથી પુનરાવર્તન કરવું ન પડે.

આવા ગ્રંથો દ્રવ્યાનુયોગનો એક વિભાગ છે. બોધ મેળવવા ઈચ્છનારને તેમાંથી અનેક પ્રકારનો બોધ મળી શકે છે. આ ભાષાંતરની અંદર પણ પ્રસંગે પ્રસંગે નાના–મોટા ૨૩ યંત્રો આપેલા છે તેનો સમાવેશ પાછળ આપેલા યંત્રોના સંગ્રહની અંદર થઈ જાય છે; પરંતુ માત્ર યંત્રોથી જ બોધ લેવા ઈચ્છનાર માટે ઉપયોગી થવા સારૂ એ યંત્રોના સંગ્રહની છ ફારમની ખાસ બુક જ જુદી કરેલ છે જે આ ભાષાંતર સાથે પણ જોડવામાં આવી છે.

આ ભાષાંતર છપાવવાની સહાયને અંગે **ગુરુણીજી લાભશ્રીજીનો** સારો પ્રયાસ છે. તેમને આવા વિષય ઉપર બહુ પ્રેમ છે, તેમ જ તેઓ તેના સારા અભ્યાસી છે. યંત્રોની બુક તો ખાસ તેમના ઉત્સાહનું જ પરિણામ છે. ભાવનગરના શ્રાવિકા સમુદાય ઉપર તેમનો વિશેષ ઉપકાર હોવાથી અને અમદાવાદ વિગેરેમાં સારો ધર્મસંબંધ હોવાથી મદદ ઠીક મળી છે. તેનું લીસ્ટ આ સાથે આપવામાં આવેલ છે. એ સહાયકોનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

સહાય સારી મળેલી હોવાથી અને આ બુકોનો મોટો ભાગ સહાયકોને ભેટ આપવામાં, તેમ જ તેના અભ્યાસી સાધુ–સાધ્વી અને શ્રાવક–શ્રાવિકાઓને ભેટ આપવામાં થનાર હોવાથી આ બુકની કિંમત રાખવાની જરૂર નહોતી પરંતુ તેના ઇચ્છક સર્વને આ બુક ભેટ તરીકે મળી શકે નહીં તેથી ખર્ચ કરતાં પણ ઓછી કિંમત રાખવામાં આવી છે. એમાં પૈસા ઉપજાવવાનો બીલકુલ હેતુ રાખવામાં આવ્યો નથી.

જૈન શાસ્ત્રની અંદર પ્રવેશ કરવા માટે આવા ગ્રંથો ને તેના ભાષાંતરો પ્રવેશક દ્વારનું કામ કરે છે, તેથી થોડા વખત અગાઉ જ લઘુક્ષેત્રસમાસ ભાષાંતર સાથે બહાર પાડી તરતમાં જ આ ગ્રંથનું ભાષાંતર કરવાનું ને છપાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આજે અમે એ એક જાતની જ્ઞાનપ્રસાદી જૈનવર્ગની આગળ ધરી અમારા આત્માને કિંચિત્ કૃતાર્થ માનીએ છીએ.

પુનઃ વિસ્તૃત અનુક્રમણિકા વાંચવાની અને સ્ખલના માટે મને જણાવવાની પ્રાર્થના કરી આ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

ફાલ્ગુન શુદિ પ્રતિપદા
સંવત્ ૧૯૯૧

**કુંવરજી આણંદજી**
ભાવનગર.

# અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | ટીકાકારનું મંગળાચરણ | ૧ |
| ૨ | ગ્રંથકર્તાનું મંગળાચરણ | ૩ |
| ૩ | સંગ્રહણિ, સુર ( દેવ ), નારક, નર અને તિર્યંચ શબ્દનો અર્થ | ૫ |
| ૪ | અભિધેયનો વિસ્તાર, દેવ અને નારક સંબંધી નવ નવ દ્વાર અને મનુષ્ય તથા તિર્યંચ સંબંધી આઠ આઠ દ્વાર–કુલ ચોત્રીશ દ્વારનાં નામ | ૬ |
| ૫ | પ્રયોજન અને સંબંધ | ૭ |
| ૬ | દેવોના ચાર પ્રકારના પેટા ભેદ | ૮ |

## ૧ આયુદ્વાર.

| | | |
|---|---|---|
| ૭ | વૈમાનિકમાં દેવોના ઇંદ્રાદિક દશ પ્રકાર | ૯ |
| ૮ | ભવનપતિ અને વ્યંતરની જઘન્ય સ્થિતિ ( આયુ ) | ૧૦ |
| ૯ | વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૧ |
| ૧૦ | ત્રણ પ્રકારના પલ્યોપમ અને સાગરોપમનું સ્વરૂપ | ૧૧ |
| ૧૧ | ભવનપતિની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૫ |
| ૧૨ | ભવનપતિ અને વ્યંતર નિકાયની દેવીનું આયુ | ૧૬ |
| ૧૩ | સૂર્ય, ચંદ્ર, ગ્રહ અને નક્ષત્રાદિની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ | ૧૭ |
| ૧૪ | ચંદ્ર અને સૂર્ય વિગેરેની દેવીનું ઉત્કૃષ્ટ આયુ | ૧૮ |
| ૧૫ | ચંદ્રાદિક પાંચે પ્રકારના જ્યોતિષીની દેવીનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ | ૧૯ |
| ૧૬ | ભવનપતિ અને વ્યંતર નિકાયના દેવ–દેવીના આયુ સંબંધી યંત્ર. ( ૧ ) | ૧૯ |
| ૧૭ | જ્યોતિષ્ક દેવ–દેવીના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ સંબંધી યંત્ર. ( ૨ ) | ૨૦ |
| ૧૮ | વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ. | ૨૦ |
| ૧૯ | પાંચ અનુત્તર વિમાનના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ. | ૨૧ |
| ૨૦ | વૈમાનિક દેવોની જઘન્ય સ્થિતિ. | ૨૨ |
| ૨૧ | અનુત્તર વિમાનના દેવોની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ | ૨૨ |
| ૨૨ | સૌધર્માદિક દેવલોકના દેવોની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર. ( ૩ ) | ૨૩ |
| ૨૩ | વૈમાનિક દેવીઓની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ | ૨૩ |
| ૨૪ | સૌધર્મેશાન દેવલોકની દેવીની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર ( ૪ ) | ૨૪ |
| ૨૫ | બાર દેવલોક વિગેરેના પ્રસ્તટની સંખ્યા | ૨૪ |

૨૬ દરેક પ્રસ્તટે આયુ વિશેષ જાણવા સંબંધી કરણ ૨૫
૨૭ સૌધર્મ દેવલોકના દરેક પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૫
૨૮ સૌધર્મેશાન દેવલોકના તેર પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર ( ૫ ) ૨૬
૨૯ શક્રેંદ્રના લોકપાળનું સ્થાન ને આયુ ૨૬
૩૦ દરેક પ્રસ્તટે જઘન્ય સ્થિતિ સંબંધી ચર્ચા ૨૭
૩૧ ત્રીજા કલ્પથી દરેક પ્રસ્તટે સ્થિતિ જાણવાનું કરણ ૨૭
૩૨ ઉપર પ્રમાણેના કરણથી પ્રાપ્ત થતી ત્રીજા–ચોથા દેવલોકમાં જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ. ૨૮
૩૩ સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકના બાર પ્રસ્તટે ઉત્કૃષ્ટ આયુ સંબંધી યંત્ર ( ૬ ) ૨૯
૩૪ બ્રહ્મદેવલોકે પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૨૯
૩૫ બ્રહ્મદેવલોકમાં દરેક પ્રસ્તટે આયુ સંબંધી યંત્ર ( ૭ ) ૩૦
૩૬ લાંતક દેવલોકે પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૩૦
૩૭ મહાશુક્ર દેવલોકે પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૩૧
૩૮ સહસ્રાર દેવલોકે પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૩૨
૩૯ છઠ્ઠા, સાતમા અને આઠમા દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ સંબંધી યંત્ર ( ૮ ) ૩૩
૪૦ આનતાદિ દેવલોકે પ્રતિ પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૩૩
૪૧ નવ, દશ, અગ્યાર અને બારમા દેવલોકના ઉત્કૃષ્ટ આયુ સંબંધી યંત્ર ( ૯ ) ૩૪

## ૨ ભવનદ્વાર.

૪૨ ભવનપતિના દશે નિકાયના ભવનોની સંખ્યા ૩૫
૪૩ દક્ષિણોત્તર દિશાના વિભાગે ભવનોની સંખ્યા ૩૫
૪૪ ભવનપતિના દશે નિકાયના દક્ષિણોત્તર ભવનોનું યંત્ર ( ૧૦ ) ૩૬
૪૫ ભવનપતિના ભવનોનું પ્રમાણ ૩૬
૪૬ ભવનપતિના ભવનોનું સ્થાન ૩૬
૪૭ ભવનપતિના દશે નિકાયના નામો તથા તેનું સ્વરૂપ ૩૭
૪૮ દશે પ્રકારના ભવનવાસી નિકાયના ચિન્હો ૩૮
૪૯ દશે પ્રકારના ભવનપતિના શરીરવર્ણવિભાગ ૩૯
૫૦ દશે પ્રકારના ભવનપતિનો વસ્ત્રવિષયક વર્ણવિભાગ ૩૯
૫૧ ભવનપતિના દશે નિકાયના બબ્બે ઇંદ્રોનાં નામ ૩૯
૫૨ કયા ઇંદ્રની કયા વિષયની શક્તિ છે ? તેનું વર્ણન ૪૦
૫૩ તે ઇંદ્રોની શક્તિનો બીજો પ્રકાર ૪૧
૫૪ ભવનપતિના ઇંદ્રોના તિર્યગ્ લોકમાં કયા દ્વીપમાં આવાસો છે ? ૪૧
૫૫ ભવનપતિના ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષક દેવોની સંખ્યા ૪૨
૫૬ વૈમાનિક ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષક દેવોની સંખ્યા ૪૨
૫૭ ચારે નિકાયના ઇંદ્રોના સામાનિક અને આત્મરક્ષક દેવોની સંખ્યાનું યંત્ર ( ૧૧ ) ૪૩
૫૮ ચારે નિકાયના ઇંદ્રોની અગ્રમહિષીની સંખ્યા ૪૩

૫૯ વ્યંતરોનાં નગરોની અને જ્યોતિષીના વિમાનોની સંખ્યા ૪૪
૬૦ વ્યંતરોના નગરોનું પરિમાણ ૪૪
૬૧ વ્યંતરોના નગરોનું સ્થાન ૪૪
૬૨ વ્યંતરોના આઠે નિકાયના [1]નામ અને તેના પેટા ભેદ ૪૫
૬૩ વ્યંતરોના આઠે નિકાયના ઇંદ્રોના નામ ૪૬
૬૪ વ્યંતરોના આઠે નિકાયના દેવોનાં ચિન્હો ૪૭
૬૫ વ્યંતરોના આઠે નિકાયના દેવોનો શરીરવર્ણવિભાગ ૪૭
૬૬ જ્યોતિષીના ઇંદ્રોની દ્વીપો અને સમુદ્રને આશ્રયીને સંખ્યા ૪૮
૬૭ કાળોદધિ વિગેરેમાં ચંદ્ર–સૂર્યની સંખ્યા જાણવાનું કરણ ૪૮
૬૮ સદરહુ કરણ પ્રમાણે આવતી ચંદ્ર–સૂર્યની સંખ્યા ૪૯
૬૯ મનુષ્યક્ષેત્રમાં આવેલા ચંદ્ર–સૂર્યની સંખ્યા ૫૦
૭૦ નક્ષત્ર અને ગ્રહની પંક્તિઓનું પરિમાણ ૫૧
૭૧ સૂર્ય અભ્યંતર મંડળથી બાહ્ય મંડળ સુધીના યોજનની સંખ્યા ૫૧
૭૨ ચંદ્ર અને સૂર્યનું જંબૂદ્વીપમાં અને લવણસમુદ્રમાં ગમનાગમનનું પરિમાણ ૫૨
૭૩ સૂર્ય અને ચંદ્રના સર્વ મંડળોની સંખ્યા અને જંબૂદ્વીપ તથા લવણસમુદ્ર ઉપર કેટલા કેટલા મંડળો છે? તેની સંખ્યા ૫૨
૭૪ ચંદ્ર અને સૂર્યના પરિભ્રમણનું સ્વરૂપ ૫૩
૭૫ મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર–સૂર્યનું અપાંતરાલ ૫૩
૭૬ સ્થિર ચંદ્ર–સૂર્યના અપાંતરાલ સંબંધી મતાંતર ૫૪
૭૭ મતાંતરવડે આવતી ચંદ્ર–સૂર્યની સંખ્યા ૫૫
૭૮ ચંદ્ર–સૂર્યના અંતર અને પંક્તિ સંબંધી બીજો મતાંતર ૫૫
૭૯ બીજા મતાંતર પ્રમાણે આવતું ચંદ્ર–સૂર્યનું અંતર ૫૬
૮૦ પ્રતિદ્વીપ અને પ્રતિસમુદ્રે ચંદ્ર–સૂર્યની સંખ્યા જાણવાનું કરણ ૫૭
૮૧ સર્વ દ્વીપ સમુદ્રોની સંખ્યા અને તેનો વિસ્તાર ૫૮
૮૨ મનુષ્યક્ષેત્રનું પ્રમાણ ૫૯
૮૩ કેટલાક દ્વીપોનાં નામો ૬૦
૮૪ કેટલાક સમુદ્રોનાં નામો ૬૧
૮૫ પીસ્તાળીશ લાખ યોજનના અને લાખ યોજનના શાશ્વત પદાર્થો ૬૧
૮૬ સમુદ્રોમાં રહેલા જળનું સ્વરૂપ ૬૨
૮૭ સમુદ્રોની અંદર રહેલા મત્સ્યોના શરીરનું પ્રમાણ ૬૩
૮૮ સમુદ્રોની અંદર રહેલા મત્સ્યોની સંખ્યા સંબંધી તરતમતા ૬૩
૮૯ સદૃશ અને વિસદૃશ નામોવાળા દ્વીપો અને સમુદ્રો ૬૪
૯૦ દ્વીપ–સમુદ્રોનાં નામો સંબંધી સોળ પ્રકાર ૬૪


---

૧ આમાં વાણવ્યંતરો સંબંધી હકીકત બીલકુલ લભ્ય થતી નથી.

૯૧ પ્રત્યેક ચંદ્રના ગ્રહ, નક્ષત્ર અને તારાના પરિવારની સંખ્યા ૬૬
૯૨ ચંદ્રાદિના વિમાનોના સંસ્થાનાદિકનું સ્વરૂપ ૬૭
૯૩ ચંદ્રાદિના વિમાનોનું આયામ–વિષ્કંભ અને ઉચ્ચત્વનું પ્રમાણ ૬૮
૯૪ મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્રાદિકના વિમાનોનું પરિમાણ ૬૯
૯૫ સમભૂતલા પૃથ્વીથી કેટલા યોજન ઉંચે ચંદ્રાદિક ચાર ચરે છે ? ૬૯
૯૬ નક્ષત્રના પરિભ્રમણના સંબંધમાં વિશેષતા ૭૦
૯૭ મનુષ્યક્ષેત્રમાં કેટલા ચંદ્ર–સૂર્ય છે ? તેની સંખ્યા ૭૧
૯૮ ચર જ્યોતિષચક્ર મેરૂપર્વતથી કેટલા યોજન દૂર રહીને ફરે છે ? અને સ્થિર જ્યોતિષચક્ર અલોકથી કેટલા યોજન અંદર રહેલ છે ? ૭૧
૯૯ દરેક દ્વીપ–સમુદ્રોમાં નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા જાણવાનું કરણ ૭૨
૧૦૦ જ્યોતિષ્કના વિમાનોને વહન કરનાર આભિયોગિક દેવોની સંખ્યા. ૭૨
૧૦૧ વહન કરનાર દેવો કેવાં રૂપ ધારણ કરીને ફરે છે ? તેનું સ્વરૂપ ૭૩
૧૦૨ ચર ચંદ્રાદિકની ગતિની તરતમતા ૭૪
૧૦૩ ચંદ્રાદિકની ઋદ્ધિની તરતમતા ૭૫
૧૦૪ તારાના વિમાનોનું વ્યાઘાતે અને અવ્યાઘાતે પરસ્પર અંતર ૭૫
૧૦૫ મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર–સૂર્યનું પરસ્પર અંતર ૭૬
૧૦૬ મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર–સૂર્યની પંક્તિનું અવસ્થાન ૭૬
૧૦૭ ચંદ્રના મંડળની વૃદ્ધિ–હાનિનું કારણ ( નિત્યરાહુ ). રાહુ સંબંધી વક્તવ્ય. ૭૭
૧૦૮ વૈમાનિક દેવોના દરેક દેવલોકના વિમાનોની સંખ્યા ૭૮
૧૦૯ વૈમાનિક દેવોના વિમાનોની એકંદર સંખ્યા ૭૯
૧૧૦ ઊર્ધ્વલોકમાં દેવલોક સંબંધી ૬૨ પ્રતરો, દરેક પ્રતરમાં આવલિકાપ્રવિષ્ટ અને પુષ્પાવકીર્ણ વિમાનોનું સ્વરૂપ ૭૯
૧૧૧ દરેક પ્રસ્તટમાં આવેલા ઇંદ્રક વિમાનોનાં નામ ૭૯
૧૧૨ આવલિકાપ્રવિષ્ટ વિમાનોનું દ્વીપ–સમુદ્રને ઉદ્દેશીને આવેલું સ્થાન ૮૦
૧૧૩ દરેક દેવલોકમાં આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા લાવવાનું કરણ ૮૧
૧૧૪ દરેક દેવલોકને અંગે મુખ અને ભૂમિની સંખ્યા અને તે ઉપરથી આવતી આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા ૮૩
૧૧૫ વૈમાનિકમાં દરેક દેવલોકે આવલિકાપ્રવિષ્ટ, પુષ્પાવકીર્ણ અને કુલ વિમાનોની સંખ્યાનું યંત્ર ( ૧૨ ) ૮૫
૧૧૬ આવલિકાપ્રવિષ્ટમાં વૃત્ત, ત્ર્યસ્ર અને ચતુરસ્ર વિમાનો કેટલા કેટલા છે ? તે જાણવાનું કરણ ૮૫
૧૧૭ દરેક દેવલોકે દરેક પ્રસ્તટમાં ત્રણે પ્રકારની આકૃતિવાળા કેટલા કેટલા વિમાનો છે ? તેની ગણિત પ્રમાણે આવતી સંખ્યા ૮૬
૧૧૮ આવલિકાપ્રવિષ્ટમાં ત્રણે પ્રકારની આકૃતિવાળા વિમાનોની સંખ્યાનું યંત્ર ( ૧૩ ) ૯૦

૧૧૯ શક્રેંદ્ર અને ઈશાનેંદ્રના સ્વામિત્વવાળા આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા ૯૦
૧૨૦ સનત્કુમારેંદ્ર અને માહેંદ્ર ઇંદ્રના સ્વામિત્વના આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા ૯૧
૧૨૧ લોકપાળનું સ્થાન
૧૨૨ વિમાનોની આકૃતિ વિગેરેને લગતી કેટલીક જાણવા યોગ્ય હકીકત ૯૨
૧૨૩ વિમાનોનું અધિષ્ઠાન એટલે તે શેને આધારે રહેલા છે ? ૯૨
૧૨૪ વિમાન નીચેની પૃથ્વીનું બાહલ્ય અને વિમાનનું ઉચ્ચત્વ ૯૩
૧૨૫ સૌધર્માદિ કલ્પના વિમાનોનો વર્ણવિભાગ ૯૪
૧૨૬ ભવનપત્યાદિકના ભવનાદિકનો વર્ણવિભાગ ૯૫
૧૨૭ સૌધર્માદિ કલ્પોના વિસ્તાર, આયામ, આભ્યંતર અને બાહ્ય પરિધિપ્રતિપાદક દેવોની ચાર પ્રકારની ગતિનું નિરૂપણ ૯૫
૧૨૮ ચાર પ્રકારની ગતિવડે શું શું માપવું ? ૯૭
૧૨૯ ચાર પ્રકારની ગતિવડે ન માપી શકાતું આયામ વિગેરેનું પરિમાણ ૯૮
૧૩૦ ગતિના નામાંતર તથા તેને અંગે શંકા અને સમાધાન ૯૯

## ૩ અવગાહના દ્વાર.

૧૩૧ ચારે નિકાયના દેવોના શરીરની અવગાહના ૯૯
૧૩૨ શરીરનું પ્રમાણ આયુની સ્થિતિ ઉપર હોવાથી તે રીતે આવતું શરીરની અવગાહનાનું પ્રમાણ ૧૦૧
૧૩૩ આયુષ્યને આધારે આવતા શરીરના પ્રમાણનું યંત્ર (૧૪) ૧૦૩
૧૩૪ દેવોના ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના ૧૦૪
૧૩૫ ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના ૧૦૪

## ૪ ઉપપાતવિરહકાળ દ્વાર.

૧૩૬ ચારે નિકાયના દેવોના જઘન્યોત્કૃષ્ટ ઉપપાતવિરહકાળનું પ્રમાણ ૧૦૪

## ૫ ઉદ્વર્તનાવિરહકાળ દ્વાર

૧૩૭ ચારે નિકાયના દેવોના જઘન્યોત્કૃષ્ટ ઉદ્વર્તના વિરહકાળનું પ્રમાણ ૧૦૬

## ૬–૭ ઉપપાત અને ઉદ્વર્તનાની સંખ્યા દ્વાર

૧૩૮ ચારે નિકાયના દેવોની ઉપપાત અને ઉદ્વર્તનાની સમય સંખ્યા ૧૦૬

## ૮ ગતિદ્વાર[૧]

૧૩૯ ચારે નિકાયના દેવોમાં ઉપજતા જીવો ( મનુષ્ય અને તિર્યંચ ) ૧૦૭
૧૪૦ તિર્યંચ અને મનુષ્યગતિ આશ્રયી દેવગતિમાં ઉપજવા સંબંધી વિશેષતા ૧૦૮

૧ દેવોમાં ઉપજે કયા જીવોતે રૂપ ગતિ અહિં જાણવી.

१४१ ભવનપતિ વ્યંતરાદિકમાં કેવા મનુષ્યો ઉપજે છે ? १०९
१४२ વૈમાનિકમાં કયા જીવો કયાં સુધી ઉપજે છે ? ११०
१४३ મિથ્યાદષ્ટિનું લક્ષણ १११
१४४ સૂત્ર સ્વરૂપ १११
१४५ ચૌદ પૂર્વીનું જઘન્ય અને ઉત્કૃષ્ટથી દેવપણે ઉપજવું १११
१४६ સર્વવિરતિ અને દેશવિરતિ મનુષ્ય જઘન્યથી કયાં સુધી ઉપજે ? ११२
१४७ છ સંઘયણનાં નામ અને તેનું સ્વરૂપ ११३
१४८ છ સંસ્થાનનાં નામ અને તેનું સ્વરૂપ ११३
१४९ કેટલા સંઘયણ કયા જીવોમાં હોય છે ? ११५
१५० કયા સંહનનવાળા જીવો કયા દેવલોક સુધી ઉપજે ? ११५

## ९ આગતિદ્વાર[1]

१५१ દેવો ચ્યવીને કયાં કયાં ઉપજે છે ? તે સ્થાનો. ११६
१५२ કયા કયા દેવલોકના દેવો દેવીનો કેવી રીતે ઉપભોગ કરે છે ? ११६
१५३ સપ્રવિચારી અને અપ્રવિચારી દેવોના સુખનું પ્રમાણ ११८
१५४ દેવ દેવીના ઉત્પત્તિ સ્થાન ११८
१५५ દેવ દેવીના ગમનાગમન સંબંધી વિચાર ११८
१५६ કિલ્વિષિક દેવોની સ્થિતિ અને સ્થાન ११९
१५७ આભિયોગિક અને કિલ્વિષિક દેવોનું ઉત્પત્તિ સ્થાન १२०
१५८ વૈમાનિક દેવીઓનું ઉત્પત્તિ સ્થાન १२०
१५९ કેટલા આયુષ્યવાળી દેવીઓ કયા દેવલોકના દેવોના ઉપભોગમાં આવે છે ? १२०
१६० ચારે નિકાયના દેવોની લેશ્યા १२२
१६१ વૈમાનિક દેવોનો દેહવર્ણવિભાગ १२३
१६२ ચારે નિકાયના દેવોને આહારની ઇચ્છા અને ઉચ્છ્વાસ કયારે હોય ? १२४
१६३ આહારના ત્રણ પ્રકાર १२४
१६४ કઈ અવસ્થામાં કયો આહાર હોય ? १२५
१६५ આહારના સચિત્તાદિ ત્રણ પ્રકાર १२७
१६६ એકેંદ્રિયાદિક જીવોને આહારની થતી ઇચ્છાનું કાળમાન १२७
१६७ પ્રાણ, સ્તોક, લવ અને મુહૂર્ત્તનું કાળ પ્રમાણ १२८
१६८ એક મુહૂર્ત્તમાં કેટલા પ્રાણ હોય ? १२९
१६९ એક અહોરાત્રમાં, એક માસમાં, એક વર્ષમાં અને સો વર્ષમાં કેટલા શ્વાસોચ્છ્વાસ હોય ? તેની સંખ્યા १२९
१७० પ્રતિ સાગરોપમે ઉચ્છ્વાસ અને આહારનું પરિમાણ १३०

१ દેવો ચ્યવીને કયાં કયાં ઉપજે તે રૂપ આગતિ સમજવી.

૧૭૧ અંતઃસાગરોપમના આયુષ્યવાળાના આહાર અને ઉચ્છ્વાસનું કાળપ્રમાણ ૧૩૦
૧૭૨ દેવોના શરીરનું સ્વરૂપ ૧૩૧
૧૭૩ નવા ઉત્પન્ન થતા દેવોને કેટલા કાળે પર્યાપ્તિની નિષ્પત્તિ થાય ? ૧૩૧
૧૭૪ વૈમાનિક દેવોના અધોભાગે અવધિજ્ઞાનના પ્રમાણ ૧૩૨
૧૭૫ વૈમાનિક દેવોના તિર્ચ્છા અવધિજ્ઞાનનું પ્રમાણ ૧૩૩
૧૭૬ નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોના અવધિજ્ઞાનનું સંસ્થાન ૧૩૪
૧૭૭ દેવો સંબંધી કાંઇક વિશેષ સ્વરૂપ ૧૩૫
૧૭૮ વૈમાનિક દેવો શા શા કારણે અહીં આવે છે ? ૧૩૫
૧૭૯ ઉક્ત નિમિત્ત વિના અન્યદા દેવો કેમ અહીં આવતા નથી ? ૧૩૬

દેવાધિકાર સંપૂર્ણ.

---

## નરકાધિકાર પ્રારંભ.

### ૧ સ્થિતિદ્વાર.

૧૮૦ સાતે નારકીના ઉત્કૃષ્ટ આયુષ્યનું પ્રમાણ ૧૩૮
૧૮૧ સાતે નારકીની જઘન્ય સ્થિતિ ૧૩૮
૧૮૨ પહેલી નરકના જીવોનું પ્રતિપ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ આયુ ૧૩૯
૧૮૩ રત્નપ્રભાના નારકીઓના પ્રતિપ્રસ્તટે આયુ સંબંધી યંત્ર (૧૫) ૧૪૦
૧૮૪ શર્કરાપ્રભાના નારકીની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૧૪૦
૧૮૫ શર્કરાપ્રભાના પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર (૧૬) ૧૪૧
૧૮૬ વાલુકાપ્રભાના નારકીની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૧૪૧
૧૮૭ વાલુકાપ્રભાના પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર (૧૭) ૧૪૨
૧૮૮ પંકપ્રભાના નારકીની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૧૪૨
૧૮૯ પંકપ્રભાના પ્રત્યેક પ્રસ્તટે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર (૧૮) ૧૪૨
૧૯૦ પાંચમી, છઠ્ઠી, સાતમી નરકના નારકીઓની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ ૧૪૨
૧૯૧ પાંચમી, છઠ્ઠી, સાતમી નરકના નારકીઓની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ સંબંધી યંત્ર (૧૯) ૧૪૩

### વેદનાદ્વાર.

૧૯૨ નારકી જીવોની વેદના સંબંધી હકીકત ૧૪૪
૧૯૩ ત્રણ પ્રકારની વેદના ૧૪૪
૧૯૪ નરકમાં અશુભ પુદ્ગલોનો દશ પ્રકારનો પરિણામ અને તેથી પ્રાપ્ત થતી દશ પ્રકારની ક્ષેત્ર વેદના સંબંધી દરેક નારકીને અંગે વિસ્તૃત હકીકત ૧૪૪
૧૯૫ પરસ્પર ઉદીરિત વેદનાનું સ્વરૂપ ૧૪૬

૧૯૬ પરમાધાર્મિક ઉદીરિત વેદનાનું સ્વરૂપ ૧૪૭
૧૯૭ પરમાધાર્મિકના પંદર પ્રકાર ૧૪૭
૧૯૮ પરમાધાર્મિક દેવો નારકીઓને શા માટે પીડા કરે છે? ૧૪૭

## ૨ સ્થાનદ્વાર.

૧૯૯ સાતે નરક પૃથ્વીનાં નામ ૧૪૮
૨૦૦ સાતે પૃથ્વીના પ્રતિષ્ઠાન અને સંસ્થાન ૧૪૮
૨૦૧ ધર્માદિ પૃથ્વીની ઉંચાઇ ( જાડાઇ ) ૧૪૯
૨૦૨ સાતે પૃથ્વી નીચે ઘનોદધિ વિગેરે છે તેનું પ્રમાણ ૧૫૦
૨૦૩ સાતે નરક પૃથ્વી ફરતા ઘનોદધિ વિગેરે ત્રણ વલયનું પરિમાણ ૧૫૧
૨૦૪ સાતે નરક પૃથ્વી ફરતા ત્રણ વલયના પરિમાણનું યંત્ર (૨૦) ૧૫૩
૨૦૫ સાતે નરક પૃથ્વીમાં નરકાવાસાઓનું સ્થાન ૧૫૪
૨૦૬ સાતે નરક પૃથ્વીના પ્રસ્તટની સંખ્યા ૧૫૪
૨૦૭ સાતે પૃથ્વીમાં પ્રસ્તટ પ્રસ્તટ વચ્ચેનું અંતર ૧૫૪
૨૦૮ દરેક પૃથ્વીમાં કેટલા નરકાવાસા છે ? તેની સંખ્યા ૧૫૬
૨૦૯ આવલિકાપ્રવિષ્ટ પ્રસ્તટે પ્રસ્તટે કેટલા નરકાવાસા છે તેની સંખ્યા ૧૫૭
૨૧૦ દરેક પ્રસ્તટના મધ્યમાં રહેલા ઇંદ્રક નરકાવાસાના નામ ૧૫૮
૨૧૧ પ્રતિપ્રસ્તટે દિશા–વિદિશાના આવલિકાપ્રવિષ્ટ નરકાવાસાની શ્રેણિનું પશ્ચાનુપૂર્વીએ પરિમાણ ૧૫૮
૨૧૨ પ્રતિપ્રસ્તટે દિશા–વિદિશાના મળીને આવલિકાપ્રવિષ્ટ નરકાવાસાની સંખ્યા જાણવાનું કરણ ૧૫૯
૨૧૩ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસાની સંખ્યા જાણવા માટે મુખ અને ભૂમિની સંખ્યા ૧૬૦
૨૧૪ મુખ અને ભૂમિની સંખ્યા ઉપરથી મળી આવતી આવલિકાપ્રવિષ્ટની સંખ્યા ૧૬૦
૨૧૫ આવલિકાપ્રવિષ્ટથી શેષ રહેલા પુષ્પાવકીર્ણ નરકાવાસાની સંખ્યા ૧૬૧
૨૧૬ દરેક નરક માટે પૂર્વોક્ત કરણની ભાવના ૧૬૧
૨૧૭ સાતે નરક પૃથ્વી સંબંધી મુખ, ભૂમિ, સમાસ વિગેરેની સંખ્યાનું યંત્ર (૨૧) ૧૬૨
૨૧૮ સાતે નરક પૃથ્વીમાં વૃત્ત, ત્ર્યસ્ર અને ચતુરસ્ર નરકાવાસાની સંખ્યાનું યંત્ર (૨૨) ૧૬૩
૨૧૯ નરકાવાસાના આયામ, વિષ્કંભ અને ઉચ્ચત્વ ૧૬૩

## ૩ અવગાહના દ્વાર.

૨૨૦ સાતે નરકના જીવોના ભવધારણીય શરીરનું પ્રમાણ ૧૬૪
૨૨૧ રત્નપ્રભાના દરેક પ્રસ્તટે દેહ પ્રમાણ ૧૬૪
૨૨૨ શર્કરાપ્રભાના દરેક પ્રસ્તટે દેહ પ્રમાણ ૧૬૫
૨૨૩ વાલુકાપ્રભાના દરેક પ્રસ્તટે દેહ પ્રમાણ ૧૬૬
૨૨૪ પંકપ્રભાના દરેક પ્રસ્તટે દેહ પ્રમાણ ૧૬૭

૨૨૫ ધૂમપ્રભાના દરેક પ્રસ્તટે દેહ પ્રમાણ ૧૬૭
૨૨૬ તમપ્રભાના દરેક પ્રસ્તટે દેહ પ્રમાણ ૧૬૮
૨૨૭ સાતમી પૃથ્વીના જીવોનું દેહ પ્રમાણ ૧૬૮
૨૨૮ સાતે પૃથ્વીના પ્રત્યેક પ્રસ્તટે નારકી જીવોના દેહમાનનું યંત્ર (૨૩) ૧૬૮-૬૯
૨૨૯ દરેક પૃથ્વીએ ઉત્તરવૈક્રિય શરીરનું પ્રમાણ ૧૬૯
૨૩૦ ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના ૧૬૯

## ૪-૫-૬-૭ ઉપપાત અને ઉદ્વર્તનાવિરહકાળ તથા સંખ્યા.

૨૩૧ જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળનું પ્રમાણ ૧૭૦
૨૩૨ ઉપપાત-ઉદ્વર્તનાનું સંખ્યા પ્રમાણ ૧૭૦

## ૮ ગતિદ્વાર.

૨૩૩ કયા જીવો મરીને નરકમાં ઉત્પન્ન થાય ? ૧૭૦
૨૩૪ કઇ નરક સુધી કયા કયા જીવો ઉપજે ? ૧૭૧
૨૩૫ કેટલાક તિર્યંચ યોનિવાળા જીવો માટે બાહુલ્યકૃત વિશેષ ૧૭૨
૨૩૬ કયા સંહનનવાળા કઈ નરક સુધી ઉત્પન્ન થાય ? ૧૭૨

## લેશ્યાદ્વાર.

૨૩૭ સાતે નરકના જીવોની લેશ્યા ૧૭૩
૨૩૮ દેવો અને નારકીઓની દ્રવ્યલેશ્યા બાહ્ય દેહવર્ણરૂપ છે કે કેમ? તેની ચર્ચા. ૧૭૩
૨૩૯ લેશ્યા સંબંધી છેવટનું સમાધાન ૧૭૮

## ૯ આગતિદ્વાર.

૨૪૦ નરકમાંથી નીકળીને જીવો કયાં કયાં ઉપજે છે? ૧૭૯
૨૪૧ નરકમાંથી નીકળેલા જીવોને કઇ કઇ લબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે ? ૧૭૯
૨૪૨ નરક સિવાય અન્ય સ્થાનથી ઉદ્ધરેલા જીવો પણ અરિહંતાદિક કઈ કઇ લબ્ધિ પામે છે ? ૧૮૦
૨૪૩ પૃથ્વીકાયાદિમાંથી નીકળેલા કઈ કઇ લબ્ધિ પામે છે ? ૧૮૧
૨૪૪ ચક્રવર્તી અને વાસુદેવનાં રત્નો તરીકે કયા કયા જીવો ઉપજે છે ? ૧૮૨
૨૪૫ ચક્રાદિ સાત એકેંદ્રિય રત્નોનું પ્રમાણ ૧૮૨
૨૪૬ ચક્રવર્તીના ચૌદે રત્નોનાં નામ અને તેનું કાર્ય ૧૮૩
૨૪૭ વાસુદેવના સાત રત્નોનાં નામ ૧૮૪
૨૪૮ નારકી જીવોના અવધિજ્ઞાનનું પ્રમાણ ૧૮૫

નરકાધિકાર સમાપ્ત.

## તિર્યંચ-મનુષ્ય અધિકાર.


૨૪૯ એકેંદ્રિય તથા પંચેંદ્રિય તિર્યંચ જીવોના શરીરની અવગાહના ૧૮૬
૨૫૦ વિકલેંદ્રિય જીવોના શરીરની અવગાહના ૧૮૮
૨૫૧ એકેંદ્રિય જીવોના દેહમાનની તરતમતા ૧૮૮
૨૫૨ એકેંદ્રિય જીવોના આયુષ્યનું પ્રમાણ ૧૮૮
૨૫૩ વિકલેંદ્રિય જીવોના આયુષ્યનું પ્રમાણ ૧૮૯
૨૫૪ પૃથ્વીકાયના પેટાભેદનું આયુષ્ય પ્રમાણ ૧૮૯
૨૫૫ ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૮૯
૨૫૬ પૂર્વના વર્ષોનું પ્રમાણ ૧૯૦
૨૫૭ સમૂર્છિમ તિર્યંચ પંચેંદ્રિયોના આયુષ્યનું પ્રમાણ ૧૯૦
૨૫૮ સમૂર્છિમ મનુષ્યની અવગાહના અને સ્થિતિ ૧૯૦
૨૫૯ સમૂર્છિમ જીવોનું જઘન્ય આયુપ્રમાણ ૧૯૧
૨૬૦ મનુષ્યાદિના સંબંધમાં આયુને અંગે જાણવા યોગ્ય સાત બાબતો ૧૯૧
૨૬૧ સર્વ જીવોના આયુનો બંધકાળ અને અબાધાકાળ ૧૯૨
૨૬૨ સર્વ જીવોના આયુનો અંતસમય અને બે પ્રકારની ગતિનું વર્ણન ૧૯૩
૨૬૩ વક્રાગતિની વિશેષ હકીકત ૧૯૪
૨૬૪ આયુ સંબંધી અપવર્તન અને અનપવર્તનરૂપ બે દ્વાર ૧૯૫
૨૬૫ આયુ સંબંધી ઉપક્રમ અને અનુપક્રમરૂપ બે દ્વાર ૧૯૬
૨૬૬ આયુને લાગતો સાત પ્રકારનો ઉપક્રમ ૧૯૭
૨૬૭ એકેંદ્રિયાદિક જીવોની કાયસ્થિતિ ૧૯૮
૨૬૮ તિર્યંચ અને મનુષ્ય સંબંધી ઉપપાતઉદ્વર્તનાવિરહકાળ અને ઉત્પદ્યમાન અને ઉદ્વર્તમાન જીવોની સંખ્યા ૧૯૯
૨૬૯ નિગોદનું સ્વરૂપ ૨૦૦
૨૭૦ પ્રત્યેકશરીરી વનસ્પતિકાયને વિષે પણ અનંતકાય જીવોનો સંભવ છે કે નહીં ? ૨૦૧
૨૭૧ જીવોને એકેંદ્રિયપણાની પ્રાપ્તિ ક્યારે થાય છે ? ૨૦૧
૨૭૨ વિકલેંદ્રિયાદિ જીવોનો જઘન્યોત્કૃષ્ટ ઉપપાત અને વિરહકાળ ૨૦૨
૨૭૩ વિકલેંદ્રિયો અને તિર્યંચ પંચેંદ્રિયોની ઉપપાત અને ઉદ્વર્તનાની સંખ્યા ૨૦૨
૨૭૪ મનુષ્ય અને તિર્યંચાદિકની ગતિ ૨૦૨
૨૭૫ તિર્યંચ ગતિના જીવોની આગતિ ૨૦૩
૨૭૬ ગર્ભજ અને સમૂર્છિમ મનુષ્યોનો ઉપપાતવિરહકાળ ૨૦૩
૨૭૭ ઉત્પદ્યમાન અને ઉદ્વર્તમાન મનુષ્ય જીવોની સંખ્યા ૨૦૪
૨૭૮ પૃથ્વીકાયાદિક જીવોની લેશ્યા ૨૦૪
૨૭૯ મનુષ્યપણું કયા જીવો પામી શકતા નથી ? ૨૦૬
૨૮૦ મનુષ્યો પાંચે ગતિમાં જાય છે ૨૦૬

## પ્રાસંગિક વિષય


૨૮૧ સિધ્ધ જીવોનું વિશિષ્ટ ક્ષેત્ર ૨૦૭
૨૮૨ સિધ્ધિ ગતિને આશ્રીને ઉપપાતવિરહકાળ ૨૦૭
૨૮૩ એક સમયે કેટલા જીવો કેટલા સમય સુધી સિધ્ધિગતિને પામે ? ૨૦૮
૨૮૪ કયા કયા પ્રકારના જીવો ઉત્કૃષ્ટ એક સમયે કેટલા સિદ્ધિપદને પામે ? ૨૦૯
૨૮૫ ત્રણ પ્રકારના અંગુલનું પ્રમાણ ૨૧૦
૨૮૬ વીર પરમાત્માના શરીરપ્રમાણને અંગે ચર્ચા ૨૧૧
૨૮૭ દરેક જાતિના જીવોની જીવાયોનિની સંખ્યા ૨૧૪
૨૮૮ દરેક જાતિના જીવોની કુલકોટીની સંખ્યા ૨૧૫
૨૮૯ સંવૃતાદિક ત્રણ પ્રકારની યોનિ ૨૧૬
૨૯૦ સચિત્તાદિક ત્રણ પ્રકારની યોનિ ૨૧૭
૨૯૧ શીતોષ્ણાદિ ત્રણ પ્રકારની યોનિ ૨૧૭
૨૯૨ શંખાવર્તાદિ ત્રણ પ્રકારની યોનિ ૨૧૭
૨૯૩ છ પર્યાપ્તિનું સ્વરૂપ ૨૧૮


## સંક્ષિપ્તતર સંગ્રહણિ


૨૯૪ સંક્ષિપ્તતર સંગ્રહણિમાં આવેલા ચોવીશ દ્વારનાં નામ ૨૨૦
૨૯૫ પ્રસ્તુત ચોવીશ દ્વારનું વિશેષ સ્વરૂપ ૨૨૦
૨૯૬ ગ્રંથકર્તાનો ઉપસંહાર ૨૨૬
૨૯૭ ટીકાકારનો ઉપસંહાર ૨૨૭


## ભાષાંતરમાં ખાસ સુધારો

પૃષ્ટ ૩૬ ઉપર ભવનપતિના વિમાનોની સંખ્યા વિષેના યંત્રની નીચે દક્ષિણ શબ્દ છે ત્યાં ઉત્તર અને ઉત્તર છે ત્યાં દક્ષિણ શબ્દ સમજવો.

યંત્રોના સંખ્યાના અંક પૃષ્ઠ ૮૫ ને ૯૦ ઉપર ૧૩–૧૪ છે તે ૧૨–૧૩ સમજવા.

# સહાયકારકના નામ.

| | | |
|---|---|---|
| ૧૬૯ાાા— | જુદા જુદા ત્રણ ખાતાના વધારાના હતા તે | |
| ૫૧) | શા. અનોપચંદ ગોવિંદજીની વિધવા બાઇ અજવાળી | ભાવનગર |
| ૫૧) | શા. ચુનીલાલ આણંદજીની ધર્મપત્ની બાઈ સુભદ્રા | ,, |
| ૫૦) | પારેખ કુશળચંદ કાનજીની પુત્રી બેન લાડકુંવર | કચ્છ અંજાર |
| ૨૫) | શા. ચંપકલાલ જીવરાજની ધર્મપત્ની બાઇ હીરી | ભાવનગર |
| ૨૫) | શા. ભોગીલાલ સાંકળચંદની પુત્રી બેન વિમળા | અમદાવાદ |
| ૨૦) | સાધ્વી જંબૂશ્રીના ઉપદેશથી તપ વિગેરેના વડવાની બાઇઓના | ભાવનગર |
| ૧૬) | ઝવેરી ભોગીલાલ મોહનલાલની વિધવા બાઈ ગંગા | અમદાવાદ |
| ૧૫) | શા. તનમન કાળીદાસ | ,, |
| ૧૫) | શા. મૂળચંદ હઠીસંગની વિધવા બાઇ મંગુ | ,, |
| ૧૫) | શા. ત્રિભોવન હરખચંદની ધર્મપત્ની બાઇ જડી | ભાવનગર |
| ૧૫) | શા. છોટાલાલ વેલચંદની ધર્મપત્ની બાઇ રંભા | પાલડી |
| ૧૫) | બાબુ છનુલાલ ઋષભદાસની વિધવા બાઇ ભમરી | કલકત્તા |
| ૧૧) | બેન ગુણી ત્રિભોવન | ભાવનગર |
| ૧૧) | વોરા ગોરધન હરખચંદની પુત્રી બેન પ્રભાવતી | ,, |
| ૧૧) | ભાવસાર ગોવિંદલાલ ગાંડાલાલની ધર્મપત્ની બાઇ સંતોક | ,, |
| ૧૦) | વકીલ ભીખાભાઇ રતનચંદની વિધવા બેન ચંપા | અમદાવાદ |
| ૧૦) | વોરા તારાચંદ ખોડીદાસની વિધવા બાઇ મણિ | ભાવનગર |
| ૧૦) | શા. અમૃતલાલ પુરૂષોત્તમની પુત્રી બેન મોંઘી | ,, |
| ૧૦) | શા. ઓધવજી તેજપાળની ધર્મપત્ની બાઈ સંતોક | ,, |
| ૧૦) | શા. મૂળચંદ ચતુર્ભુજ | ,, |
| ૧૦) | શા. ગોવિંદજી વિઠ્ઠલદાસની ધર્મપત્ની બાઇ કસ્તુર | ,, |
| ૧૦) | બ્હેન જસકોર શાંતિલાલ | ,, |
| ૧૦) | શા. અમરચંદ હરજીવનની વિધવા બાઇ કસ્તુર | ,, |
| ૧૦) | શા. જેઠાભાઇ દામજીની વિધવા બાઇ વીજી | ,, |
| ૧૦) | શા. શવચંદ માણેકચંદની વિધવા બાઇ સંતોક | ,, |
| ૧૦) | શા. અમૃતલાલ ચાંપશીની ધર્મપત્ની બાઇ ચંપા | ગોઘા |
| ૧૦) | પારેખ જેસંગભાઇ મોહનલાલની ધર્મપત્ની બાઇ પરશન | રાધનપુર |
| ૧૦) | શા. પરમાણંદ રતનજીનો વિધવા બાઇ કાશી | ભાવનગર |
| ૬) | શા. શાંતિલાલ જમનાદાસની માતુશ્રી બાઈ કડવી | ,, |

| | | |
|---|---|---|
| ૫) | શા. જમનાદાસ શામજીની ધર્મપત્ની બાઇ સમરત | ભાવનગર. |
| ૫) | શા. છગન ભગતની વિધવા બાઇ પ્રેમ | ,, |
| ૫) | વોરા ખાંતિલાલ અમરચંદની ધર્મપત્ની બાઇ નિર્મળા | ,, |
| ૫ા | વોરા નગીનદાસ જગજીવનની ધર્મપત્ની બાઈ વિજયા | ,, |
| ૫) | શા. ફુલચંદ ઘેલાની ધર્મપત્ની બાઇ ઝમક | ,, |
| ૫) | શા. તારાચંદ રતનજીની ધર્મપત્ની બાઈ ચંદન | ,, |
| ૫) | બેન ગુલાબ છગન ૬) બાઇ નંદુ | ,, |
| ૫) | બેન વિનીતા પ્રાગજી ૫) શાહ ખાતે | ,, |
| ૫) | બેન લીલાવતી હરિચંદ | ,, |
| ૫) | શા. નારણજી ભાણાભાઇની વિધવા બાઇ ઉજમ | ,, |
| ૫) | શા. રમણિકલાલ જેઠાલાલની ધર્મપત્ની બાઇ મંછા | ,, |
| ૫) | શા. પુરૂષોત્તમ હેમચંદની ધર્મપત્ની બાઇ સાંકળી | ,, |
| ૫) | શા. અમૃતલાલ સુંદરજીની વિધવા બાઇ મોંઘી | ,, |
| ૫) | શા. મોતીલાલ જુઠાભાઈની પુત્રી બેન કુસુમ | ,, |
| ૫) | બેન ચકુની પુત્રી બેન લીલાવતી | ,, |
| ૫) | શા. જુઠાભાઈ ત્રિભોવનની ધર્મપત્ની બાઇ રૂપાળી | ,, |
| ૫) | શા. દુર્લભ નરશી | ,, |
| ૫) | શા. વિઠ્ઠલદાસ મોતીચંદની પુત્રી બેન ભાંકુ | ,, |
| ૫) | શા. મૂળચંદ છગનની ધર્મપત્ની બાઇ મણિ | ,, |
| ૫) | સંઘવી પોપટલાલ નેમચંદની વિધવા બાઈ જેકોર | ,, |
| ૫) | બેન સુરજ છોટાલાલ | ,, |
| ૫) | શા. જગજીવન લક્ષ્મીચંદની વિધવા બાઇ સમરત | ,, |
| ૫) | શા. તલકશી રઘુભાઇની ધર્મપત્ની બાઇ જબુ | ,, |
| ૫) | શા. બાલુ ફુલચંદની ધર્મપત્ની બાઇ અજવાળી | ,, |
| ૫) | શા. ઓધવજી માવજીની ધર્મપત્ની બાઇ અચરત | ,, |
| ૫) | વોરા વ્રજલાલ તારાચંદની વિધવા બાઇ પ્રેમકોર | ,, |
| ૫) | શા. હરજીવન પુરૂષોત્તમની વિધવા બાઇ કસ્તુર | ,, |
| ૫) | વકીલ પ્રભુદાસ મોતીચંદની વિધવા બાઇ સંતોક | ,, |
| ૫) | વોરા હરિચંદ ફુલચંદની વિધવા બાઈ અજવાળી | ,, |
| ૫) | શા. ગોપાળજી નારણજીની ધર્મપત્ની બાઈ ફીલી | ,, |
| ૫) | શા. ઓધવજી શામજીની પુત્રી બેન રંભા | ,, |
| ૫) | શા. નથુભાઇ દેવચંદની ધર્મપત્ની બાઇ હરકોર | ,, |
| ૫) | શા. મનસુખ કચરાની વિધવા બાઇ સંતોક | ,, |
| ૫) | બેન અજવાળી વ્રજપાળ | ,, |
| ૫) | સંઘવી નાનચંદ કુંવરજીની પુત્રી બેન નંદકુંવર | ,, |

| | | |
|---|---|---|
| ૫) | ભાઇ અર્જુન નેમચંદની ધર્મપત્ની બાઇ રમણુ | ભાવનગર |
| ૫) | વોરા નાનચંદ કરશનની વિધવા બાઇ દીવાળી | ,, |
| ૫) | શા. ગુલાબચંદ હરિચંદની વિધવા બાઇ નેમી | શીહોર |
| ૫) | સૌભાગ્યવતી બેન તારાલક્ષ્મી ગુલાબચંદ | ઉજળા |
| ૫) | બેન જાસુદ મણિલાલ | અમદાવાદ |
| ૫) | બેન ચંપા વાલજી | ,, |
| ૫) | શા. ભોગીલાલ મોહકમની ધર્મપત્ની બાઇ ભુરી | ,, |
| ૫) | શા. લાલભાઇ મણિલાલની ધર્મપત્ની બાઇ માણેક | ,, |
| ૫) | બેન મણિ ધરમશી | ,, |
| ૫) | શા. ચુનીલાલ દીપચંદની વિધવા બાઇ ચંચળ | ,, |
| ૫) | શા. મગનલાલ ઘેલાની ધર્મપત્ની બાઇ રતન | ,, |
| ૫) | શા. જીવરાજ ભીખાભાઇની ધર્મપત્ની બાઇ ધનકોર | ભાવનગર |
| ૫) | શા. છોટાલાલ હીરાચંદની ધર્મપત્ની બાઇ પાર્વતી | ,, |
| ૪) | શેઠ માણેકચંદ રૂપાની વિધવા બાઈ સંતોક | વરતેજ |
| ૪) | બાઇ જડી કકલ. ભાવનગર | ૧૩)≡ પરચુરણ |
| ૫) | શા-છોટાલાલ જીવનની માતુશ્રી બાઈ ઉજમ | |

| | |
|---|---|
| ૫) ઝીણીબાઇ પંચાણ | રાધનપુર |
| ૫) ઓઘીબાઇ ગેલચંદ | ,, |
| ૫) મેનાબાઇ રામચંદ | ,, |
| ૫) વિમલાબાઇ રમણિકલાલ | ,, |
| ૫) પુનીબાઇ હરજીવન | ,, |
| ૫) લાડુબેન ઝુમચંદ | ,, |
| ૫) તારાબેન કકલભાઇ | ,, |
| ૫) કમલાબેન નરપતલાલ | ,, |
| ૫) સમજુબેન જગજીવનદાસ | ,, |
| ૫) ગુણીબેન જીવણભાઇ | ,, |
| ૫) ચંચળબેન અનોપચંદ | ,, |
| ૫) હરકોરબાઇ સાંકળચંદ | ,, |
| ૫) મોંઘીબેન ઇચ્છાચંદ | ,, |
| ૫) ગેલીબેન સ્વરૂપચંદ | ,, |
| ૫) જાસુદબેન નરોત્તમદાસ | ,, |
| ૫) કંચનબેન પ્રાગજીભાઇ | ,, |
| ૫) ચંદનબેન છોટમલાલ | ,, |
| ૫) ચંદુબેન કકલભાઇ | રાધનપુર |
| ૫) નરભીબેન ગમાનસા | ,, |
| ૫) જાસુદબેન સંપરીત | ,, |
| ૫) સુભદ્રાબેન ચંદુલાલ | ,, |
| ૫) મણિબેન મહાસુખલાલ | ,, |
| ૫) મોતીબેન પુનમચંદ | ,, |
| ૫) મોતીબેન ગેલચંદ | ,, |
| ૫) ચંચળબેન વમરશી | ,, |
| ૫) મોંઘીબેન ત્રિકમલાલ | ,, |
| ૫) ચંદનબેન નરપતલાલ | ,, |
| ૫) જાસુદબેન ન્યાલચંદ | ,, |
| ૫) જાસુદબેન ગબલ | ,, |
| ૫) મણિબેન દલસુખ | ,, |
| ૫) જાસુદબેન જીવતલાલ | ,, |
| ૫) જાસુદબેન મણિલાલ | ,, |

૧૦૮૯)

॥ ॐ नमः सिद्धं ॥

श्रीविघ्नहरप्रथमजिनेन्द्राय नमः

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણવિરચિત અને

શ્રીમલયગિરિવિરચિત ટીકા સહિત

# श्री बृहत्संग्रहणि

નું

## ગુજરાતી ભાષાન્તર

### ટીકાકારનું મંગળાચરણ

**जयति नखरुचिरकान्ति–प्रहसितनतमघवमुकुटमणिकिरणः ।**
**परमकरुणापरीतो, विश्वज्ञाता जिनो वीरः ॥ १ ॥**

"જેમના નખની સુંદર કાંતિએ નમતા એવા ઇંદ્રોના મુકુટમાં રહેલા મણિની કાંતિને હસી નાખેલ છે એવા, પરમ કરૂણામાં તત્પર અને વિશ્વસ્વરૂપના જ્ઞાતા એવા શ્રીવીરજિન જયવંતા વર્તે છે." ૧

"પોતાની બુદ્ધિના તેજવડે જેમણે સમસ્ત કુમતરૂપ નિવિડ અંધકારનો નાશ કર્યો છે એવા અને જિનવચનમાં એકનિષ્ઠાવાળા શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણને હે ભવ્યો ! તમે નમસ્કાર કરો." ૨

"તે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજ જે સંગ્રહણિને કરતા હવા અર્થાત્ તેમણે જે સંગ્રહણિ પ્રકરણ કરેલ છે તેની વિવૃતિ (ટીકા) હું ગુરૂમહારાજના ઉપદેશ (શિક્ષણ) ને અનુસારે કરૂં છું." ૩

અહિં જો કે કાયા અને મનવડે અભીષ્ટદેવને નમસ્કાર કરવાથી સમસ્ત વિઘ્નસમૂહની ઉપશાંતિ થવાનો સંભવ છે તેથી કરવા ધારેલા પ્રકરણની પરિસમાપ્તિ થઇ શકે છે, તથાપિ સર્વે સાંભળનારાઓ તેમજ આ પ્રકરણને ભણનારાઓ, સમસ્ત વિઘ્નસમૂહની ઉપશાંતિ નિમિત્તે અભીષ્ટદેવતાની સ્તવના વચનદ્વારા કથન-પૂર્વક શરૂઆત કરવાથી આ પ્રકરણમાં નિશ્ચે પ્રવૃત્તિ કરે, તેટલા માટે તેમ જ શ્રોતાઓને ઇષ્ટદેવતાની સ્તવનાની બુદ્ધિ-વિચારણા થાય તે માટે આદિમાં ઇષ્ટદેવની સ્તવના ( **મંગળ** ) કરવામાં આવેલ છે.

તથા જે કોઇ પ્રકરણ અથવા શાસ્ત્ર રચવાની બુદ્ધિમાનો ઇચ્છા કરે તેમણે અવશ્ય આદિમાં અન્ય બુદ્ધિમાનોની પ્રવૃત્તિ થવા માટે **અભિધેય** પણ કહેવું જોઇએ; કેમકે અભિધેય કહ્યા વિના-આ શાસ્ત્ર અથવા પ્રકરણનું પ્રતિપાદ્ય શું છે તે જાણ્યા વિના બુદ્ધિમાનો પ્રવૃત્તિ કરે નહીં. કહ્યું છે કે-' શાસ્ત્રની આદિમાં પુરૂષાર્થને ઉપકારક એવા અભિધેયને સાંભળીને તેની જિજ્ઞાસા વિગેરેથી પ્રેરાયેલા મનુષ્યો તેના શ્રવણાદિકમાં પ્રવર્તે છે. અભિધેયને સાંભળ્યા વિના અથવા વિપરીત અભિધેય સાંભળીને વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓ કાગડાના દાંતની પરીક્ષા કરવામાં જેમ સુજ્ઞજન પ્રવર્તે નહિં તેમ પ્રવર્તતા નથી. ૧-૨

તથા અભિધેય કહ્યા છતાં **પ્રયોજન** જાણ્યા કે સાંભળ્યા વિના બુદ્ધિમાનો ગ્રંથ કે પ્રકરણમાં આદર કરતા નથી. કેમકે પ્રયોજન જાણ્યા વિના તેમાં પ્રવૃત્તિ થવાનો અસંભવ છે, અન્યથા ( પ્રયોજન જાણ્યા વિના ) પ્રવૃત્તિ કરે તો તેમના પ્રેક્ષાકારીપણાની ક્ષતિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે-' કરવા યોગ્ય અને સાંભળવા યોગ્ય, વિવિધ પ્રકારના તેમ જ સ્વલ્પ એવા કાર્યમાં પણ પ્રયોજનના ઉદ્દેશ વિના મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી.' તેટલા માટે પ્રકરણ કરવાના અને તેના શ્રવણના પ્રયાસની નિષ્ફળતાની આશંકા દૂર કરવા સારૂ પ્રકરણની આદિમાં પ્રયોજન પણ કહેવું જોઇએ.

તથા પ્રયોજન કહ્યા છતાં પણ કરવા માંડેલા પ્રકરણની પરંપરાએ સર્વજ્ઞમૂળતા જાણ્યા વિના અતીંદ્રિયાર્થને કહેનારા પ્રકરણાદિકમાં બુદ્ધિમાનો પ્રવૃત્તિ કરતા નથી, તેથી તેમને પ્રકરણની પ્રવૃત્તિમાં આદર ઉત્પન્ન કરવા સારૂ પરંપરાએ સર્વવિત્મૂળતા જણાવવા આદિમાં ગુરૂપર્વક્રમ લક્ષણ **સંબંધ** પણ કહેવો જોઈએ. કહ્યું છે કે-' શાસ્ત્રનો સંબંધ સાંભળીને શ્રોતાને આદર ઉત્પન્ન થાય છે તેથી શાસ્ત્રની આદિમાં અનેક પ્રકારનો સંબંધ કહેવો.' આ પ્રમાણે વિચારીને બુદ્ધિમાનોની આ ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવવા માટે અભિધેયાદિક કહેવાને ઇચ્છતા આચાર્ય પ્રથમ નીચે પ્રમાણે ત્રણ ગાથાઓ કહે છે:—

निट्ठविय अट्ठकम्मं वीरं नमिऊण तिगरणविसुद्धं ।
नाणमणंतमहत्थं ता संगहणि त्ति नामेणं ॥ १ ॥

वुच्छं ठिइभवणोगाहणा य सुरनारयाण पत्तेयं ।
नरतिरिअदेहमाणं आउपमाणं च वुच्छामि ॥ २ ॥

विरहुववाउवट्टे संखं तह चेव एगसमएणं ।
गइरागइं च वुच्छं सव्वेसिं आणुपुव्वीए ॥ ३ ॥

**ગાથાર્થ**—"નાશ કર્યા છે આઠ કર્મો જેણે એવા અને અનંત જ્ઞાનવાળા એવા વીર પરમાત્માને ત્રિકરણશુદ્ધે નમસ્કાર કરીને યથાર્થ એવું સંગ્રહણિ નામનું પ્રકરણ હું કહીશ. ૧" "દેવ અને નારક જીવોની સ્થિતિ, ભુવન અને અવગાહના હું કહીશ અને મનુષ્ય તથા તિર્યંચોનું દેહમાન અને આયુપ્રમાણ એ બે વાના કહીશ. ૨" "ઉત્પત્તિ ને ચ્યવનનો વિરહકાળ, એક સમયે ઉપપાત ને ચ્યવનની સંખ્યા તથા ગતિ ને આગતિ એ અનુપૂર્વીએ—ક્રમશઃ ચારે ગતિનું—સર્વનું કહીશ. ૩"

**વિશેષાર્થ**—પ્રથમની ગાથામાં મંગળ, અભિધેય, પ્રયોજન ને સંબંધ એ અનુબંધચતુષ્ટય કહેલ છે. તેની સ્પષ્ટતા ટીકાકાર બહુ વિશિષ્ટતાએ કરનારા હોવાથી અહીં તેનો વિસ્તાર કર્યો નથી, તો પણ ટૂંકામાં સમજવું કે—વીર પરમાત્માને નમસ્કાર કરવારૂપ મંગળ કહ્યું છે, સંગ્રહણિ પ્રકરણ કહેવારૂપ અભિધેય કહ્યું છે અને પ્રયોજન તથા સંબંધ અર્થાપત્તિગમ્ય છે તે ટીકામાં સ્પષ્ટ કરેલ છે.

બીજી ને ત્રીજી ગાથામાં અભિધેય વિશેષ સ્પષ્ટ કરેલ છે. આ પ્રકરણમાં દેવ અને નારકગતિ સંબંધી સ્થિતિ ( આયુ ), ભવન ( તેમને રહેવાના સ્થાન ), અવગાહના ( શરીરની ઉંચાઇનું પ્રમાણ ), ઉપપાત વિરહકાળ ( ઉત્પન્ન થવામાં કેટલું અંતર પડે તે ), ચ્યવન વિરહકાળ ( ચ્યવવામાં—મરણ પામવામાં કેટલું અંતર પડે તે ), ઉપપાત સંખ્યા ( એક સમયે વધારેમાં વધારે કેટલા જીવો ઉપજે તે ), ચ્યવનસંખ્યા ( એક સમયે વધારેમાં વધારે કેટલા જીવો ચ્યવે તે ), ગતિ ( મરણ પામીને ક્યાં ક્યાં ઉત્પન્ન થાય તે ), આગતિ ( ક્યાં ક્યાંથી આવીને ઉપજે તે ) આ પ્રમાણેના નવ દ્વારોમાંથી મનુષ્ય ને તિર્યંચોનું સ્થાન ( દેવો ને નારકીની જેવું ) ચોક્કસ—શાશ્વત ન હોવાથી તે બે

ગતિ માટે ભવન વિનાના આઠ આઠ દ્વાર અને દેવ તથા નારકગતિ માટે નવ નવ દ્વાર–એમ કુલ મળીને ૩૪ દ્વાર કહેવામાં આવશે.

પ્રસંગે દેવો માટે તેના ચિન્હ, શરીરના વર્ણ, અવધિજ્ઞાનનું પ્રમાણ, વિમાન, વિષય, લેશ્યા વિગેરે; નારકીને માટે ત્રણ પ્રકારની વેદના, અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાનનું પ્રમાણ, નરકાવાસા, તેના આકાર, લેશ્યા વિગેરે અને મનુષ્ય ને તિર્યંચ માટે તેના રહેવાના સ્થાન તરીકે તિર્છોલોક–અસંખ્ય દ્વીપ, સમુદ્ર વિગેરે અનેક બાબતો કહેવામાં આવશે–તેનો પ્રારંભમાં વિસ્તાર કરવામાં આવતો નથી.

**ટીકાર્થ**–અહીં પ્રથમ ગાથાવડે અભીષ્ટદેવને પ્રણામ કરવાનું કથન અને બીજી બે ગાથાવડે અભિધેયનું કથન કરેલું છે. સંબંધ ને પ્રયોજન તો સામર્થ્યગમ્ય છે. હવે એ ગાથાઓનો અવયવાર્થ કહે છે–કષાય, ઉપસર્ગ, પરિષહ, ઇન્દ્રિયાદિ શત્રુગણને જીતવામાં જે પરાક્રમ કરે છે તેને **વીર** કહીએ. અથવા વિશેષે કરીને કર્મોને ફેડે–દૂર કરે અને શિવ જે મોક્ષ તેને પમાડે તેને **વીર** કહીએ અથવા વિશેષે કરીને–અપુનર્ભાવે કરીને જે ( મોક્ષે ) જાય તેને **વીર** કહીએ. એવા જે અપશ્ચિમ ( છેલ્લા ) તીર્થંકર શ્રી વર્ધ-માનસ્વામી–તેમના પ્રત્યે. તે વર્ધમાનસ્વામી કેવા છે ? જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો જેમણે મૂળથી નાશ કર્યો છે એવા. આમ કહેવાવડે જે અનાદિ સિદ્ધ સર્વજ્ઞને માનનારા છે તેમના મતને દૂર કર્યો છે; કેમકે તેવા પ્રકારની અનાદિ-સિદ્ધ સર્વજ્ઞતામાં પ્રમાણનો અસંભવ છે. કેવી રીતે પ્રમાણનો અસંભવ છે ? તે તત્ત્વાર્થટીકાદિને વિષે વિસ્તારથી કહેલ છે તેથી અહીં ફરીને કહેવાનો પ્રયાસ કરતા નથી. વળી તે વીર પરમાત્મા કેવા છે ? અનંત જ્ઞાનરૂપ. અહીં જ્ઞાન ને જ્ઞાનવાળાનો અભેદ ઉપચાર હોવાથી આ પ્રમાણે કહેલ છે, તેથી એમ અર્થ કરવો કે–અનંતજ્ઞાનમય. આમ કહેવાથી જેઓ સકળ કર્મનો નાશ કરવાથી ઓલાઇ ગયેલા દીપકની જેવા ભગવંતના નિર્વાણને ઇચ્છે છે–માને છે તેમના મતનો નિરાસ કર્યો છે એમ સમજવું. તે પરમાત્મા છતા છે કેમકે તેમનો સર્વથા વિનાશ થતો નથી. આ બાબત અન્યત્ર બહુ વિસ્તારથી ચર્ચેલ હોવાથી અહીં ફરીને ચર્ચતા નથી.

અહીં જ્ઞાનનું ગ્રહણ કર્યું છે તેથી દર્શનાદિ બીજા ત્રણનું પણ ઉપલક્ષ-ણથી ગ્રહણ કરવું. એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય ને અનંત સુખમય છે એમ સમજવું. ( સ્વીકારવું. ) એવા ભગવંત અપશ્ચિમ તીર્થંકર વર્ધમાનસ્વામી તેમના પ્રત્યે ત્રિકરણ શુદ્ધે–મન–વચન–કાયાની એકાગ્રતા-વડે વિશુદ્ધ એવું જે નમન–નમસ્કાર તે કરીને અર્થાત્ એવા વીરપરમાત્માને

નમીને સંગ્રહણિ એવા નામનું પ્રકરણ કહીશ. તે પ્રકરણ કેવું કહીશ ? યથાર્થ–યથાવસ્થિત સર્વજ્ઞના વચનથી અવિરોધી એવા અર્થવાળું કહીશ. એની યથાર્થતા, પરંપરાએ તેની સર્વજ્ઞમૂળતા હોવાથી સમજવી. એનું સર્વજ્ઞમૂળપણું આગળ સંબંધ પ્રતિપાદન કરવાને અવસરે સમજાવશું.

આમાં તાવત્ શબ્દ ક્રમવાચી છે. ક્રમ આ છે કે ક્ષેત્રસમાસાદિ વક્તવ્ય બીજા ઘણા છે પણ તે પછી કહેશું. હમણા તો પ્રથમ સંગ્રહણિ એવા નામનું પ્રકરણ કહેશું.

હવે સંગ્રહણિ શબ્દનો અર્થ શું છે ? તે કહે છે. પ્રજ્ઞાપનાદિ શાસ્ત્રાંતરોને વિષે વિસ્તારે કરીને કહેલા જે અર્થો તે સંક્ષેપે ગ્રહણ કરવા, ગ્રહણ કરીને પ્રતિપાદ્ય તરીકે જે ગ્રંથપદ્ધતિવડે કહેવા તેને સંગ્રહણિ કહીએ. હવે જે અભિધેય અર્થોની આ સંગ્રહણિ છે તે સાક્ષાત્ કહે છે.

સુર અને નારકીના–સારી રીતે શોભે તેને સુર કહીએ અથવા અતિશયે કરીને તુષ્ટમાન થયા સતા તેના આરાધકોને અભિલષિત અર્થોને જે આપે તેને સુર કહીએ. જેમ કૃષ્ણ વાસુદેવને લવણાધિપતિ સુસ્થિત દેવે સમુદ્રમાં રથને જવાનો માર્ગ આપ્યો હતો તેમ અથવા ઐશ્વર્ય ને દીપ્તિથી પણ સુર કહેવાય છે. બીજા મનુષ્યાદિ પ્રાણીસમૂહ કરતાં જે અસાધારણ ઐશ્વર્યને અનુભવે છે અથવા વિશિષ્ટ કાંતિના સમૂહથી જે દીપે છે તેને સુર–દેવ કહીએ. જાતિ શબ્દ અહીં અશ્વાદિની જેમ જાણવો અથવા સુર શબ્દે દેવજાતિ સમજવી.

નારક શબ્દનો અર્થ કહે છે. નર–મનુષ્યનેઉ પલક્ષણથી તિર્યંચોને પણ યોગ્યતાનું અતિક્રમણ કર્યા સિવાય–અર્થાત્ જે નરકે જવા યોગ્ય (પાપી) હોય તેને બોલાવે છે–આકારે છે. તે સીમન્તાદિ નરકો કહીએ. જેનું સ્વરૂપ આગળ કહેશું તેમાં ઉત્પન્ન થયેલા જે નરકાયુ અને નરકગતિનામકર્મના ઉદયવાળા છે તેને નારકી કહીએ. આ શબ્દ પણ ગાય ને અશ્વની જેમ જાતિવાચક સમજવો એટલે બધી નરકોની હકીકત કહેશું.

દેવ અને નારક એ બંનેની જુદી જુદી કહેશું. શું કહેશું ? સ્થિતિ, ભવન અને અવગાહના કહેશું. જે કર્મવિપાકની પરિણતિવડે સાંકળથી બાંધેલાની જેમ નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવભવમાં રહેવું પડે તેને સ્થિતિ, આયુ, જીવિત કહીએ. જેમાં રહેવાય તે ભવન, આલય, નિલય કહીએ. જીવ જેમાં અવગાહીને–વિસ્તાર પામીને રહે તેને અવગાહના–તનુ અથવા શરીર

કહીએ. પ્રારંભમાં આયુ, ભવન ને અવગાહના એ ત્રણે વાના કહેશું. ચ શબ્દથી બીજાં વર્ણ, ચિહ્નાદિ પણ કહેશું.

**નર** શબ્દની વ્યાખ્યા–વ્યુત્પત્તિ કહે છે. તથાવિધ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવ સંબંધી સામગ્રીને પામીને જે સ્વર્ગ અને અપવર્ગ ( મોક્ષ ) ના હેતુભૂત સમ્યગ્ નય ( ન્યાય ) ને વિનય સહિત જે થાય તેને **નર**–મનુષ્ય કહીએ. સર્વ દિશાઓમાં ને વિદિશાઓમાં કર્મોદય અનુસાર જે ઉત્પન્ન થાય તેને **તિર્યંચ** કહીએ. તે નર ને તિર્યંચના દેહમાન અને આયુપ્રમાણ કહેશું.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–' આ ગાથાના અંતમાં वुच्छामि શબ્દ કહ્યો છે તેની જરૂર નથી, કારણ કે આ બીજી ગાથાના પ્રારંભમાં वुच्छं શબ્દ છે તેથી કહેવારૂપ કાર્યસિદ્ધિ થઈ શકત. ' આમ કહેનારનું કહેવું અયુક્ત છે. તે વસ્તુતત્ત્વને સમજેલ નથી. કારણ કે પ્રથમ કહેલ वुच्छं ક્રિયાપદ પ્રકરણને અપેક્ષીને છે એટલે કે સંગ્રહણિ નામનું પ્રકરણ કહેશું. અહીં वुच्छामि ( वक्ष्यामि ) એવું ક્રિયાપદ છે તે આ પ્રકરણમાં જે અભિધેય છે તેને અપેક્ષીને છે. એટલે બંને ભિન્ન ભિન્ન વિષયવાળા હોવાથી સદોષ નથી અથવા વારંવાર ક્રિયાપદને કહેતા સતા આચાર્ય પ્રકરણનું પારતંત્ર્ય નિવેદન કરે છે. તે આ પ્રમાણે–આ પ્રકરણમાં કાંઈ પણ હું મારી બુદ્ધિથી કહેતો નથી પરંતુ જે કાંઇ જિનપ્રવચનને અનુસરતું કોઈ પણ શાસ્ત્રમાં સુર ને નારકનું સ્થિત્યાદિ પ્રતિપાદન કરેલું મને ઉપલબ્ધ થયું છે તે કહું છું. અને જે શાસ્ત્રાંતરમાં નર ને તિર્યંચોનું દેહમાનાદિ લબ્ધ થયું છે તે પણ કહું છું અથવા કહીશ.

તથા વિરહ એટલે અપાંતર કાળ–ઉપપાત એટલે જન્મ સંબંધી અને ઉદ્વર્તન–ચ્યુતિ અથવા મરણ એ શબ્દો એકાર્થવાચક છે તે સંબંધી કહીશ. એટલે કે ઉપપાત ને ઉદ્વર્તનમાં ( જન્મ ને મરણમાં ) વિરહ કેટલો પડે તે કહીશ. જેમકે સૌધર્માદિ દેવલોકમાં એક દેવ અને રત્નપ્રભાદિ નારકીમાં એક નારક ઉત્પન્ન થયા પછી ફરીને કેટલે કાળે અન્ય દેવ કે નારક ઉત્પન્ન થાય ? અથવા એક દેવ કે નારક ચ્યવ્યા પછી ફરીને કેટલે કાળે બીજો દેવ કે નારક ચ્યવે ? તથા સંખ્યા, ગણિત, ઇયત્તા ( આટલાપણું ) એ શબ્દો એક અર્થવાળા છે. એક સમયે ( બે–ત્રણ વિગેરે સમયે નહીં ) ઉપપાત ને ઉદ્વર્તન કેટલાનું થાય ? અર્થાત્ એક સમયે સૌધર્માદિ દેવલોકમાં દેવો અને રત્નપ્રભા વિગેરેમાં નારકી જીવો કેટલા ઉપજે અને તેમાંથી કેટલા ચ્યવે ? તે કહેશું.

તથા ગતિ એટલે ગમન અને આગતિ એટલે આગમન. સુર, નારક,

મનુષ્ય ને તિર્યંચ–સર્વનું અનુપૂર્વીએ–પરિપાટીએ કહીશું. એટલે મનુષ્યાદિ કઈ કઇ ગતિના જીવો સુરાદિ કઇ ગતિમાં જાય? અને દેવાદિ ગતિમાંથી ચ્યવેલા–મરણ પામેલા જીવો મનુષ્યાદિ કઈ ગતિમાં ઉત્પન્ન થાય?

આ પ્રમાણે અહીં મુખ્યપણે નવ અર્થાધિકાર કહ્યા, તે આ પ્રમાણે—સ્થિતિ ૧, ભુવનો ૨, અવગાહના ૩, ઉપપાતવિરહકાળ ૪, ઉદ્વર્તનાવિરહકાળ ૫, એક સમય ઉપપાત સંખ્યા ૬, એક સમય ઉદ્વર્તના સંખ્યા ૭, ગતિ ૮ અને આગતિ ૯. બાકી દેવોના વર્ણ ચિહ્નાદિ તેમ જ બીજી ગતિના જીવોનું પણ આ સિવાય જે કાંઇ કહીશું તે આક્ષિપ્ત ( પ્રાસંગિક ) અભિધેય જાણવું.

પ્રયોજન ને સંબંધ સામર્થ્યગમ્ય છે. તેમાં પ્રયોજન બે પ્રકારે. કર્ત્તાનું ને શ્રોતાનું. તે એકેક પણ બે પ્રકારે–અનંતર ને પરંપર. તેમાં પ્રકરણના કર્ત્તાને દેવાદિકનું સ્થિત્યાદિક સર્વજ્ઞવચનાનુસારે યથાવત્ જે કહેવું તેથી થતો જે સત્ત્વાનુગ્રહ તે અનંતર પ્રયોજન અને પરંપરાએ નિઃશ્રેયસ (મોક્ષ)ની પ્રાપ્તિ તે પરમ્પર પ્રયોજન. કેમકે સત્ત્વાનુગ્રહમાં પ્રવર્તેલ જીવ પરંપરાએ અવશ્ય પરમપદને પામે છે. કહ્યું છે કે–' સર્વજ્ઞકથિત ઉપદેશવડે કરીને જે સંસાર સંબંધી દુઃખોથી તપ્ત થયેલા જીવોનો અનુગ્રહ કરે છે તે સ્વલ્પ કાળમાં મોક્ષને પામે છે. '

હવે શ્રોતાને અનંતર પ્રયોજન જેવું છે તેવું યથાવત્ દેવાદિકની સ્થિતિ વિગેરેનું પરિજ્ઞાન થવું–બોધ થવો તે અનંતર પ્રયોજન અને પરંપર પ્રયોજન તેને પણ નિઃશ્રેયસ ( મોક્ષ ) ની પ્રાપ્તિરૂપ સમજવું. તે આ પ્રમાણે–તે જીવો તેનું પરિજ્ઞાન થવાથી સંસારથી વિરાગ દશા પામે છે, પછી પરમપદની પ્રાપ્તિ માટે યત્ન કરે છે અને યત્ન કરવાથી પરમપદને પામે છે. કહ્યું છે કે–' સમ્યગ્ ભાવના પરિજ્ઞાનથી જનો વિરક્ત થાય છે અને પછી તદ્યોગ્ય ક્રિયામાં આસક્ત થયા સતા નિર્વિઘ્ને પરમગતિને પામે છે ( મોક્ષે જાય છે ).'

હવે સમ્બન્ધ બે પ્રકારે—ઉપાયોપેયભાવલક્ષણ અને ગુરૂપર્વક્રમલક્ષણ. તેમાં ઉપાયોપેયભાવલક્ષણ સંબંધ તર્કાનુસારીને અંગે છે. વચનપણાને પામેલ આ પ્રકરણ તે ઉપાય અને તેનું પરિજ્ઞાન તે ઉપેય સમજવું. શ્રદ્ધાનુસારીને માટે ગુરૂપર્વક્રમલક્ષણ સંબંધ છે. તે ગુરૂપર્વક્રમ આ પ્રમાણે–પ્રથમ પરમાર્હન્ત્ય મહિમાવડે વિરાજમાન એવા ભગવંત શ્રી વર્દ્ધમાનસ્વામીએ સુરસ્થિતિ વિગેરેનું પ્રતિપાદન કર્યું, ત્યારપછી સુધર્માસ્વામીએ દ્વાદશાંગીમાં સૂત્રરૂપે ગુંથ્યું, તેમાંથી આર્યશ્યામાદિકે પ્રજ્ઞાપના વિગેરેમાં ઉદ્ધર્યું, તેમાંથી મન્દબુદ્ધિવાળા જીવોને અવબોધ થવા માટે સંક્ષેપ કરીને આ પ્રકરણમાં ઉદ્ધરવામાં આવે

છે. તેથી એવી રીતે પરંપરાએ આ પ્રકરણ સર્વજ્ઞમૂળક છે એવું અવશ્ય ઉજ્વળ બુદ્ધિવડે અંગીકાર કરવું.

હવે જેવો ઉદ્દેશ તેવો જ નિર્દેશ હોય છે તે ન્યાયે પ્રથમ દેવોની સ્થિતિ કહેવી જોઇએ. દેવો ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે-ભવનવાસી ૧, વ્યંતરો ૨, જ્યોતિષ્કો ૩ અને વૈમાનિકો ૪. તેમાં ભવનમાં વસે તે **ભવનવાસી** કહેવાય. તે દશ પ્રકારના છે. ૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ વિદ્યુત્કુમાર, ૪ સુવર્ણકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ વાયુકુમાર, ૭ સ્તનિતકુમાર, ૮ ઉદધિકુમાર, ૯ દ્વીપકુમાર ને ૧૦ દિક્કુમાર. એ દશે ભેદ મનુષ્યમાં જેમ ક્ષત્રિયાદિ ભેદ હોય છે તેમ ભવનપતિના અવાન્તર જાતિભેદ જાણવા. એનો ભેદ વર્ણ-ચિહ્નાદિવડે પણ છે તે આગળ કહેવાશે.

અહીં કાયપ્રમાણ સ્થાનવાળા મહામંડપો યુક્ત, વિચિત્ર મહાકાંતિવાળા રત્નોની પ્રભાથી સકળ દિશાચક્રવાળને પણ જે પ્રકાશિત કરી રહ્યા છે તેવા, રમણિકતાના પ્રકર્ષરૂપ ભૂમિવાળા જે આવાસો, તેમાં બહોળતાએ અસુરકુમારો વસે છે, કવચિત જ ભવનોમાં વસે છે અને બાકીના નાગકુમારાદિકો બહોળતાએ ભવનમાં જ વસે છે, કદાચિત્ જ આવાસમાં વસે છે. આ પ્રમાણે હોવાથી સામાન્યે સર્વે ભવનમાં વસે છે એમ ગણીને તેમને ભવનવાસી કહેવામાં આવે છે.

વિવિધ પ્રકારના વનાન્તરાદિક જેમને આશ્રયરૂપ છે તે **વ્યન્તર** કહેવાય છે. તે આ પ્રમાણે-તે તે વનાન્તરોમાં, શૈલાન્તરોમાં, કન્દરાન્તરોમાં જે વસે છે તેને વ્યન્તર જાણવા. અથવા મનુષ્યોથી જેને અંતર નથી તેને વ્યન્તર કહીએ. કેટલાક વ્યન્તરો ચક્રવર્તી વિગેરે મનુષ્યોની પણ જાતિવંત સેવકની જેમ સમ્યક્ પ્રકારે સેવા કરે છે, તેથી મનુષ્યથી અન્તર વિનાના તે વ્યન્તર કહેવાય છે. આ તો વ્યન્તર શબ્દની વ્યુત્પત્તિને અંગે કહ્યું, પ્રવૃત્તિ નિમિત્તે તો સર્વત્ર જાતિભેદને જ અનુસરવું. તે રીતે વિચારતાં વ્યન્તરો આઠ પ્રકારના છે. કિન્નર ૧, કિંપુરૂષ ૨, મહોરગ ૩, ગંધર્વ ૪, યક્ષ ૫, રાક્ષસ ૬, ભૂત ૭ ને પિશાચ ૮.

જેનામાં જ્યોતિ છે તેને **જ્યોતિષ્ક** કહીએ. તે પાંચ પ્રકારના છે. ચંદ્ર ૧, સૂર્ય ૨, ગ્રહ ૩, નક્ષત્ર ૪ ને તારા ૫. એ દરેક પ્રત્યેક દ્વીપ ને સમુદ્રમાં હોવાથી અસંખ્યાતા છે, કેમકે દ્વીપો ને સમુદ્રો અસંખ્યાતા છે.

હવે વિશિષ્ટ પુણ્યવાળા જીવોથી જે ભોગવાય તેને વિમાન કહીએ. તે વિમાનમાં થયેલા તેને **વૈમાનિક** કહીએ. તે વૈમાનિક બે પ્રકારના છે. ૧ કલ્પોપપન્ન ને ૨ કલ્પાતીત. કલ્પશબ્દે સ્થિતિવિશેષ કલ્પ, સ્થિતિ, જીત, મર્યાદા એ

બધા એકાર્થવાચક શબ્દો છે. અહીં સ્થિતિવિશેષ ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશાદિ વ્યવસ્થારૂપ સમજવો. તેવા સ્થિતિવિશેષરૂપ કલ્પને જે પામેલા છે તેને કલ્પોપપન્ન કહીએ. તે સૌધર્માદિથી અચ્યુત પર્યંત બાર દેવલોકને વિષે વસનારા દેવો સમજવા. તેમાં ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશાદિ વ્યવસ્થા છે. જેઓ ઉપર કહ્યા પ્રમાણે કલ્પથી અતીત છે-કલ્પ રહિત છે તેને કલ્પાતીત કહીએ. તે ગ્રૈવેયક ને અનુત્તર વિમાનવાસી દેવો સમજવા; કારણ કે તેમાં ઇંદ્રાદિકની વ્યવસ્થા નથી. તેઓ બધા અહમિંદ્ર છે. તત્ત્વાર્થભાષ્યકાર કહે છે કે-'બાર દેવલોક પછી ઇંદ્રાદિક દશ પ્રકારના દેવો નથી. ત્યાં સર્વ દેવો સ્વતંત્ર જ છે.' અહીં ભવનવાસી નિકાયમાં તથા વૈમાનિક નિકાયમાં દરેકમાં ઇંદ્રાદિકના ભેદથી દશ પ્રકારના દેવો છે તે આ પ્રમાણે-ઇન્દ્ર ૧, સામાનિક ૨, ત્રાયસ્ત્રિંશક ૩, પાર્ષદ્ય (ત્રણ પર્ષદાના દેવો) ૪, આત્મરક્ષક ૫, લોકપાળ ૬, અનીકાધિપતિ ૭, પ્રકીર્ણક ૮, આભિયોગિક ૯, અને કિલ્વિષિક ૧૦. હવે એ દશે પ્રકારની વ્યાખ્યા કહે છે.

"इन्दन्ति" એટલે પરમ આજ્ઞારૂપ ઐશ્વર્યને અનુભવે તેને **ઇન્દ્ર** એટલે અધિપતિ કહીએ ૧. કાંતિ અને વિભવાદિકમાં ઇંદ્રની સરખા જે હોય તેને **સામાનિક** કહીએ. ઇંદ્રત્વ વિનાના અને ઇંદ્રસમાન દ્યુતિવિભવવાળા, ઇંદ્રને અમાત્ય, પિતા, ગુરૂ, ઉપાધ્યાય અને મહત્તરની જેવા પૂજનીય છતાં પણ જે ઇંદ્રને સ્વામીપણે સ્વીકારે છે તે ૨. તેત્રીશની સંખ્યાવાળા તે જ **ત્રાયસ્ત્રિંશ** કહીએ. તે ત્રાયસ્ત્રિંશો ઇંદ્રને મંત્રી કે પુરોહિતને સ્થાને ગણવા યોગ્ય છે. જેમ આ જગતમાં આખા રાજ્યની ચિંતાને ધરાવનારા તે મંત્રી કહેવાય છે અને શાંતિક પૌષ્ટિકાદિ કર્મને કરાવનારા તે પુરોહિત કહેવાય છે તે જ પ્રમાણે તેઓ પણ જાણવા. ૩. પર્ષદામાં બેસનારા તે **પાર્ષદ્ય** કહીએ. તેઓ ઇંદ્રના મિત્રસ્થાનીય એટલે મિત્ર સદૃશ હોય. છે ૪. ઇંદ્રના આત્માની રક્ષા કરે તે **આત્મરક્ષક** કહીએ, તે અંગરક્ષક સ્થાનીય સમજવા. કહ્યું છે કેઃ-"તે આત્મરક્ષક દેવો ધનુષ્યાદિ શસ્ત્રોને ગ્રહણ કરીને નિરંતર ઇંદ્રના પ્રાણરક્ષણમાં પરાયણ હોય છે." અહીં કોઇ શંકા કરે છે કે-'ઇંદ્રને અપાયનો-કષ્ટનો અભાવ હોય છે તેથી તે દેવોનું તેવી રીતે શસ્ત્રો ગ્રહણ કરવાપૂર્વક ઉભા રહેવું તે નિરર્થક છે.' તેના જવાબમાં કહે છે કે-'તેવી રીતે તૈયાર રહેવું તે સ્થિતિ માત્ર પરિપાલનના હેતુથી તેમ જ પ્રીતિના પ્રકર્ષપણાના હેતુથી નિરર્થક નથી.' કોઇ કહેશે કે 'પ્રીતિપ્રકર્ષ હેતુતા શી રીતે?' તેને ઉત્તર આપે છે કે-'ઇંદ્ર સભામાં બેઠેલા હોય તો ત્યાં અથવા ઇન્દ્ર જ્યાં હોય ત્યાં તેની ફરતા સર્વ દિશામાં બાણોથી ભરેલા ભાથાને ધારણ કરનારા અને સારી રીતે બાંધેલા સુભટોચિત સુંદર પરિકરવાળા,

હાથમાં ધનુષ્યાદિ લઇને ઉભા રહ્યા સતા પોતાના નાયકના શરીરની રક્ષામાં પરાયણ, પોતાના નાયક ઉપર નિશ્ચળ દૃષ્ટિ રાખીને રહેલા, બીજા જે ઈંદ્રના ઈંદ્રત્વને નહીં સહન કરનારા હોય તેને ક્ષોભ ઉત્પન્ન કરતા સતા પોતાના નાયક પ્રત્યે પરમ પ્રીતિ બતાવે છે. ( પ્રીતિ ઉપજાવે છે ) તે આત્મરક્ષકો ૫. લોકોને પાળે તેને **લોકપાળ** કહીએ. તે આરક્ષક–ચોરનો ઉદ્ધાર કરનારા. જેમ આ લોકમાં આરક્ષકો પોતાના નાયકે બતાવેલા વિષય ( દેશ ) નું રક્ષણ કરવામાં ઉદ્યત હોય છે, ચોરનો ઉદ્ધાર કરનારા ( પકડનારા ) હોય છે અને પોતાના સ્વામીને વિષે રોષના વશ થકી અન્યાયકારી તસ્કરાદિનો નિગ્રહ કરવામાં તત્પર હોય છે તેમ તે લોકપાળ પણ પોતપોતાના ઇંદ્રે બતાવેલા વિષયનું ( દેશનું અથવા દિશાનું ) સંરક્ષણ કરવામાં તત્પર હોય છે અને અન્યાયકારી દેવોનો નિગ્રહ કરવામાં તત્પર હોય છે તે ૬. **અનીકાધિપતિ** તે સૈન્યના નાયક. સૈન્ય સાત પ્રકારના છે. તે આ પ્રમાણે–હયાનીક ૧, ગજાનીક ૨, રથાનીક ૩, મહિષાનીક ૪, પદાત્યનીક ૫, ગન્ધર્વાનીક ૬. નાટ્યાનીક ૭. આમાં પ્રથમના પાંચ અનીક (સૈન્ય) સંગ્રામ માટે ઉપયોગી છે, અને ગંધર્વાનીક તથા નાટ્યાનીક તો ઉપભોગ માટે છે. આ અનીકોના અધિપતિ હોય તે ૭. **પ્રકીર્ણક** તે નગરજન અને દેશજન સ્થાનીય એટલે પ્રકૃતિજન (રૈયત) જેવા સમજવા ૮. **પ્રેષ્યકર્મ** (દાસ યોગ્ય કાર્ય) માં જેનો સમગ્ર રીતે ઉપયોગ થઈ શકે તે **આભિયોગ્ય**–દાસસ્થાનીય ૯ તથા કિલ્વિષ–અશુભ કર્મ તે જેને છે તે **કિલ્વિષિક.** તે અધમ–ચંડાળ જેવા સમજવા ૧૦. ( આ દશે પ્રકારના દેવો વૈમાનિક ને ભવનવાસીમાં હોય છે. ) વ્યન્તરનિકાયમાં ને જ્યોતિષ્કનિકાયમાં લોકપાળ ને ત્રાયસ્ત્રિંશ એ બે જાતિ સિવાય બાકીના ઈન્દ્રાદિક આઠ પ્રકારના દેવો હોય છે. જગતસ્વભાવે જ તેમાં લોકપાળ ને ત્રાયસ્ત્રિંશ દેવો હોતા નથી. ૧–૨–૩

ઉપર પ્રમાણે ભેદવાળા દેવોને વિષે પ્રથમ ભવનવાસી ને વ્યન્તર દેવોની જઘન્ય સ્થિતિ અર્ધગાથાવડે પ્રતિપાદન કરે છે–કહે છેઃ—

## दस भवणवणयराणं वाससहस्सा ठिई जहन्नेणं ।

“ ભવનવાસી ને વ્યન્તરદેવોની જઘન્ય દશ હજાર વર્ષની સ્થિતિ હોય છે.

**ટીકાર્થ**—અહિં પદના એકદેશથી પદસમુદાયનો ઉપચાર કરાય છે તે પ્રમાણે ભવન એમ કહે સતે ભવનવાસી જાણવા, તથા વનમાં–નંદનવનાદિકમાં પ્રચુરતાએ ચરે છે–રહે છે–વસે છે તેથી વનચર એટલે વ્યન્તર કહીએ. ભવનવાસી ને વ્યન્તરમાં જઘન્ય સ્થિતિ કહે છે. કેવળ ભાવપ્રધાન નિર્દેશ અહીં છે તેથી આવો અર્થ કરવો કે–જઘન્યે કરીને–સર્વનિકૃષ્ટપણે સ્થિતિ–આયુષ્ય દશ હજાર વર્ષનું જાણવું.

'જઘન્ય શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે–જઘન એટલે નીચેનો નિકૃષ્ટ ભાગ, જઘનમાં થાય તે જઘન્ય. એટલે રોમમળાદિ–તે સ્તોક હોય છે તેથી બીજું પણ જે સ્તોક હોય તે લક્ષણાવડે કરીને જઘન્ય કહેવાય છે.

એ રીતે ભવનવાસી ને વ્યંતરોની જઘન્ય સ્થિતિ કહીને હવે વ્યન્તરોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છેઃ—

## पलिओवममुक्कोसं वंतरियाणं वियाणिज्जा ॥ ४ ॥

"વ્યન્તરોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની જાણવી ૪."

**ટીકાર્થ**—વ્યંતરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમ પ્રમાણ જાણવું. અહીં કાળ-પ્રમાણવિશેષરૂપ પલ્યોપમવડે કરીને પરિચ્છિન્ન એવી જે સ્થિતિ તે મેયમાનના ઉપચારથી–જેમ સેતિકા પ્રમાણ ધાન્ય તે સેતિકા કહીએ તેમ પલ્યોપમ કહીએ.

હવે આ પલ્યોપમ શું ? તે કહે છે.—

એક યોજનપ્રમાણ લાંબા, પહોળા અને ઉંડા પાલાની જે કાળપ્રમાણને ઉપમા આપી માપી શકાય તેને પલ્યોપમ કહીએ. તે ત્રણ પ્રકારના છે. ઉદ્ધારપલ્યોપમ ૧, અદ્ધાપલ્યોપમ ૨, ક્ષેત્રપલ્યોપમ ૩. તે દરેક બે પ્રકારના છે. સૂક્ષ્મ અને બાદર. તેમાં લંબાઈ, પહોળાઈ ને ઉંડાઈમાં ઉત્સેધાંગુળ પ્રમાણ એક યોજનનો પાલો તે મુંડિત મસ્તકવાળા એક બે યાવત્ સાત અહોરાત્ર સુધીના ઉગેલા કેશોથી દબાવીને ભરવો. તે એવી રીતે કોઈ પ્રકારના દબાણથી દબાવીને ભરવો કે તેમાંના વાળાગ્રોને વાયુ ઉડાડી શકે નહીં, અગ્નિ બાળી શકે નહીં અને પાણી તેમાં પ્રવેશ કરીને પલાળી શકે નહીં. આ સંબંધમાં શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ઉપર પ્રમાણે જ કહેલું છે. (ટીકામાં માગધી પાઠ છે તે અહીં લખ્યો નથી.) એ પ્રમાણે તે પાલો ભરીને પછી તેમાંથી સમયે સમયે એકેક વાળાગ્ર કાઢીએ, એ પ્રમાણે કાઢતાં જેટલે કાળે એ પાલો ખાલી થાય તેટલા કાળવિશેષને સંખ્યાત સમય પ્રમાણ બાદર ઉદ્ધારપલ્યોપમ જાણવું. એવા દશ કોટાકોટિ બાદર ઉદ્ધારપલ્યોપમે એક બાદર ઉદ્ધારસાગરોપમ જાણવું. એ બાદર ઉદ્ધાર-પલ્યોપમ ને સાગરોપમથી કાંઇ પ્રયોજન નથી. ફક્ત સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમ સુખેથી જાણી શકવા માટે એની સિદ્ધાંતમાં પ્રરૂપણામાત્ર કરી છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે–' એ વ્યવહારિક ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમ કહેવાનું શું પ્રયોજન છે ? ઉત્તર—એ વ્યાવહારિક ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમથી કાંઇ પણ પ્રયોજન નથી, કેવળ પ્રરૂપણામાત્ર જ કથન છે. ઈતિ '

હવે તે જ ઉત્સેધાંગુલપ્રમિત યોજનપ્રમાણ લાંબો, પહોળો ને ઉંડો પાલો ( પલ્ય ) મુંડિત મસ્તક પર ઉગવાના સંભવતા એવા એક અહોરાત્ર, બે અહોરાત્ર યાવત્ સાત અહોરાત્રના ઉગેલા એકેક વાળાગ્રના અસંખ્યાતા અસંખ્યાતા ખંડો કરીએ. તે કેવા પ્રમાણવાળા અસંખ્યાતા ખંડ કરીએ ? તે કહે છે. અહીં વિશુદ્ધ લોચનવાળો છદ્મસ્થ પુરૂષ જે અત્યંત સૂક્ષ્મ દ્રવ્યને ચક્ષુવડે જોઈ શકે તે કરતાં અસંખ્યાતા ભાગપ્રમાણ અસંખ્યાતા ખંડ કરવા. આ દ્રવ્યથી અસંખ્યાત ખંડનું પ્રમાણ કહ્યું. હવે ક્ષેત્રથી આ પ્રમાણે—સૂક્ષ્મપનક જીવની જે જઘન્ય અવગાહના તેણે કરીને જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરી શકાય તે કરતાં અસંખ્યગુણ ક્ષેત્રાવગાહી દ્રવ્યપ્રમાણ અસંખ્યેય ખંડ જાણવા. આ સંબંધમાં શ્રી અનુયોગદ્વારસૂત્રમાં કહ્યું છે કે–' તે એકેક વાળાગ્રના અસંખ્યાત ખંડ કરવા. તે વાળાગ્ર ( ખંડ ) દૃષ્ટિ અવગાહનાથી અસંખ્યાતમે ભાગે અને સૂક્ષ્મપનક જીવોના શરીરની અવગાહનાથી અસંખ્યાતગુણ સમજવો. ' અહીં વૃદ્ધો પૂર્વપુરૂષની પરંપરાથી આવેલા સંપ્રદાયના વશથી આ પ્રમાણે કહે છે.–એ ખંડ બાદર પૃથિવીકાયિક પર્યાપ્ત જીવોના શરીરપ્રમાણ અસંખ્યેય ખંડ જાણવા. તથા શ્રી અનુયોગદ્વારના ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિ પણ કહે છે કે–' બાદરપૃથિવીકાયિક પર્યાપ્ત શરીર તુલ્ય અસંખ્યાત ખંડ કરવા એવો વૃદ્ધવાદ છે.' એ પ્રમાણે અસંખ્યાત ખંડ કરેલા વાળાગ્રોવડે તે પાલો પૂર્વે કહ્યા પ્રમાણે કંઠ સુધી એવો દાબીને ભરવો કે જેથી તેમાં અગ્નિ વિગેરે કાંઇ પણ પ્રવેશ કરીને આક્રમણ કરી શકે નહીં. પછી સમયે સમયે એકેક વાળાગ્ર અપહરવો–કાઢવો. એ પ્રમાણે કાઢતાં જેટલે કાળે તે પાલો સર્વથા નિર્લેપ ( ખાલી ) થાય તેટલા કાળવિશેષને સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ કહીએ. એવા દશ કોટાકોટિ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમવડે એક સૂક્ષ્મ ઉદ્ધારસાગરોપમ થાય. આ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમવડે દ્વીપો ને સમુદ્રોનું–તેની સંખ્યાનું પ્રમાણ કરાય છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે–' એ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમવડે દ્વીપ–સમુદ્રોનો ઉદ્ધાર કરીએ–ગણના કરીએ. ' સર્વ દ્વીપસમુદ્રોનું પરિમાણ ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમવડે આ પ્રમાણે આગમમાં કરેલ છે.–હે પ્રભુ ! ઉદ્ધારવડે કરીને કેટલા દ્વીપસમુદ્રો કહ્યા છે ? ઉત્તર—' હે ગૌતમ ! જેટલા અઢી ઉદ્ધાર સાગરોપમના સમય તેટલા દ્વીપસમુદ્રો ઉદ્ધારવડે ( સંખ્યાવડે ) કહ્યા છે.' આ પ્રમાણે ઉદ્ધારપલ્યોપમ ને સાગરોપમની પ્રરૂપણા કરી. હવે બાદર ને સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ ને સાગરોપમની પ્રરૂપણા કરે છેઃ—

ઉપર કહ્યો છે તેવો ઉત્સેધાંગુળપ્રમિત યોજનપ્રમાણ લાંબો, પહોળો ને

ઉંડો પલ્ય મુંડિત મસ્તક ઉપર સંભાવ્યમાન એવા એક અહોરાત્ર, બે અહોરાત્ર યાવત્ સાત અહોરાત્રના ઉગેલા વાળાગ્રોવડે પ્રથમની જેમ અત્યંત દાબીને ભરવો. પછી સો સો વર્ષે એકેક વાળાગ્ર અપહરવો–કાઢવો. એ પ્રમાણે કાઢતાં જેટલા કાળે તે પલ્ય નિર્લેપ થાય તેટલો કાળવિશેષ–સંખ્યાત વર્ષ કોટીપ્રમાણ બાદર અદ્ધાપલ્યોપમ જાણવો. તેવા બાદર અદ્ધાપલ્યોપમની દશ કોટાકોટીવડે એક બાદર અદ્ધાસાગરોપમ જાણવો. એ બાદર અદ્ધાપલ્યોપમ ને સાગરોપમવડે કાંઇ પ્રયોજન નથી, કેવળ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ ને સાગરોપમ સુખે સમજી શકાય તેટલા માટે જ એની પ્રરૂપણા કરવામાં આવી છે.

હવે તે જ પલ્ય તેટલા જ પ્રમાણવાળો પૂર્વની જેમ દરેક વાળાગ્રના અસંખ્યાતા ખંડ કરીને તેવા ખંડોવડે કાંઠા સુધી ગાઢ ભરવો કે જેથી તેને અગ્નિ વિગેરે આક્રમણ કરી શકે નહીં. પછી સો સો વર્ષ અતિક્રાંત થયે સતે એકેક વાળાગ્ર કાઢીએ. એ રીતે જેટલા કાળે તે પાલો સર્વથા નિર્લેપ થાય તેટલા કાળવિશેષને સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ કહીએ. તેવા દશ કોટાકોટિ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમવડે એક સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ થાય. તે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ ને સાગરોપમવડે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવોના આયુષ્ય, કર્મોની સ્થિતિ અને ભવસ્થિતિનું માપ કરી શકાય છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે–' એ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ સાગરોપમવડે નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવોના આયુષ્ય માપી શકાય.' અહીં આયુ ગ્રહણ કરવાથી ઉપલક્ષણવડે કર્મસ્થિતિ ને ભવસ્થિતિ પણ સમજવી. આમ કહેલ હોવાથી આયુની પ્રમિતીમાં સર્વત્ર પલ્યોપમ ને સાગરોપમ કહ્યા હોય તે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ ને સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ સમજવા.

આ પ્રમાણે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ ને સાગરોપમની પ્રરૂપણા કરી- હવે બાદર ને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ ને સાગરોપમની પ્રરૂપણા કરવામાં આવે છે.

પૂર્વે કહ્યા પ્રમાણે ઉત્સેધાંગુળપ્રમિત એક યોજન પ્રમાણ લાંબો, પહોળો ને ઉંડો પાલો પૂર્વની જેમ એક દિવસથી માંડીને સાત અહોરાત્ર સુધીના ઉગેલા વાળાગ્રવડે અત્યંત દાબીને ભરવો. ત્યારપછી તે વાળાગ્રોએ જે આકાશપ્રદેશો સ્પર્શ્યા છે તે સમયે સમયે એકેક આકાશપ્રદેશ કાઢતાં જેટલા કાળે સ્પર્શેલા સર્વ આકાશપ્રદેશ નીકળી જાય તેટલા કાળને બાદર ક્ષેત્રપલ્યોપમ કહીએ. તેવા દશ કોટાકોટિ બાદર ક્ષેત્રપલ્યોપમવડે એક બાદર ક્ષેત્રસાગરોપમ થાય છે. એ બાદર ક્ષેત્રપલ્યોપમ ને સાગરોપમવડે કાંઈ પ્રયોજન નથી, માત્ર સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ ને સાગરોપમ સુખેથી સમજી શકાય તેટલા માટે એની પ્રરૂપણા કરવામાં આવી છે.

હવે તે જ પલ્ય ઉત્સેધાંગુળપ્રમિત એક યોજન લાંબો, પહોળો ને ઉંડો પૂર્વની જેમ એકથી સાત દિવસ સુધીના વાળાગ્રોથી અત્યંત દબાણપૂર્વક ભરીએ કે જેને જરા પણ અગ્નિ વિગેરે આક્રમણ કરી શકે નહીં. પછી તે પાલામાં વાળાગ્રોએ જે આકાશપ્રદેશો સ્પર્શેલા અને સ્પર્શ કર્યા વિનાના છે તે તમામ આકાશપ્રદેશોમાંથી સમયે સમયે એકેક પ્રદેશ કાઢીએ એ પ્રમાણે કાઢતાં જેટલે કાળે તે આખો પાલો તદ્દન નિર્લેપ ( ખાલી ) થઇ જાય તેટલા કાળ-વિશેષને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ કહીએ. અહીં કોઇ પ્રશ્ન કરે કે–' વાળાગ્રોવડે એવો નિવિડ એ પાલો પૂર્યો છે કે જેમાં અગ્નિ વિગેરે પણ સર્વથા પ્રવેશ કરી શકે નહીં તો એવા નિવિડ રીતે ભરેલા પાલામાં શું વાળાગ્રોએ સ્પર્શ્યા વિનાના આકા-શપ્રદેશો પણ રહી શકે કે જેથી તમે વાળાગ્રોએ વ્યાપ્ત અને અવ્યાપ્ત એવા આકાશપ્રદેશો જુદા જુદા કહો છો ? ' તેને ઉત્તર આપે છે કે–' અસંખ્ય ખંડ કરેલા વાળાગ્રથી પણ આકાશપ્રદેશોનું અત્યંત સૂક્ષ્મપણું હોવાથી એમ કહેલું છે. ' આ સંબંધમાં પ્રશ્ન ને તેના ઉત્તરરૂપે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આ પ્રમાણે કહ્યું છે–" તે સંબંધમાં પ્રેરક ( શિષ્ય ) પ્રજ્ઞાપકને ( ગુરૂને ) આ પ્રમાણે પૂછે છે કે–તે પલ્યમાં એવા આકાશપ્રદેશો છે કે જેને વાળાગ્રોએ સ્પર્શ્યા ન હોય ? ( ઉત્તર ) હા, છે. તેને માટે દૃષ્ટાંત કહે છે કે–જેમ એક પાલો સાકર-કોળાવડે ભર્યો પછી તેના ગાળામાં બીજોરા નાખ્યા તો તે પણ સમાયા, તેના ગાળામાં પાછા બીલા નાખ્યા તો તે પણ સમાયા, તેમાં આમળા નાખ્યા તો તે પણ સમાયા, તેમાં બોર નાખ્યા તો તે પણ સમાયા, તેમાં ચણા નાખ્યા તો તે પણ સમાયા, તેમાં તલ નાખ્યા તો તે પણ સમાયા, તે રીતે ઉપર જણાવેલા પાલામાં એવા આકાશપ્રદેશો છે કે જે વાળાગ્રોએ સ્પર્શ્યા નથી. "

હવે કોઇ ફરીને પૂછે છે કે–" જો એ પાલામાંથી વાળાગ્રોએ સ્પર્શેલા અને વગર સ્પર્શેલા ( બધા ) આકાશપ્રદેશો કાઢવાના છે તો પછી વાળાગ્રનું શું પ્રયોજન છે ? તે સ્થળે એવી જ રીતે પ્રરૂપણા કરવી જોઈએ કે–ઉત્સેધાંગુળપ્રમિત એક યોજનપ્રમાણ લાંબા, પહોળા ને ઉંડા પલ્યમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા સમયનું સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ જાણવું." તેને ઉત્તર આપે છે કે–તારૂં કહેવું સાચું છે પરંતુ આ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમવડે કરીને દૃષ્ટિવાદમાં સ્પૃષ્ટાસ્પૃષ્ટ ભેદે કરીને જુદું જુદું દ્રવ્યપ્રમાણ કરાય છે. અસંખ્ય ખંડ કરેલા વાળાગ્રોવડે સ્પર્શેલા જે આકાશપ્રદેશો છે તેમાંથી પ્રતિસમય એકેક આકાશપ્રદેશ કાઢવાવડે કરીને જે બાદર ક્ષેત્રપલ્યોપમ થાય છે તેટલા પ્રમાણવાળા અમુક દ્રવ્યો છે અને અસંખ્ય ખંડ કરેલા વાળાગ્રોવડે સ્પર્શેલા ને વગર સ્પર્શેલા આકાશપ્રદેશો

છે તેમાંથી પ્રતિસમય એકેક આકાશપ્રદેશ કાઢવાથી જે સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ થાય છે તેટલા પ્રમાણવાળા અમુક દ્રવ્યો છે. એ રીતે દૃષ્ટિવાદમાં વાળાગ્રોનું પ્રયોજન છે તેથી તેની પ્રરૂપણા કરી છે.

એવા દશ કોટાકોટિ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમવડે એક સૂક્ષ્મ ક્ષેત્રસાગરોપમ થાય છે. એ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ ને સાગરોપમવડે પ્રાયે દૃષ્ટિવાદમાં જ દ્રવ્યપ્રમાણ કરાય છે, અન્યત્ર કરાતું નથી.

( એ જ અર્થને કહેનારી શાસ્ત્રાંતરમાં પ્રસિદ્ધ એવી ૧૭ ગાથાઓ ટીકામાં આપેલી છે. તેમાં ઉપર કહ્યા પ્રમાણે ત્રણ પ્રકારના પલ્યોપમ સંબંધી હકીકત જ હોવાથી અહીં તે ગાથાઓ કે તેનો અર્થ આપેલ નથી. )

જે દશ હજાર વર્ષથી વધારે અને પલ્યોપમથી ઓછી વ્યંતરોની સ્થિતિ તે બધી મધ્યમ સ્થિતિ જાણવી. તે કહ્યા વિના પણ સ્વયમેવ સમજી શકાય તેમ હોવાથી સાક્ષાત્ કહેલ નથી. એ રીતે અન્યત્ર પણ મધ્યમ સ્થિતિ સમજી લેવી. ૪.

હવે ભવનપતિની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે:—

**चमर बलि सारमहिअं सेसाण सुराण आउअं वुच्छं ।**
**दाहिण दिवड्ढपलिअं दो देसूणुत्तरिल्लाणं ॥ ५ ॥**

**ગાથાર્થ:**—ચમરેંદ્રનું એટલે દક્ષિણ દિશાના અસુરકુમારના ઈંદ્રનું તેમ જ ત્યાંના શેષ દેવોનું એક સાગરોપમનું અને ઉત્તરદિશાના અસુરકુમારના બલીંદ્રનું તેમ જ તેના શેષ દેવોનું એક સાગરોપમ ઝાઝેરૂં આયુષ્ય જાણવું. બાકીની ભવનપતિની નવ નિકાયના દક્ષિણ દિશાના દેવોનું દોઢ પલ્યોપમનું ને ઉત્તરદિશાના નવનિકાયના દેવોનું કાંઈક ઊણું બે પલ્યોપમનું આયુષ્ય જાણવું.

**ટીકાર્થ**—અહીં ભવનવાસી દેવો દશ પ્રકારના છે. તે આ પ્રમાણે— અસુરકુમાર ૧, નાગકુમાર ૨, સુવર્ણકુમાર ૩, વિદ્યુતકુમાર ૪, અગ્નિકુમાર ૫, દ્વીપકુમાર ૬, ઉદધિકુમાર ૭, દિક્કુમાર ૮, વાયુકુમાર ૯, સ્તનિતકુમાર ૧૦. તે દરેક બે પ્રકારના છે.–મેરૂપર્વતની દક્ષિણ બાજુમાં રહેનારા અને મેરૂપર્વતની ઉત્તર બાજુમાં રહેનારા. તેમાં અસુરકુમારનિકાયમાં દક્ષિણદિશા તરફના દેવોનો ઇન્દ્ર **ચમર** નામનો છે અને ઉત્તર બાજુના દેવોનો ઈંદ્ર **બલિ** નામનો છે. તેમનું એટલે ચમરેંદ્ર ને બલીંદ્રનું ઉત્કૃષ્ટ આયુ સાગરોપમ ને સાગરોપમથી અધિક છે એટલે કે ચમર નામના દક્ષિણ બાજુના અસુરેન્દ્રનું આયુ પરિપૂર્ણ એક સાગરોપમનું અને બલિ નામના ઉત્તર બાજુના અસુરેંદ્રનું કાંઈક અધિક એક

સાગરોપમનું છે. ગાથામાં सार શબ્દ છે તે સાગરોપમવાચી સમજવો, કારણ કે પદના એક દેશમાં પદસમુદાયનો ઉપચાર કરવામાં આવે છે.

હવે ચમરેંદ્ર ને બલીંદ્ર શિવાયના બાકીના નાગકુમારાદિ નવ નિકાયના દેવોનું એટલે તેના અધિપતિઓ (ઇંદ્રો)નું આયુ કહે છે. (પ્રતિજ્ઞાતનો નિર્વાહ કરે છે) દક્ષિણ બાજુના નાગકુમારાદિ નવનિકાયના અધિપતિ **ધરણ** પ્રમુખ નવ ઈંદ્રોનું ઉત્કૃષ્ટ આયુ દોઢ પલ્યોપમનું છે અને ઉત્તર બાજુના નાગકુમારાદિ નવનિકાયના **ભૂતાનન્દાદિ** નવ ઇંદ્રોનું આયુ કાંઈક ઊણા બે પલ્યોપમનું જાણવું. (અહીં ઇંદ્રોનું ઉત્કૃષ્ટ આયુ કહ્યું તદનુસાર તે તે નિકાયના દેવોનું આયુ પણ સમજવું.) ૫.

એ પ્રમાણે ભવનવાસી ને વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુ કહ્યું. હવે ભવનવાસી ને વ્યંતર નિકાયની દેવીઓનું આયુ કહે છે:—

**अड्ढुट्ठअद्धपंचमपलिओवम असुरजुयलदेवीणं ।**
**सेसवणदेवयाण य देसूणद्धपलियमुक्कोसं ॥ ६ ॥**

**ગાથાર્થ:**—"અસુરકુમારયુગળ–દક્ષિણ બાજુના ચમરેંદ્રની ને ઉત્તર બાજુના બલીંદ્રની દેવીઓનું ઉત્કૃષ્ટાયુ સાડાત્રણ ને સાડાચાર પલ્યોપમનું અનુક્રમે જાણવું. અને બાકીની નવ નિકાયની બંને બાજુની દેવીનું દેશે ઊણું પલ્યોપમનું અને વ્યંતરનિકાયની બંને બાજુની દેવીઓનું અર્ધપલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુ જાણવું."

**ટીકાર્થ:**—અસુરયુગળ એટલે અસુરેંદ્રનું યુગળ–ચમર ને બલિ નામના ઇંદ્ર તેમની દેવીઓનું આયુષ્ય અનુક્રમે સાડાત્રણ ને સાડાચાર પલ્યોપમનું જાણવું. એટલે કે ચમરેંદ્રની દેવીઓનું આયુ સાડાત્રણ પલ્યોપમનું અને બલીંદ્રની દેવીઓનું આયુ સાડાચાર પલ્યોપમનું જાણવું. બાકીની નાગકુમાર વિગેરે નવનિકાયના ઉત્તરદિશા તરફના અધિપતિઓની દેવીઓનું, તથા ઉત્તર ને દક્ષિણ બંને બાજુના વ્યંતરોની દેવીઓનું, 'च' શબ્દથી દક્ષિણ દિગ્વર્તી નાગકુમારાદિ નવનિકાયના અધિપતિઓની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે દેશોનપલ્યોપમનું ને અર્ધપલ્યોપમનું જાણવું. એટલે કે ઉત્તર દિગ્ભાવી નાગકુમારાદિ નવનિકાયના અધિપતિની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ **દેશોનપલ્યોપમ**નું અને દક્ષિણ દિગ્ભાવી નાગકુમારાદિ નવનિકાયના અધિપતિની દેવીઓનું અને દક્ષિણોત્તર દિગ્ભાવી વ્યંતરાધિપતિની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ અર્ધપલ્યોપમનું જાણવું.

કેટલાક 'શ્રી, હ્રી, ધૃતિ, કીર્ત્તિ, બુદ્ધિ ને લક્ષ્મી એ દેવીઓ પલ્યોપમની સ્થિતિવાળી છે.' એવાં વચન સાંભળવાથી વ્યંતર દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ પલ્યોપમનું

છે એમ માને છે પણ તે અયુક્ત છે; કેમકે તેમને સમ્યગ્ સિદ્ધાંતનું પરિજ્ઞાન નથી. શ્રી, હ્રી, ધૃતિ વિગેરે દેવીઓ ભવનપતિ નિકાયની છે. આ સંગ્રહણિની જ ટીકાના[1] કર્ત્તા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે-'તે દેવીઓ ભવનપતિ નિકાયાંતર્ગત છે, તેથી તેનું આયુ એક પલ્યોપમનું છે.' આમ કહેલ છે તેથી શ્રી, હ્રી ઇત્યાદિ દેવીનું આયુ સાંભળવાથી વ્યંતર દેવીઓનું આયુ પલ્યોપમનું કહે છે તે સમીચીન કેમ કહેવાય? ન કહેવાય; કારણ કે તેમ કહેવું તે સિદ્ધાંતથી પણ વિરૂદ્ધ છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર વિગેરેમાં વ્યંતરદેવીનું ઉત્કૃષ્ટ આયુ અર્ધપલ્યોપમનું કહેલું છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે-"હે ભગવંત! વાણમંતર દેવોના આયુની સ્થિતિ કેટલી છે? હે ગૌતમ! જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટી એક પલ્યોપમની છે. હે ભગવંત! વાણવ્યંતરોની દેવીના આયુની સ્થિતિ કેટલી છે? હે ગૌતમ! જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ અર્ધપલ્યોપમની છે." ઇતિ. ૬.

ઉપર પ્રમાણે ભવનપતિ ને વ્યન્તર દેવ-દેવીઓની જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ કહી, હવે સૂર્ય-ચંદ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવા માટે કહે છેઃ—

**पलियं वाससहस्सं, आइच्चाणं ठिई वियाणिज्जा ।**
**पलियं च सयसहस्सं, चंदाण वि आउयं जाण ॥ ७ ॥**

**અર્થ**:—અસંખ્ય દ્વીપ સમુદ્રવર્ત્તી સર્વે સૂર્યોની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ ને એક હજાર વર્ષની જાણવી અને સર્વે ચંદ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ ને એક લાખ વર્ષની જાણવી. ૭

હવે ગ્રહ-નક્ષત્રાદિની ઉત્કૃષ્ટ ને જઘન્ય સ્થિતિ પ્રતિપાદન કરવા માટે કહે છે કેઃ—

**पलिओवमं गहाणं, नक्खत्ताणं च जाण पलियद्धं ।**
**ताराण चउ जहन्न-ट्ठमो य देवीण विन्नेओ ॥ ८ ॥**

**ટીકાર્થ**—ગ્રહોનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમનું, નક્ષત્રોનું ઉત્કૃષ્ટ આયુ અર્ધપલ્યોપમનું અને તારાઓનું ઉત્કૃષ્ટ આયુ પલ્યોપમના ચોથા ભાગનું જાણવું. આ પ્રમાણે ચંદ્રાદિનું ઉત્કૃષ્ટ આયુ કહ્યું, હવે જઘન્ય કહે છે.

૧ આ ટીકા અત્યારે લભ્ય નથી.

તારારૂપ દેવોનું જઘન્ય આયુ પલ્યોપમના આઠમા ભાગનું જાણવું. 'च' શબ્દ અનુક્ત સમુચ્ચયાર્થે હોવાથી ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર દેવોનું જઘન્ય આયુ પલ્યોપમના ચોથા ભાગનું જાણવું. એ રીતે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારારૂપ દેવોનું જઘન્ય આયુ કહ્યું. હવે તારાની દેવીનું જઘન્ય આયુ કહે છે. તેની દેવીનું પણ જઘન્ય આયુ પલ્યોપમના આઠમા ભાગનું જાણવું. 'च' શબ્દથી ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રની દેવીનું જઘન્ય આયુ પલ્યોપમના ચોથા ભાગનું જાણવું. ૮.

ઉપરની ગાથાવડે ગ્રહ, નક્ષત્ર ને તારક દેવોનું ઉત્કૃષ્ટ આયુ અને ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારક દેવ-દેવીનું જઘન્ય આયુ કહ્યું; પરંતુ ચંદ્ર ને સૂર્યની દેવીનું ઉત્કૃષ્ટ આયુ હજુ કહ્યું નથી તે પ્રતિપાદન કરવા માટે અન્યકર્તાની કરેલી બે ગાથા અહીં કહેવામાં આવે છે:—

**पन्नाससहस्साइं, पलिअद्धं पंचवाससयमहिअं ।**
**ससिरविगहदेवीणं, पलिअद्धं चउ जहन्नेणं ॥ ९ ॥**

**पलिअचउत्थं जहणु-क्कोसं सविसेसं होइ नक्खत्ते ।**
**तारट्ठभाग सविसेस, जहण्णुक्कोसगं अहवा ॥ १० ॥**

**અર્થ**—શશિ ને રવિ-ચંદ્ર ને સૂર્ય સંબંધી દેવીઓનું ઉત્કૃષ્ટ યથાસંખ્ય અર્ધપલ્યોપમ ને ૫૦૦૦૦ વર્ષનું અને અર્ધપલ્યોપમ ને પાંચ સો વર્ષનું જાણવું. અર્થાત્ ચંદ્રની દેવીનું ઉત્કૃષ્ટ આયુ અર્ધપલ્યોપમ ને ૫૦૦૦૦ વર્ષનું અને સૂર્ય સંબંધી દેવીનું ઉત્કૃષ્ટ આયુ અર્ધપલ્યોપમ ને ૫૦૦ વર્ષનું જાણવું. ગ્રહ સંબંધી દેવીનું ઉત્કૃષ્ટ આયુ પરિપૂર્ણ અર્ધપલ્યોપમનું જાણવું. જઘન્ય આયુ ચંદ્રની દેવીનું, સૂર્યની દેવીનું ને ગ્રહની દેવીનું પલ્યોપમના ચોથા ભાગનું જાણવું. નક્ષત્રની દેવીનું પણ જઘન્ય આયુ પલ્યોપમના ચોથા ભાગનું ને ઉત્કૃષ્ટ આયુ પલ્યોપમનો ચોથો ભાગ સાધિક જાણવું. તારાની દેવીનું જઘન્ય આયુ પલ્યોપમનો આઠમો ભાગ ને ઉત્કૃષ્ટ આયુ પલ્યોપમનો આઠમો ભાગ સાધિક જાણવું. ૯-૧૦.

આ બે ગાથા અન્ય કર્તાની હોવાથી ફરીને જ્યોતિષીની દેવીઓનું જઘન્ય આયુ કહેવામાં આવેલ છે તો તેથી પુનરાવર્તન થતું નથી અથવા આ હકીકત આગળ કહેવાની ગાથાની અપેક્ષાએ કહેલી સમજવી. અહીં આ પ્રમાણે અવતરણિકા કરવી કે-ગ્રંથકર્તાએ નહીં કહેલું એવું પણ દેવીનું ઉત્કૃષ્ટ આયુ કહ્યું. હવે ગ્રંથકર્તા જ સમસ્ત જ્યોતિષ્ક દેવ-દેવીનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુસંગ્રહપ્રતિપાદક એવી નીચેના ગાથા કહે છે:—

## तिसु एग अद्ध पाउ ति, अद्ध साहिचउरट्ठभागो य।
## चउजुयले चउभागो, दु अट्ठ लक्खे सहस्सद्धं ॥ ११ ॥

**અર્થ**—આ ગાથામાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારાના દેવો અને તે પાંચેની દેવીઓ મળી દશેનું ઉત્કૃષ્ટ આયુ પૂર્વાર્દ્ધવડે કહેલ છે અને ઉત્તરાર્ધવડે દશેનું જઘન્ય આયુ અને ઉત્કૃષ્ટમાં રહેલ શેષ હકીકત કહેલ છે. આ પ્રમાણે સમુદાયાર્થ છે, હવે અન્વયવાર્થ કહે છે. ચંદ્ર, સૂર્ય ને ગ્રહનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમનું, ( આમાં વિશેષ છે તે પછી કહેશે. ) નક્ષત્રનું અર્ધપલ્યોપમનું ને તારાનું પલ્યોપમના ચોથા ભાગનું જાણવું. ચંદ્ર, સૂર્ય ને ગ્રહની દેવીનું ઉત્કૃષ્ટાયુ અર્ધપલ્યોપમનું, નક્ષત્રની દેવીનું સાધિક પલ્યોપમના ચોથા ભાગનું ને તારાની દેવીનું સાધિક પલ્યોપમના આઠમા ભાગનું જાણવું.

આ પ્રમાણે જ્યોતિષ્ક દેવ-દેવીનું ઉત્કૃષ્ટાયુ કહ્યું, હવે જઘન્ય કહે છેઃ-દેવ દેવીરૂપ પ્રથમના ચાર યુગલનું અર્થાત્ ચંદ્ર દેવ-દેવીનું, સૂર્ય દેવ-દેવીનું, ગ્રહ દેવ-દેવીનું અને નક્ષત્ર દેવ-દેવીનું પ્રત્યેકનું જઘન્યાયુ પલ્યોપમના ચોથા ભાગનું અને બે-તારાના દેવ ને દેવીરૂપ જ્યોતિષ્ક સંઘાતનું જઘન્ય આયુ પલ્યોપમના આઠમા ભાગનું જાણવું. હવે ચંદ્ર-સૂર્યના દેવદેવીના ઉત્કૃષ્ટ આયુમાં કહેવાનું બાકી છે તે એ છે કે-ચંદ્ર દેવોનું ઉત્કૃષ્ટ આયુ પ્રથમ પલ્યોપમનું કહ્યું છે તે ઉપર એક લાખ વર્ષનું જાણવું. સૂર્ય દેવોનું પલ્યોપમ ઉપરાંત હજાર વર્ષનું જાણવું અને ચંદ્રની દેવીનું અર્ધપલ્યોપમ કહેલ છે તેમાં ૫૦૦૦૦ વર્ષ સાધિક ને સૂર્યની દેવીનું અર્ધપલ્યોપમનું કહ્યું છે તેમાં પાંચ સો વર્ષ સાધિક સમજવા.૧૧.

( અહીં તથા चोक्तं કહીને માગધી પાઠ લખ્યો છે તે અક્ષરશઃ ઉપર જણાવેલા ભાવને જ કહેનાર હોવાથી તે મૂળ કે તેનો અર્થ અહીં લખેલ નથી. )

### હવે ભવનવાસી ને વ્યંતરનિકાયના દેવ-દેવીના આયુસંબંધી યંત્ર. (૧)

| દક્ષિણ દિશાએ | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ | ઉત્તર દિશાએ | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ |
|---|---|---|---|---|---|
| ૧ અસુરકુમાર દેવોનું | ૧૦૦૦૦વર્ષ | એક સાગરોપમ | ૧ અસુરકુમાર દેવોનું | ૧૦૦૦૦વર્ષ | સાધિકસાગરો૦ |
| ૨ અસુરકુમાર દેવીનું | ,, | ૩।। પલ્યોપમ | ૨ અસુરકુમાર દેવીનું | ,, | ૪।। પલ્યોપમ |
| ૩ નાગકુમારાદિ નવનિકાયના દેવોનું | ,, | ૧।। પલ્યોપમ | ૩ નવનિકાયના દેવોનું | ,, | દેશોન બે પલ્ય |
| ૪ નવનિકાયની દેવીનું | ,, | અર્ધપલ્યોપમ | ૪ નવનિકાયની દેવીનું | ,, | દેશોન એક પલ્ય |
| ૫ વ્યંતર દેવોનું (દક્ષિણ ઉત્તર બંને) | ,, | એકપલ્યોપમ | ૫ વ્યંતર દેવીનું દક્ષિણ ઉત્તર બંને | ,, | અર્ધપલ્યોપમ |

## જ્યોતિષ્ક દેવ-દેવીના જઘન્યોત્કૃષ્ટ આયુ-સંબંધી યંત્ર. (૨)

| જ્યોતિષ્ક દેવ | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ | જ્યોતિષ્ક દેવી | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ |
|---|---|---|---|---|---|
| ૧ સર્વચંદ્રોનું+ | પલ્યચતુર્થાંશ | ૧ પલ્ય૧લાખ વર્ષ | ૧ ચંદ્રની દેવીનું | પલ્યચતુર્થાંશ | અર્ધપલ્ય ૫૦૦૦૦ વર્ષ |
| ૨ સર્વસૂર્યોનું+ | ,, | ૧ પલ્ય ૧ હ૦ વર્ષ | ૨ સૂર્યની દેવીનું | ,, | અર્ધપલ્ય ૫૦૦ વર્ષ |
| ૩ સર્વગ્રહ દેવોનું | ,, | ૧ પલ્યોપમ | ૩ ગ્રહની દેવીનું | ,, | અર્ધપલ્ય |
| ૪ સર્વનક્ષત્રદેવોનું | ,, | અર્ધપલ્યોપમ | ૪ નક્ષત્રની દેવીનું | ,, | પલ્ય ૧/૪ સાધિક |
| ૫ સર્વતારક દેવોનું | પલ્યઅષ્ટમાંશ | ૧/૪ પલ્યોપમ | ૫ તારાની દેવીનું | પલ્યઅષ્ટમાંશ | પલ્ય ૧/૮ સાધિક |

+આમાં જઘન્યાયુ સૂર્યચંદ્ર વિમાનગત દેવો માટે સમજવું. સૂર્યચંદ્રનું આયુ તો ઉત્કૃષ્ટ જ હોય છે.

ઉપર પ્રમાણે જ્યોતિષ્કની ઉત્કૃષ્ટ ને જઘન્ય સ્થિતિ કહી, હવે વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે:—

**दो साहि सत्त साहिय, दस चउदस सत्तरेव अयराइं ।**
**सोहम्मा जा सुक्को, तदुवरि इक्किक्कमारोवे ॥ १२ ॥**

**અર્થ**—સૌધર્મ દેવલોકથી માંડીને મહાશુક્ર દેવલોક સુધી આ ક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. શા પ્રમાણે તે કહે છે–સૌધર્મ દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની જાણવી. ( અહીં અયર–અતર શબ્દ વાપર્યો છે તે તરવાને અશક્ય અથવા પ્રભૂતકાળે તરી શકાય તેથી અતર એટલે સાગર તેની ઉપમા-વાળું તે સાગરોપમ સમજવું. ) બીજા ઈશાન દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમથી કાંઇક અધિક જાણવી. સનત્કુમાર ત્રીજા દેવલોકમાં સાત સાગરોપમની અને ચોથા માહેંદ્ર દેવલોકમાં સાત સાગરોપમ ઝઝેરી સમજવી. પાંચમા બ્રહ્મ દેવલોકે દશ સાગરોપમની, છઠ્ઠા લાંતક દેવલોકે ચૌદ સાગરોપમની અને સાતમા મહાશુક્ર દેવલોકે સત્તર સાગરોપમની સમજવી. ત્યારપછી દરેક દેવલોકે અને દરેક ગ્રૈવેયકે એકેક સાગરોપમની પૂર્વપૂર્વ કરતાં ઉત્કૃષ્ટ આયુષ્યમાં વૃદ્ધિ કરવી. તે આ પ્રમાણે–આઠમા સહસ્રાર દેવલોકે ૧૮ સાગરોપમની, નવમા આનત દેવલોકે ૧૯ સાગરોપમની, દશમા પ્રાણત દેવલોકે ૨૦ સાગરોપમની, અગ્યારમા આરણ દેવલોકે ૨૧ સાગરોપમની અને બારમા અચ્યુત દેવલોકે ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી.

પહેલા અધસ્તન અધસ્તન ગ્રૈવેયકે ૨૩ સાગરોપમની, બીજા અધસ્તન મધ્યમ ગ્રૈવેયકે ૨૪ સાગરોપમની, ત્રીજા અધસ્તન ઉપરિતન ગ્રૈવેયકે ૨૫ સાગરોપમની, ચોથા મધ્યમ અધસ્તન ગ્રૈવેયકે ૨૬ સાગરોપમની, પાંચમા મધ્યમ મધ્યમ ગ્રૈવેયકે ૨૭ સાગરોપમની, છઠ્ઠા મધ્યમ ઉપરિતન ગ્રૈવેયકે ૨૮ સાગરોપમની, સાતમા ઉપરિતન અધસ્તન ગ્રૈવેયકે ૨૯ સાગરોપમની, આઠમા ઉપરિતન મધ્યમ ગ્રૈવેયકે ૩૦ સાગરોપમની અને નવમા ઉપરિતન ઉપરિતન ગ્રૈવેયકે ૩૧ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી.

વિજય, વૈજયંત, જયંત ને અપરાજિત એ ચાર અનુત્તર વિમાને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની અને સર્વાર્થસિદ્ધ નામના પાંચમા મહાવિમાને અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ જાણવી. ૧૨.

આ બાબત કહ્યું છે કેઃ—

**एस ठिई उक्कोसा, तित्तीसं जाव हुंति सव्वट्ठे ।**

" આ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિ યાવત્ સર્વાર્થે ૩૩ સાગરોપમની જાણવી. "

**ટીકાર્થ**—એ અનંતરોક્ત બે સાગરોપમ વિગેરે સ્થિતિ ઉત્કૃષ્ટી જાણવી. તેમાં કહેલ ત્યારપછી એકેક સાગરોપમ વધારવું, એ વચનનો સર્વાર્થસિદ્ધ સુધી ઉપયોગ કરવો; કારણ કે **च** શબ્દ અનુક્ત સમુચ્ચયાર્થે વાપરેલો હોવાથી વિજયાદિક વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિ થાય છે. અહીં કોઇ પ્રશ્ન કરે છે કે–' ઉપર કહ્યા પ્રમાણે એકેક સાગરોપમની વૃદ્ધિ કરતાં તો વિજયાદિ વિમાનમાં ૩૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે, ૩૩ ની થતી નથી. ' તેને ઉત્તર આપે છે કે–અહીં એ પ્રમાણે સમજવાનું નથી; કારણ કે શ્રી પ્રજ્ઞાપના વિગેરેમાં વિજયાદિ વિમાનની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની કહી છે. તે આ પ્રમાણે–' વિજય, વૈજયંત, જયંત ને અપરાજિત વિમાનના દેવોની સ્થિતિ કેટલી કહી છે ? હે ગૌતમ ! જઘન્ય ૩૧ સાગરોપમની ને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની કહી છે.' આ જ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના પ્રામાણ્યના બળથી જ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ આ ગાથાના પૂર્વાર્ધમાં કહી છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં આ પ્રમાણે કહ્યું છે કે–' સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવોની કેટલી સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ કહી છે. ' આ પ્રમાણે વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી, હવે જઘન્ય કહે છેઃ—

**इत्तो य जहन्नठिई, वुच्छामि अहाणुपुव्वीए ॥ १३ ॥**

**અર્થ**—હવે આગળ વૈમાનિક દેવોની જઘન્યસ્થિતિ અનુપૂર્વીએ એટલે સૌધર્મ દેવલોકાદિની પરિપાટીએ કહું છું. ૧૩.

પ્રતિજ્ઞાતનો નિર્વાહ કરે છે:—

**पलियं अहियं दो सार, साहियं सत्तदस य चउदस य ।**
**सत्तरस सहस्सारे, तदुवरि इक्किक्कमारोवे ॥ १४ ॥**

**અર્થ**—સૌધર્મ દેવલોકમાં જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની, ઇશાન દેવલોકમાં એક પલ્યોપમ ઝાઝેરી, સનત્કુમારે બે સાગરોપમની, માહેંદ્રે બે સાગરોપમ ઝાઝેરી, બ્રહ્મ દેવલોકે સાત સાગરોપમની, લાંતકે દશ સાગરોપમની, મહાશુક્રે ચૌદ સાગરોપમની, સહસ્રારે સત્તર સાગરોપમની, ત્યારપછી પ્રતિકલ્પે, પ્રતિગ્રૈવેયકે અને વિજયાદિ ચતુષ્કે એકેક સાગરોપમ વધતી જઘન્ય સ્થિતિ જાણવી. તે આ પ્રમાણે—આનત દેવલોકે ૧૮ સાગરોપમની, પ્રાણતે ૧૯ સાગરોપમની, આરણે ૨૦ સાગરોપમની, અચ્યુતે ૨૧ સાગરોપમની, પહેલા ગ્રૈવેયકે ૨૨ની, બીજા ગ્રૈવેયકે ૨૩ની, ત્રીજા ગ્રૈવેયકે ૨૪ની, ચોથા ગ્રૈવેયકે ૨૫ની, પાંચમા ગ્રૈવેયકે ૨૬ની, છઠ્ઠા ગ્રૈવેયકે ૨૭ની, સાતમા ગ્રૈવેયકે ૨૮ની, આઠમા ગ્રૈવેયકે ૨૯ની, નવમા ગ્રૈવેયકે ૩૦ની, અને પ્રથમના ચાર અનુત્તર વિમાને ૩૧ સાગરોપમની જઘન્ય સ્થિતિ જાણવી. ૧૪.

અનુત્તર વિમાનને વિષે જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ કહેનારી અન્યકર્તૃક બે ગાથાઓ છે તે આ પ્રમાણે:—

**तित्तीससागराइं, उक्कोसेणं ठिई भवे चउसु ।**
**विजयाइसु विन्नेया, जहन्नयं एगतीसं तु ॥ १५ ॥**

**तित्तीससागराइं, सव्वट्ठविमाणआउयं जाण ।**
**अजहन्नमणुक्कोसा, ठिई एसा वियाहिया ॥ १६ ॥**

આ બંને ગાથાનો અર્થ સ્પષ્ટ છે-ઉપર આવી ગયેલ છે.

## સૌધર્માદિ દેવલોકના દેવોની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર. ( ૩ )

| દેવલોક | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ | ગ્રૈવેયક | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ |
|---|---|---|---|---|---|
| ૧ સૌધર્મે | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ | ૧ સુદર્શને | ૨૨સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ૨ ઇશાને | ૧ પલ્યો૦ સા૦ | ૨ સાગ૦ સા૦ | ૨ સુપ્રતિબદ્ધે | ૨૩ સાગરો૦ | ૨૪ સાગરો૦ |
| ૩ સનત્કુમારે | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ | ૩ મનોરમે | ૨૪ સાગરો૦ | ૨૫ સાગરો૦ |
| ૪ માહેંદ્રે | ૨ સાગ૦ સા૦ | ૭ સાગ૦ સા૦ | ૪ સર્વતોભદ્રે | ૨૫ સાગરો૦ | ૨૬ સાગરો૦ |
| ૫ બ્રહ્મે | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ | ૫ વિશાળે | ૨૬ સાગરો૦ | ૨૭ સાગરો૦ |
| ૬ લાંતકે | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ | ૬ સુમનસે | ૨૭ સાગરો૦ | ૨૮ સાગરો૦ |
| ૭ મહાશુક્રે | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ | ૭ સૌમનસ્યે | ૨૮ સાગરો૦ | ૨૯ સાગરો૦ |
| ૮ સહસ્રારે | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ | ૮ પ્રીતિકરે | ૨૯ સાગરો૦ | ૩૦ સાગરો૦ |
| ૯ આનતે | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ | ૯ આદિત્યે | ૩૦ સાગરો૦ | ૩૧ સાગરો૦ |
| ૧૦ પ્રાણતે | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ | ૧ વિ૦ ૨ વૈ૦ | | |
| ૧૧ આરણે | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ | ૩ જ૦ ને ૪ અ૦ | ૩૧ સાગરો૦ | ૩૩ સાગરો૦ |
| ૧૨ અચ્યુતે | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ | ૫ સર્વાર્થસિદ્ધે | ૩૩ સાગરો૦ | ૩૩ સાગરો૦ |

હવે વૈમાનિકની દેવીઓની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ કહે છેઃ—

**सपरिग्गहेयराणं, सोहम्मीसाण पलिय साहीयं ।**
**उक्कोस सत्त पन्ना, नव पणपन्ना य देवीणं ॥ १७ ॥**

**અર્થ**—અહીં વૈમાનિકમાં દેવીની ઉત્પત્તિ સૌધર્મ ને ઇશાન બે દેવલોકમાં જ છે. તે દેવી બે પ્રકારની છે. ૧ પરિગૃહીતા, ૨ અપરિગૃહીતા. પરિગૃહીતા કુળભાર્યા જેવી છે અને અપરિગૃહીતા ગણિકા જેવી છે. તે પરિગૃહીતા ને અપરિગૃહીતા દેવીનું જઘન્યાયુ સૌધર્મ દેવલોકમાં એક પલ્યોપમનું છે અને ઈશાન દેવલોકમાં તે બંનેનું એક પલ્યોપમ ઝાઝેરું છે. સૌધર્મ દેવલોકમાં પરિગૃહીતાનું ઉત્કૃષ્ટ આયુ સાત પલ્યોપમનું છે અને અપરિગૃહીતાનું પચાસ પલ્યોપમનું છે. ઇશાન દેવલોકમાં પરિગૃહીતાનું ઉત્કૃષ્ટ આયુ નવ પલ્યોપમનું છે અને અપરિગૃહીતાનું ૫૫ પલ્યોપમનું છે. ૧૭.

## સૌધર્મ ને ઇશાન દેવલોકમાં દેવીના જઘન્ય ને ઉત્કૃષ્ટ આયુ સંબંધી યંત્ર. (૪)

| દેવલોક | દેવીની જાતિ | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ |
|---|---|---|---|
| ૧ સૌધર્મ દેવલોકે | પરિગૃહીતાનું | એક પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| ૨ સૌધર્મ દેવલોકે | અપરિગૃહીતાનું | એક પલ્યોપમ | ૫૦ પલ્યોપમ |
| ૩ ઇશાન દેવલોકે | પરિગૃહીતાનું | એક પલ્યોપમ સાધિક | ૯ પલ્યોપમ |
| ૪ ઇશાન દેવલોકે | અપરિગૃહીતાનું | એક પલ્યોપમ સાધિક | ૫૫ પલ્યોપમ |

ઉપર પ્રમાણે સૌધર્માદિ દેવલોકમાં વૈમાનિક દેવોની જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ કહી. હવે દરેક પ્રસ્તટે ( પ્રતરે ) તે પ્રમાણેની સ્થિતિ કહેવાને ઇચ્છતા પ્રથમ સૌધર્માદિ દેવલોકમાં પ્રસ્તટ કેટલા કેટલા છે ? તેની સંખ્યા કહે છે:—

**दुसु तेरस दुसु बारस, छ प्पण चउ चउ दुगे दुगे य चऊ।**
**गेविज्जाइसु दसगं, बावट्ठि उड्ढलोगंमि ॥ १८ ॥**

**અર્થ**—બેમાં તેર તેર, બેમાં બાર બાર, છ, પાંચ, ચાર, ચાર, બબેમાં ચાર, ચાર, ગ્રૈવેયકાદિમાં દશ (નવ ગ્રૈવેયકના નવ–અનુત્તર વિમાનનો ૧) કુલ ૬૨ પ્રતરો ઊર્ધ્વલોકમાં છે. “ ( ૧૩–૧૨–૬–૫–૪–૪–૪–૪–૯–૧=૬૨. )

**ટીકાર્થ**—સમભૂમિવાળા વલયાકારે રહેલા પહેલા ને બીજા દેવલોકના તેર પ્રતરો છે. પ્રસ્તટ એટલે મકાનના માળની જેમ સમાન ભૂમિવાળા વિમાનોની શ્રેણી જેમાં હોય તે. અહીં જો કે સૌધર્મ ને ઈશાન બંને દેવલોકમાં પ્રત્યેકે ૧૩–૧૩ પ્રતરો છે, તથાપિ સૌધર્મ ને ઇશાન દેવલોક–બે મળીને એક વલયાકારપણે રહેલા હોવાથી તે બંનેના ભેળા ૧૩ પ્રતરો કહેલા છે. એજ પ્રમાણે આગળ પણ જ્યાં જ્યાં બે દેવલોક મળીને એક વલયાકાર થયેલા હોય ત્યાં ત્યાં બંનેની ભેળી એક સંખ્યા સમજવી.

સનત્કુમાર ને માહેન્દ્ર પ્રાયે સમાન ભૂમિવાળા બે મળીને એક વલયાકારપણે રહેલા બે દેવલોકમાં બાર પ્રતર જાણવા. બ્રહ્મદેવલોકે છ, લાંતકે પાંચ, મહાશુક્રે ચાર, સહસ્રારે ચાર, આનત ને પ્રાણત પ્રાયે સમાન ભૂમિવાળા બે મળીને એક વલયાકારે રહેલા બે દેવલોકમાં ચાર તથા આરણ ને અચ્યુત પ્રાયે સમભૂમિકાવાળા બે મળીને એક વલયાકારે રહેલા બે દેવલોકમાં ચાર, નવ ગ્રૈવેયકમાં

નવ અને પાંચ અનુત્તરમાં એક પ્રસ્તટ–એ રીતે સર્વ સંખ્યાએ ઊર્ધ્વલોકમાં ૬૨ પ્રસ્તટો છે. ૧૮.

હવે દરેક પ્રસ્તટે આયુ વિશેષ જણાવવા માટે પ્રથમ સૌધર્મકલ્પ સંબંધી કરણ કહે છે:—

**सोहम्मुक्कोसठिई, सगपयरविहत्त इत्थ संगुणिया ।**
**पयरुक्कोस ठिईओ, जहन्न पलिओवमं पढमे ॥ १९ ॥**

**અર્થ**—સૌધર્મ દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રથમ બે સાગરોપમની કહી છે. તે સ્થિતિને પોતાના પ્રતરોની સંખ્યાવડે ભાંગીએ. એ પ્રમાણે ભાંગતાં જે આવે તેને ઇચ્છિત પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા માટે પ્રસ્તટની સંખ્યા એક, બે, ત્રણવડે ગુણીએ. એ પ્રમાણે ગુણતાં ઇચ્છિત પ્રસ્તટમાં યથાવસ્થિત ઉત્કૃષ્ટ સ્થિતિ આવશે. આ સૌધર્મ દેવલોકના દરેક પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા માટેનું કરણ સમજવું. હવે જઘન્ય સ્થિતિ જાણવાનો ઉપાય કહે છે–આ પ્રમાણે કરવાથી પહેલા પ્રસ્તટે જઘન્યસ્થિતિ કેટલી તે જાણી ન શકાય તેથી તેને સાક્ષાત્ શબ્દોમાં કહે છે કે–સૌધર્મ કલ્પે પ્રથમ પ્રસ્તટે જઘન્યસ્થિતિ એક પલ્યોપમની જાણવી.

હવે ઉપર જણાવેલા કરણ પ્રમાણે ગણતાં સૌધર્મકલ્પમાં પ્રાપ્ત થતી દરેક પ્રસ્તટની ઉત્કૃષ્ટ સ્થિતિ સાક્ષાત્ બે ગાથાવડે કહે છે:—

**पलिओवमं जहन्ना, दो तेरसभागा उदहिनामस्स ।**
**उक्कोसठिई भणिया, सोहम्मे पत्थडे पढमे ॥ २० ॥**

**एवं दुग वुड्ढीए, नेयव्वं जाव अंतिमं पयरं ॥**
**भागेहिं तओ करणं, जा तेरसमे दुवे अयरा ॥ २१ ॥**

**શબ્દાર્થ**—સૌધર્મકલ્પના પહેલા પ્રસ્તટે જઘન્યસ્થિતિ એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમના તેરીઆ બે ભાગ સમજવી. પછી દરેક પ્રસ્તટે બે બે ભાગની વૃદ્ધિ કરવી. યાવત્ છેલ્લા પ્રતરે કરણ અનુસાર બે બે ભાગની વૃદ્ધિ કરવાથી બે સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થશે.

**ટીકાર્થ**–સૌધર્મ દેવલોકના પહેલા પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટસ્થિતિ સાગરોપમના તેરીઆ બે ભાગ પ્રમાણ જાણવી. તે આ પ્રમાણે–

સૌધર્મ દેવલોકમાં ઉત્કૃષ્ટ બે સાગરોપમની સ્થિતિ છે. તેથી બેનો આંકડો મૂકીને સૌધર્મકલ્પમાં તેર પ્રસ્તટ છે તેથી બેને તેરે ભાંગીએ. ભાગ ન ચાલવાથી એક સાગરોપમના બે તેરીઆ ભાગ આવે. પહેલે પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા માટે તેને એકે ગુણીએ, એકે ગુણતાં તે જ આવે તેથી પહેલે પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ $\frac{૨}{૧૩}$ સાગરોપમની સમજવી. બીજે પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા માટે બેને બેએ ગુણીએ એટલે ૪ આવે એટલે બીજે પ્રસ્તટે $\frac{૪}{૧૩}$ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. ત્રીજે પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા માટે બેને ત્રણવડે ગુણીએ એટલે $\frac{૬}{૧૩}$ આવે તેટલી ત્રીજે પ્રસ્તટે સ્થિતિ જાણવી. એ પ્રમાણે દરેક પ્રસ્તટે બે બે ભાગ વધારતા જવા. એ પ્રમાણે કરતાં સાતમે પ્રસ્તટે બેને સાતવડે ગુણતાં ૧૪ ભાગ આવે. તેને સાગરોપમ લાવવા માટે તેરવડે ભાંગતા એક સાગરોપમ આવે ને $\frac{૧}{૧૩}$ ભાગ વધે તેટલી ૧$\frac{૧}{૧૩}$ સાતમે પ્રસ્તટે સ્થિતિ જાણવી. ત્યારપછી દરેક પ્રસ્તટે બે બે ભાગ વધારતાં ત્યાંસુધી જવું કે છેલ્લા તેરમા પ્રસ્તટે શુભકાન્ત, શુભવર્ણ, શુભગન્ધ, શુભલેશ્ય, શુભસ્પર્શ અને સૌધર્માવતંસક વિગેરે વિમાનમાં બે સાગરોપમ પૂર્ણ સ્થિતિ આવે. બેને તેરે ગુણતાં છવીશ ભાગ આવે, તેને સાગરોપમ લાવવા માટે તેરવડે ભાંગતાં બે સાગરોપમ આવે એમ સમજવું. ૨૦–૨૧.

## સૌધર્મ 'ને' ઇશાન બંને દેવલોકના ૧૩ પ્રતરે ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર. (૫)

| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાગરોપમ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ |
| ભાગ | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૦ |
| છેદ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ |

જઘન્યસ્થિતિ બધે પ્રસ્તટે એક પલ્યોપમની જ જાણવી. પરંતુ પહેલા પ્રસ્તટની ઉત્કૃષ્ટ તે બીજા પ્રસ્તટની જઘન્ય એમ ઉત્તરોત્તર સમજવું નહી. કારણ કે એવા પ્રકારનો વિશેષ સૂત્રમાં કહ્યો નથી. ( બીજા દેવલોકને માટે દરેક સ્થિતિમાં સાધિક શબ્દ ઉમેરવો. )

સર્વે દેવલોકના ઇંદ્રના અને તેના લોકપાળના વિમાનો પોતપોતાના કલ્પના છેલ્લા પ્રતરે હોય છે. કહ્યું છે કે–' કલ્પના છેલ્લા પ્રતરે પોતાના કલ્પાવતંસક વિમાનમાં ઇંદ્રનો નિવાસ છે અને તેની ચાર દિશાએ તેના ચાર લોકપાળોનો નિવાસ છે.' તેથી સૌધર્મકલ્પમાં લોકપાળના વિમાનો તેરમા પ્રતરે છે અને પોતપોતાના વિમાનના અધિપતિ એવા તે લોકપાળોની સ્થિતિ ( આયુ ) ત્રીજા ભાગે અધિક એક પલ્યોપમ વિગેરેની છે. તે આ પ્રમાણે–પૂર્વ ને દક્ષિણદિશાના

સ્વામી અનુક્રમે **સોમ ને યમ** નામના લોકપાળની સ્થિતિ ત્રીજા ભાગે અધિક પલ્યોપમની છે, પશ્ચિમદિશાના લોકપાળ **વરૂણની** દેશોન બે પલ્યોપમની છે અને ઉત્તરદિશાના લોકપાળ **વૈશ્રમણની** પૂરા બે પલ્યોપમની છે. આ એમની સ્થિતિનું પરિમાણ પાંચમા અંગના ત્રીજા શતકના આઠમા ઉદ્દેશામાં કહેલું છે. આ પ્રમાણે હોવાથી જો પૂર્વપૂર્વ પ્રસ્તટની ઉત્કૃષ્ટી તે ઉત્તરોત્તર પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ હોય તો તેરમા પ્રતરે જઘન્યસ્થિતિ એક સાગરોપમને બીજા સાગરોપમના તેરીઆ ૧૧ ભાગની હોવી જોઇએ પરંતુ તેમ નથી, તેથી જ તેરમે પ્રસ્તટે વર્તતા લોકપાળોની સ્થિતિ ત્રીજા ભાગે અધિક પલ્યોપમ વિગેરેની સિદ્ધાંતમાં કહી છે તેની સાથે વિરોધ આવતો નથી. આથી નિર્ણય થયો કે–સર્વત્ર બધે પ્રસ્તટે જઘન્યસ્થિતિ એક પલ્યોપમની છે. લોકપાળોની મધ્યમ-સ્થિતિ છે, એટલે તેમાં વિરોધ નથી.

આ પ્રમાણે ઈશાન કલ્પમાં પણ સમજવું. પરંતુ ત્યાં તેરે પ્રતરમાં જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિમાં કિંચિત્ અધિકપણું સમજવું. ૨૦–૨૧.

હવે બે પછીના કલ્પોમાં દરેક પ્રસ્તટે સ્થિતિ જાણવાનું કરણ કહે છે:—

**सुरकप्पठिईविसेसो, सगपयरविहत्त इत्थ संगुणिओ ।**
**हिट्ठिल्लठिईसहिओ, इच्छियपयरम्मि उक्कोसा ॥ २२ ॥**

***ટીકાર્થ***—સુરકલ્પ એટલે વૈમાનિક દેવના કલ્પની પૂર્વની ને ઉત્તરની જે સ્થિતિ કહી છે તેનો વિશ્લેષ કરવો એટલે પૂર્વકલ્પ સંબંધી જે ઉત્કૃષ્ટસ્થિતિ કહેલ છે તેને ઉત્તરકલ્પ સંબંધી ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી બાદ કરવી. એ બાદ કરવાથી–વિશ્લેષ કરવાથી જે અંક આવે તેને સુરકલ્પસ્થિતિવિશ્લેષ કહીએ. તેને પોતાના કલ્પના પ્રતરવડે ભાંગીએ. ભાંગતાં જે આવે તેને જે સંખ્યાવાળા પ્રત-રની ઉત્કૃષ્ટસ્થિતિ જાણવાની ઇચ્છા હોય તેટલી સંખ્યાવડે ગુણીએ. ગુણતાં જે આવે તેને નીચલાની સ્થિતિ એટલે નીચેના દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ સહિત કરીએ તેટલી ઇચ્છિત પ્રતરે ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. ૨૨.

એ પ્રમાણે કરણ કહ્યું હવે એ પ્રમાણે કરણ કરવાથી જે આવે તે કહેવાને ઇચ્છતા સતા પ્રથમ સનત્કુમાર દેવલોક સંબંધી કહે છે—

**दो अयरा य जहन्ना, पढमे पयरे सणंकुमारस्स ।**
**दो अयरा उक्कोसा, बारस भागा य पंचन्ने ॥ २३ ॥**

**पंचुत्तरिया वुड्डी, नेयव्वा जाव अंतिमं पयरं ।**
**तो बारसम्मि पयरे, संपुन्ना सायरा सत्त ॥ २४ ॥**

**શબ્દાર્થ**—ત્રીજા સનત્કુમાર દેવલોકના પ્રથમ પ્રતરે બે સાગરોપમની જઘન્યસ્થિતિ જાણવી અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ અને બારીઆ પાંચ ભાગની $\frac{૫}{૧૨}$ ની સમજવી. એ પ્રમાણે દરેક પ્રતરે પાંચ પાંચની વૃદ્ધિ છેલ્લા પ્રતર સુધી કરવી, જેથી બારમે પ્રતરે સંપૂર્ણ સાત સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ થશે.

**ટીકાર્થ**:—સનત્કુમાર દેવલોકના પ્રથમ પ્રતરે જઘન્ય સ્થિતિ બે સાગરોપમની જાણવી. કહ્યું છે કેઃ-પૂર્વના કલ્પમાં જે ઉત્કૃષ્ટસ્થિતિ તે ઉત્તરકલ્પમાં જઘન્યસ્થિતિ જાણવી. સૌધર્મકલ્પના ૧૩મા પ્રતરે ઉત્કૃષ્ટસ્થિતિ બે સાગરોપમની છે તેથી આ સનત્કુમાર સંબંધી પહેલા પ્રસ્તટે બે સાગરોપમની જઘન્યસ્થિતિ જાણવી. ઉત્કૃષ્ટ સ્થિતિ સનત્કુમારના પ્રથમ પ્રસ્તટે બે સાગરોપમ અને ત્રીજા સાગરોપમના બારીઆ પાંચ ભાગની જાણવી તે આવી રીતે-સૌધર્મકલ્પમાં ઉત્કૃષ્ટસ્થિતિ બે સાગરોપમની છે અને સનત્કુમારે સાત સાગરોપમની છે એટલે સાતમાંથી બે બાદ કરીએ ત્યારે પાંચ સાગરોપમ રહે. ત્રીજા સનત્કુમાર દેવલોકે બાર પ્રસ્તટ છે એટલે પાંચને બારવડે ભાંગીએ. ભાગ ન ચાલવાથી બારીઆ પાંચ ભાગ લબ્ધ થયા. તેને એકે ગુણીએ, એકે ગુણતાં તે જ $\frac{૫}{૧૨}$ આવે. તેને નીચેના સૌધર્મદેવલોકની ઉત્કૃષ્ટ બે સાગરોપમની સ્થિતિ છે, તે સહિત કરીએ એટલે સનત્કુમારના પહેલા પ્રસ્તટે ઉત્કૃષ્ટસ્થિતિ બે સાગરોપમ ને $\frac{૫}{૧૨}$ સાગરોપમની જાણવી. બીજા પ્રસ્તટે જાણવાની ઈચ્છા થાય તો પાંચને બે વડે ગુણીએ એટલે ૧૦ આવે તેને પૂર્વ સ્થિતિ સહિત કરીએ એટલે ૨$\frac{૧૦}{૧૨}$ સાગરોપમની બીજે પ્રસ્તટે ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. ત્રીજા પ્રસ્તટે જાણવાની ઈચ્છા થાય તો પાંચને ત્રણે ગુણીએ એટલે ૧૫ ભાગ આવે તેને સાગરોપમ કરવા માટે ૧૨ વડે ભાંગીએ એટલે ૧ સાગરોપમ આવ્યું ને ત્રણ ભાગ વધ્યા. તેને પાછલી સ્થિતિના બે સાગરોપમ સહિત કરતાં ત્રીજે પ્રસ્તટે ત્રણ સાગરોપમ ને બારીઆ ત્રણ ભાગની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. આ પ્રમાણે બીજા પ્રસ્તટોમાં પણ ભાવના કરવી તે આવી રીતે-ચોથે પ્રસ્તટે ત્રણ સાગરોપમ ને આઠ બારીયા ભાગ, પાંચમે પ્રસ્તટે ચાર સાગરોપમ ને એક બારીઓ ભાગ, છઠ્ઠે પ્રસ્તટે ચાર સાગરોપમ ને છ બારીઆ ભાગ, સાતમે પ્રસ્તટે ચાર સાગરોપમ ને ૧૧ બારીઆ ભાગ, આઠમે પ્રસ્તટે પાંચ સાગરોપમ ને ચાર બારીયા ભાગ, નવમે પ્રસ્તટે પાંચ સાગરોપમ ને નવ બારીઆ ભાગ, દશમે પ્રસ્તટે છ સાગરોપમ ને બે બારીઆ ભાગ, અગ્યા-

રમે પ્રસ્તટે છ સાગરોપમ ને સાત બારીઆ ભાગ, બારમે પ્રસ્તટે સાત સાગરોપમ પૂરા ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. તે સમ, સમપ્રભ, પ્રભાસ, ભાસ્વર, વિમળ, કાંચનકુટ અને સનત્કુમારાવતંસકાદિ વિમાનોમાં રહેલા દેવોની જાણવી. આ પ્રમાણે અન્ય સિદ્ધાંતોમાં પણ કહેલ છે. ( અહીં ઉપરની મતલબનો જ પાઠ છે. ) જઘન્ય સ્થિતિ બધા પ્રસ્તટે બે સાગરોપમની જાણવી.

માહેન્દ્ર દેવલોકે બારે પ્રસ્તટે જઘન્ય ને ઉત્કૃષ્ટસ્થિતિ ઉપર પ્રમાણે જ જાણવી. પણ તે બધે સ્થાનકે સમધિકપણું કહેવું. ૨૩–૨૪.

## સનત્કુમાર ને માહેંદ્ર દેવલોકે ઉત્કૃષ્ટઆયુ સંબંધી યંત્ર. ( ૬ )

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| સાગરોપમ | ૨ | ૨ | ૩ | ૩ | ૪ | ૪ | ૪ | ૫ | ૫ | ૬ | ૬ | ૭ |
| ભાગ | ૫ | ૧૦ | ૩ | ૮ | ૧ | ૬ | ૧૧ | ૪ | ૯ | ૨ | ૭ | ૦ |
| છેદ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |

હવે બ્રહ્મદેવલોકે કરણવશથી પ્રાપ્ત થયેલી પ્રત્યેક પ્રસ્તટની સ્થિતિ કહે છે—

**सत्तयराइँ जहन्ना, पढमे पयरम्मि बंभलोयस्स ।**
**उक्कोसा सत्तयरा, तिन्नि य छब्भाग निद्दिट्ठा ॥ २५ ॥**

**एवं तिगवुड्ढीए, बीयाओ आरभित्तु भागेहिं ।**
**करणं ता नेयव्वं, दस अयरा जाव छट्ठम्मि ॥ २६ ॥**

**શબ્દાર્થ**—બ્રહ્મદેવલોકના પ્રથમ પ્રતરે સાત સાગરોપમ જઘન્યસ્થિતિ જાણવી અને ઉત્કૃષ્ટસ્થિતિ સાત સાગરોપમ ને ત્રણ ષષ્ઠાંશ ભાગની જાણવી. એ પ્રમાણે દરેક પ્રતરે ષષ્ઠાંશી ત્રણ ભાગની વૃદ્ધિ બીજા પ્રતરથી કરતા જવી, જેથી છેલ્લા છઠ્ઠા પ્રતરે દશ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રાપ્ત થાય.

**ટીકાર્થ**—બ્રહ્મલોક નામના કલ્પમાં પહેલે પ્રસ્તટે જઘન્યસ્થિતિ સાત સાગરોપમની જાણવી. જે પૂર્વના દેવલોકમાં ઉત્કૃષ્ટી તે પછીના દેવલોકમાં જઘન્યસ્થિતિ જાણવી એમ કહેલું છે. પહેલે પ્રસ્તટે ઉત્કૃષ્ટી સાત સાગરોપમ ને $\frac{3}{6}$ સાગરોપમની સ્થિતિ જાણવી. તે આ પ્રમાણે–સનતકુમાર દેવલોકમાં ઉત્કૃષ્ટીસ્થિતિ સાત સાગરોપમની છે, બ્રહ્મદેવલોકમાં દશની છે, તેથી દશમાંથી સાત બાદ કરતાં ત્રણ

સાગરોપમ આવે. બ્રહ્મ કલ્પમાં છ પ્રસ્તટ છે. તેથી છ વડે ત્રણને ભાંગતાં ભાગ ન ચાલે એટલે ષષ્ઠાંશી ત્રણ ભાગ આવે. જો પહેલે પ્રસ્તટે ઉત્કૃષ્ટી સ્થિતિ જાણવી હોય તો ત્રણને એકે ગુણતાં ત્રણ જ આવે તેને પાછલા દેવલોકની સાત સાગરોપમની સ્થિતિ યુક્ત કરીએ એટલે પહેલે પ્રસ્તટે સાત સાગરોપમ ને $\frac{3}{6}$ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ આવે. બીજે પ્રસ્તટે ઉત્કૃષ્ટસ્થિતિ જાણવા માટે ત્રણને બે વડે ગુણતાં છ આવે તેને છ વડે ભાંગતા એક આવે તેને સાતમાં ઉમેરતાં ૮ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. આ સ્થિતિ ૧ અર્ચિ, ૨ અર્ચિમાલિ, ૩ વૈરોચન, ૪ પ્રભંકર, ૫ ચંદ્રાભ, ૬ સૂર્યાભ, ૭ રિષ્ટાભ, ૮ અરૂણાભાનુત્તરાવતંસકાદિ વિમાનમાં જાણવી. આ પ્રમાણે બાકીના પ્રસ્તટોમાં પણ કરણ ભાવના કરવી. તેમાં ત્રીજે પ્રસ્તટે આઠ સાગરોપમ ને $\frac{3}{6}$ સારોપમની અને ચોથે પ્રસ્તટે નવ સાગરોપમની જાણવી. તે બ્રહ્મ, સુબ્રહ્મ, બ્રહ્માવર્ત, બ્રહ્મપ્રભ, બ્રહ્મકાંત, બ્રહ્મવર્ણ, બ્રહ્મલેશ્ય, બ્રહ્મોત્તરાવતંસક, સૂર્ય, સૂર્યાવર્ત, સૂર્યપ્રભ, સૂર્યકાંત, સૂર્યોત્તરાવતંસક વિગેરે વિમાનોમાં જાણવી. પાંચમે પ્રસ્તટે નવ સાગરોપમ ને $\frac{3}{6}$ સાગરોપમની અને છઠ્ઠે પ્રસ્તટે પરિપૂર્ણ દશ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. આ પ્રમાણે દરેક પ્રસ્તટે ત્રણ ત્રણ ભાગની વૃદ્ધિ કરતાં અને બીજા પ્રતરથી છ છ ભાગે એકેક સાગરોપમ વધારતાં ત્યાં સુધી જવું કે જેથી છઠ્ઠે પ્રતરે દશ સાગરોપમ આવે. તે ઘોષ, સુઘોષ, મહાઘોષ, નન્દિઘોષ, સુસ્વર, મનોરમ, રમ્ય, રમ્યક, રમણીય, બ્રહ્મલોકાવતંસકાદિ વિમાનમાં જાણવી. જઘન્ય તો બધે પ્રતરે સાત સાગરોપમની જ જાણવી. ૨૫–૨૬.

## બ્રહ્મલોક સંબંધી યંત્ર. (૭)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| સાગરોપમ | ૭ | ૮ | ૮ | ૯ | ૯ | ૧૦ |
| ભાગ | ૩ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ |
| છેદ | ૬ | ૦ | ૬ | ૦ | ૬ | ૦ |

હવે કરણ વશ પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટસ્થિતિ લાંતક દેવલોકના પ્રતિ પ્રસ્તટે કહે છે—

**दस अयराइँ जहन्ना, पढमे पयरम्मि लंतगस्स ठिई ।**
**उक्कोसा दस अयरा, चत्तारि य पंच भागा उ ॥ २७ ॥**

**चउरुत्तारिया वुड्ढी, बीयाओ आरभित्तु भागेहिं ।**
**करणं ता नेयव्वं, चोद्दस अयराइं पंचमए ॥ २८ ॥**

**શબ્દાર્થ**—લાંતક દેવલોકના પ્રથમ પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૧૦ સાગરોપમની અને ઉત્કૃષ્ટી ૧૦ સાગરોપમ ને $\frac{૪}{૫}$ સાગરોપમની જાણવી. આ પ્રમાણે બીજા પ્રતરથી ચાર ચાર ભાગની વૃદ્ધિ કરવી. તે કરણ ત્યાંસુધી જાણવું કે જેથી પાંચમે પ્રસ્તટે ચૌદ સાગરોપમની સ્થિતિ આવે.

**ટીકાર્થ**—લાંતક દેવલોક સંબંધી પહેલા પ્રસ્તટે દશ સાગરોપમની જઘન્યસ્થિતિ જાણવી. ઉત્કૃષ્ટી દશ સાગરોપમ ને પંચમાંશી ચાર ભાગની જાણવી, તે આ પ્રમાણે-બ્રહ્મલોકમાં ઉત્કૃષ્ટસ્થિતિ દશ સાગરોપમની છે. લાંતકે ૧૪ સાગરોપમની છે, તેથી ચૌદમાંથી દશ બાદ કરતાં ૪ રહે. લાંતકકલ્પમાં પ્રસ્તટ પાંચ છે તેથી ચારને પાંચે ભાંગીએ, ભાગ ન ચાલવાથી પંચમાંશી ચાર ભાગ આવે, તેને પહેલા પ્રસ્તટ માટે એકે ગુણતાં ચાર જ આવે, તેને પાછલા દશ સારોપમમાં ઉમેરતાં પહેલે પ્રસ્તટે ૧૦$\frac{૪}{૫}$ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ આવે. બીજા પ્રસ્તટ માટે ચારને બેવડે ગુણતાં આઠ આવે તેને પાંચવડે ભાંગતાં ૧$\frac{૩}{૫}$ આવે તેમાં દશ ઉમેરતાં બીજે પ્રસ્તકે ૧૧$\frac{૩}{૫}$ સાગરોપમ આવે. આ પ્રમાણે ત્રીજા પ્રસ્તટ વિગેરેમાં ભાવના કરવી. ત્રીજા પ્રસ્તટે ૧૨$\frac{૨}{૫}$ સાગરોપમ આવે. ચોથા પ્રસ્તટે ૧૩$\frac{૧}{૫}$ સાગરોપમ આવે, પાંચમા પ્રસ્તટે ચૌદ સાગરોપમ પૂર્ણ સ્થિતિ આવે. આ પ્રમાણે દરેક પ્રસ્તટે ચાર ચાર ભાગ બીજા પ્રસ્તટથી આરંભીને વધારતા જવાથી પાંચમે પ્રસ્તટે ચૌદ સાગરોપમ પરિપૂર્ણ થાય છે. જઘન્ય તો દરેક પ્રસ્તટે દશ સાગરોપમની જ જાણવી. ૨૭-૨૮.

હવે મહાશુક્ર દેવલોકે કરણવશ લબ્ધ એવી પ્રતિપ્રસ્તટ સ્થિતિ કહે છે:—

**चोद्दस अयर जहन्ना, पढमे पयरम्मि ठिई महासुक्के ।**
**ते चेव य उक्कोसा, तिन्नि य चउभाग अन्ने उ ॥२९॥**

**एवं तिगवुड्ढीए, बिइयाओ आरभित्तु भागेहिं ।**
**करणं ता नेयव्वं, सतरस अयरा चउत्थम्मि ॥ ३० ॥**

**શબ્દાર્થ**—મહાશુક્ર દેવલોકમાં પ્રથમ પ્રસ્તટે જઘન્યસ્થિતિ ચૌદ સાગરોપમની અને ઉત્કૃષ્ટસ્થિતિ ચૌદ સાગરોપમ ઉપર $\frac{૩}{૪}$ સાગરોપમની

જાણવી. એ પ્રમાણે દરેક પ્રસ્તટે ત્રણ ત્રણ ભાગની બીજા પ્રસ્તટથી વૃદ્ધિ કરવાનો આરંભ કરવો. તે કરણ ત્યાં સુધી જાણવું કે યાવત્ ચોથા પ્રતરે ૧૭ સાગરોપમની સ્થિતિ થાય.

**ટીકાર્થ**—મહાશુક્ર દેવલોકમાં પ્રથમ પ્રસ્તટે જઘન્યસ્થિતિ ચૌદ સાગરોપમની જાણવી. તેને માટે યુક્તિ પ્રથમ કહ્યા પ્રમાણે સમજવી. ઉત્કૃષ્ટસ્થિતિ ૧૪ સાગરોપમ ને ઉપર ત્રણ ચતુર્ભાગની સમજવી. તે આ પ્રમાણે—લાન્તકકલ્પમાં ઉત્કૃષ્ટસ્થિતિ ૧૪ સાગરોપમની છે ને મહાશુક્રકલ્પમાં ૧૭ સાગરોપમની છે. તેથી ૧૭માંથી ૧૪ બાદ કરતાં ત્રણ રહે, તેને મહાશુક્ર દેવલોકમાં ૪ પ્રસ્તટ હોવાથી ૪ વડે ભાંગીએ. ભાગહાર્યરાશિ નાની હોવાથી ભાગ ન ચાલે, તેથી ત્રણ ચતુર્ભાગ આવે. તેને એકવડે ગુણતાં ત્રણ જ આવે તેને પાછલા ૧૪ સાગરોપમમાં ઉમેરતાં પહેલે પ્રસ્તટે ૧૪$\frac{3}{4}$ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. બીજા પ્રસ્તટે ઉત્કૃષ્ટસ્થિતિ જાણવા માટે ત્રણને બેવડે ગુણીએ. એટલે છ આવે તેને ચારવડે ભાંગતા એક સાગરોપમ આવે ને બાકી બે ભાગ વધે. તેને પ્રથમના ૧૪ સાગરોપમમાં ઉમેરતાં બીજે પ્રસ્તટે ૧૫$\frac{2}{4}$ ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. ત્રીજા ચોથા પ્રસ્તટ માટે પણ એ જ રીતિને અનુસરવું. એટલે ત્રીજા પ્રસ્તટે ૧૬$\frac{1}{4}$ સાગરોપમની ને ચોથે પ્રસ્તટે પરિપૂર્ણ ૧૭ સાગરોપમની સ્થિતિ જાણવી. ગાથામાં કહ્યું છે કે–એ પ્રમાણે દરેક પ્રસ્તટે સાગરોપમ સંબંધી ત્રણ ચતુર્ભાગની વૃદ્ધિ કરતાં એટલે બીજા પ્રસ્તટથી આરંભીને ત્રણ ત્રણ ભાગ વધારતાં ને આવેલા ભાગને ચારવડે ભાંગતા ત્યાંસુધી જવું કે યાવત્ ચોથા પ્રસ્તટે પરિપૂર્ણ ૧૭ સાગરોપમની સ્થિતિ આવે. જઘન્યસ્થિતિ પ્રત્યેક પ્રસ્તટે ૧૪ સાગરોપમની જ જાણવી. ૨૯–૩૦.

હવે કરણવશલબ્ધ એવી સહસ્રારકલ્પમાં પ્રતિપ્રસ્તટ સ્થિતિ કહે છે:—

**सतरस अयर जहन्ना, पढमे पयरम्मि ठिई सहस्सारे ।**
**ताइं चिय उक्कोसा, चउत्थभागेण सहियाइं ॥ ३१ ॥**

**एगुत्तर वुड्ढीए, नेयव्वं जाव चउत्थयं पयरं ।**
**अट्ठारस अयराइं, ठिई उक्कोसा चउत्थम्मि ॥ ३२ ॥**

**ટીકાર્થ**—સહસ્રાર દેવલોકમાં પ્રથમ પ્રસ્તટે જઘન્યસ્થિતિ ૧૭ સાગરોપમની જાણવી. તેને માટે યુકિત પૂર્વવત્ જાણવી. ઉત્કૃષ્ટસ્થિતિ ત્યાં ૧૭ સાગરો-

પમ ને $\frac{૩}{૪}$ સાગરોપમની જાણવી. તે આવી રીતે–મહાશુક્રમાં ઉત્કૃષ્ટસ્થિતિ ૧૭ સાગરોપમની છે, સહસ્રારે ૧૮ ની છે. ૧૮ માંથી ૧૭ બાદ કરતાં એક આવે. સહસ્રારકલ્પમાં ચાર પ્રસ્તટ છે તેથી એકને ચારે ભાંગતા એક ચતુર્થાંશ આવે, તેને એકે ગુણતાં તે જ આવે. તેને પાછલા ૧૭ સાગરોપમમાં ઉમેરીએ એટલે પહેલે પ્રસ્તટે ૧૭$\frac{૧}{૪}$ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ આવે. બીજા પ્રસ્તટ માટે એકને બેવડે ગુણતાં બે આવે, તેને પાછલા ૧૭ સહિત કરતાં બીજે પ્રસ્તટે ૧૭$\frac{૨}{૪}$ની ઉત્કૃષ્ટ-સ્થિતિ આવે. એ પ્રમાણે ત્રીજા ચોથા પ્રસ્તટ માટે પણ સમજવું, એટલે ત્રીજે પ્રસ્તટે ૧૭$\frac{૩}{૪}$ ની અને ચોથે પ્રસ્તટે પરિપૂર્ણ ૧૮ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ આવે. ગાથામાં પણ એકોત્તર વૃદ્ધિ કરવાનું કહ્યું છે તેથી પ્રતિ પ્રસ્તટે એકેક ચતુર્થાંશની વૃદ્ધિ કરતાં ત્યાંસુધી જવું કે જેથી ચોથે પ્રસ્તટે ૧૮ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ આવે. જઘન્યસ્થિતિ તો પ્રત્યેક પ્રસ્તટે ૧૭ સાગરોપમની જ જાણવી. ૩૧–૩૨.

## છઠ્ઠા, સાતમા ને આઠમા દેવલોકની ઉત્કૃષ્ટસ્થિતિ સંબંધી યંત્ર (૮)

| લાંતકે | | | | | | મહાશુક્રે | | | | | સહસ્રારે | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | પ્રતસ્ટ | ૧ | ૨ | ૩ | ૪ | પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ |
| સાગરોપમ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | સાગર | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | સાગર | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૮ |
| ભાગ | ૪ | ૩ | ૨ | ૧ | ૦ | ભાગ | ૩ | ૨ | ૧ | ૦ | ભાગ | ૧ | ૨ | ૩ | ૦ |
| છેદ | ૫ | ૫ | ૫ | ૫ | ૦ | છેદ | ૪ | ૪ | ૪ | ૦ | છેદ | ૪ | ૪ | ૪ | ૦ |

હવે કરણુવશલબ્ધ એવી આનતાદિકમાં પ્રત્યેક પ્રસ્તટે સ્થિતિ કહે છે.

**चउ चउ पयरा उवरिं, कप्पा चत्तारि आणयाईया ।**
**अट्ठारस जहन्नाइं, एगुत्तरिया य वुड्ढीए ॥ ३३ ॥**
**जाबावीसं अयरा, अंतिमपयरम्मि अच्चुए कप्पे ।**
**नव पयरा अयरुत्तर, वुड्ढी जा उवरि गेविज्जा ॥ ३४ ॥**

**ટીકાર્થ**—સહસ્રાર દેવલોકની ઉપર જે આનતાદિ ચાર કલ્પ છે તે દરેક ચાર ચાર પ્રસ્તરવાળા અને એકેક સાગરોપમની સ્થિતિમાં વૃદ્ધિવાળા છે. તેથી ત્યાં પણ સહસ્રાર કલ્પની જેમ પ્રત્યેક પ્રસ્તટે સાગરોપમનો ચોથો ભાગ અધિક પામીએ. તેથી આનતકલ્પમાં પહેલે પ્રસ્તટે જઘન્યસ્થિતિ ૧૮ સાગ-

રોપમની છે ત્યાંથી એકેક પ્રસ્તટે સાગરોપમના ચોથા ભાગની વૃદ્ધિ કરતાં ત્યાં સુધી જવું કે યાવત્ અચ્યુત કલ્પના ચોથા પ્રસ્તટે ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. આનું કરણ સહસ્રાર કલ્પની જેમ જાણી પોતાની મેળે સમજી લેવું. એ પ્રમાણે કરતાં આનતકલ્પના પહેલે પ્રસ્તટે ૧૮$\frac{૧}{૪}$ સાગરોપમની, બીજે પ્રસ્તટે ૧૮$\frac{૨}{૪}$ સાગરોપમની, ત્રીજે પ્રસ્તટે ૧૮$\frac{૩}{૪}$ સાગરોપમની ને ચોથે પ્રસ્તટે પરિપૂર્ણ ૧૯ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી. જઘન્ય તો બધે પ્રસ્તટે ૧૮ સાગરોપમની જાણવી.

પ્રાણતકલ્પે પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૯$\frac{૧}{૪}$ સાગરોપમની, બીજે પ્રસ્તટે ૧૯$\frac{૨}{૪}$ સાગરોપમની, ત્રીજે પ્રસ્તટે ૧૯$\frac{૩}{૪}$ સાગરોપમની અને ચોથે પ્રસ્તટે ૨૦ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જઘન્ય તો બધે પ્રસ્તટે ૧૯ સાગરોપમની જાણવી.

આરણ દેવલોકે પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦$\frac{૧}{૪}$ સાગરોપમની, બીજે પ્રસ્તટે ૨૦$\frac{૨}{૪}$ સાગરોપમની, ત્રીજે પ્રસ્તટે ૨૦$\frac{૩}{૪}$ સાગરોપમની અને ચોથે પ્રસ્તટે પરિપૂર્ણ ૨૧ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જઘન્ય તો બધા પ્રસ્તટે ૨૦ સાગરોપમની જાણવી.

અચ્યુત કલ્પે પ્રથમ પ્રસ્તટે ૨૧$\frac{૧}{૪}$ સાગરોપમની, બીજે પ્રસ્તટે ૨૧$\frac{૨}{૪}$ સાગરોપમની, ત્રીજે પ્રસ્તટે ૨૧$\frac{૩}{૪}$ સાગરોપમની ને ચોથે પ્રસ્તટે પરિપૂર્ણ ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જઘન્ય તો બધે પ્રસ્તટે ૨૧ સાગરોપમની સ્થિતિ જાણવી.

ત્યારપછી યાવત્ ઉપરિતન ઉપરિતન ગ્રૈવેયક સુધી નવ પ્રસ્તટ છે. તે નવે પ્રસ્તટમાં ઉત્તરોત્તર એકેક સાગરોપમની વૃદ્ધિ કરવી કે જેથી નવમે પ્રસ્તટે-નવમે ગ્રૈવેયકે ૩૧ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. આ બાબત પ્રથમ કહેલ હોવાથી ફરીને કહેતા નથી. ૩૩-૩૪.

## ૯-૧૦-૧૧-૧૨ દેવલોક સંબંધી યંત્ર ( ૯ )

| આનત | | | | | પ્રાણત | | | | | આરણ | | | | | અચ્યુત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | પ્રત્તર | ૧ | ૨ | ૩ | ૪ |
| સાગર | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૯ | સાગર | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ | સાગર | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૧ | સાગર | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૨ |
| ભાગ | ૧ | ૨ | ૩ | ૦ | ભાગ | ૧ | ૨ | ૩ | ૦ | ભાગ | ૧ | ૨ | ૩ | ૦ | ભાગ | ૧ | ૨ | ૩ | ૦ |
| છેદ | ૪ | ૪ | ૪ | ૦ | છેદ | ૪ | ૪ | ૪ | ૦ | છેદ | ૪ | ૪ | ૪ | ૦ | છેદ | ૪ | ૪ | ૪ | ૦ |

ઉપર પ્રમાણે ચારે નિકાયના દેવોની સ્થિતિ કહી, હવે ભવનો કહે છે. તેમાં પ્રથમ ભવનપતિના ભવનોની સંખ્યા કહે છે.

**सत्तेव य कोडीओ, हवंति बावत्तरि सयसहस्सा ।**
**एसो भवणसमासो, भवणवईणं वियाणिज्जा ॥ ३५ ॥**

**અર્થ**—સાત ક્રોડ ને બહોંતેર લાખ—એટલી ભવનપતિના સર્વ ભવનની સંખ્યા જાણવી. ૩૫. ( અહીં સમાસ શબ્દ સર્વસંખ્યાવાચક છે. )

હવે ભવનવાસીની જ પ્રત્યેક નિકાયની ભવનસંખ્યા કહે છે—

**चउसट्ठी असुराणं, नागकुमाराण होइ चुलसीए (ई) ।**
**बावत्तरि कणगाणं, वाउकुमाराण छन्नउई ॥ ३६ ॥**
**दीवदिसाउदहीणं, विज्जुकुमारथणियअग्गीणं ।**
**छण्हंपि जुयलयाणं, छावत्तरिमो सयसहस्सा ॥ ३७ ॥**

**ટીકાર્થ**—અસુરકુમાર નિકાયના દક્ષિણ ઉત્તર બંને દિશાના મળીને ૬૪ લાખ ભવનો છે. નાગકુમાર નિકાયના દક્ષિણ ઉત્તર મળીને ૮૪ લાખ ભવનો છે. કનકના એટલે સુવર્ણકુમારના દક્ષિણોત્તર મળીને ૭૨ લાખ ભવનો છે. વાયુકુમારના દક્ષિણોત્તર મળીને ૯૬ લાખ ભવનો છે અને દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર એ છ નિકાયના યુગળના એટલે દક્ષિણ ને ઉત્તર બંને દિશાના મળીને ૭૬–૭૬ લાખ ભવનો છે. એ પ્રમાણે બધા મળીને દશે નિકાયના સર્વ સંખ્યાએ પૂર્વે કહ્યા પ્રમાણે સાત ક્રોડ ને ૭૨ લાખ ભવનો છે. ૩૬–૩૭.

હવે દક્ષિણ ને ઉત્તર દિશાના વિભાગે કરીને ભવનસંખ્યા કહે છે—

**चउतीसा चउचत्ता, अडतीसं च सयसहस्साइं ।**
**पन्ना चत्तालीसा, दाहिणओ हुंति भवणाइं ॥ ३८ ॥**
**तीसा चत्तालीसा, चउतीसं चेव सयसहस्साइं ।**
**छायाला छत्तीसा, उत्तरओ हुंति भवणाइं ॥ ३९ ॥**

**ટીકાર્થ**—દક્ષિણ બાજુએ અસુરકુમારના ૩૪ લાખ, નાગકુમારના ૪૪ લાખ, સુવર્ણકુમારના ૩૮ લાખ, વાયુકુમારના ૫૦ લાખ અને દ્વીપકુમારાદિ છ નિકાયના ૪૦-૪૦ લાખ ભવનો જાણવા.

ઉત્તર બાજુએ અસુરકુમારના ૩૦ લાખ, નાગકુમારના ૪૦ લાખ, સુવર્ણકુમારના ૩૪ લાખ, વાયુકુમારના ૪૬ લાખ અને દ્વીપકુમારાદિ છ નિકાયના ૩૬-૩૬ લાખ ભવનો જાણવા. બંને દિશાની મળીને ઉપરની ૩૬-૩૭મી ગાથામાં લખ્યા પ્રમાણે દરેક નિકાયની ૬૪ લાખ વિગેરે સંખ્યા જાણવી.

**ભવનપતિ દશ નિકાયના દક્ષિણોત્તર ભવનોનું યંત્ર (૧૦)**

| | ૧ અસુર | ૨ નાગ | ૩ સુવર્ણ | ૪ વાયુ | ૫ દ્વીપ. | ૬ દિક્. | ૭ ઉદધિ | ૮ વિદ્યુત્ | ૯ સ્તનિત | ૧૦ અગ્નિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દક્ષિણ | ૩૪ | ૪૪ | ૩૮ | ૫૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ઉત્તર | ૩૦ | ૪૦ | ૩૪ | ૪૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ |
| કુલ | ૬૪ | ૮૪ | ૭૨ | ૯૬ | ૭૬ | ૭૬ | ૭૬ | ૭૬ | ૭૬ | ૭૬ |

દશે નિકાયના ઉત્તર બાજુના ૪૦૬૦૦૦૦૦ અને દક્ષિણ બાજુના ૩૬૬૦૦૦૦૦ બંને દિશાના મળીને કુલ ૭૭૨૦૦૦૦૦ ભવનો જાણવા.

હવે તે ભવનનું પ્રમાણ પ્રતિપાદન કરવા માટે કહે છે—

**जंबुद्दीवसमा खलु, भवणा जे हुंति सव्वखुड्डागा ।**
**संखिज्ज वित्थडा मज्झिमा उ सेसा असंखिज्जा ॥ ४० ॥**

**ટીકાર્થ**—જે ભવનો સર્વથી ક્ષુલ્લક-સર્વથી નાના છે તે પણ જંબૂદ્વીપ સરખા એટલે એક લાખ યોજનના સમજવા. મધ્યમ પ્રમાણવાળા સંખ્યાત કોટાકોટી યોજન વિસ્તારવાળા સમજવા અને બાકીના ઉત્કૃષ્ટ પ્રમાણવાળા તે અસંખ્યેય કોટાકોટી પ્રમાણવાળા સમજવા. ૪૦

તે ભવનો ક્યાં છે ? તે જાણવા માટે કહે છે—

**रयणप्पहपुढवीए, उवरिं हिट्ठा य जोयणसहस्सं ।**
**मुत्तूण मज्झभाए, भवणाइं भवणवासीणं ॥ ४१ ॥**

**ટીકાર્થ**—આ રત્નપ્રભા પૃથિવી કે જે એક લાખ એંશી હજાર યોજન જાડી છે; તેમાંથી ઉપર ને નીચે હજાર હજાર યોજન મૂકતાં બાકી રહેલા ૧૭૮૦૦૦ યોજનમાં ભવનપતિના ભવનો છે. ૪૧. બીજા એમ કહે છે કે–'રત્નપ્રભા પૃથિવીની એક લાખ એંશી હજાર યોજનની જાડાઈના નીચલા અરધા ૯૦૦૦૦ યોજનને અવગાહીને ભવનપતિના ભવનો રહેલા છે.' અન્યત્ર 'ઉપર–નીચે એકેક હજાર યોજન મૂકીને બાકીના બધા સ્થાનોમાં યથાયોગપણે ભવનપતિના આવાસો રહેલા છે.' એમ કહેલું છે.[1] આવાસ એટલે **કાયમાન સ્થાનીય**[2] મહામંડપો વિચિત્ર મણિરત્નોની પ્રભાવડે સકળ દિશારૂપ ચક્રવાળને જેણે પ્રકાશિત કર્યા છે તે સમજવા. ભવનો બહારથી ગોળ, અંદર ચોખંડા અને નીચે કમળની કર્ણિકાના સંસ્થાનવાળા જાણવા. કહ્યું છે કે–'બહારથી વૃત્ત, અંદર ચતુરસ્ર અને અધો કર્ણિકાના આકારવાળા ભવનપતિના તેમ જ વ્યંતરોના ભવનો જાણવા.' ઇતિ.

હવે દશ પ્રકારના ભવનવાસી નિકાયના નામો એક ગાથાવડે કહે છે—

**असुरा नागा विज्जू, सुवण्ण अग्गी य वाउ थणिया य ।**
**उदही दीव दिसा वि य, दस भेया भवणवासीणं ॥ ४२ ॥**

**ટીકાર્થ**—ભવનવાસી નિકાયોના અવાન્તર જાતિભેદને લઈને દશ ભેદ છે તે આ પ્રમાણે–૧ **અસુરકુમાર** તે ભવપ્રત્યયના કારણભૂત તથાવિધનામકર્મના ઉદયથી નિચિત ( દઢ ) શરીરના અવયવવાળા, સર્વ અંગોપાંગ વિષયે પરમલાવણ્યસમન્વિત, કૃષ્ણકાંતિવાળા, મહાકાયવાળા, રત્નોત્કટ મુકુટવડે દેદીપ્યમાન ( ભાસ્વર ) એવા સમજવા. ૨ **નાગકુમાર** તે મસ્તક ને મુખમાં અધિક શોભાવાળા, શ્વેત વર્ણવાળા અને મૃદુ લલિત ગતિવાળા જાણવા. ૩ **વિદ્યુત્કુમાર** તે સ્નિગ્ધ શરીરની કાંતિવાળા, જીતવાના સ્વભાવવાળા, તપાવેલા સુવર્ણસમાન વર્ણવાળા જાણવા. ૪ **સુવર્ણકુમાર** તે અધિક રૂપવંત ગ્રીવા ને હૃદયવાળા જાણવા. ૫ **અગ્નિકુમાર** તે સર્વ અંગોપાંગમાં વિશેષે માનો-

૧ રત્નપ્રભાના ૧૮૦૦૦૦ યોજનના પૃથ્વીપિંડમાંથી ઉપર નીચે હજાર હજાર યોજન મૂકી વચ્ચેના ૧૭૮૦૦૦ યોજનમાં તે નરકના ૧૩ પ્રતર છે તેણે ૩૯૦૦૦ યોજન રોકયા છે. તેના બાર આંતરા દરેક ૧૧૫૮૩$\frac{1}{3}$ યોજનના છે તેણે ૧૩૯૦૦૦ યોજન રોકયા છે. તે બાર આંતરામાંથી પહેલા છેલ્લા આંતરા શિવાય વચ્ચેના ૧૦ આંતરામાં ભવનપતિની ૧૦ નિકાયોના ભવનો છે એમ અન્યત્ર કહેલું છે. જુઓ તત્ત્વાર્થ પરિશિષ્ટ. ૨ આ શબ્દનો અર્થ બરાબર બેસતો નથી.

માન પ્રમાણવાળા, વિવિધ પ્રકારના આભરણથી શોભતા, ભાસ્વર ઉત્તમ કનક સમાન વર્ણવાળા જાણવા. ૬ **વાયુકુમાર** તે સ્થિર, પુષ્ટ ને વૃત્ત ગાત્રવાળા, નીચા ઉદરવાળા, પ્રિયંગુવૃક્ષની જેવા અવદાત શ્યામ વર્ણવાળા જાણવા. ૭ **સ્તનિતકુમાર** તે સ્નિગ્ધ શરીરની કાંતિવાળા, સ્થિર, ગંભીર ને સામો પડઘો પાડે તેવા મહાસ્વરવાળા, સુવિશુદ્ધ શ્રેષ્ઠ જાત્યવંત સુવર્ણ સમાન ગૌરવર્ણવાળા સમજવા. ૮ **ઉદધિકુમાર** તે વિશેષે ઉરૂ ને કટિને વિષે સુંદર રૂપવાળા, અવદાત-શ્વેત શરીરના વર્ણવાળા સમજવા. ૯ **દ્વીપકુમાર** તે સ્કંધ, વક્ષસ્થળ, બાહુ ને અગ્રહસ્તમાં અધિક શોભાવાળા, તપાવેલા શ્રેષ્ટ કનક સમાન વર્ણવાળા સમજવા. ૧૦ **દિક્કુમાર** તે જંઘા અને પગના અગ્રભાગમાં અધિક શોભાવાળા, જાતિવંત તપેલા સુવર્ણ સરખા વર્ણવાળા સમજવા.

આ બધા દશે પ્રકારના ભવનવાસીઓ કાયમ વિવિધ પ્રકારના આભરણો અને શસ્ત્રોવડે અત્યંત વિરાજમાન જાણવા. ૪૨.

હવે દશે પ્રકારની ભવનવાસી નિકાયના ચિન્હો ક્રમસર કહે છે—

**चूडामणि फणि वज्जे, गरुडे घड मथर वद्धमाणे य।**
**अस्से सीहे हत्थी, असुराईणं मुणसु चिंधे ॥ ४३ ॥**

**ટીકાર્થ**—અસુરકુમાર વિગેરે દશે નિકાયના અનુક્રમે ચૂડામણિ વિગેરે ચિન્હો જાણવા. તે આ પ્રમાણે–અસુરકુમારના મસ્તક પર રહેલા મુકુટને વિષે ચૂડામણિનું ચિન્હ, સુવર્ણકુમારના ભૂષણોમાં સર્પનું ચિન્હ, વિદ્યુત્કુમારના ભૂષણોમાં વજ્રનું ચિન્હ, સુવર્ણકુમારના ભૂષણોમાં ગરૂડનું ચિન્હ, અગ્નિકુમારના મુકુટમાં ઘડાનું ચિન્હ, સ્તનિતકુમારના મુકુટમાં વર્ધમાન ( શરાવસંપુટ ) નું ચિન્હ, ઉદધિકુમારના ભૂષણોમાં અશ્વનું ચિન્હ, દ્વીપકુમારના ભૂષણોમાં સિંહનું ચિન્હ અને દિક્કુમારના ભૂષણોમાં હસ્તિનું ચિન્હ જાણવું. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે–" અસુર, નાગ, સુવર્ણ, વિ ત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશી, પવન ને સ્તનિત નામે દશ પ્રકારના ભવનવાસી દેવો છે. ૧. તેમના મુકુટ વિગેરે રત્નાભૂષણો ચૂડામણિ, નાગફણા, ગરૂડ, વજ્ર, પૂર્ણકળશ, સિંહ, અશ્વ, શ્રેષ્ઠ હસ્તિ, મકર ને વર્ધમાનવડે નિયુક્ત વિચિત્ર ચિન્હવાળા હોય છે. ૨. " ઉપપાતિક સૂત્રમાં પણ એ જ પ્રમાણે કહેલ છે. જેઓ— **चूडामणिफणिवज्ज गरुडे घड य अस्स वद्धमाणे य । मयरे सीहे हत्थी** એવો પાઠ કહે છે તે અપપાઠ છે; કારણ કે તે ઉપર બતાવેલા પ્રજ્ઞાપના વિગેરેના પાઠનો વિરોધી છે–તેનાથી જૂદો પડે છે. ૪૩

હવે તે અસુરકુમારાદિનો વર્ણવિભાગ કહે છેઃ—

**काला असुरकुमारा, नागा उदही य पंडुरा दो वि ॥**
**वरकणयतवियगोरा, हुंति सुवण्णा दिसा थणिया ॥ ४४ ॥**
**उत्तत्तकणयवन्ना, विज्जू अग्गी य हुंति दीवा य ॥**
**सामा पियंगुवन्ना, वायुकुमारा मुणेयव्वा ॥ ४५ ॥**

આ બંને ગાથા સ્પષ્ટાર્થવાળી હોવાથી ટીકાકારે તેની વ્યાખ્યા કરી નથી. તેનો શબ્દાર્થ એ છે કે-'અસુરકુમાર શ્યામવર્ણવાળા છે. નાગકુમાર ને ઉદધિકુમાર બંને પંડુર ( ઉજ્જવળ ) વર્ણવાળા છે. શ્રેષ્ઠ તપાવેલા કનક સમાન ગૌરવર્ણવાળા સુવર્ણકુમાર, દિશીકુમાર ને સ્તનિતકુમાર છે. તપાવેલા સુવર્ણ સમાન ( કિંચિત્ રક્ત ) વર્ણવાળા વિદ્યુત્‌કુમાર, અગ્નિકુમાર ને દ્વીપકુમાર છે અને પ્રિયંગુસમાન શ્યામવર્ણવાળા વાયુકુમાર છે. ૪૪-૪૫

હવે એમનો વસ્ત્રવિષયે વર્ણવિભાગ કહે છેઃ—

**असुरेसु हुंति रत्ता, सिलिंधपुप्फप्पभा य नागुदही ।**
**आसासगवसणधरा, हुंति सुवण्णा दिसा थणिया ॥ ४६ ॥**
**नीलाणुरागवसणा, विज्जू अग्गी य हुंति दीवा य ।**
**संझाणुरागवसणा, वाउकुमारा मुणेयव्वा ॥ ४७ ॥**

**ટીકાર્થ**-અસુરકુમારોના પ્રાચુર્યે કરીને રક્ત વસ્ત્રો હોય છે. નાગકુમાર ને ઉદધિકુમારના સિલિન્ધપુષ્પ જેવા એટલે નીલવર્ણના વસ્ત્રો હોય છે. સુવર્ણકુમાર, દિશાકુમાર ને સ્તનિતકુમાર અશ્વના મુખના ફીણ જેવા વર્ણના વસ્ત્રોને એટલે ઘણે ભાગે શ્વેત વસ્ત્રને ધારણ કરનારા હોય છે. વિદ્યુત્‌કુમાર, અગ્નિકુમાર ને દ્વીપકુમાર નીલવર્ણવાળા વસ્ત્રોને ધારણ કરનારા હોય છે અને સંધ્યાના રંગ જેવા વર્ણવાળા વસ્ત્રને ધારણ કરનારા વાયુકુમાર હોય છે. ૪૬-૪૭

હવે એ ભવનપતિની દશે નિકાયના દક્ષિણ ને ઉત્તર વિભાગના બે બે ઈંદ્રો છે તેના નામો કહે છે—

**चमरे बली य धरणे, भूयाणंदे य वेणुदेवे य ।**
**तत्तो य वेणुदाली, हरिकंत हरिस्सहे चेव ॥ ४८ ॥**

**अग्गिसिह अग्गिमाणव, पुन्न वसिट्ठे तहेव जलकंते ।**
**जलपह तह अमिअगई, बीए मिअवाहणे इंदे ॥ ४९ ॥**
**वेलंबे य पभंजण, घोसे चेव य तहा महाघोसे ।**
**भवणवई इंदाणं, नामाइं हवंति एयाइं ॥ ५० ॥**

**ટીકાર્થ**—દક્ષિણ ને ઉત્તરદિશાના વિભાગે અસુરકુમારના ચમર ને બલિ, નાગકુમારના ધરણ ને ભૂતાનંદ, સુવર્ણકુમારના વેણુદેવ ને વેણુદાલી, વિદ્યુત્કુમારના હરિકાંત ને હરિસ્સહ, અગ્નિકુમારના અગ્નિશિખ ને અગ્નિમાણવ, દ્વીપકુમારના પુણ્ય ને વશિષ્ઠ, ઉદધિકુમારના જળકાંત ને જળપ્રભ, દિક્કુમારના અમિતગતિ ને અમિતવાહન, વાયુકુમારના વેલંબ ને પ્રભંજન અને સ્તનિતકુમારના ઘોષ ને મહાઘોષ નામો જાણવા. ઇંદ્રો ૪૮–૪૯–૫૦

શ્રી દેવેન્દ્રસ્તવ પ્રકરણમાં પાંચ ગાથાવડે ઉપર પ્રમાણે જ દશે નિકાયના બે બે ઇંદ્રોના નામો કહ્યા છે. તે ગાથાની જરૂર ન જણાવાથી અહીં લખી નથી.

હવે કયા ઇંદ્રની કયા વિષયમાં કેટલી શક્તિ છે તે ટીકાકાર કહે છેઃ—

**ચમર** અસુરકુમારનો રાજા ( ઇંદ્ર ) જંબૂદ્વીપથી માંડીને ચમરચંચા રાજધાની સુધી જેટલો અવકાશાંતર છે તેટલો વૈક્રિયશક્તિવડે વિકુર્વેલા અસુરકુમારો અને અસુરકુમારિકાઓવડે સતત પૂરી શકે છે. **ધરણ** નાગકુમારોનો અધિપતિ ( ઇંદ્ર ) વૈક્રિયશક્તિવડે વિકુર્વેલી એક ફણાએ કરીને આખા જંબૂદ્વીપને આચ્છાદિત કરી શકે છે. સુવર્ણકુમારનો અધિપતિ ગરૂડ અથવા **વેણુદેવ** ઇંદ્ર જો પોતાની શક્તિ ફોરવવાનો ઉત્સાહ કરે તો વૈક્રિયશક્તિથી વિકુર્વેલા ગરૂડની એક પાંખવડે આખા જંબૂદ્વીપને ઢાંકી દઇ શકે છે. દ્વીપકુમારનો રાજા **પુણ્ય** નામે ઇંદ્ર વૈક્રિયશક્તિવડે વિકુર્વેલા પોતાના હસ્તતળવડે આખા જંબૂદ્વીપને આચ્છાદન કરવા સમર્થ થઇ શકે છે. ઉદધિકુમારનો રાજા **જળકાન્ત** ઇંદ્ર પોતાની શક્તિથી નિષ્પાદન કરેલી એક જલલહેરવડે આખા જંબૂદ્વીપને પલાળી શકે છે. **અમિતગતિ** નામનો દિશાકુમારનો ઇંદ્ર એક પગની પાનીના પ્રહારવડે આખા જંબૂદ્વીપને કંપાવી શકે છે. વેલમ્બ નામે વાયુકુમારનો રાજા ( ઇંદ્ર ) એક પવનના ગુંજારવવડે આખા જંબૂદ્વીપને ભરી દઇ શકે છે. સ્તનિતકુમારનો **ઘોષ** નામનો ઇંદ્ર એક સ્તનિત( ગર્જારવ )ના શબ્દવડે આખા જંબૂદ્વીપને બધિર ( બહેરૂં ) કરી શકે છે. **હરિકાન્ત** નામનો વિદ્યુત્કુમારનો ઇંદ્ર એક વિદ્યુત્( વીજળી ) ના ઝબકારાવડે આખા

જંબૂદ્વીપને પ્રકાશિત કરી શકે છે. અગ્નિકુમારનો **અગ્નિશિખ** નામનો ઇંદ્ર એક અગ્નિજ્વાલાવડે આખા જંબૂદ્વીપને બાળી શકે છે. આ પ્રકારના સામર્થ્ય કરતાં ઉત્તર બાજુના બલિ, ભૂતાનન્દ, વેણુદાલિ, વશિષ્ઠ, જળપ્રભ, અમિતવાહન, પ્રભંજન, મહાઘોષ, હરિસ્સહ અને અગ્નિમાણવક નામના ઇંદ્રોનું સામર્થ્ય કાંઇક અધિક જાણવું.

હવે બીજી રીતે તેની શક્તિની ભાવના કહે છે–ભવનપતિના ૨૦ ઇંદ્રોમાંથી કોઇપણ એક ઇંદ્ર પોતાની વૈક્રિય શક્તિથી વિકુર્વેલા કુમાર અને કુમારિકાના રૂપોવડે તિર્છા સંખ્યાતા દ્વીપસમુદ્રોને સતત અવગાઢ કરી દેવાને સમર્થ છે. તેમ જ તેમાંનો કોઈપણ એક ઇંદ્ર જંબૂદ્વીપનું છત્ર અને મેરૂપર્વતનો દંડ કરીને તેને ડાબા હસ્તવડે ઉપાડે તો તેમાં તેને લેશપણ પ્રયાસ જણાય નહીં એવી શક્તિવાળા છે. આ સંબંધમાં દેવેન્દ્રસ્તવ પ્રકરણમાં ઉપર જણાવ્યા પ્રમાણે જ ભવનપતિના ઇન્દ્રોની શક્તિને સૂચવનારી ૧૩ ગાથાઓ છે તે ટીકામાં આપેલી છે પરંતુ તેમાં કાંઈ પણ વિશેષ ન હોવાથી તે ગાથા કે અર્થ અહીં આપવામાં આવેલ નથી.

હવે ઉપર જણાવેલા ઇંદ્રોમાંથી કયા ઇંદ્રના તિર્યગ્લોકમાં કયા દ્વીપમાં કે સમુદ્રમાં આવાસો છે તે કહે છે—વિદ્યુત્કુમારના ઇંદ્ર હરિકાન્ત ને હરિસ્સહના આ જંબૂદ્વીપમાં અનુક્રમે વિદ્યુત્પ્રભ ને માલ્યવંત ગજદંત અથવા વક્ષસ્કાર પર્વત ઉપર આવાસ છે. વાયુકુમાર ને સુવર્ણકુમારના મળીને ચાર ઇંદ્રોના આવાસો પુષ્કરવર દ્વીપના મધ્યમાં રહેલા માનુષોત્તર પર્વત ઉપર છે. દ્વીપકુમાર, દિક્કુમાર, અગ્નિકુમાર ને સ્તનિતકુમારના મળીને આઠ ઇંદ્રોના આવાસો અરૂણવરદ્વીપમાં છે. અસુરકુમાર, નાગકુમાર ને ઉદધિકુમારના મળીને છ ઇંદ્રોના આવાસો અરૂણવર સમુદ્રમાં છે. કહ્યું છે કે—" બે ઇંદ્રોના જંબૂદ્વીપમાં, ચાર ઇંદ્રોના માનુષોત્તર પર્વત ઉપર, છ ઇંદ્રોના અરૂણવર સમુદ્રમાં ને આઠ ઇંદ્રોના અરૂણવરદ્વીપમાં આવાસો છે. તે આ પ્રમાણે—અસુર, નાગ ને ઉદધિકુમારના આવાસો અરૂણવર સમુદ્રમાં છે ને ત્યાં જ તેની ઉત્પાદશય્યા છે. અર્થાત્ ત્યાં જ ઉપજે છે. દ્વીપ, દિશા, અગ્નિ અને સ્તનિતકુમારના આવાસો અરૂણવરદ્વીપમાં છે ને ત્યાં જ તેની ઉત્પાદશય્યા છે. વાયુકુમાર ને સુવર્ણકુમારના ઇંદ્રોના આવાસ માનુષોત્તર પર્વત ઉપર છે. અને હરિકાન્ત ને હરિસ્સહ વિદ્યુત્કુમારના ઇંદ્રના આવાસ વિદ્યુત્પ્રભ ને માલ્યવંત ગજદંત ગિરિ ઉપર જંબૂદ્વીપમાં છે. " ઇતિ.

હવે ભવનપતિના ઇંદ્રોના સામાનિક ને આત્મરક્ષક દેવોનું પ્રમાણ કહે છે—

**चउसट्ठी सट्ठी खलु, छच्च सहस्सा उ असुरवज्जाणं ।**
**सामाणिआ उ एए, चउग्गुणा आयरक्खाओ ॥ ५१ ॥**

**ટીકાર્થ**—અસુરાધિપતિ ચમરેંદ્રને નિશ્ચયે ૬૪૦૦૦ સામાનિક દેવો છે, બલીંદ્રને ૬૦૦૦૦ છે. અસુરકુમારના બે ઇંદ્રો શિવાયના ૧૮ ઇંદ્રોને છ છ હજાર સામાનિક દેવો છે. આત્મરક્ષક એટલે સ્વાંગરક્ષક દેવો સામાનિકની અપેક્ષાએ તેનાથી ચોગુણા છે. એટલે કે અસુરકુમારના ચમરેંદ્રને ૨૫૬૦૦૦ આત્મરક્ષક દેવો છે અને બલીંદ્રને ૨૪૦૦૦૦ આત્મરક્ષક દેવો છે. બાકીની નવ નિકાયના ધરણ વિગેરે ૧૮ ઇંદ્રોને ચોવીશ ચોવીશ હજાર આત્મરક્ષક દેવો છે. ૫૧

હવે સામાનિક ને આત્મરક્ષકનો પ્રસ્તાવ ચાલતો હોવાથી વ્યંતરમાં અને જ્યોતિષીમાં પણ સામાનિક ને આત્મરક્ષક દેવો કેટલા છે તે કહે છે—

**सामाणिआण चउरो, सहस्स सोलस य आयरक्खाणं ।**
**पत्तेयं सव्वेसिं, वंतरवइससिरवीणं च ॥ ५२ ॥**

**ટીકાર્થ**—દક્ષિણ ને ઉત્તર બંને દિશાના વ્યંતરેંદ્રોને તેમ જ અસંખ્યેય દ્વીપ સમુદ્રભાવી ચંદ્રોને અને સૂર્યોને એટલે કે જ્યોતિષીના ઇંદ્રોને પ્રત્યેકે સામાનિક દેવો ચાર ચાર હજાર અને આત્મરક્ષક દેવો ૧૬-૧૬ હજાર જાણવા. ૫૨

હવે વૈમાનિકના ઇંદ્રોને સામાનિક ને આત્મરક્ષક દેવો કેટલા છે તે કહે છે—

**चउरासीई असीई, बावत्तरी सत्तरी य सट्ठी य ।**
**पन्ना चत्तालीसा, तीसा वीसा दससहस्सा ॥ ५३ ॥**

**ટીકાર્થ**—સૌધર્માધિપતિ શક્રેંદ્રને સામાનિક દેવ ૮૪૦૦૦ છે. ઇશાન કલ્પના અધિપતિ ઇશાનેંદ્રને ૮૦૦૦૦ છે. સનત્કુમારકલ્પના સ્વામી સનત્કુમારેંદ્રને ૭૨૦૦૦ છે. માહેંદ્ર કલ્પાધિપતિ માહેંદ્રને ૭૦૦૦૦ છે. બ્રહ્મલોકેંદ્રને ૬૦૦૦૦ છે. લાંતકેંદ્રને ૫૦૦૦૦ છે. મહાશુક્રેંદ્રને ૪૦૦૦૦ છે. સહસ્રારેંદ્રને ૩૦૦૦૦ છે. આનતપ્રાણતેંદ્રને ૨૦૦૦૦ છે અને આરણ અચ્યુતેંદ્રને ૧૦૦૦૦ છે. ૫૩

બધા ઇંદ્રોને આત્મરક્ષક દેવો સામાનિકથી ચોગુણા છે.

## ચારે નિકાયના દેવોના સામાનિક ને આત્મરક્ષક દેવોનું યંત્ર (૧૧)

| વૈમાનિક | સામાનિક | આત્મરક્ષક | ભવનપતિ | સામાનિક | અંગરક્ષક |
|---|---|---|---|---|---|
| સૌધર્મેંદ્ર | ૮૪૦૦૦ | ૩૩૬૦૦૦ | ચમરેંદ્ર | ૬૪૦૦૦ | ૨૫૬૦૦૦ |
| ઇશાનેંદ્ર | ૮૦૦૦૦ | ૩૨૦૦૦૦ | બલીંદ્ર | ૬૦૦૦૦ | ૨૪૦૦૦૦ |
| સનત્કુમારેંદ્ર | ૭૨૦૦૦ | ૨૮૮૦૦૦ | નવનિકાયના ૧૮ ઇંદ્રના દરેકના | ૬૦૦૦ | ૨૪૦૦૦ |
| મહેંદ્ર | ૭૦૦૦૦ | ૨૮૦૦૦૦ | | | |
| બ્રહ્મેંદ્ર | ૬૦૦૦૦ | ૨૪૦૦૦૦ | વ્યંતર | સામાનિક | અંગરક્ષક |
| લાંતકેંદ્ર | ૫૦૦૦૦ | ૨૦૦૦૦૦ | દક્ષિણોત્તરના મળી ૩૨ ઇંદ્રના દરેકના | ૪૦૦૦ | ૧૬૦૦૦ |
| મહાશુક્રેંદ્ર | ૪૦૦૦૦ | ૧૬૦૦૦૦ | | | |
| સહસ્રારેંદ્ર | ૩૦૦૦૦ | ૧૨૦૦૦૦ | જ્યોતિષી | સામાનિક | અંગરક્ષક |
| આનતપ્રાણતેંદ્ર | ૨૦૦૦૦ | ૮૦૦૦૦ | સ્થિર ને ચર અસંખ્ય ચંદ્ર, સૂર્યના દરેકના | ૪૦૦૦ | ૧૬૦૦૦ |
| આરણઅચ્યુતેંદ્ર | ૧૦૦૦૦ | ૪૦૦૦૦ | | | |

હવે ઇંદ્રોની અગ્રમહિષીઓની સંખ્યા કહે છે.

**पंच य छप्पिय चउ चउ, अट्ठेव कमेण अग्गमहिसीओ ।**
**असुरनागाइवंतर–जोइसकप्पदुगिंदाणं ॥ ५४ ॥**

**ટીકાર્થ**—આ ગાથામાં પૂર્વાર્ધ ને ઉત્તરાર્ધ પદોની યથાસંખ્ય યોજના કરવી. તે આ પ્રમાણે—અસુરકુમારના અધિપતિ ચમરેંદ્રને અને બલીંદ્રને પાંચ પાંચ ઇંદ્રાણીઓ હોય છે અને બીજી નાગકુમારાદિ નવ નિકાયના ધરણેંદ્રાદિ ૧૮ ઇંદ્રોને છ છ ઇંદ્રાણીઓ હોય છે. વ્યન્તરાધિપતિઓને અને જ્યોતિષીના ઇંદ્રો ચંદ્ર તથા સૂર્યોને ચાર ચાર ઇંદ્રાણીઓ હોય છે. પ્રથમના બે કલ્પના સૌધર્મ ને ઇશાનના ઇંદ્રોને આઠ આઠ ઇંદ્રાણીઓ હોય છે. તેની ઉપરના દેવલોકોમાં દેવીઓની ઉત્પત્તિ જ નથી. તેમ ઉપરના દેવલોકોના ઇંદ્રોને કોઇ પરિગૃહીતા દેવીઓ પણ નથી. કેવળ વિષયેચ્છાની ઉત્પત્તિ સમયે યથાયોગ સૌધર્મ ને ઇશાન દેવલોકમાં ઉત્પન્ન થયેલી તેને યોગ્ય અપરિગૃહીતા (ગણિકા જેવી) દેવીઓ તેના ઉપભોગ માટે તેને પ્રાપ્ત થાય છે. તેથી તેમને અગ્રમહિષીઓનો સંભવ નથી. ૫૪

આ પ્રમાણે પ્રસક્તાનુપ્રસક્ત કેટલીક વાતો કહી, હવે પ્રસ્તુત કહે છે. ઉપર ભવનવાસીના ભવનોની વક્તવ્યતા કહી, હવે વ્યંતરના સ્થાનોની વક્તવ્યતા કહે છે:—

**तिरि उववाईयाणं, रम्मा भोमनगरा असंखेज्जा ।**
**तत्तो संखेज्जगुणा, जोइसियाणं विमाणाओ ॥ ५५ ॥**

**ટીકાર્થ**—તિર્યગ્લોકમાં ઉપપાત–જન્મ હોવાથી તિર્યક્લોકોપપાત એવી સંજ્ઞાવાળા વ્યંતરો કહીએ. તેમના જે નગરો ભૂમિની અંદર છે તે અસંખ્યાત છે. અતિ મનોહર–રમણિક છે. 'તેમાં રહેનારા કેટલાક ઉપચિત કરેલ છે પૂર્વ-જન્મમાં પુણ્યનો સમૂહ જેણે એવા વ્યંતર દેવો શ્રેષ્ઠ એવી તરૂણ વ્યંતરીઓના ગીતવાદિત્રના સુંદર શબ્દોવડે આકર્ષિત થયેલા ચિત્તવાળા નિત્ય પ્રમુદિત રહેતા સતા જતા કાળને પણ જાણતા નથી.' કહ્યું છે કે—

**तहिं देवा वंतरिया, वरतरुणीगीयवाइयरवेणं ।**
**निच्चं सुहिया पमुइया, गयं पि कालं न याणंति ॥ १ ॥**

( અર્થ ઉપર આવી ગયો છે. ) તે વ્યંતર સંબંધી અસંખ્ય નગરો કરતાં સંખ્યાત ગુણા જ્યોતિષ્ક દેવોના વિમાનો છે. એ વાત અહીં તેનો અધિકાર નહીં છતાં પ્રસ્તાવ તેનો હોવાથી કહેલ છે. ૫૫.

હવે વ્યન્તરના નગરોનું પરિમાણ કહે છે—

**जंबुद्दीवसमा खलु, उक्कोसेणं हवंति ते नगरा ।**
**खुड्डा खित्तसमा खलु, विदेहसमगा उ मज्झिमगा ॥५६॥**

**ટીકાર્થ**—તે ભૂમિમાં રહેતા વ્યંતરોના નગરો ખલુ ઇતિ નિશ્ચયે મોટા છે તે જંબૂદ્વીપ જેવડા લાખ યોજનના જાણવા. સર્વ લઘુ–નાનામાં નાના નગરો ક્ષેત્ર સમા એટલે ભરતક્ષેત્ર જેવડા જાણવા અને મધ્યમ પ્રમાણવાળ મહાવિદેહ-ક્ષેત્ર જેવડા જાણવા. ૫૬.

હવે તે ભૂમિમાં રહેલા નગરો ક્યાં છે તે કહે છે—

**हिट्ठोवरि जोयणसय–रहिए रयणाए जोयणसहस्से ।**
**पढमे वंतरियाणं, भोमाइं हुंति नगराइं ॥ ५७ ॥**

ટીકાર્થ—રત્નપ્રભા પૃથિવીના પ્રથમના હજાર યોજનના રત્નકાંડમાં ઉપર ને હેઠલ સો સો યોજન મૂકીને વચલા ૮૦૦ યોજન પ્રમાણ રત્નકાંડના મધ્ય ભાગમાં ભૂમિ અંતરવર્તિ વ્યન્તરોના નગરો છે. ( મનુષ્યક્ષેત્રની બહાર દ્વીપોમાં ને સમુદ્રોમાં જે વ્યંતરોની નગરીઓ છે તે જીવાભિગમાદિ સૂત્રોથી જાણવી.) ૫૭.

હવે વ્યન્તરોની આઠ નિકાયના નામો કહે છે—

**पिसायभूआ जक्खा य, रक्खसा किंनरा य किंपुरिसा ।**
**महोरगा य गंधव्वा, अट्ठविहा वाणमंतरिया ॥ ५८ ॥**

ટીકાર્થ—વનના અંતરો તે વનાન્તરો તેમાં થાય તે વાનમન્તરા વ્યન્તરા કહીએ. તે આઠ પ્રકારના છે. પિશાચ ૧, ભૂત ૨, યક્ષ ૩, રાક્ષસ ૪, કિંનર ૫, કિંપુરૂષ ૬, મહોરગ ૭ અને ગંધર્વ ૮. ૫૮.

હવે તે આઠે નિકાયના દેવોનું વિશેષ વર્ણન અને તેના પેટાભેદ કહે છે—

**૧ પિશાચ**—સ્વભાવથી જ બહોળતાએ રૂપવંત, સૌમ્ય દર્શનવાળા, હાથમાં ને ડોકમાં મણિરત્નમય ભૂષણવાળા હોય છે. તે ૧૫ પ્રકારના છે-કુષ્માંડ ૧, પાટક ૨, જોષ ૩, આહ્નિક ૪, કાલ ૫, મહાકાલ ૬, ચોક્ષ ૭, અચોક્ષ ૮, તાલપિશાચ ૯, મુખરપિશાચ ૧૦, અધસ્તારક ૧૧, દેહ ૧૨, મહાદેહ ૧૩, તુષ્ણીક ૧૪, વનપિશાચ ૧૫. ઇતિ.

**૨ ભૂત**—સારા રૂપવાળા, સૌમ્ય અને નાના પ્રકારનું વિલેપન કરનારા હોય છે. તેના નવ પ્રકાર છે-સુરૂપ ૧, પ્રતિરૂપ ૨, અતિરૂપ ૩, ભૂતોત્તમ ૪, સ્કન્દિક ૫, મહાસ્કન્દિક ૬, મહાવેગ ૭, પ્રતિચ્છન્ન ૮, આકાશગ ૯. ઇતિ.

**૩ યક્ષ**—ગંભીર, પ્રિયદર્શનવાળા, વિશેષે માનોન્માન પ્રમાણવાળા, હાથ પગના તળિયા, નખ, તાળુ, જીભ ને હોઠ જેના રક્ત છે એવા, ભાસ્વર મુકુટને ધારણ કરનારા, નાના પ્રકારના રત્નોના આભૂષણોવાળા હોય છે. તેના ૧૩ પ્રકાર છે-પૂર્ણભદ્ર ૧, માણિભદ્ર ૨, શ્વેતભદ્ર ૩, હરિભદ્ર ૪, સુમનોભદ્ર ૫, વ્યતિપાતકભદ્ર ૬, સુભદ્ર ૭, સર્વતોભદ્ર ૮, મનુષ્યપક્ષ ૯, ધનાધિપતિ ૧૦, ધનાહાર ૧૧, રૂપયક્ષ ૧૨, યક્ષોત્તમ ૧૩. ઇતિ.

**૪ રાક્ષસ**—ભયંકર, ભયંકર દર્શનવાળા, વિકરાળ રાતા ને લાંબા હોઠવાળા, તપનીય આભૂષણોવાળા અને નાના પ્રકારના વિલેપન કરનારા હોય છે.

તેના સાત પ્રકાર છે–ભીમ ૧, મહાભીમ ૨, વિઘ્ન ૩, વિનાયક ૪, જળરાક્ષસ ૫, રાક્ષસરાક્ષસ ૬, બ્રહ્મરાક્ષસ ૭. ઇતિ.

**૫ કિન્નર**—સૌમ્યદર્શનવાળા, મુખમાં અધિક રૂપશોભાવાળા અને મુકુટના મૌલિભૂષણવાળા હોય છે. તે દશ પ્રકારના છે–કિન્નર ૧, કિંપુરૂષ ૨, કિંપુરૂષોત્તમ ૩, હૃદયંગમ ૪, રૂપશાલિ ૫, અનિન્દિત ૬, કિન્નરોત્તમ ૭, મનોરમ ૮, રતિપ્રિય ૯, રતિશ્રેષ્ઠ ૧૦. ઇતિ.

**૬ કિંપુરૂષ**—ઊરૂ ને બાહુમાં અધિક રૂપશોભાવાળા, મુખમાં અધિક ભાસ્વર, વિવિધ આભરણોથી શોભતા, વિચિત્ર પુષ્પમાળા ને વિલેપનવાળા હોય છે. તે દશ પ્રકારના છે–પુરૂષ ૧, સત્પુરૂષ ૨, મહાપુરૂષ ૩, પુરૂષવૃષભ ૪, પુરૂષોત્તમ ૫, અતિપુરૂષ ૬, મહાદેવ ૭, મરૂત્ ૮, મરૂત્પ્રભ ૯ અને યશસ્વંત ૧૦. ઇતિ.

**૭ મહોરગ**—મહાવેગવાળા, સૌમ્ય, સૌમ્યદર્શનવાળા, મોટા શરીરવાળા, વિસ્તૃત અને પુષ્ટ સ્કન્ધ ને ગ્રીવાવાળા, વિવિધ પ્રકારના વિલેપનવાળા અને વિવિધ આભરણોથી ભૂષિત હોય છે. તે દશ પ્રકારના છે–ભુજંગ ૧, ભોગશાલિ ૨, મહાકાય ૩, અતિકાય ૪, સ્કન્ધશાલિ ૫, મનોરમ ૬, મહાવેગ ૭, મહેષ્વક્ષ ૮, મેરૂકાન્ત ૯ ને ભાસ્વંત (ભાસ્વર) ૧૦. ઇતિ

**૮ ગંધર્વ**—પ્રિયદર્શનવાળા, રૂપવંત, સારા મુખાકારવાળા, સારા સ્વરવાળા, મસ્તકે મુકુટને ધારણ કરનારા અને હારવડે શોભિત હોય છે. તેના બાર પ્રકાર છે–હાહા ૧, હૂહૂ ૨, તુમ્બુરૂ ૩, નારદ ૪, ઋષિવાદક ૫, ભૂતવાદક ૬, કાદમ્બ ૭, મહાકાદંબ ૮, રૈવત ૯, વિશ્વાવસુ ૧૦, ગીતરતિ ૧૧, ગીતયશ ૧૨. ઇતિ

હવે તે આઠે નિકાયના દક્ષિણ ને ઉત્તર બાજુના જે બે બે ઇંદ્રો છે તેના નામો કહે છે:—

**काले य महाकाले, सुरूवपडिरूवपुन्नभद्दे य ।**
**अमरवइमाणिभद्दे, भीमे य तहा महाभीमे ॥ ५९ ॥**

**किन्नरकिंपुरिसे खलु, सप्पुरिसे चेव तहा महापुरिसे ।**
**अइकायमहाकाये, गीयरई चेव गीयजसे ॥ ६० ॥**

**ટીકાર્થ**:—દક્ષિણ દિશાના પિશાચોનો ઇંદ્ર કાળ, ઉત્તર દિશાનો મહા કાળ, દક્ષિણ દિશાના ભૂતોનો ઇંદ્ર સુરૂપ, ઉત્તર દિશાનો પ્રતિરૂપ, એ રીતે યક્ષના પૂર્ણભદ્ર ને માણિભદ્ર, રાક્ષસના ભીમ ને મહાભીમ, કિન્નરના કિન્નર ને કિંપુરૂષ, કિંપુરૂષના સત્પુરૂષ ને મહાપુરૂષ, મહોરગના અતિકાય ને મહાકાય અને ગન્ધર્વોના ગીતરતિ ને ગીતયશ નામના ઇંદ્ર જાણવા. ૫૯–૬૦.

હવે એ પિશાચાદિ નિકાયોના ચિન્હો કહે છેઃ—

**चिंधाइं कलंबज्झए, सुलसवडे तह य होइ खट्टंगे ।**
**असोय चंपए वि य, नागे तह तुंबरू चेव ॥ ६१ ॥**

**ટીકાર્થ**:—પિશાચાદિ આઠ નિકાયના અનુક્રમે આ પ્રમાણે ચિન્હો જાણવા. પિશાચના ધ્વજમાં કદમ્બવૃક્ષનું ચિન્હ, ભૂતને સુલસ નામની વનસ્પતિ વિશેષનું ચિન્હ, યક્ષને વટવૃક્ષનું, રાક્ષસને ખટ્વાંગનું, કિન્નરોને અશોકવૃક્ષનું, કિંપુરૂષને ચંપકવૃક્ષનું, મહોરગને નાગવૃક્ષનું અને ગંધર્વોને તુંબરૂવૃક્ષનું ચિન્હ જાણવું. ( આમાં ૭ ચિન્હો તો વૃક્ષના જ છે. ) ૬૧.

હવે પિશાચાદિનો વર્ણ વિભાગ કહે છે—

**सामावदाय जक्खा, सव्वे वि य महोरगा सगंधव्वा ।**
**अवदाया किंपुरिसा, सरक्खा हुंति वन्नेणं ॥ ६२ ॥**

**काला भूया सामा य, पिसाया किन्नरा पियंगुनिभा ।**
**एसो वन्नविभागो, वंतरिआणं सुरवराणं ॥ ६३ ॥**

**ટીકાર્થ**:—શ્યામ છતાં જે અવદાત એટલે નિર્મળ હોય તે શ્યામાવદાત કહીએ, તેવા વર્ણવાળા સર્વે યક્ષ, સર્વે મહોરગ અને સર્વે ગંધર્વો છે. અવદાત એટલે શુભ્ર–ઉજ્વળ વર્ણવાળા કિંપુરૂષ અને રાક્ષસ છે. ભૂત કૃષ્ણ-વર્ણવાળા છે, પિશાચ શ્યામવર્ણના છે અને કિન્નર પ્રિયંગુ સરખા ( નીલ ) વર્ણવાળા છે. આ પ્રમાણે વર્ણવિભાગ વ્યન્તરોના ઇંદ્રોનો ( ઉપલક્ષણથી તે જાતિના દેવોનો પણ ) જાણવો. ૬૨–૬૩.[1]

---

૧ અહીં વાણવ્યંતરોની આઠ નિકાય અને તેના ૧૬ ઇંદ્રો સંબંધી કાંઇપણ હકીકત કોઇપણ કારણથી આપવામાં આવેલ જણાતી નથી.

આ પ્રમાણે વ્યન્તરોના નગરાદિની વક્તવ્યતા કહી, હવે જ્યોતિષ્કના વિમાનોની વક્તવ્યતા કહે છે. તેમાં સામાન્યથી તેના વિમાનની સંખ્યા ઉપર કહી છે કે વ્યંતરોના અસંખ્યાતા નગરો કરતાં જ્યોતિષ્કના વિમાનો સંખ્યાત ગુણા છે. હવે પ્રતિદ્વીપે ને પ્રતિસમુદ્રે ચંદ્રાદિની સંખ્યા પ્રતિપાદન કરે છે:—

**दो चंदा इह दीवे, चत्तारि य सायरे लवणतोये।**
**धायइसंडे दीवे, बारस चंदा य सूरा य ॥ ६४ ॥**

**ટીકાર્થ**:—અહીં આ પ્રત્યક્ષ ઉપલભ્યમાન એવા જંબૂદ્વીપમાં બે ચંદ્રો અને બે સૂર્યો છે. સૂર શબ્દ ગાથામાં છેવટે છે તેથી અહીં ચંદ્ર પ્રમાણે જ સૂર્યો સમજવા, તેમ જ બીજા લવણસમુદ્રાદિકમાં પણ સમજવા. એટલે બે ચંદ્ર ને બે સૂર્યનો ચાર ( ફરવાપણું ) આ જંબૂદ્વીપમાં વર્તે છે. તે વિસ્તાર સાથે ક્ષેત્રસમાસની ટીકામાં કહેલ છે તેથી અહીં ફરીને કહેતા નથી. એટલે તે ત્યાંથી જ જાણી લેવું. લવણસમુદ્રમાં ચાર ચંદ્ર ને ચાર સૂર્ય છે અને ધાતકીખંડ દ્વીપમાં બાર ચંદ્ર ને બાર સૂર્ય ચાર ચરે છે. અહીં લવણ જેવું ખારૂં જળ હોવાથી એ સમુદ્રનું નામ લવણસમુદ્ર જાણવું. ૬૪.

હવે કાળોદધિ વિગેરેમાં ચંદ્ર ને સૂર્યની સંખ્યા જાણવા માટે કરણ કહે છે:-

**धायइखंडप्पभिई, उद्दिट्ठा तिगुणिया भवे चंदा।**
**आइल्लचंदसहिआ, अणंतराणंतरे खित्ते ॥ ६५ ॥**

**અર્થ**:—ધાતકીખંડથી આરંભીને એટલે ત્યારપછીના સમુદ્ર ને દ્વીપોમાં ત્રણ ગુણા કરવા અને તેની અગાઉના ચંદ્રોની સંખ્યા ભેળવવી. એ પ્રમાણે અનંતર અનંતર ક્ષેત્રો એટલે દ્વીપો ને સમુદ્રોમાં ચંદ્રની અને ઉપલક્ષણથી સૂર્યોની સંખ્યા સમજવી. ૬૫. આ અર્થને ટીકાકાર સ્પષ્ટ કરે છે.

**ટીકાર્થ**:—ધાતકીખંડ વિગેરે અર્થાત્ ધાતકીખંડ છે આદિમાં જેને એવા દ્વીપો ને સમુદ્રોમાં ઉદ્દિષ્ટ એવા ખંડના ચંદ્ર અથવા સૂર્યની સંખ્યાને ત્રણ ગુણી કરી તેમાં ઉદ્દિષ્ટ એવા ચંદ્રયુક્ત દ્વીપ કે સમુદ્રની અગાઉના જંબૂદ્વીપને આદિ કરાને જે પૂર્વના દ્વીપો ને સમુદ્રોમાં સંખ્યા કહી છે તે સહિત કરવા. તેથી જે સંખ્યા આવે તેટલી સંખ્યાવાળા ચંદ્રો આગળના કાળોદધિ વિગેરેમાં હોય. તે આ પ્રમાણે-ધાતકીખંડમાં ઉદ્દિષ્ટ એવા ચંદ્રો ૧૨ છે તેને ત્રણ ગુણા કરતાં ૩૬ થાય. તેમાં પ્રથમના છ ( બે જંબૂદ્વીપના અને ચાર લવણસમુદ્રના )

ભેળવવા. એટલે ૪૨ થાય. એટલા ચંદ્રો કાલોદધિ સમુદ્રમાં સમજવા. એ જ કરણ-વિધિ સૂર્ય માટે પણ સમજવી. એટલે સૂર્ય પણ ૪૨ સમજવા.

ત્યારપછી કાલોદ સમુદ્રમાં ૪૨ ચંદ્રો છે, તેને ત્રણ ગુણા કરતાં ૧૨૬ થાય, તેમાં પ્રથમના ૧૮ ( બે જંબૂદ્વીપના, ૪ લવણસમુદ્રના, ૧૨ ધાતકી ખંડના ) ભેળવવા એટલે ૧૪૪ થાય, એટલા ચંદ્રો ને એટલા સૂર્યો પુષ્કરવર દ્વીપમાં સમજવા. એ પ્રમાણે બાકીના દ્વીપો ને સમુદ્રો વિષે એ જ કરણથી સંખ્યા મુકરર કરવી. આ સંગ્રહણિના મૂળ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિ પણ કહે છે કે-' એ પ્રમાણે અનંતરાનંતર ક્ષેત્ર માટે કરતાં પુષ્કરવર દ્વીપમાં ૧૪૪ ચંદ્રો થાય છે. ' આ વ્યાખ્યાન યુક્ત છે.

શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને જીવાભિગમમાં બધું પુષ્કરવર દ્વીપને અનુસરીને ચંદ્રાદિની સંખ્યા સંબંધી પ્રશ્ન ને ઉત્તરને લગતું સૂત્ર ઉપલભ્યમાન થાય છે. તે સૂત્રમાં આ પ્રમાણે કહેલ છે-ગૌતમસ્વામી વીરપ્રભુને પૂછે છે કે-' પુષ્કરવર દ્વીપમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે ને પ્રકાશ કરશે ? ' પ્રભુ કહે છે-" હે ગૌતમ ! ૧૪૪ ચંદ્રો પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે ને પ્રકાશ કરશે-તેમજ ૧૪૪ સૂર્ય તપતા હતા, તપે છે ને તપશે. ૪૦૩૨ નક્ષત્રો જ્યોતિ કરતા હતા, કરે છે ને કરશે. ૧૨૬૭૨ મહા-ગ્રહો ચાર કરતા હતા, ચાર કરે છે ને ચાર કરશે. ૯૬૪૪૪૦૦ કોટાકોટી તારાઓ શોભી રહ્યા હતા, શોભી રહ્યા છે અને શોભી રહેશે." આ જ મત-લબની સૂર્યપ્રજ્ઞપ્તિમાં પણ ત્રણ ગાથાઓ છે. આ પ્રમાણે બધે પુષ્કરવર દ્વીપને અનુસરીને ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારાની સંખ્યાના પ્રતિપાદક સૂત્રોના આલાવાઓ જોવાથી નિશ્ચય થાય છે કે-સર્વ દ્વીપો ને સમુદ્રો માટે આ કરણ જ વ્યાપક છે. જ્યોતિષ્કરંડક સૂત્રનો અભિપ્રાય પણ આ જ પ્રમાણે છે. ( અહીં તેની બે ગાથા છે તેમાં પણ એ જ મતલબ છે. ) વળી આ સંગ્રહણિમાં અને ક્ષેત્રસમાસમાં પણ એ જ પ્રમાણે સકળ દ્વીપસમુદ્રગત ચંદ્ર ને સૂર્યની સંખ્યા જાણવા માટે સૂત્રકારે કરણ કહેલું છે, તેથી જો મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્રાદિકની સંખ્યા બીજી રીતે હોત તો બીજા આચાર્યોની જેમ તેની પ્રતિપત્તિ માટે બીજું કરણ કહ્યું હોત પણ તેવું કાંઈ કહેલ નથી. તેથી સમજાય છે કે-સર્વ દ્વીપો ને સમુદ્રો માટે આ કરણને જ અનુસરવું. માત્ર મનુષ્યક્ષેત્રની બહાર સૂર્યો ને ચંદ્રો શી રીતે રહેલા છે તે ચંદ્રપ્રજ્ઞપ્ત્યાદિમાં કહ્યું નથી. તેમાં આ પ્રમાણે કહ્યું છે કે-" ચંદ્રને અને સૂર્યને તેમ જ સૂર્યને અને ચંદ્રને અન્યોન્ય

૫૦૦૦૦ યોજનનું અંતર છે. મનુષ્યલોકની બહાર સૂર્યને અને સૂર્યને તેમ જ ચંદ્રને અને ચંદ્રને એક લાખ યોજનનું આંતરૂં છે. સૂર્ય સૂર્યના આંતરામાં ચંદ્ર અને ચંદ્ર ચંદ્રના આંતરામાં સૂર્ય રહેલા છે. તે ચિત્રાંતર લેશ્યાવાળા તેમ જ શુભ લેશ્યાવાળા ને મંદ લેશ્યાવાળા છે." આ પ્રમાણે કહેલ હોવાથી સંભવે છે કે-સૂર્ય ને ચંદ્રો સૂચી શ્રેણીએ રહેલા છે. પરિધિની શ્રેણિએ એટલે ફરતા રહેલા નથી અથવા બહુશ્રુત જે રીતે અર્થ કરે તે પ્રમાણ છે. ૬૫.

હવે મનુષ્યક્ષેત્રમાં જંબૂદ્વીપથી આરંભીને અનુક્રમે ચંદ્રાદિની સંખ્યા કહે છે-

**दुन्नि य चउरो बारस, बायालीसा बिसत्तरी चेव ।**
**एगंतरदीवुदहीण, चंदसंखा मुणेयव्वा ॥ ६६ ॥**

**ટીકાર્થ:**—મનુષ્યક્ષેત્રમાં એકોત્તર દ્વીપસમુદ્રમાં એકાન્તરિત ચંદ્ર સંખ્યા આ પ્રમાણે જાણવી. ઉપલક્ષણથી સૂર્ય સંખ્યા પણ તે જ પ્રમાણે જાણવી. તે આ રીતે-બે જંબૂદ્વીપમાં, ચાર લવણસમુદ્રમાં, બાર ધાતકીખંડમાં, બેંતાળીશ કાલોદસમુદ્રમાં ને બ્હોંતેર પુષ્કરવરદ્વીપાર્ધમાં જાણવી. ૬૬.

હવે મનુષ્યક્ષેત્રમાં ચંદ્રસૂર્યની પરંપરા શ્રેણિનું પરિમાણ કહે છે.

**चत्तारि य पंतीओ, चंदाइच्चाण मणुयलोगम्मि ।**
**छावट्ठी छावट्ठी, होइ य इक्किक्कपंतीए ॥ ६७ ॥**

**અર્થ:**—મનુષ્યલોકમાં ચાર પંક્તિઓ ચંદ્ર સૂર્યની મળીને જાણવી. તે એકેક પંક્તિમાં ૬૬-૬૬ ની સંખ્યા હોય છે. ૬૭.

**ટીકાર્થ:**—મનુષ્યલોકમાં ચાર ચંદ્ર સૂર્યની પંક્તિઓ છે. તે આ પ્રમાણે-બે ચંદ્રની ને બે સૂર્યની. અહીં આ પ્રમાણે સમજવું-એક સૂર્ય જ્યારે જંબૂદ્વીપમાં મેરૂની દક્ષિણ તરફ ચાર ચરે છે, ત્યારે બીજો સૂર્ય મેરૂની ઉત્તર તરફ ચાર ચરે છે. તે જ વખતે દક્ષિણ ભાગે દક્ષિણ બાજુના સૂર્યની સમશ્રેણીએ પ્રતિબદ્ધ એવા બે સૂર્યો લવણસમુદ્રમાં, છ ધાતકીખંડમાં, એકવીશ કાલોદસમુદ્રમાં ને છત્રીશ પુષ્કરવરદ્વીપાર્ધમાં ચાર ચરે છે. એ જ રીતે ઉત્તર બાજુ ઉત્તર તરફના સૂર્યની સમશ્રેણીએ પ્રતિબદ્ધ એવા લવણસમુદ્ર વિગેરેમાં સૂર્યો ચાર ચરે છે. એ પ્રમાણે સૂર્યોની બે પંક્તિ છે તેવી જ ચંદ્રની પણ બે પંક્તિ છે. એકેક પંક્તિમાં ચંદ્ર ને સૂર્ય ૬૬-૬૬ હોય છે તે આ પ્રમાણે-મેરૂની

દક્ષિણ બાજુ સૂર્યની પંક્તિમાં ૧ જંબૂદ્વીપમાં, ૨ લવણસમુદ્રમાં, ૬ ધાતકીખંડમાં, ૨૧ કાળોદસમુદ્રમાં ને ૩૬ પુષ્કરવરદ્વીપાર્ધમાં–એમ સર્વ સંખ્યાએ ૬૬ થાય છે. એ રીતે ઉત્તર બાજુની સૂર્યની પંક્તિમાં પણ ૬૬ જાણવા. એવી રીતે જુદી જુદી ચંદ્રની પંક્તિમાં પણ ૬૬–૬૬ જાણવા. ૬૭.

નક્ષત્ર ને ગ્રહની પંક્તિપ્રતિપાદક એવી સૂર્યપ્રજ્ઞપ્તિની બે ગાથા નીચે પ્રમાણે–

**छपन्नं पंतीओ, नक्खत्ताणं तु मणुयलोगम्मि ।**
**छावट्ठी छावट्ठी य, होइ इक्किक्किया पंती ॥ ६८ ॥**

**छावत्तरी गहाणं, पंतिसयं होइ मणुयलोगम्मि ।**
**छावट्ठी छावट्ठी य, होइ इक्किक्किया पंती ॥ ६९ ॥**

આ બે ગાથા અન્ય સ્થળની હોવાથી ટીકાકારે ટીકા કરી નથી. એનો ભાવાર્થ એ છે કે–મનુષ્યલોકમાં નક્ષત્રની પંકિત છપ્પન છે અને એકેક પંકિતમાં નક્ષત્રો ૬૬–૬૬ હોય છે. મનુષ્યક્ષેત્રમાં ગ્રહોની પંક્તિ એક સો ને છોંતેર છે. એકેક પંકિતમાં નક્ષત્ર ૬૬–૬૬ હોય છે. ૬૮–૬૯.

આ જંબૂદ્વીપમાં દક્ષિણાયન ને ઉત્તરાયનને કરનારા બે સૂર્યના પ્રતિદિવસ પરિભ્રમણ કરવા યોગ્ય ક્ષેત્રરૂપ પોતપોતાના બિમ્બ (વિમાન) પ્રમાણ વિષ્કંભવાળા મંડળો એક સો ને ચોરાશી છે. તેમાં સર્વાભ્યંતર મંડળથી માંડીને સર્વ બહિર્વર્તી મંડળ સુધી જેટલું ક્ષેત્ર અભિવ્યાપ્ય છે તે કહે છે:—

**सव्वेसिं सूराणं, अब्भिंतरमंडला उ बाहिरियं ।**
**होइ अबाहा नियमा, पंचेव दसुत्तरसयाइं ॥ ७० ॥**

**અર્થ:**—સૂર્યના સર્વ અભ્યંતરમંડળથી સર્વ બાહ્યમંડળ સુધી અબાધા નિશ્ચે પાંચ સો ને દશ યોજન પ્રમાણ છે. ૭૦.

**ટીકાર્થ:**—સર્વ સૂર્યોના–સૂર્ય ગ્રહણથી ચંદ્રનું પણ ગ્રહણ કરવું. અન્યથા જંબૂદ્વીપમાં બે જ સૂર્યો છે એટલે સર્વ સૂર્ય શબ્દની અનુપપત્તિ થાય. તેથી જે જંબૂદ્વીપમાં રહેલા સર્વ સૂર્ય ચંદ્રની સર્વાભ્યંતરમંડળથી આગળ સર્વ બાહ્યમંડળ સુધી જે અબાધારૂપ ક્ષેત્ર છે તે નિયમા પાંચ સો ને દશ યોજન છે. જે સર્વ અભ્યંતરમંડળે સૂર્યબિંબના ક્ષેત્રવિષ્કંભનું માન છે તેટલું તેમાં વધારે

સમજવું. એટલે જંબૂદ્વીપમાં રહેલા ચંદ્ર ને સૂર્યનું સામસ્ત્યપણે મંડળક્ષેત્રનું પ્રમાણ ૫૧૦ યોજન અને $\frac{૪૮}{૬૧}$ યોજન સમજવું. ૭૦

હવે ચંદ્ર ને સૂર્ય જંબૂદ્વીપની અંદર કેટલા યોજન આવે છે? અને લવણસમુદ્રમાં કેટલા યોજન જાય છે? તે કહે છે—

**पविसेइ य उयहिम्मी, तिन्नेव सयाइं तीसअहियाइं ।**
**असियं च जोयणसयं, जंबुद्दीवम्मि पविसेइ ॥ ७१ ॥**

**અર્થ:**—લવણસમુદ્રમાં ૩૩૦ યોજન પ્રવેશ કરે છે-જાય છે અને જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન પ્રવેશ કરે છે-આવે છે. (લવણસમુદ્રમાં $\frac{૪૮}{૬૧}$ વધારે સમજવાના છે.)

**ટીકાર્થ:**—ચંદ્ર અથવા સૂર્ય લવણસમુદ્રમાં ૩૩૦ યોજન પ્રવેશ કરે છે અર્થાત્ સર્વ બાહ્ય મંડળ લવણસમુદ્રમાં ૩૩૦ યોજન સુધી છે એટલે ત્યાં સુધી સૂર્ય ને ચંદ્ર પરિભ્રમણ કરે છે. તથા ૧૮૦ યોજન જંબૂદ્વીપમાં પ્રવેશ કરે છે. અર્થાત્ જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન પ્રવેશ કરીને સર્વ અભ્યંતર મંડળે પરિભ્રમણ કરે છે-ચાર ચરે છે. સૂર્યના પોતાના બિમ્બ ( વિમાન ) પ્રમાણ વિષ્કંભવાળા ૧૮૪ મંડળો છે. દરેક મંડળનું આંતરૂં બે યોજન પ્રમાણ છે, એના ૧૮૩ આંતરા છે. ચંદ્રના પોતાના બિમ્બ ( વિમાન ) પ્રમાણ મંડળ ૧૫ છે, તેના ૧૪ આંતરા છે. તે દરેક આંતરૂં ૩૫ યોજન ને ત્રીશ એકસઠીયા ભાગ તથા એક એકસઠીઆ ભાગના સાત ભાગ કરીએ એવા ચાર ભાગ ( ૩૫ $\frac{૩૦}{૬૧}$ $\frac{૪}{૭}$ )નું છે. શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિમાં આ પ્રમાણેજ કહેલ છે. ( તે માગધી પાઠ અહીં લખેલ નથી. ) આ જ અર્થની પ્રતિપાદન કરનારી શાસ્ત્રાંતરની ૪ ગાથાઓ છે તે ટીકામાં લખી છે. તેમાં કાંઈપણ વિશેષ ન હોવાથી અહીં લખેલ નથી.

૧૮૪ મંડળો પૈકી ૬૫ મંડળો જંબૂદ્વીપમાં છે ને ૧૧૯ લવણસમુદ્રમાં છે. શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે-'હે ભગવંત! જંબૂદ્વીપમાં કેટલા યોજન અવગાહીને કેટલા મંડળો રહેલા છે?' 'હે ગૌતમ! જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અવગાહીને ૬૫ મંડળો રહેલા છે.' અહીં વૃદ્ધવાદ આ પ્રમાણે છે કે-'મેરૂની પૂર્વે નિષધપર્વતની ઉપર ૬૩ મંડળો રહેલા છે અને બે મંડળ હરિવર્ષની જીવા ઉપર રહેલા છે. મેરૂની પશ્ચિમે નીલપર્વતની ઉપર ૬૩ મંડળો રહેલા છે અને બે મંડળ રમ્યકક્ષેત્રની જીવા ઉપર રહેલા છે.' તથા 'હે ભગવંત! લવણ-સમુદ્રમાં કેટલા યોજન અવગાહીને કેટલા મંડળ રહેલા છે?' 'હે ગૌતમ!

લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહીને ૧૧૯ મંડળ રહેલા છે.' આ પ્રમાણે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં જ કહેલું છે. ચંદ્રના જંબૂદ્વીપમાં પાંચ ને લવણસમુદ્રમાં દશ મંડળ રહેલા છે. તે બાબત પણ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે-'હે ભગવંત! જંબૂદ્વીપમાં કેટલા યોજન અવગાહીને કેટલા ચંદ્રના મંડળ છે?' 'હે ગૌતમ! જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અવગાહીને ચંદ્રના પાંચ મંડળ રહેલા છે.' 'હે ભગવંત! લવણસમુદ્રમાં કેટલા યોજન અવગાહીને કેટલા ચંદ્રમંડળ રહેલા છે?' 'હે ગૌતમ! ૩૩૦ યોજન અવગાહીને ચંદ્રના દશ મંડળ રહેલા છે.' આ પ્રમાણે મેરૂપર્વતથી પૂર્વમાં ને પશ્ચિમમાં જંબૂદ્વીપમાં ને લવણસમુદ્રમાં મળીને ચંદ્રના ૧૫ મંડળ છે એમ સમજવું.

નક્ષત્રોનું ને તારાઓનું પ્રત્યેકે એકેક સદા અવસ્થિત મંડલ છે. તેનું દક્ષિણાયન કે ઉત્તરાયન થતું નથી. ૭૧ (ગ્રહના મંડળ આઠ છે તે અહીં કહેલ નથી).

હવે ચંદ્ર ને સૂર્યના પરિભ્રમણનું સ્વરૂપ કહેવા માટે સૂર્યપ્રજ્ઞપ્તિની ગાથા કહે છેઃ—

**ते मेरुपरियडंता, पआहिणावत्तमंडला सव्वे ।**
**अणवट्ठियजोगजुआ, चंदा सूरा गहगणा य ॥ ७२ ॥**

**ટીકાર્થઃ**—તે ચંદ્ર, સૂર્ય અને ગ્રહો બધા જંબૂદ્વીપગત મેરૂપર્વતને મધ્યમાં કરીને-રાખીને પર્યટન કરે છે-ફરે છે. તે નક્ષત્રોની સાથે અનવસ્થિત યોગવાળા હોતા સતા ફરે છે. એટલે કે ચંદ્ર, સૂર્ય અથવા ગ્રહો કોઇ વખતે કોઈ નક્ષત્રની સંગાતે સંયોગમાં આવે છે તેથી એને માટે ચોક્કસ નિયમ નથી. એવી રીતે તેઓ મેરૂથી દક્ષિણાવર્તપણે મેરૂની પ્રદક્ષિણા કરતા સતા ફરે છે. જે નક્ષત્રો અને તારાઓ સદા અવસ્થિત પ્રતિનિયત મંડળવાળા છે તે પણ મેરૂને પ્રદક્ષિણા દેતા જ ફરે છે. શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે-'જે નક્ષત્રો ને તારાઓના અવસ્થિત મંડળ છે તે પણ મેરૂપર્વતને પ્રદક્ષિણાવર્તપણે જ ચાર ચરે છે-ફરે છે.' ૭૨

હવે મનુષ્યક્ષેત્રની બહારના અવસ્થિત (સ્થિર) એવા ચંદ્ર-સૂર્યોનું અપાન્તરાળ કહેનારી મતાન્તર સૂચવનારી પ્રક્ષેપગાથા કહે છેઃ—

**चंदाओ सूरस्स य, सूरा चंदस्स अंतरं होइ ।**
**पन्नाससहस्साइं, तु जोअणाइं समहिआइं ॥ ७३ ॥**

**ટીકાર્થ:**—મનુષ્યલોકની બહાર ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું આંતરૂં પચાસ હજાર યોજનથી કાંઈક અધિક–એટલું છે. આ ગાથા પ્રક્ષેપ છે એમ કેમ જણાય ? તે કહે છે—મૂળ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિએ આ વાતની લેશ પણ સૂચના કરી નથી તેથી આ ગાથા પ્રક્ષેપ જણાય છે. આ પ્રમાણે આગળ પણ મતાન્તર પ્રતિપાદક ગાથા હોય તે પ્રક્ષેપ ગાથા સમજવી. ૭૩

મનુષ્યક્ષેત્રની બહાર લાખ લાખ યોજનને આંતરે રહેલી ચંદ્ર–સૂર્યની પંક્તિને કહેનારી મતાન્તરવાળી બીજી પ્રક્ષેપ ગાથા કહે છે—

**पणयालसयं पढमि–ल्लुयाइं पंतीए चंदसूराणं ।**
**तेण परं पंतीओ, छगसत्तगवुढ्ढिओ नेया ॥ ७४ ॥**

**અર્થ:**—મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્ર ને સૂર્ય પહેલી પંક્તિમાં ૧૪૫ જાણવા ત્યારપછી દરેક પંક્તિમાં છ અથવા સાતની વૃદ્ધિ જાણવી. ૭૪.

**ટીકાર્થ:**—મનુષ્યક્ષેત્રની બહાર અર્ધ લક્ષ યોજન જઈએ ત્યારે ચંદ્ર-સૂર્યની પહેલી પંક્તિ આવે તે પંક્તિમાં પરિધિ પ્રમાણે ૧૪૫ ચંદ્રો અને ૧૪૫ સૂર્યો હોય, તે આ પ્રમાણે—મનુષ્યક્ષેત્રથી આગળ અર્ધ લક્ષ યોજન જઈએ ત્યારે વૃત્તક્ષેત્રનું પરિમાણ ૪૬ લાખ યોજનનું થાય. તેની પરિધિ એક ક્રોડ પીસ્તાળીશ લાખ છેંતાળીશ હજાર ચાર સો ને છોંતેર (૧૪૫૪૬૪૭૬) યોજનની થાય. એટલી પરિધિમાં કિંચિત્ અધિક પચાસ પચાસ હજાર યોજનને આંતરે રહેલા ચંદ્રસૂર્યો ૧૪૫–૧૪૫ થાય. ત્યારપછીની પંક્તિઓમાં ચંદ્ર-સૂર્યની સંખ્યામાં છ અથવા સાતની વૃદ્ધિ કરવી. એટલે કે પહેલી પંક્તિ પછીની એક પંક્તિમાં છ, બીજી પંક્તિમાં સાત, ત્યારપછી બે પંક્તિમાં છ છ, ત્યારપછી એક પંક્તિમાં સાત, આ પ્રમાણે દરેક પંક્તિમાં વધતી વધતી સંખ્યા પ્રતિદ્વીપ ને પ્રતિસમુદ્રે જાણવી. આ બાબત આ પ્રમાણે સમજવું કે—પુષ્કરવર-દ્વીપના ઉત્તરાર્ધમાં પહેલી પંક્તિમાં ૧૪૫ ચંદ્ર ને ૧૪૫ સૂર્ય, બીજી પંક્તિમાં છ છ વધારવા એટલે ૧૫૧ ચંદ્ર ને ૧૫૧ સૂર્ય, ત્રીજી પંક્તિમાં ૭ વધારવા એટલે ૧૫૮ ચંદ્ર ને ૧૫૮ સૂર્ય, ચોથી પંક્તિમાં છ વધારવાથી ૧૬૪ ચંદ્ર ને ૧૬૪ સૂર્ય, પાંચમી પંક્તિમાં પણ છ જ વધતા હોવાથી ૧૭૦ ચંદ્ર ને ૧૭૦ સૂર્ય, છઠ્ઠી પંક્તિમાં સાત વધતા હોવાથી ૧૭૭ ચંદ્ર ને ૧૭૭ સૂર્ય, સાતમી પંક્તિમાં છ વધવાથી ૧૮૩ ચંદ્ર ને ૧૮૩ સૂર્ય, આઠમી પંક્તિમાં છ વધ-

વાથી ૧૮૯ ચંદ્ર ને ૧૮૯ સૂર્ય—એ પ્રમાણે ગણતાં સર્વ સંખ્યાએ પુષ્કરવરદ્વીપના ઉત્તરાર્ધમાં ૧૩૩૭ ચંદ્ર ને ૧૩૩૭ સૂર્યો થાય છે. ૭૪

આ હકીકત જ ગાથાવડે કહે છે—

**चंदाण सव्वसंखा, सत्ततीसाइं तेरस सयाइं ।**
**पुक्खरदीविअरद्धे, सूराण वि तत्तिआ जाण ॥ ७५ ॥**

**અર્થ**:—" પુષ્કરવરદ્વીપના ઇતર અર્ધમાં ચંદ્ર સર્વ સંખ્યાએ તેરસો સાડત્રીશ જાણવા અને સૂર્યો પણ તેટલા જ જાણવા. "

**ટીકાર્થ**—ગાથા સુગમ છે. પણ એટલું વિશેષ સમજવું કે—પુષ્કરવરદ્વીપના ઇતરાર્ધે એટલે મનુષ્યક્ષેત્રની બહારના અર્ધમાં એમ જાણવું.

તેનાથી અનંતર પુષ્કરવર સમુદ્રમાં પહેલી પંક્તિમાં ૨૯૦ ચંદ્ર ને ૨૯૦ સૂર્યો સમજવા. તે આ રીતે—પુષ્કરવરદ્વીપના બીજા ઉત્તરાર્ધમાં પહેલી પંક્તિમાં જે સૂર્યચંદ્રનું પરિમાણ ( ૧૪૫ નું ) કહ્યું છે તેથી પુષ્કરવરોદ સમુદ્રમાં પહેલી પંક્તિમાં બમણું જાણવું. આ પ્રમાણે ત્યારપછીના દ્વીપો ને સમુદ્રોમાં જાણવું. એટલે પાશ્ચાત્ય દ્વીપ કે સમુદ્રની પહેલી પંક્તિમાં જેટલું ચંદ્ર સૂર્યનું પરિમાણ હોય તે કરતાં ત્યારપછીના દ્વીપ કે સમુદ્રની પહેલી પંક્તિમાં બમણું જાણવું. ત્યારપછી બધે બીજી પંક્તિમાં છની વૃદ્ધિ, ત્રીજી પંક્તિમાં સાતની વૃદ્ધિ, ત્યારપછી બે પંક્તિમાં છ છ ની વૃદ્ધિ ને એકમાં ૭ ની વૃદ્ધિ, ત્યારપછી પાછી બેમાં છ છની વૃદ્ધિ—એમ ત્યાં સુધી સમજવું કે તે દ્વીપ કે સમુદ્રની છેલ્લી પંક્તિ આવે. આ મત દિગંબરને સંમત એવા કર્મપ્રકૃતિપ્રાભૃતમાં બતાવેલો હોવાથી દિગંબરનો સમજવો. ૭૫.

હવે કરણની વિભાવનામાં જે પ્રસિદ્ધ મતાન્તર છે તેને પ્રતિપાદન કરનારી પ્રક્ષેપ ગાથા કહે છે—( આ બીજો મતાન્તર સમજવો )

**चोआलसयं पढमि—ल्लुआए पंतीए चंदसूराणं ।**
**तेण परं पंतीओ, चउरुत्तरिआ य वुड्ढीए ॥ ७६ ॥**

**અર્થ**—" પુષ્કરવરદ્વીપના ઉત્તરાર્ધમાં પ્રથમ પંક્તિમાં ચંદ્ર ને સૂર્ય મળીને ૧૪૪ હોય છે. તેની પછી દરેક પંક્તિમાં ચાર ચારની વૃદ્ધિ કરવી. "

**ટીકાર્થ**—મનુષ્યક્ષેત્રની આગળ પચાસ હજાર યોજન જઈએ ત્યારે ચંદ્ર-સૂર્યની પહેલી ફરતી પંક્તિ આવે. તેમાં ૭૨ ચંદ્ર ને ૭૨ સૂર્ય હોય. કહ્યું છે કે—'તે માનુષોત્તર પર્વતથી ૫૦૦૦૦ યોજન જઇએ ત્યારે પહેલી પંક્તિમાં ૭૨ ચંદ્ર ને ૭૨ સૂર્ય હોય.' તે પહેલી પંક્તિમાં ચંદ્ર ને સૂર્યનું પરસ્પર અંતર એક લાખ, એક હજાર ને સત્તર યોજન તથા $\frac{૭}{૩૬}$ યોજન હોય. આ પરિમાણ શી રીતે આવ્યું તે સમજાવે છે—પહેલી પંક્તિ માનુષોત્તર પર્વતથી ૫૦૦૦૦ યોજને છે. ત્યાં એક બાજુ ૫૦૦૦૦ તેમ બીજી બાજુ પણ ૫૦૦૦૦ વધવાથી એક લાખ યોજનનો વિષ્કંભ વધે. લાખ યોજનની પરિધિ ૩૧૬૨૨૭ યોજન થાય. (શેષ વધારાની વિવક્ષા કરી નથી) આ પરિધિને મનુષ્યક્ષેત્રની પરિધિમાં નાખીએ. મનુષ્યક્ષેત્રની પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજનની છે તેથી બે અંક ભેગા કરતાં ૧૪૫૪૬૪૭૬ યોજન થાય. તેને ચંદ્રસૂર્યની સંખ્યા ૧૪૪ ની છે તે વડે ભાંગીએ એટલે એક લાખ, એક હજાર ને સત્તર આવે. શેષ ૨૮ વધે તેથી તેને અને ભાગહાર્ય રાશી ૧૪૪ છે તેને ચારવડે ભાંગીએ-અપવર્તના કરીએ એટલે સાત છત્રીશીઆ ભાગ આવે. એટલું પ્રથમ પંક્તિમાં ચંદ્ર ને સૂર્યને અંતર હોય અને તેથી બમણું ચંદ્રચંદ્રને તેમ જ સૂર્યસૂર્યને અંતર હોય. તે જ વાત ગાથાવડે કહે છે—

**बावत्तरि चंदाणं, बावत्तरि सूरियाण पंतीए ।**
**पढमाए अंतरं पुण, चंदा चंदस्स लक्खदुगं ॥ ७७ ॥**

વ્યાખ્યા સુગમ હોવાથી કરી નથી. વિશેષ એ છે કે—ચંદ્રચંદ્રનું ને સૂર્ય-સૂર્યનું અંતર બે લાખ યોજન ઉપર ૨૦૩૪ યોજનનું જાણવું. આ પ્રમાણે સર્વ પંક્તિમાં પરિધિના પરિમાણની ભાવના કરીને વિવક્ષિત પંક્તિગત સૂર્ય ને ચંદ્રની સંખ્યાવડે ભાંગાકાર કરવો. એ પ્રમાણે કરતાં જે આંક આવે તેટલું ચંદ્રસૂર્યને અથવા સૂર્યચંદ્રને પરસ્પર આંતરૂં જાણવું. અને જે દ્વીપ અથવા સમુદ્ર જેટલા લાખ યોજન વિસ્તારમાં હોય તેટલી ચંદ્રસૂર્યની પંક્તિ જાણવી. ૭૭. તે જ વાત ગાથાવડે કહે છે—

**जो जाइं सयसहस्साइं, वित्थरो सागरो अ दीवो वा ।**
**तावइयाओ तहिअं, पंतीओ चंदसूराणं ॥ ७८ ॥**

" જે દ્વીપ ને સમુદ્રનો જેટલા લાખ યોજનનો વિસ્તાર હોય તેટલી ત્યાં ચંદ્ર ને સૂર્યની પંક્તિઓ જાણવી. " ૭૮.

( સુગમ હોવાથી ટીકા કરેલ નથી. )

હવે ઉપર જણાવેલ મત પ્રમાણે પ્રતિદ્વીપ ને પ્રતિસમુદ્રમાં ચંદ્ર–સૂર્યની સંખ્યાનું પરિમાણ જાણવા માટે કરણ કહે છે:—

**गच्छोत्तर संवग्गो, उत्तरहीणम्मि पक्खिवे आइं ।**
**अंतिमधणमाइजुअं, गच्छद्धगुणं तु सव्वधणं ॥ ७९ ॥**

**અર્થ**:—જે દ્વીપ કે સમુદ્રમાં જેટલી પંક્તિઓ હોય ત્યાં સુધી ગચ્છ એટલે જા, કારણ કે ઉત્તરોત્તર પંક્તિમાં ચાર ચાર વધારવાના છે પણ જેટલી પંક્તિ ગયો હો તેની સંખ્યાને ચારે ગુણ, ગુણીને છેલ્લા ચાર બાદ કર. પછી જે સંખ્યા રહે તેને પ્રથમની સંખ્યામાં ક્ષેપન કર. એટલે છેલ્લી પંક્તિની સંખ્યા આવશે. પછી તે અંતિમ ધનને પ્રથમની સંખ્યા યુકત કર અને જેટલી પંકિત ગયો હો તેના અર્ધવડે ગુણ–ગુણાકાર કર, એટલે તે દ્વીપ અથવા સમુદ્રના સૂર્ય ને ચંદ્રની સર્વ સંખ્યા આવશે. ૭૯

**ટીકાર્થ**:—જે દ્વીપે અથવા સમુદ્રે તે જેટલા લાખ યોજનના વિસ્તારવાળો હોય તેટલી સૂર્ય–ચંદ્રની પંકિત હોય ત્યાં સુધી જા અને જેટલી પંકિત જા તેની સંખ્યાને ચારવડે ગુણ અને છેલ્લા ચાર તેમાંથી બાદ કર. પછી જે સંખ્યા રહે તેને પ્રથમ પંકિતની સંખ્યામાં ક્ષેપન કર. એટલે છેલ્લી પંકિતમાં કેટલા સૂર્ય–ચંદ્ર હોય તે સંખ્યા આવશે. પછી તે છેલ્લી સંખ્યાને પહેલી સંખ્યા યુકત કર. કરીને જેટલી પંકિત ગયો હો તેના અર્ધવડે તેને ગુણ–ગુણાકાર કર. એટલે સર્વધન અર્થાત્ વિવક્ષિત દ્વીપ અથવા સમુદ્રમાં સર્વપંકિતગત સૂર્ય–ચંદ્રનું પરિમાણ આવશે. તે કરી બતાવે છે—

પુષ્કરવરદ્વીપના ઉત્તરાર્ધમાં તેનું પરિમાણ આઠ લાખ યોજનનું હોવાથી આઠ પંકિતઓ હોય એટલે આઠનો **ગચ્છ** કહેવાય. તેને દરેક પંક્તિમાં ચાર ચાર વધતા હોવાથી ચારે ગુણતાં ૩૨ આવે, તેમાંથી છેલ્લા ૪ બાદ કરીએ, એટલે બાકી ૨૮ રહે તે પ્રથમ પંકિતગત ૧૪૪ ની સંખ્યામાં ઉમેરીએ એટલે ૧૭૨ થાય. એટલા પુષ્કરવરદ્વીપના ઉત્તરાર્ધમાં આઠમી પંકિતમાં સમુદિત ચંદ્ર ને સૂર્ય હોય. હવે તે ૧૭૨ ની સંખ્યાને પ્રથમની પંકિતગત ૧૪૪ ની સંખ્યા સંયુકત કરીએ એટલે ૩૧૬ થાય. તેને ગચ્છની આઠની સંખ્યાના અર્ધ ચારવડે ગુણીએ

એટલે ૧૨૬૪ થાય. એટલા પુષ્કરવરદ્વીપના ઉત્તરાર્ધમાં સર્વ સંખ્યાએ ચંદ્ર ને સૂર્ય હોય, તથા પુષ્કરવરોદ સમુદ્રમાં તે ૩૨ લાખ યોજન વિસ્તારવાળો હોવાથી ૩૨ પંક્તિઓ સૂર્ય-ચંદ્રની છે, એટલે ૩૨નો ગચ્છ તેને વધતા ચતુષ્કવડે ગુણતાં ૧૨૮ આવે તેમાંથી છેલ્લા ૪ બાદ કરતાં ૧૨૪ રહે. તેને પ્રથમની પંક્તિની ૧૭૬ની સંખ્યામાં ભેળવીએ એટલે ૩૦૦ થાય. એટલા પુષ્કરવર સમુદ્રની છેલી બત્રીશમી પંક્તિમાં ચંદ્ર ને સૂર્ય હોય. તે સંખ્યામાં પ્રથમની પંક્તિની ૧૭૬ની સંખ્યા છે તે ભેળવીએ એટલે ૪૭૬ થાય. તેને ગચ્છની સંખ્યા જે ૩૨ની છે તેના અર્ધ ૧૬ વડે ગુણીએ એટલે ૭૬૧૬ આવે. એટલા પુષ્કરવર સમુદ્રમાં સર્વ સંખ્યાએ સમુદિત કરેલા ચંદ્રો ને સૂર્યો હોય. આ પ્રમાણે સર્વ દ્વીપો ને સમુદ્રોમાં ચંદ્ર ને સૂર્યની સંખ્યા જાણવા માટે કરણ કરવું. ૭૯

ઉપર પ્રમાણે બન્ને મતાન્તર પ્રતિપાદક પ્રક્ષેપ ગાથાઓ વ્યાખ્યા સહિત કહી, હવે પ્રસ્તુત હકીકત સાથે અનુસંધાન કરે છે. તેમાં દ્વીપ ને સમુદ્રોમાં ચંદ્ર ને સૂર્યની સંખ્યા જાણવા માટે **धायइखंडप्पभिई०** એ ગાથાની વ્યાખ્યાવડે પ્રથમની સંખ્યાને ત્રણગુણી કરીને પાછલી સંખ્યા ભેળવવી. એટલા તે તે દ્વીપ ને સમુદ્રમાં ચંદ્ર ને સૂર્ય હોય. આવો ગ્રંથકારનો ને પ્રાચીન ટીકાકારનો અભિપ્રાય છે તે સૂચવ્યો. હવે દ્વીપ સમુદ્રોની સંખ્યાનું પરિમાણ જાણવા માટે કહે છે:—

## उद्धारसागराणं, अड्ढाइज्जाण जत्तिआ समया ।
## दुगुणा दुगुणपवित्थर—दीवोदहि हुंति एवइया ॥ ८० ॥

**ટીકાર્થ:**—અર્ધ છે ત્રીજું જેમાં તે અર્ધતૃતીય અર્થાત્ બે અને અર્ધ એટલે અઢી ઉદ્ધાર સાગરોપમના—જે ઉદ્ધાર સાગરોપમનું સ્વરૂપ પૂર્વે ચોથી ગાથામાં બતાવવામાં આવેલ છે તેના જેટલા સમય છે, તેટલા દ્વીપો ને સમુદ્રો છે. તે કેવા છે? બમણા બમણા વિસ્તારવાળા એટલે પૂર્વ પૂર્વના વિસ્તારથી બમણા બમણા પ્રમાણવાળા છે; તે આ રીતે—જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજન. આ યોજન પ્રમાણાંગુળનિષ્પન્ન જાણવું. કહ્યું છે કે—' **नगपुढविविमाणाइं मिणसु पमाणंगुलेन**—પર્વત, પૃથ્વી ને વિમાનાદિ શાશ્વત પદાર્થ પ્રમાણાંગુળવડે માપવા.'

ત્યારપછી બે લાખ યોજનના વિષ્કંભવાળો લવણસમુદ્ર, ચાર લાખનો ધાતકી ખંડ, આઠ લાખ યોજનનો કાળોદસમુદ્ર, સોળ લાખ યોજનનો પુષ્કરવરદ્વીપ, ૩૨ લાખ યોજનનો પુષ્કરવરોદ સમુદ્ર—આ પ્રમાણે પૂર્વલા પૂર્વલા કરતાં બમણા બમણા વિસ્તારવાળા દ્વીપો ને સમુદ્રો ત્યાં સુધી જાણવા કે યાવત્

અસંખ્ય કોટાકોટી યોજનવાળા સ્વયંભૂરમણ દ્વીપથી સ્વયંભૂરમણ સમુદ્ર બમણા પ્રમાણવાળો છે. ૮૦

દ્વીપો ને સમુદ્રોનું પરિમાણ કહ્યું, હવે કેટલા દ્વીપો ને સમુદ્રોવાળું ને કેટલા યોજનના પરિમાણવાળું મનુષ્યક્ષેત્ર છે તે કહે છે—

**अड्ढाइज्जा दीवा, दुन्नि समुद्दा य माणुसं खित्तं ।**
**पणयालसयसहस्सा, विक्खंभायामओ भणिअं ॥ ८१ ॥**

**અર્થ**:--અઢી દ્વીપ ને બે સમુદ્રરૂપ મનુષ્યક્ષેત્ર છે, તે લંબાઈ પહોળાઈમાં પીસ્તાળીશ લાખ યોજનપ્રમાણ કહ્યું છે. ૮૧.

**ટીકાર્થ**:—અઢી દ્વીપ તે આ પ્રમાણે–જંબૂદ્વીપ, ધાતકીખંડ ને પુષ્કરવરદ્વીપ અર્ધ, બે સમુદ્ર તે લવણસમુદ્ર ને કાળોદસમુદ્ર. એ બધાને એકત્ર કરીએ એટલું મનુષ્ય સંબંધી ક્ષેત્ર, તેટલામાં જ મનુષ્યોનું જન્મ–મરણ થવાનો સંભવ હોવાથી જાણવું. તેમાં ભરતાદિ ૪૫ ક્ષેત્રોમાં અને ૫૬ અંતરદ્વીપોમાં મનુષ્યોના જન્મ-મરણો થાય છે એ તો પ્રસિદ્ધ જ છે. સમુદ્ર અને વર્ષધર પર્વતાદિકમાં પ્રાયઃ જન્મ ઘટતો નથી. મરણ તો સંહરણથી અથવા વિદ્યા કે લબ્ધિના વશથી ત્યાં પોતાની મેળે જનારનું સંભવે છે. મનુષ્ય ક્ષેત્રની બહાર મનુષ્યનો જન્મ થયો નથી, થતો નથી અને થશે નહિ. જો કદિ કોઇ દેવ, દાનવ અથવા વિદ્યાધરને પૂર્વાનુબદ્ધ વૈરના નિર્યાતન માટે એવી બુદ્ધિ થાય કે આ મનુષ્યને આ સ્થાનથી ઉપાડીને મનુષ્યક્ષેત્રની બહાર ફેંકી દઉં કે જેથી તે ત્યાં ઊર્ધ્વશોષપણે શોષાઇ જાય અને મરી જાય. તથાપિ લોકાનુભાવથી જ તેને પાછું કોઇપણ કારણે બુદ્ધિમાં પરાવર્તન થાય કે જેથી તે સંહરણ જ ન કરે અથવા સંહરણ કરેલ હોય તો પાછો અહીં લાવીને મૂકે, તેથી પણ મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્ય મરણ પણ પામ્યો નથી, પામતો નથી ને પામશે પણ નહીં.

જંઘાચારણ અથવા વિદ્યાચારણ મુનિઓ પણ જે નંદીશ્વર દ્વીપાદિકમાં જાય છે. તે પણ ત્યાં રહ્યા સતા મરણ પામતા નથી; પરંતુ મનુષ્યક્ષેત્રમાં આવીને જ મરણ પામે છે, તેથી જ અઢી દ્વીપ ને બે સમુદ્ર પ્રમાણ મનુષ્યક્ષેત્ર કહેવાય છે. તે મનુષ્યક્ષેત્રનું પ્રમાણ કેટલું છે તે કહે છે–**पणयालेत्यादि** અઢી દ્વીપ ને બે સમુદ્ર પ્રમાણ મનુષ્યક્ષેત્ર લંબાઇ ને પહોળાઈમાં તીર્થંકર–ગણધરોએ પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ કહેલું છે. તે કેવી રીતે ?

પ્રથમ જંબૂદ્વીપ તેલમાં તળેલા પુડલાના આકારવાળો અને ત્યારપછીના લવણસમુદ્ર વિગેરે બમણા-પ્રમાણવાળા વલયાકૃતિવાળા છે. તેમાં એક દિશાએ પુષ્કરવરદ્વીપાર્ધ વિસ્તારમાં આઠ લાખ યોજન, કાળોદસમુદ્ર આઠ લાખ યોજન, ધાતકીખંડ ચાર લાખ યોજન, લવણસમુદ્ર બે લાખ યોજન. સર્વ સંખ્યાએ ૨૨ લાખ યોજન. તેટલા જ બીજી બાજુએ ૨૨ લાખ યોજન. બે મળીને ૪૪ લાખ તેમાં એક લાખ જંબૂદ્વીપનું પ્રમાણ ભેળવતાં મનુષ્યક્ષેત્રનું પ્રમાણ ૪૫ લાખ યોજન થાય છે. ૮૧.

હવે કેટલાક દ્વીપોનાં નામો સાક્ષાત્ બે ગાથાવડે કહે છે—

**जंबुद्दीवो धायइ, पुक्खरदीवो य वारुणिवरो य ।**
**खीरवरो वि य दीवो, घयवरदीवो य खोयवरो ॥ ८२ ॥**

**नंदीसरो य अरुणो, अरुणवाओ अ कुंडलवरो य ।**
**तह संखरुयगभुय (ग) वर-कुसकुंचवरो तओ दीवो ॥८३॥**

**ટીકાર્થ**—પહેલો જંબૂદ્વીપ, ત્યારપછી બીજો ધાતકીખંડ, ત્રીજો પુષ્કરવરદ્વીપ, ચોથો વારૂણીવર, પાંચમો ક્ષીરવર, છઠ્ઠો ઘૃતવર, સાતમો ઈક્ષુવર, આઠમો નંદીશ્વર, નવમો અરૂણ, ત્યારપછી અરૂણોપપાત-એટલે અરૂણને-અરૂણશબ્દને **ઉપ** કેતાં સમીપ હોવાથી તેની પછી **પાત** શબ્દ ઉમેરતાં અરૂણોપપાત. તે આવી રીતે-દશમો અરૂણવર, અગ્યારમો અરૂણવરાવભાસ, ત્યારપછી જેમ અરૂણ શબ્દની ત્રિપ્રત્યવતારતા કહી છે તેમ કુંડળાદિ શબ્દની પણ કહેવી. કેમકે સૂત્રો તો સૂચના માત્રના કરનારા જ હોય છે. તે આ પ્રમાણે-બારમો કુંડળ, તેરમો કુંડળવર, ચૌદમો કુંડળવરાવભાસ. એમ જંબૂદ્વીપથી આરંભીને દ્વીપોના અનુક્રમે નામો સમજવા. આની પછી જે શંખાદિ નામ છે તે જેમ તેમ કહેલા છે પરંતુ તેને માટે ત્રિપ્રત્યવતારતા તો સમજવી. તે આ પ્રમાણે-શંખ, શંખવર, શંખવરાવભાસ, ભુજગ, ભુજગવર, ભુજગવરાવભાસ, કુશ, કુશવર, કુશવરાવભાસ, ક્રૌંચ, ક્રૌંચવર, ક્રૌંચવરાવભાસ-આ પ્રમાણે ત્રિપ્રત્યવતારતા નામોની ત્યાં સુધી સમજવી કે યાવત્ દેવદ્વીપની અગાઉ સૂર્યવરાવભાસ નામે દ્વીપ આવે. ૮૨-૮૩.

એ બધા દ્વીપો પ્રત્યેક એકેક વલયાકાર સમુદ્રવડે વેષ્ટિત છે, તેના નામ આ પ્રમાણે—

**जंबुद्दीवे लवणो, धायइसंडे य होइ कालोओ ।**
**सेसाणं दीवाणं, हवंति सरिसनामया उदही ॥ ८४ ॥**

**ટીકાર્થ**:—જંબૂદ્વીપની ફરતો વલયાકારે રહેલો લવણ નામનો સમુદ્ર છે, ધાતકી ખંડની ફરતો કાળોદ સમુદ્ર છે. ત્યારપછીના પુષ્કરવર વિગેરે દ્વીપોના પરિવેષ્ટક–વીંટીને રહેલા સમુદ્રો બધા દ્વીપોની સદૃશ નામવાળા છે. તે આ પ્રમાણે–પુષ્કરવર દ્વીપની ફરતો વલયાકારે રહેલો સમુદ્ર પુષ્કરવરોદ નામનો, વારૂણિવર દ્વીપની ફરતો વારૂણિવરોદ સમુદ્ર. એમ યાવત્ સ્વયંભૂરમણ દ્વીપની ફરતો સ્વયંભૂરમણ નામનો સમુદ્ર જાણવો. ૮૪.

હવે આ વાતનો ઉપસંહાર કરતા સતા કહે છે—

**एवं दीवसमुद्दा, दुगुणा दुगुणा भवे असंखेज्जा ।**
**भणिओ य तिरियलोए, सयंभुरमणोदही जाव ॥८५॥**

**ટીકાર્થ**:—એ રીતે ઉપર કહ્યા પ્રમાણે દ્વીપો ને સમુદ્રો પૂર્વ પૂર્વ દ્વીપ સમુદ્રની અપેક્ષાએ બમણા બમણા વિસ્તારવાળા અસંખ્યાતા છે. યાવત્ છેલ્લો સ્વયંભૂરમણ નામનો સમુદ્ર છે. આ પ્રમાણે તિર્છાલોકની હકીકત તીર્થંકર-ગણધરોએ કહેલી છે. ૮૫.

અહીં મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજન પ્રમાણ કહ્યું તે પ્રસંગે બીજું પણ કાંઇક કહે છે—

**पणयालीसं लक्खा, सीमंतय माणुसं उडु सिवं च ।**
**अपइट्ठाणो सव्वट्ठ–सिद्धि दीवो इमो लक्खं ॥ ८६ ॥**

**અર્થ**:—પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ સીમંતક નરકાવાસો, મનુષ્યક્ષેત્ર, ઉડુ નામનું ઇંદ્રક વિમાન અને સિદ્ધિક્ષેત્ર ( સિદ્ધશિલા ) છે. અને લાખ યોજન પ્રમાણ અપ્રતિષ્ઠાન નરકાવાસો, સર્વાર્થસિદ્ધ વિમાન ને આ જંબૂદ્વીપ છે.

**ટીકાર્થ**:—રત્નપ્રભા પૃથિવીના પહેલા પ્રસ્તટમાં સર્વ મધ્યવર્તી સીમન્તક નામનો નરકાવાસો, મનુષ્યક્ષેત્ર અને સૌધર્મેશાન દેવલોકના વલયમાં પ્રથમ પ્રસ્તટમાં સર્વમધ્યવર્ત્તી ઉડુ નામનું ઇંદ્રક વિમાન છે તે તથા સિદ્ધક્ષેત્ર–એ ચારે વાના દરેક લંબાઇ ને પહોળાઇમાં ૪૫ લાખ યોજન પ્રમાણ છે.

તથા સાતમી નરક પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નામનો ઇંદ્રક નરકાવાસો છે તે, પાંચ અનુત્તર વિમાનમાં સર્વમધ્યવર્ત્તી સર્વાર્થસિદ્ધ નામનું મહાવિમાન છે તે અને સર્વ દ્વીપ સમુદ્રમાં અભ્યંતરવર્ત્તી દ્વીપ જંબૂદ્વીપ છે તે–એ ત્રણે વાના પ્રત્યેક લંબાઈ ને પહોળાઇમાં લાખ યોજન પ્રમાણ છે. ૮૬.

હવે સમુદ્રોમાં રહેલા જળનું સ્વરૂપ કહે છે—

**पत्तेअरसा चत्तारि, सायरा तिन्नि हुंति उदयरसा ।**
**अवसेसा य समुद्दा, इक्खुरसा हुंति नायव्वा ॥ ८७ ॥**

**ટીકાર્થ**:—ચાર સમુદ્રો પ્રત્યેક રસવાળા એટલે જુદા જુદા રસવાળા છે તે આ પ્રમાણે–એક મદિરા જેવા રસવાળો ( વારૂણિવર ), બીજો ક્ષીર ( દૂધ ) સમાન રસવાળો ( ક્ષીરવર ), ત્રીજો ઘી સમાન રસવાળો ( ઘૃતવર ) અને ચોથો લવણ સમાન રસવાળો ( લવણસમુદ્ર ) જાણવો. ત્રણ સમુદ્ર ઉદકરસવાળા એટલે વરસાદથી પ્રાપ્ત થયેલ જળ જેવા જળવાળા ( કાલોદ, પુષ્કરવર ને સ્વયંભૂરમણ ) જાણવા. બાકીના સમુદ્રો નંદીશ્વર સમુદ્ર[1] વિગેરે ભૂતસમુદ્ર સુધીના સર્વે ઈક્ષુરસ જેવા જળવાળા જાણવા. ચતુર્જાતકથી મિશ્ર ત્રિભાગવર્ત્તિત ઈક્ષુરસ જેવા મધુર પાણીવાળા એ સમુદ્રો જાણવા. ૮૭.

હવે પ્રત્યેક રસવાળા ચાર ને ઉદક રસવાળા ત્રણના નામો કહે છે—

**वारुणिवर खीरवरो, घयवर लवणो य हुंति पत्तेया ।**
**कालोय पुक्खरोदहि, सयंभुरमणो य उदयरसा ॥ ८८ ॥**

**અર્થ**—વારૂણીવર, ક્ષીરવર, ઘૃતવર ને લવણ એ ચાર પ્રત્યેક રસવાળા જાણવા, અને કાળોદ, પુષ્કરવરોદ અને સ્વયંભૂરમણ એ ત્રણ ઉદકરસવાળા જાણવા.

**ટીકાર્થ**—વારૂણીવર, ક્ષીરવર, ઘૃતવર અને લવણોદ–એ ચાર સમુદ્ર પ્રત્યેક રસવાળા અર્થાત્ જુદા જુદા રસવાળા છે. તે આ પ્રમાણે–સુજાત–સારા એવા પરમદ્રવ્યથી સન્મિશ્ર એવી મદિરાની જેવા સ્વાદુ જળવાળો વારૂણીવર સમુદ્ર છે. ચોથા ભાગે ખાંડથી સન્મિશ્ર કરેલા ગાયના દૂધ જેવા સ્વાદવાળા જળયુક્ત ક્ષીરવર સમુદ્ર છે. સારી રીતે કઢેલા તરતના બનેલા ગાયના ઘી જેવા

૧ ઇક્ષુવર સમુદ્ર પણ તેવો જ સમજવો.

સ્વાદુ જળવાળો ઘૃતવર સમુદ્ર છે અને લવણ સરખા સ્વાદુ જળવાળો લવણોદ સમુદ્ર છે. કાળોદધિ, પુષ્કરવરોદધિ અને સ્વયંભૂરમણ એ ત્રણ સમુદ્રો સામાન્ય ઉદક જેવા ઉદકવાળા છે. એમાં એટલું વિશેષ સમજવું કે કાળોદ સમુદ્રનું પાણી અડદના રાશિ જેવા શ્યામ વર્ણવાળું ને ગુરૂપરિણામવાળું-ભારે છે. પુષ્કરવરોદ સમુદ્રનું પાણી હિતકારી, પથ્યકારી, તનુપરિણામ-હલકું અને સ્ફટિકના વર્ણ જેવું ઉજ્વળ છે. સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી પણ તેવું જ છે. ૮૮

હવે તે સમુદ્રોમાં મત્સ્યો છે તેના શરીરનું પ્રમાણ કહે છે—

**लवणे पंचसयाइं, सत्तसयाइं तु हुंति कालोए ।**
**जोअणसहस्समेगं, सयंभुरमणम्मि मच्छाणं ॥ ८९ ॥**

**ટીકાર્થ**—લવણોદધિમાં મત્સ્યોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ પાંચ સો યોજનનું છે. કાળોદધિમાં સાત સો યોજનનું છે અને સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર યોજનનું છે. આ યોજન ઉત્સેધાંગુલના સમજવા; કારણ કે શરીરના પ્રમાણમાં બધે ઉત્સેધાંગુલ જ લેવાનું કહેલ છે. ૮૯.

હવે મત્સ્યોના સંભવ આશ્રી કહે છે—

**लवणे कालसमुद्दे, सयंभुरमणे य हुंति मच्छाओ ।**
**अवसेससमुद्देसु, नत्थि उ मच्छा य मयरा वा ॥ ९० ॥**

**ટીકાર્થ**—લવણોદધિમાં, કાળોદધિમાં અને સ્વયંભૂરમણ સમુદ્રમાં પ્રચુર મત્સ્યો રહેલા છે. ઉપલક્ષણથી બાકીના મગરાદિ જળચર જીવો પણ તેમાં ઘણાં હોય છે એમ સમજવું. બાકીના સમુદ્રોમાં પ્રાયે મત્સ્યો ને મગરો હોતા નથી એટલે કાચબા વિગેરે પણ હોતા નથી. ૯૦

પ્રાયે નથી-એમ કહેવાથી શું સમજવું ? તે કહે છે—

**नत्थि त्ति पउरभावं, पडुच्च न उ सव्वमच्छपडिसेहो ।**
**अप्पा सेसेसु भवे, न हु ते निम्मच्छया भणिआ ॥ ९१ ॥**

**ટીકાર્થ**—અહીં **नत्थि उ मच्छा य मयरा वा** એમ પૂર્વે ૯૦મી ગાથામાં કહ્યું છે તે પ્રચુર ભાવને લઇને સમજવું. એટલે પ્રાચુર્યે કરીને બીજા સમુદ્રોમાં

મત્સ્યાદિક હોતા નથી-સર્વથા હોતા નથી એમ ન સમજવું. એટલે તેમાં મત્સ્યો કે મકરાદિનો સર્વથા નિષેધ ન સમજવો. અર્થાત્ બાકીના સમુદ્રોમાં મત્સ્યાદિ અવશ્ય હોય છે પણ અલ્પ હોય છે. તે બધા સમુદ્રો સર્વથા જળચર જીવ રહિત છે એમ તીર્થંકર ગણધરોએ કહેલું નથી. આ સંબંધમાં સંસ્કૃત ક્ષેત્રસમાસમાં પણ આ પ્રમાણે કહ્યું છે-**लवणकालोदस्वयंभूरमणा बहुमत्स्यकच्छपा नेतरे.** 'લવણ, કાલોદ ને સ્વયંભૂરમણ બહુ મત્સ્યકચ્છપવાળા છે, બીજા બહુ મત્સ્યકચ્છપવાળા નથી.' અર્થાત્ અલ્પ મત્સ્યાદિવાળા છે.

હવે સદશ વિસદશ નામોવાળા દ્વીપ સમુદ્રના યુગલ કહે છે—

**जंबू लवणो धायई, कालोय पुक्कराइ जुअलाइं ।**
**वारुणि खीरघयक्खू, नंदीसरो अरुणदीवुदही ॥ ९२ ॥**

**ટીકાર્થ**—જંબૂદ્વીપ ને લવણસમુદ્ર તથા ધાતકીખંડ ને કાલોદ્ર સમુદ્ર એ બે દ્વીપોદધિના યુગલ વિસદશ નામવાળા જાણવા અને પુષ્કરવર વિગેરે દ્વીપો ને સમુદ્રોના યુગલ સદશ નામવાળા જાણવા. તે લેશમાત્ર દેખાડે છે. વારૂણીવર દ્વીપ ને વારૂણીવર સમુદ્ર, ક્ષીરવર દ્વીપ ને ક્ષીરવર સમુદ્ર, ઘૃતવર દ્વીપ ને ઘૃતવર સમુદ્ર, ઇક્ષુવર દ્વીપ ને ઇક્ષુવર સમુદ્ર, નંદીશ્વર દ્વીપ ને નંદીશ્વર સમુદ્ર અને અરૂણવર દ્વીપ ને અરૂણવર સમુદ્ર ઇત્યાદિ. ૯૨

પૂર્વે સોળ દ્વીપ ને સમુદ્રોના નામો કહેલા છે, હવે બાકીના નામો કહે છે—

**आभरणवत्थगंधे, उपलतिलए अ पउमनिहिरयणे ।**
**वासहरदहनईओ, विजया वक्खार कप्पिंदा ॥ ९३ ॥**

**कुरुमंदरआवासा, कूडा नक्खत्त चंदसूरा य ।**
**देवे नागे जक्खे, भूए अ सयंभुरमणे य ॥ ९४ ॥**

**અર્થ**—આભરણ, વસ્ત્ર, ગંધ, ઉત્પલ, તિલક, પદ્મ, નિધિ, રત્ન, વર્ષધર, દ્રહ, નદી, વિજય, વક્ષસ્કાર, કલ્પેંદ્રો, કુરૂક્ષેત્ર, મેરૂ, આવાસો, કૂટો, નક્ષત્રો વિગેરેના નામો તથા ચંદ્ર, સૂર્ય, દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ-એ પ્રમાણે નામો જાણવા.

**ટીકાર્થ**—જે આભરણના નામો છે-હાર, અર્ધહાર, કનકાવળી, રત્નાવળી

વિગેરે, જે વસ્ત્રોના નામો છે-રેશમી વિગેરે, જે ગંધના નામો છે-કોષ્ટપુટ વિગેરે, જે ઉત્પલના નામો છે-જળરૂહ, ચંદ્રોદ્યોત વિગેરે, તિલક વિગેરે જે વૃક્ષોના નામો છે, શતપત્ર, સહસ્રપત્ર વિગેરે જે પદ્મના નામો છે, નવ નિધાનના જે નામો છે, ચૌદ રત્નો જે ચક્રવર્તીને હોય છે તેના નામો છે, ક્ષુલ્લ હિમવંતાદિ વર્ષધર પર્વતોના નામો છે, પદ્માદિ દ્રહોના નામો છે, ગંગા, સિંધુ વિગેરે નદીઓના નામો છે, કચ્છાદિ વિજયોના નામો છે, માલ્યવંતાદિ વક્ષસ્કારોના નામો છે, સૌધર્માદિ કલ્પોના ઇંદ્રોના શક્રાદિ નામો છે, દેવકુરૂ, ઉત્તરકુરૂ તથા પાંચ મેરૂના નામો છે, શક્રાદિ સંબંધીના મેરૂપર્વતની સમીપે જે આવાસો છે તેના, ક્ષુદ્રહિમવંતાદિ પર્વતો પર જે કૂટો છે તેના, કૃત્તિકાદિ નક્ષત્રોના, ચંદ્ર-સૂર્યોના ઉપલક્ષણથી તે શિવાય બીજા જે જે શુભ નામો છે તે તે નામોના ત્રિપ્રત્યવતાર દ્વીપસમુદ્રો જાણવા. તે આ પ્રમાણે-હારદ્વીપ, હારસમુદ્ર, હારવરદ્વીપ, હારવરસમુદ્ર, હારવરાવભાસદ્વીપ, હારવરાવભાસસમુદ્ર-એમ ત્રિપ્રત્યવતાર નામો ત્યાં સુધી કહેવા કે યાવત્ દેવદ્વીપની અગાઉ સૂર્યવરાવભાસસમુદ્ર છે. શ્રી જીવાભિગમસૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે-" અરૂણાદિ દ્વીપસમુદ્રો ત્રિપ્રત્યવતાર યાવત્ સૂર્યવરાવભાસ સમુદ્ર સુધી છે.' ત્યારપછી દેવદ્વીપ ને દેવસમુદ્ર, નાગદ્વીપ ને નાગસમુદ્ર, યક્ષદ્વીપ ને યક્ષસમુદ્ર, ભૂતદ્વીપ ને ભૂતસમુદ્ર અને છેલ્લો સ્વયંભૂરમણદ્વીપ ને સ્વયંભૂરમણસમુદ્ર સમજવો. એ પાંચ દેવાદિક દ્વીપ ને દેવાદિક સમુદ્ર એક રૂપવાળા જ છે, તેમાં ત્રિપ્રત્યવતારતા નથી. શ્રી જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે-' દેવ, નાગ, યક્ષ, ભૂત ને સ્વયંભૂરમણ એકેક નામવાળા જ કહેવા, તેમાં ત્રિપ્રત્યવતાર નથી.'

**आभरणवत्थगंधे** એમાં પ્રથમા વિભક્તિ છે તે ષષ્ઠી વિભક્તિના અર્થમાં જાણવી. પ્રાકૃતમાં એ પ્રમાણે વિભક્તિનો વ્યત્યય થાય છે.

અહીં જંબૂદ્વીપ નામના અસંખ્યાતા દ્વીપો જાણવા, લવણસમુદ્ર નામના અસંખ્યાતા સમુદ્રો જાણવા, એમ ત્યાં સુધી કે યાવત્ સૂર્યવરાવભાસ નામના અસંખ્યાતા દ્વીપો ને અસંખ્યાતા સમુદ્રો જાણવા. પ્રાંતે જે પાંચ દેવાદિક દ્વીપ ને દેવાદિક સમુદ્રો કહ્યા છે તે નામના એકેક જ દ્વીપ ને સમુદ્ર સમજવા. તે નામના બીજા દ્વીપ સમુદ્રો જાણવા નહીં. શ્રી જીવાભિગમમાં કહ્યું છે કે-' હે ભગવંત ! જંબૂદ્વીપ નામના કેટલા દ્વીપ સમજવા ? ' ઉત્તર—' હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના અસંખ્યાતા દ્વીપો કહ્યા છે. એમ યાવત્ સૂરવરાવભાસ સમુદ્ર સુધી અસંખ્યાતા સમજવા. ' ' હે ભગવંત ! દેવદ્વીપ કેટલા છે ? ' ' હે ગૌતમ ! ' દેવદ્વીપ એક જ છે. ' એમ દશે ( પાંચ દ્વીપ ને પાંચ સમુદ્રો ) એક નામવાળા જાણવા. ૯૩-૯૪.

આ પ્રમાણે પ્રસંગોપાત્ દ્વીપ-સમુદ્રોની વક્તવ્યતા કહી, હવે નક્ષત્રાદિ જ્યોતિષ્કદેવાધિપતિ ચંદ્રોની અને તેના પરિવારની સંખ્યા કહે છે:—

**अट्ठासीइं च गहा, अट्ठावीसं च हुंति नक्खत्ता ।**
**एगससीपरिवारो, एत्तो तारागणं वुच्छं ॥ ९५ ॥**

**ટીકાર્થ**—એક ચંદ્રનો પરિવાર મંગળાદિ ૮૮ ગ્રહો અને અભિજિતાદિ ૨૮ નક્ષત્રોરૂપ સમજવો. હવે તેના પરિવારભૂત તારાગણ કેટલો છે તે કહે છે. ૯૫.

પ્રતિજ્ઞાતનો નિર્વાહ કરે છે—

**छावट्ठिसहस्साइं, नव चेव सयाइं पंचसयराइं ।**
**एगससीपरिवारो, तारागणकोडिकोडीणं ॥ ९६ ॥**

**અર્થ**—છાસઠ હજાર નવ સો ને પંચોતેર કોડાકોડ-એટલા તારાઓ એક ચંદ્રના પરિવારભૂત સમજવા.

**ટીકાર્થ**—એક ચંદ્રનો તારાગણરૂપ પરિવાર છાસઠ હજાર નવ સો ને પંચોતેર કોડાકોડી સમજવો. અહીં શિષ્ય શંકા કરે છે કે-'જો એક ચંદ્રનો એટલો તારાગણરૂપ પરિવાર છે તો મનુષ્યક્ષેત્રમાં ૧૩૨ ચંદ્રો છે તે બધાનો પરિવાર વિચારતાં ઘણો થઇ જાય. અને મનુષ્યલોકમાં જ્યોતિશ્ચક્ર મેરૂપર્વતથી ફરતા ૧૧૨૧ યોજન મૂકીને ચાર ચરે છે તો એટલા તારાગણનો મનુષ્યક્ષેત્રમાં સમાવેશ કેમ થઈ શકે?' તેને ઉત્તર આપે છે કે-'આ બાબતમાં બે મત છે. એક મતવાળા કહે છે કે-'કોટાકોટિ એવી સંજ્ઞા કોટીની જ સમજવી એમ પૂર્વાચાર્યમાં પ્રસિદ્ધ છે તેથી ૬૬૯૭૫ ક્રોડ જ તારાગણ સમજવો, ક્રોડાક્રોડ સમજવો નહીં.' બીજા મતવાળા કહે છે કે-'તારાગણના વિમાનો સ્વરૂપે કરીને તેટલા ક્રોડ જ સમજવા; પરંતુ જો તારાના વિમાનનું પ્રમાણ 'પર્વત, પૃથ્વી, વિમાનાદિ પ્રમાણાંગુળે માપવા-સમજવા.' એમ કહેલું છે તે પ્રમાણે સમજીએ તો તેમ સમજવું, પણ જો તે વિમાનો ઉત્સેધાંગુળે માપીએ તો કોટાકોટી સમજવા.' આ વાત પોતાની બુદ્ધિથી કહેલ નથી પરંતુ શ્રી વિશેષણવતી નામના સ્વોપજ્ઞ ગ્રંથમાં તેના કર્ત્તા આચાર્ય મહારાજાએ (શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે)જ કહ્યું છે કે-'કેટલાક કોડાકોડીને સ્તોકપણે સંજ્ઞાંતર જ ( કોડીની બીજી સંજ્ઞા જ ) માને છે અને બાજા તારાના વિમાનનું પ્રમાણ ઉત્સેધાંગુળનું કહીને કોડાકોડીને જ સ્વીકારે છે. ૯૬.

હવે ચંદ્રાદિના વિમાનોના સંસ્થાનોનું સ્વરૂપ અને પ્રમાણ કહે છે—

**अद्धकविट्ठगसंठाण–संठिया फालिआमया रम्मा ।**
**जोइसिआण विमाणा, तिरिअंलोए असंखिज्जा ॥ ९७ ॥**

**અર્થ:**—અર્ધકોઠાના સંસ્થાન સંસ્થિત–તેવા આકારવાળા, સ્ફટિકમય અને રમ્ય–મનોહર એવા જ્યોતિષીઓના વિમાનો તિર્યગ્લોકમાં અસંખ્યાતા છે. ૯૭.

**ટીકાર્થ:**—સર્વ ચંદ્રાદિ જ્યોતિષ્કના વિમાનો અર્ધકોઠાના સંસ્થાને સંસ્થિત એટલે અર્ધા કરેલા કોઠાના આકારવાળા છે. અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કે–' જો બધા જ્યોતિષ્કના વિમાનો અર્ધા કરેલા કોઠાના આકારે સંસ્થિત છે તો ચંદ્ર ને સૂર્યના વિમાનો અતિ સ્થૂળ ( મોટા ) હોવાથી ઉદયકાળે અને અસ્તકાળે અથવા તિર્યક્ ભ્રમણ કરતાં કેમ તેવા આકારવાળા દેખાતા નથી ? આપણી ઉપર અત્યંત ઉંચે રહેલા ગોળ જ દેખાય છે. અર્ધકોઠાના આકારવાળા માથા ઉપર દૂર રહેલા હોવાથી પરભાગ એટલે ઉપરનો ભાગ ન દેખાતાં ગોળ જ હોય એમ દેખાય છે. ' તેને ઉત્તર આપે છે કે–' અહીં અર્ધકોઠાના આકારવાળા વિમાનો કહ્યા છે તેથી બધી રીતે–બધી બાજુએ તેવા આકારવાળા સમજવા નહીં પણ માત્ર તેની પીઠ એટલે તળીયું જ તેવું સમજવું. તે પીઠ ઉપર ચંદ્રાદિના પ્રાસાદો છે તે પ્રાસાદ કોઈક તેવા આકારવાળા છે કે જેથી પીઠની સંગાતે મળ્યા સતા ઘણોખરો ગોળ આકાર થાય છે. અને તે બહુ દૂર હોવાથી જ એકાંતે લોકોને ગોળ ( સમવૃત્ત ) દેખાય છે, તેથી અર્ધકોઠાનો આકાર કહેલો છે તેમાં દોષ નથી.' આ સંબંધમાં સૂત્રકાર જ સ્વોપજ્ઞ **વિશેષણવતી** ગ્રંથમાં આક્ષેપ (પ્રશ્ન) પુરઃસર કહે છે કે–' ચંદ્ર સૂર્યના વિમાનો અર્ધકોઠાના આકારવાળા છે તો તે ઉદય ને અસ્ત સમયે તેમ જ તિર્ચ્છા ક્ષેત્રમાં રહ્યા સતા ( ભમતા સતા ) તેવા આકારવાળા કેમ દેખાતા નથી ? ' તેને ઉત્તર આપે છે કે–' ચંદ્ર–સૂર્યના વિમાનોનું ઉત્તાન કરેલા અર્ધકોઠાના આકારવાળું પીઠ એટલે તળીયું જ છે. તેની ઉપર તેના પ્રાસાદો છે તેથી આળેખમાં વૃત્ત જણાય છે અને બહુ દૂર હોવાથી સમવૃત્ત (ગોળ) જણાય છે.' ઇતિ.

તથા બધા જ્યોતિષ્કના વિમાનો સ્ફટિક મણિમય છે. રમ્ય–રમણિક ચક્ષુ તથા મનને પ્રમોદ ઉત્પન્ન કરે તેવા છે, તે બધા વિમાનો તિર્ચ્છાલોકમાં ઉપરના ૧૧૦ યોજનમાં ( ૭૯૦ થી ૯૦૦ સુધીમાં ) છે. આ પ્રમાણે કહેવાવડે તેનું સ્વરૂપ કહ્યું. એ વિમાનોની સંખ્યા સંબંધી વિચાર કરતાં તે અસંખ્યાતા છે. આમ કહેવાવડે તેની સંખ્યાનું પ્રમાણ કહ્યું. ૯૭

હવે ચંદ્રાદિના વિમાનનું પ્રમાણ પ્રતિપાદન કરતા સતા કહે છે—

**एगट्ठि भाग काऊण, जोयणं चंदमाइ पंचण्हं ।**
**आयामं विक्खंभं, उच्चत्तं चेव वुच्छामि ॥ ९८ ॥**

**ટીકાર્થ:**—પ્રમાણાંગુળનિષ્પન્ન એવા એક યોજનના એકસઠ ભાગ બુદ્ધિવડે કરીને ચંદ્રાદિના એટલે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના–એ પાંચેના વિમાનો લંબાઇ, પહોળાઇ ને ઉંચાઇમાં કેટલા કેટલા ભાગ પ્રમાણ છે ? તે કહે છે. ૯૮

હવે પ્રતિજ્ઞાતનો નિર્વાહ કરે છે—

**छप्पन्ना अडयाला, अद्ध गाउ य तदद्धगव्वूयं ।**
**आयामं विक्खंभं, आयामद्धं च उच्चत्तं ॥ ९९ ॥**

**અર્થ:**—એકસઠીયા ૫૬ ભાગ, એકસઠીયા ૪૮ ભાગ, અર્ધયોજન, એક ગાઉ અને અર્ધગાઉ આ પ્રમાણે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારાના વિમાનોનો આયામ ને વિષ્કંભ સમજવો અને આયામ કરતાં અર્ધ ઉચ્ચત્વ સમજવું.

**ટીકાર્થ:**—ચંદ્રના વિમાનનો આયામ ને વિષ્કંભ–લંબાઈ ને પહોળાઈ યોજનના એકસઠીઆ ૫૬ ભાગની, સૂર્યના વિમાનની ૪૮ ભાગની, ગ્રહના વિમાનોની અર્ધ યોજનની, નક્ષત્રના વિમાનોની એક ગાઉની અને તારાના વિમાનોની અર્ધ ગાઉની સમજવી. સર્વ જ્યોતિષ્કના વિમાનોની ઉંચાઈ પોતપોતાના વિમાનના આયામ કરતાં અર્ધ સમજવી. તે આ પ્રમાણે–ચંદ્રના વિમાનની ઉંચાઈ એકસઠીઆ ૨૮ ભાગની, સૂર્યના વિમાનની ૨૪ ભાગની, ગ્રહના વિમાનની ઉંચાઈ એક ગાઉની, નક્ષત્રના વિમાનની ઉંચાઈ અર્ધ ગાઉની અને તારાના વિમાનની ઉંચાઈ $\frac{1}{4}$ ગાઉની એટલે ૫૦૦ ધનુષ્યની સમજવી. અહીં જે તારાના વિમાનના આયામ–વિષ્કંભનું પ્રમાણ અર્ધ ગાઉનું અને ઉચ્ચત્વ $\frac{1}{4}$ ગાઉનું કહ્યું છે તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તારાદેવ સંબંધી વિમાનનું સમજવું. જે જઘન્ય સ્થિતિવાળા તારાદેવ છે તેના વિમાનનું પરિમાણ–આયામ વિષ્કંભમાં ૫૦૦ ધનુષ્યનું અને ઉંચાઇમાં ૨૫૦ ધનુષ્યનું સમજવું. આ સંબંધી તત્ત્વાર્થભાષ્યમાં ઉપર પ્રમાણે જ કહેલ છે તેથી તે પાઠ અહીં લખ્યો નથી. ૯૯

(ઉપર પ્રમાણે પરિમાણ મનુષ્યક્ષેત્રમાં રહેલા જ્યોતિષ્કના વિમાનોનું છે.) હવે મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રાદિના વિમાનનું પરિમાણ કહે છે—

**माणुसनगाओ बाहिं, चंदाईया तदद्धपरिहीणा ।**
**गइठिइभेएण इमे, अब्भिंतरबाहिरा नेया ॥ १०० ॥**

**અર્થ:**—માનુષોત્તર પર્વતની બહાર રહેલા ચંદ્રાદિકના વિમાનો અંદરના કરતાં અર્ધપરિહાણિવાળા અર્થાત્ અર્ધપ્રમાણવાળા જાણવા. આ ચંદ્રાદિક અભ્યંતરના ને બહારના ગતિ ને સ્થિતિના ભેદવડે જુદા સમજવા. ૧૦૦

**ટીકાર્થ:**—માનુષોત્તર પર્વતની બહાર જે ચંદ્રાદિના વિમાનો રહેલા છે તે તદર્ધપરિહીન જાણવા અર્થાત્ પૂર્વે કહી ગયેલા ચંદ્રાદિના વિમાનથી આયામ, વિષ્કંભ ને ઉચ્ચત્વમાં અર્ધહીન જાણવા. તેનો સાર આ પ્રમાણે–મનુષ્યક્ષેત્રની અંદર રહેલા ચંદ્રાદિના વિમાનોનું–આયામ, વિષ્કંભ ને ઉચ્ચત્વનું જે પરિમાણ કહેલું છે તે કરતાં અર્ધ આયામ, વિષ્કંભ ને ઉચ્ચત્વ જાણવું. તે બતાવે છે. ચંદ્રના વિમાનનો આયામ ને વિષ્કંભ એકસઠીઆ ૨૮ ભાગનો, સૂર્યના વિમાનનો ૨૪ ભાગનો, ગ્રહના વિમાનનો એક ગાઉનો, નક્ષત્રના વિમાનોનો $\frac{1}{2}$ ગાઉનો અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તારાઓના વિમાનનો $\frac{1}{4}$ ગાઉનો તથા જઘન્ય સ્થિતિવાળા તારાઓના વિમાનોનો $\frac{1}{8}$ ગાઉનો એટલે ૨૫૦ ધનુષ્યનો જાણવો. હવે ઉંચાઈ કહે છે. ચંદ્રના વિમાનની એકસઠીયા ૧૪ ભાગની, સૂર્યના વિમાનની ૧૨ ભાગની, ગ્રહના વિમાનની અર્ધ ગાઉની, નક્ષત્રના વિમાનોની $\frac{1}{4}$ ગાઉની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તારાઓના વિમાનોની ૨૫૦ ધનુષ્યની અને જઘન્ય સ્થિતિવાળા તારાઓના વિમાનોની ૧૨૫ ધનુષ્યની જાણવી.

હવે મનુષ્યક્ષેત્રમાં રહેલા અને તેની બહાર રહેલા ચંદ્રાદિમાં પરસ્પર વિશેષતા શું છે? તે કહે છે. મનુષ્યક્ષેત્રમાં રહેલા અને મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રાદિકમાં ગતિ સ્થિતિના ભેદવડે વિશેષતા સમજવી. અર્થાત્ મનુષ્યક્ષેત્રમાં રહેલા ચંદ્રાદિક નિરંતર જંબૂદ્વીપના મેરૂની ફરતા ફરનારા સમજવા અને મનુષ્યક્ષેત્રની બહારના સદા અવસ્થિત ( સ્થિર ) સમજવા. આવો મોટો ભેદ છે.૧૦૦

હવે અહીંથી કેટલે ઉંચે ચંદ્રાદિના વિમાનો ચાર ચરે છે તે કહે છે—

**धरणियलाओ समाओ, सत्तहिं नउएहिं जोयणसएहिं ।**
**हिट्ठिल्लो होइ तलो, सूरो पुण अट्ठहिं सएहिं ॥ १०१ ॥**

**ટીકાર્થ:**—રૂચકપ્રદેશરૂપ ધરણિતળથી ૭૯૦ યોજન સર્વથી નીચે જ્યોતિષ્ક વિમાનનું તળ જાણવું. સૂર્ય સરખા ધરણિતળથી ૮૦૦ યોજને સમજવો. ૧૦૧

**अट्ठसए य असीए, चंदो नव चेव होइ उवरितलो ।**
**जोअणसयं दहुत्तर–बाहल्लं जोइसस्स भवे ॥ १०२ ॥**

**અર્થ:**—આઠ સો ને એંશી યોજને ચંદ્ર સમજવો અને ૯૦૦ યોજને ઉપરિતળ સમજવું. આ પ્રમાણે ૧૧૦ યોજન બાહલ્યમાં જ્યોતિષ્કો છે.

**ટીકાર્થ:**—સરખા ધરણિતળથી ઉપર એંશી અધિક આઠ સો યોજન જઇએ ત્યારે (૮૮૦ યોજને) ચંદ્રનું વિમાન છે. નવ સો યોજન પૂર્ણ જઇએ ત્યારે ઉપરિતળ એટલે સર્વોપરિતન જ્યોતિષ્ક વિમાનનું પ્રતર આવે છે. આ પ્રમાણે હોવાથી જ્યોતિષ્ચક્રનું ઉંચપણાનું બાહલ્ય (જાડાઈ) ૧૧૦ યોજનનું થાય છે. તે આ પ્રમાણે–સાત સો નેવુ યોજને જ્યોતિષ્ક વિમાનોનું નીચેનું તળ છે અને પરિપૂર્ણ ૯૦૦ યોજને તેનું ઉપરિતળ છે. એટલે તેનું અંતર ૧૧૦ યોજન પ્રમાણ છે.

અહીં કોઈક જિનમતાવલંબી તારા, સૂર્ય, ગ્રહ, ચંદ્ર ને નક્ષત્રોનું અવસ્થાન આ પ્રમાણે કહે છે. પૃથ્વીતળથી ૭૯૦ યોજન ઉંચે જઇએ ત્યારે સર્વથી નીચે નભસ્તળમાં તારાના વિમાનો રહેલા છે. તારાના પટલથી દશ યોજન જઇએ ત્યારે સૂર્યનું વિમાન છે. તેનાથી ૮૦ યોજન ઉપર જઇએ ત્યારે ચંદ્રનું વિમાન છે. ત્યાંથી ૪ યોજન જઇએ ત્યારે નક્ષત્રોનું પટલ છે. ત્યાંથી ૪ યોજને બુધનું પટલ છે. ત્યાંથી ત્રણ ત્રણ યોજને શુક્રનું, ગુરૂનું, ભૌમનું (મંગળનું) અને મંદસંજ્ઞાવાળાનું (શનિનું) પટલ અનુક્રમે રહેલ છે. એ પ્રમાણે ગણતાં ૧૦-૮૦-૪-૪-૩–૩–૩–૩ મળીને કુલ ૧૧૦ યોજન થાય છે. ગંધહસ્તિસૂરિ સૂર્યની નીચે મંગળ ચાર ચરે છે એમ કહે છે. હરિભદ્રસૂરિ જ્યોતિષ્કના નીચેના તળે ભરણિ વિગેરે નક્ષત્રો અને ઉપરને તળે સ્વાતિ વિગેરે નક્ષત્રો છે એમ કહે છે. તેમની કરેલી આ સંગ્રહણિની વૃત્તિમાં આ પ્રમાણે કહેલ છે—**सत्तहिं नउएहिं जोअणसएहिं उप्पिं हिट्ठिल्लो होइ तलो त्ति, भरणिमाइ जोइसपयरो भवतीत्यर्थः । तथोपरितनः स्वात्युत्तरो ज्योतिषां प्रतर इति ।** (અર્થ ઉપર આવી ગયો છે) આ બાબતમાં તત્ત્વ કેવળી જાણે. ૧૦૨

હવે કયા નક્ષત્ર કેમ ભમે છે? તે કહે છે—

**सव्वब्भिंतरभीई, मूलो पुण सव्वबाहिरो भमइ ।**
**सव्वोवरिं च साई, भरणी पुण सव्वहिट्ठिमिया ॥ १०३ ॥**

**ટીકાર્થ:**—નક્ષત્રના મંડળમાં અભિજિત્ નક્ષત્ર સર્વથી અભ્યંતરમાં ચાર ચરે છે, મૂળ નક્ષત્ર સર્વ નક્ષત્રના મંડળની બહાર ચાર ચરે છે તથા સર્વ નક્ષત્રની ઉપર સ્વાતિ નક્ષત્ર ચાર ચરે છે અને સર્વથી નીચે ભરણી નક્ષત્ર ચાર ચરે છે. શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે–'હે ભગવંત! જંબૂદ્વીપમાં ૨૮ નક્ષત્રમાં કયું નક્ષત્ર સર્વની અંદર ચાર ચરે છે? કયું નક્ષત્ર સર્વની બહાર ચાર ચરે છે? કયું નક્ષત્ર સર્વની નીચે ચાર ચરે છે? અને કયું નક્ષત્ર સર્વની ઉપર ચાર ચરે છે?' તેને ઉત્તર આપે છે કે–'હે ગૌતમ! અભિજિત્ નક્ષત્ર સર્વની અભ્યંતર ચાર ચરે છે, મૂળ નક્ષત્ર સર્વની બહાર ચાર ચરે છે, ભરણી નક્ષત્ર સર્વની હેઠે ચાર ચરે છે અને સ્વાતિ નક્ષત્ર સૌની ઉપર ચાર ચરે છે.' ઇતિ ૧૦૩.

હવે મનુષ્યક્ષેત્રમાં કેટલા ચંદ્ર ને સૂર્ય છે તે કહે છે—

**बत्तीसं चंदसयं, बत्तीसं चेव सूरिआण सयं ।**
**सयलं मणुस्सलोअं, भमंति एए पयासंता ॥ १०४ ॥**

**ટીકાર્થ:**—૧૩૨ ચંદ્રો ને ૧૩૨ સૂર્યો–એટલે એટલા ચંદ્રો ને સૂર્યો સકળ મનુષ્યલોકમાં પ્રકાશ કરતા સતા ભમે છે. તે ૧૩૨ શી રીતે તે કહે છે. બે ચંદ્ર ને બે સૂર્ય જંબૂદ્વીપમાં, ચાર ચાર લવણસમુદ્રમાં, બાર બાર ધાતકીખંડમાં, બેંતાળીશ બેંતાળીશ કાળોદસમુદ્રમાં, ને બોંતેર બોંતેર પુષ્કરવરાર્ધમાં એમ સર્વ મળીને ૧૩૨ ચંદ્ર ને ૧૩૨ સૂર્ય છે. ૧૦૪.

હવે ચર જ્યોતિષ્ચક્ર કેટલું મેરૂની અબાધાએ–મેરૂથી દૂર રહીને ચાર ચરે છે તે અને સ્થિર જ્યોતિષ્ચક્ર કેટલી અલોકની અબાધાએ–અલોકાકાશની અંદર (લોકાકાશમાં) રહેલું છે તે કહે છે—

**इक्कारसिक्कवीसा, सयमिक्काराहिया य इक्कारा ।**
**मेरुअलोगाबाहिं, जोइसचक्कं चरइ ठाइ ॥ १०५ ॥**

**ટીકાર્થ:**—અહીં યથાસંખ્યે પદની યોજના કરવી. તે આ પ્રમાણે–અગ્યાર સો ને એકવીશ યોજન મેરૂની અબાધા અપાંતરાળરૂપ કરીને મનુષ્યલોકવર્ત્તી જ્યોતિષ્ચક્ર ચાર ચરે છે. અને અગ્યાર સો ને અગ્યાર યોજન અલોકની અબાધા-અપાંતરાળરૂપ કરીને એટલે એટલા યોજન અલોકાકાશની અંદર–તેનાથી દૂર સ્થિર જ્યોતિષ્ક રહેલ છે. ૧૦૫.

હવે જંબૂદ્વીપથી વ્યતિરિક્ત શેષ દ્વીપ સમુદ્રોમાં ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું પ્રમાણ જાણવાનો ઉપાય કહે છે—

**रिक्खग्गहतारग्गं, दीवसमुद्दे य इच्छसे नाउं ।**
**तस्स ससीहि य गुणियं, रिक्खग्गहतारगग्गं तु ॥१०६॥**

**ટીકાર્થ:**—અહીં અગ્રશબ્દ પરિમાણવાચી છે. જે દ્વીપ કે સમુદ્રમાં નક્ષત્રનું પરિમાણ, ગ્રહનું પરિમાણ કે તારાનું પરિમાણ જાણવાને ઇચ્છે તે દ્વીપ ને સમુદ્ર સંબંધી ચંદ્રની સંખ્યાવડે એક ચંદ્રના પરિવારભૂત નક્ષત્ર, ગ્રહ ને તારાનું જે પરિમાણ કહેલું છે તેની સાથે ગુણાકાર કરવો. ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તેટલું તે દ્વીપ અથવા સમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ અને તારાનું પરિમાણ જાણવું.

જો લવણસમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ ને તારાનું પરિમાણ કેટલું છે તે જાણવાને ઇચ્છતો હો તો લવણસમુદ્રમાં ચાર ચંદ્ર છે તેથી એક ચંદ્રના પરિવારભૂત અઠ્ઠાવીશ નક્ષત્રો છે તેને ચારે ગુણવા. એટલે ૧૧૨ આવશે તેટલા લવણસમુદ્રમાં નક્ષત્રો જાણવા. ગ્રહો એક ચંદ્રના પરિવારભૂત ૮૮ હોય છે તેને ૪ વડે ગુણતાં ૩૫૨ થાય તેટલા ગ્રહો લવણસમુદ્રમાં જાણવા. તારાઓ એક ચંદ્રના પરિવારભૂત ૬૬૯૭૫ કોડાકોડી છે તેને ચારે ગુણતાં ૨૬૭૯૦૦ કોડાકોડી આવે એટલા તારાઓ લવણસમુદ્રમાં જાણવા. આ સંખ્યા સૂચવનારી બે ગાથા ટીકામાં કહેલી છે, પરંતુ તેનો ભાવ ઉપર આવી ગયેલ હોવાથી તે ગાથાઓ લખી નથી.

લવણસમુદ્ર પ્રમાણે ધાતકીખંડાદિકને માટે પણ પરિવાર સમજવો. ૧૦૬.

હવે જે આભિયોગિક દેવો જ્યોતિષ્કના વિમાનોને વહન કરે છે તેની સંખ્યાનું પ્રતિપાદન કરવા માટે કહે છે—

**सोलस चेव सहस्सा, अट्ठ य चउरो य दोन्नि य सहस्सा ।**
**जोइसिआण विमाणा, वहंति देवा उ एवइआ ॥ १०७॥**

**ટીકાર્થ**—અહીં ચંદ્રાદિક વિમાનો જો કે તેવા પ્રકારના જગતસ્વભાવથી જ નિરાલંબપણે આકાશમાં ફરે છે અને રહે છે, પરંતુ કેવળ તેના જે આભિયોગિક દેવો છે તે તેવા પ્રકારના નામકર્મના ઉદયથી પોતાની સમાન જાતિવાળાને તેમ જ પોતાથી હીન જાતિવાળાને પોતાની સ્ફીતિ વિશેષ બતાવવા

માટે પોતાને શ્રેષ્ઠ માનતા સતા હર્ષથી ભરપૂરપણે સતત વહનશીલ એવા ચંદ્રાદિના વિમાનની નીચે રહીને કેટલાક સિંહના રૂપ, કેટલાક હાથીના રૂપ, કેટલાક વૃષભના રૂપ ને કેટલાક અશ્વના રૂપ કરીને તે વિમાનોને વહન કરે છે, તે આ પ્રમાણે—

જેમ અહીં કોઇ તથાવિધ આભિયોગ્ય નામકર્મના ઉપભોગના ભાજન એવા સેવકો ( દાસો ) સમાન જાતિવાળા અથવા હીનજાતિવાળા, પોતાના પૂર્વ-પરિચિત મનુષ્યોને અમે આ આપણા સુપ્રસિદ્ધ નાયકના ( સ્વામીના ) માનીતા સેવકો છીએ એવી પોતાની સ્ફીતિ (મોટાઇ) બતાવવા માટે બધા સ્વોચિત એવું કાર્ય પ્રમુદિત ચિત્તે કરે છે; તેમ ચંદ્રાદિના આભિયોગિક દેવો તેવા પ્રકારના આભિયોગ્ય નામકર્મના ઉપભોગના ભાજન હોતા સતા સમાન જાતિવાળા અથવા હીનજાતિવાળા બીજા દેવોને પોતાનું મહત્વ બતાવવા માટે–'જુઓ ! અમે કેવા સમૃદ્ધ છીએ કે જેથી સકળલોકપ્રસિદ્ધ એવા ચંદ્રાદિકના વિમાનોનું વહન કરીએ છીએ.' આમ કહેતા સતા પોતાના આત્માને બહુ માનતા સતા ઉપર ગાથામાં કહેલી સંખ્યા પ્રમાણે ચંદ્રાદિકના વિમાનોને વહન કરે છે. તત્ત્વાર્થ-ભાષ્યકાર કહે છે કે–' આ જ્યોતિષ્કના વિમાનો લોકસ્થિતિએ પ્રસક્ત અવસ્થિત ગતિવાળા છે છતાં પોતાની ઋદ્ધિ વિશેષ દેખાડવા માટે તેના આભિયોગિક દેવો નિત્ય ગતિમાં આનંદ પામતા સતા ચંદ્રાદિના વિમાનને વહન કરે છે.' તેની સંખ્યા આ પ્રમાણે–ચંદ્ર ને સૂર્યના વિમાનને સોળ સોળ હજાર દેવો, ગ્રહના વિમાનને આઠ આઠ હજાર દેવો, નક્ષત્રના વિમાનને ચાર ચાર હજાર દેવો અને તારાના વિમાનને બે બે હજાર દેવો વહન કરે છે. ૧૦૭

આ વાતને જ સ્પષ્ટ કરતા સતા કહે છે કે—

**ससिरविणो य विमाणा, वहंति देवाण सोलस सहस्सा ।**
**गहरिक्खतारगाणं, अट्ठ चउक्कं दुगं चेव ॥ १०८ ॥**

અર્થ સુગમ છે. ઉપર લખાઇ ગયેલ છે. ૧૦૮

હવે કેવાં રૂપ ધારણ કરીને દેવો ક્યાં રહ્યા સતા વહન કરે છે તે કહે છે—

**पुरओ वहंति सीहा, दाहिणओ कुंजरा महाकाया ॥**
**पच्चच्छिमेण वसहा, तुरगा पुण उत्तरे पासे ॥ १०९ ॥**

**અર્થ**:—આગળ અથવા પૂર્વે સિંહરૂપધારી દેવો, દક્ષિણ બાજુએ મોટા શરીરવાળા હસ્તીરૂપધારી દેવો, પશ્ચિમે વૃષભરૂપધારી દેવો અને ઉત્તરે અશ્વ-રૂપધારી દેવો વિમાનની નીચે રહીને વહન કરે છે.

**ટીકાર્થ**:—આગળ અગ્રભાગે વિમાનની નીચે રહીને સિંહરૂપધારી દેવો ચંદ્ર સંબંધી વિમાનને વહન કરે છે. વિમાનની દક્ષિણ બાજુ તેની નીચે રહીને મોટા શરીરવાળા હાથીનું રૂપ ધારણ કરીને વિમાનનું વહન કરે છે, પશ્ચિમ બાજુ વિમાનની નીચે રહીને વૃષભનું રૂપ ધારણ કરીને વિમાનનું વહન કરે છે અને ઉત્તર બાજુ વિમાનની નીચે રહીને અશ્વનું રૂપ ધારણ કરીને વહન કરે છે. તેમાં ચંદ્રનું ને સૂર્યનું વિમાન સિંહાદિ રૂપ ધારણ કરીને ચાર ચાર હજાર દેવો વહન કરે છે. તે આ પ્રમાણે—ચાર હજાર સિંહરૂપધારી, ચાર હજાર હસ્તીરૂપ ધારી, ચાર હજાર વૃષભરૂપધારી અને ચાર હજાર અશ્વરૂપધારી એમ એકંદર સોળ સોળ હજાર દેવતા ચંદ્રના વિમાનને અને સૂર્યના વિમાનને વહન કરે છે. ગ્રહનું વિમાન બે બે હજાર દેવતા, નક્ષત્રનું વિમાન હજાર હજાર દેવતા અને તારાનું વિમાન પાંચ સો પાંચ સો દેવતા ચારે દિશાએ રહીને વહન કરે છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં આ પ્રમાણે જ અધિકાર કહેલો છે તેથી તે પાઠ કે અર્થ અહીં લખ્યો નથી. ૧૦૯

આ પ્રમાણે ચંદ્રાદિના વિમાનનું વહન કરતા દેવો મદોન્મત્ત સ્ત્રી જેમ વિશિષ્ટ ( તોલદાર ) આભરણના ભારને જાણતી નથી તેમ વિમાનના ભારને વહન કરવાનું માનતા નથી. ( એ વિમાન તો જગતસ્વભાવે જ ચાલ્યા કરે છે )

હવે મેરૂની પ્રદક્ષિણા દઈને ચાલતા ચંદ્રાદિની ગતિની તારતમ્યતા કહે છે—

**चंदेहिं रवी सिग्घा, रविणो उ भवे गहा उ सिग्घयरा।**
**तत्तो नक्खत्ताइं, नक्खत्तेहिं तु ताराओ ॥ ११० ॥**

**ટીકાર્થ**:—ચંદ્રથી શીઘ્રગતિવાળા સૂર્ય છે, સૂર્યથી શીઘ્રતર ગતિવાળા ગ્રહો છે, તેનાથી શીઘ્રતર ગતિવાળા નક્ષત્રો છે, તેનાથી શીઘ્રતર ગતિવાળા તારાઓ છે. ગાથામાં **च** શબ્દ છે તે અનુક્ત સમુચ્ચયાર્થે છે તેથી બુધથી શીઘ્રગતિવાળો શુક્ર, શુક્રથી મંગળ, મંગળથી બૃહસ્પતિ અને બૃહસ્પતિથી શનૈશ્ચર શીઘ્રગતિવાળો છે એમ સમજવું. ૧૧૦

નીચેની ગાથામાં ઉપરની ગાથાનો તાત્પર્ય જ કહેલો છે—

**सव्वप्पगई चंदा, तारा पुण हुंति सव्वसिग्घयरा ।**
**एसो गईविसेसो, तिरियंलोए विमाणाणं ॥ १११ ॥**

**અર્થ**—સર્વથી અલ્પ ગતિવાળા ચંદ્ર છે અને સર્વથી શીઘ્રતર ગતિવાળા તારા છે. આ ગતિનું વિશેષપણું તિર્યગ્લોકમાં જ્યોતિષ્કોના વિમાનો આશ્રી સમજવું. ૧૧૧. ગાથા સુગમ હોવાથી ટીકા કરેલી નથી.

હવે ચંદ્રાદિની ઋદ્ધિની તારતમ્યતા કહે છે—

**अप्पाद्धिआ उ तारा, नक्खत्ता खलु तओ महद्धीआ ।**
**नक्खत्तेहिं तु गहा, गहेहिं सूरा तओ चंदा ॥ ११२ ॥**

**ટીકાર્થ**—સર્વથી અલ્પ ઋદ્ધિવાળા તારા છે, તારાથી મહર્દ્ધિક નક્ષત્રો છે, તેનાથી મહર્દ્ધિક ગ્રહો છે, ગ્રહોથી મહર્દ્ધિક સૂર્યો છે, સૂર્યોથી મહર્દ્ધિક ચંદ્રો છે.

આ બધા શ્રેષ્ઠ પદ્મના ગર્ભ સમાન ગૌર ( ઉજ્વળ ) વર્ણવાળા, વિશિષ્ટ વસ્ત્રાભરણવાળા, મુકુટથી મંડિત મસ્તકવાળા હોય છે. તેમાં કેવળ ચંદ્રના મુકુટના અગ્ર ભાગે પ્રભામંડળવાળું ચંદ્રમંડળાકાર ચિહ્ન હોય છે. સૂર્યોને સૂર્યમંડળાકાર, ગ્રહોને ગ્રહમંડળાકાર, નક્ષત્રોને નક્ષત્રમંડળાકાર અને તારાઓને તારામંડળાકાર ચિહ્ન હોય છે. તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે—" મુકુટોને વિષે-શિરોમુકુટને અગ્રભાગે રહેલા પ્રભામંડળ સરખા ઉજ્વળ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારામંડળરૂપ પોતપોતાના ચિહ્નોથી વિરાજમાન કાંતિવાળા જ્યોતિષ્કો છે. " ૧૧૨

હવે તારાના વિમાનોનું પરસ્પર અંતર કહે છે—

**पंचेव धणुसयाइं, जहन्नयं अंतरं तु ताराणं ।**
**दो चेव गाउआइं, निव्वाघाएण उक्कोसं ॥ ११३ ॥**

**અર્થ**—તારાઓનું જઘન્ય અંતર પાંચ સો ધનુષ્યનું હોય છે અને ઉત્કૃષ્ટ અંતર નિર્વ્યાઘાતપણે બે ગાઉનું હોય છે.

**ટીકાર્થ**—જંબૂદ્વીપમાં તારાઓના વિમાનોનું પર્વતાદિના વ્યાઘાતને અભાવે જઘન્ય અંતર પાંચ સો ધનુષ્યનું હોય છે ને ઉત્કૃષ્ટ બે ગાઉનું હોય છે.

વ્યાઘાતે તો જઘન્ય અંતર ૨૬૬ યોજનનું છે અને ઉત્કૃષ્ટાંતર ૧૨૨૪૨ યોજનનું છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં બે પ્રકારનાં અંતર છે એમ કહીને વ્યાઘાતે અંતર જઘન્ય ને ઉત્કૃષ્ટ આ પ્રમાણે જ કહેલ છે. ૧૧૩

( આ પ્રમાણે વ્યાઘાતના અંતરનું કારણ ટીકામાં બતાવ્યું નથી, પરંતુ તે આ પ્રમાણે સમજવું. વર્ષધર પર્વત ઉપરના કૂટ મથાળે ૨૫૦ યોજન લાંબા-પહોળા છે તેનાથી આઠ યોજન દૂર રહીને તારા ચાર ચરે છે. તેથી બે બાજુના આઠ આઠ યોજન ૨૫૦ માં ભેળવતાં ૨૬૬ યોજનનું વ્યાઘાતે જઘન્ય અંતર સમજવું. ઉત્કૃષ્ટ અંતર મેરૂપર્વત આશ્રી સમજવું. તે આ રીતે- મેરૂપર્વત જમીન ઉપર દશ હજાર યોજન વિસ્તારવાળો છે. તે ૭૯૦ યોજન ઉંચે રહેલા તારાની શ્રેણીએ દશ હજારથી ઓછો થાય છે પરંતુ તે ન ગણતાં તેનાથી ૧૧૨૧ યોજન બંને બાજુ મૂકીને તારાઓ ચાર ચરે છે તેથી બે બાજુના ૨૨૪૨ દશ હજારમાં ભેળવતાં ૧૨૨૪૨ યોજન થાય. એટલું વ્યાઘાતે ઉત્કૃષ્ટ અંતર જાણવું. )

હવે મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્ર ને સૂર્યોનું પરસ્પર અંતર કહે છે—

**सूरस्स य सूरस्स य, ससिणो ससिणो य अंतरं दिट्ठं ।**
**बाहिं तु माणसनग-स्स जोयणाणं सयसहस्सं ॥ ११४ ॥**

**અર્થ**—સૂર્યસૂર્યને અને ચંદ્રચંદ્રને માનુષોત્તર પર્વતની બહાર લાખ લાખ યોજનનું આંતરૂં જાણવું.

**ટીકાર્થ**—માનુષોત્તર નામના પર્વતની બહાર સૂર્યસૂર્યને અને ચંદ્રચંદ્રને પરસ્પર અંતર તીર્થંકર ગણધરોએ પૂર્ણ એક લાખ યોજનનું દીઠું છે-કહ્યું છે. તે આ પ્રમાણે—ચંદ્રાંતરિત સૂર્ય ને સૂર્યાંતરિત ચંદ્ર મનુષ્યલોકની બહાર રહેલા છે. તેનું પરસ્પર અંતર અન્યૂન પચાસ હજાર યોજનનું છે. શ્રી સૂર્ય-પ્રજ્ઞપ્તિમાં એ જ પ્રમાણે કહ્યું છે. આ પ્રમાણે હોવાથી ચંદ્રચંદ્રને અને સૂર્ય-સૂર્યને લાખ યોજનનું અંતર થાય છે. ૧૧૪.

હવે મનુષ્યલોકની બહાર ચંદ્ર ને સૂર્યોનું પંક્તિએ અવસ્થાન કહે છે—

**सूरंतरिआ चंदा, चंदंतरिआ य दिणयरा दित्ता ।**
**चित्तंतरलेसागा, सुहलेसा मंदलेसा य ॥ ११५ ॥**

**ટીકાર્થ**—નરલોકની બહાર પંક્તિએ રહેલા સૂર્યાંતરિત ચંદ્ર અને ચંદ્રાંતરિત સૂર્ય શોભી રહ્યા છે. દીપ્ત એટલે ભાસ્વર છે. તે ચંદ્રસૂર્યો કેવા છે ? ચિત્રાંતર લેશ્યાવાળા–એટલે પ્રકાશરૂપ લેશ્યા જેની વિચિત્ર છે એવા છે. તેમાં ચિત્રતા ચંદ્રો સૂર્યાંતરિત હોવાથી અને સૂર્યો ચંદ્રાંતરિત હોવાથી છે. વળી તે ચિત્રતા ચંદ્ર શીત કિરણોવાળો હોવાથી અને સૂર્ય ઉષ્ણ રશ્મિવાળો હોવાથી છે. લેશ્યાવિશેષ પ્રદર્શિત કરવા માટે કહે છે—સુખલેશ્યાવાળા ને મંદ લેશ્યાવાળા છે. તેમાં ચંદ્ર સુખ લેશ્યાવાળા છે. એટલે ચંદ્ર શીતકાળાદિમાં મનુષ્યલોકમાં એકાંત શીત રશ્મિવાળો હોય છે તેવો અહીં ન સમજવો. સૂર્ય મંદ લેશ્યાવાળા છે એટલે મનુષ્યલોકમાં ગ્રીષ્મ ઋતુમાં–નિદાઘ સમયે સૂર્ય અત્યંત ઉષ્ણ રશ્મિવાળો હોય છે તેમ અહીં નથી. અહીં મંદ લેશ્યાવાળા હોય છે. તત્ત્વાર્થટીકામાં શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે—અત્યંત શીત ચંદ્રો નથી, અત્યંત ઉષ્ણ સૂર્યો નથી. બંને સાધારણ લેશ્યાવાળા છે. ૧૧૫.

હવે જેના સંપર્કના વશથી શુક્લકૃષ્ણ પક્ષમાં યથાયોગ્ય ચંદ્રમંડળની વૃદ્ધિ–હાનિ જણાય છે તે સંબંધી વક્તવ્યતા કહે છે—

**किन्हं राहुविमाणं, निच्चं चंदेण होइ अविरहियं ।**
**चउरंगुलमपत्तं, हिट्ठा चंदस्स तं चरइ ॥ ११६ ॥**

**અર્થ**:—રાહુનું વિમાન કૃષ્ણવર્ણનું હોય છે. તે અવિરહિતપણે નિરંતર ચંદ્ર સાથે રહે છે. તે ચંદ્રની નીચે ચાર અંગુલ અપ્રાપ્તપણે ચાર ચરે છે.

**ટીકાર્થ**:—અહીં રાહુ બે પ્રકારના છે. પર્વરાહુ અને નિત્યરાહુ. તેમાં પર્વરાહુ તેને કહીએ કે જે કદાચિત અકસ્માત આવીને પોતાના વિમાનવડે સૂર્યના વિમાનને અથવા ચંદ્રના વિમાનને અંતરિત કરે છે. એ પ્રમાણે અંતરિત કર્યે સતે લોકોમાં ગ્રહણ એવી પ્રસિદ્ધિ થાય છે. એ પર્વરાહુ જઘન્યથી ને ઉત્કૃષ્ટથી જેટલે કાળે ચંદ્ર સૂર્યનો ઉપરાગ ( ગ્રહણ ) કરે છે તે ક્ષેત્રસમાસની ટીકામાં અમે કહેલ હોવાથી અહીં ફરીને કહેતા નથી.

જે નિત્યરાહુ છે તેનું વિમાન કાળું છે તે તેવા પ્રકારના જગતસ્વભાવથી ચંદ્રની સાથે નિત્ય અવિરહિતપણે ચંદ્રના વિમાનની નીચે ચાર અંગુલ છેટે રહીને ચાર ચરે છે. તે કૃષ્ણપક્ષમાં પ્રતિપદા ( વદિ ૧ ) થી આરંભીને પ્રતિદિવસ એકેક ચંદ્રની કળાને પોતાના પંદરમા ભાગવડે ઉપરના ભાગથી આરંભીને આવરે છે અને શુકલપક્ષમાં પ્રતિપદા ( શુદિ ૧ ) થી આરંભીને તે જ ક્રમે

દરરોજ એકેક કળા ખુલ્લી કરે છે; તેથી જગતમાં ચંદ્રમંડળની હાનિવૃદ્ધિ દેખાય છે, પરંતુ સ્વરૂપે તો ચંદ્રમંડળ અવસ્થિત જ છે. ૧૧૬

જ્યોતિષ્કના વિમાનની વક્તવ્યતા કહી, હવે વૈમાનિક દેવોના વિમાન સંબંધી વક્તવ્યતા કહે છે—

**बत्तीसट्ठावीसा, बारस अट्ठ य चउरो सयसहस्सा ।**
**आरेण बंभलोगा, विमाणसंखा भवे एसा ॥ ११७ ॥**

**ટીકાર્થ:**—બ્રહ્મલોકના ચરમભાગ પર્યંતથી અર્વાક્ એટલે સૌધર્મ દેવલોકથી બ્રહ્મ દેવલોક પર્યંત આ પ્રમાણે વિમાનોની સંખ્યા છે-સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે, ઈશાન દેવલોકમાં ૨૮ લાખ વિમાન છે, સનત્કુમાર દેવલોકમાં ૧૨ લાખ વિમાન છે, માહેંદ્ર દેવલોકમાં ૮ લાખ વિમાન છે અને બ્રહ્મ દેવલોકમાં ચાર લાખ વિમાન છે. ૧૧૭ તથા—

**पन्नास चत्त छच्चेव, सहस्सा लंतसुक्कसहस्सारे ।**
**सयचउरो आणयपा–णएसु तिन्नारणच्चुयए ॥ ११८ ॥**

**ટીકાર્થ:**—આ ગાથાના અર્થમાં પૂર્વાર્ધમાં દેવલોકના ક્રમે કરીને સંખ્યાના પદની યોજના કરવી. તે આ પ્રમાણે-લાંતક કલ્પમાં ૫૦૦૦૦, મહાશુક્ર કલ્પમાં ૪૦૦૦૦ અને સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનો જાણવા. આનત-પ્રાણત એમાં ભેળા ૪૦૦ વિમાનો જાણવા અને આરણ-અચ્યુત એ દેવલોકમાં ભેળા ત્રણ સો વિમાનો જાણવા. ૧૧૮ તથા—

**इक्कारसुत्तरं हिट्ठिमेसु, सत्तुत्तरं च मज्झिमए ।**
**सयमेगं उवरिमए, पंचेव अणुत्तरविमाणा ॥ ११९ ॥**

**ટીકાર્થ:**—અધસ્તન ત્રણ ગ્રૈવેયકમાં ભેળા મળીને ૧૧૧, મધ્ય ગ્રૈવેયક-ત્રિકમાં ભેળા મળીને ૧૦૭ અને ઉપરિમ ગ્રૈવેયકત્રિકમાં ૧૦૦ અને સર્વપર્યંતવર્તી છેલ્લા પ્રસ્તટમાં પાંચ અનુત્તર વિમાનો જાણવા. જેની ઉત્તરે એટલે પછી અથવા જેનાથી શ્રેષ્ઠ વિમાન બીજું કોઇ નથી તેને અનુત્તર કહીએ એવા અનુત્તર વિમાનો પાંચ છે. ૧૧૯

હવે સર્વ વિમાનોની એકંદર સંખ્યા કહે છે—

**चुलसीइ सयसहस्सा, सत्ताणउई भवे सहस्साइं ।**
**तेवीसं च विमाणा, विमाणसंखा भवे एसा ॥ १२० ॥**

**અર્થ:**—ચોરાશી લાખ, સત્તાણુ હજાર ને ત્રેવીશ એટલી સર્વ વિમાનોની સંખ્યા જાણવી. ૧૨૦

**ટીકાર્થ:**—અનંતર કહેલી ત્રણ ગાથામાં કહેલા વિમાનોની સર્વ સંખ્યા ચોરાશી લાખ, સત્તાણુ હજાર ને ત્રેવીશની જાણવી. એ બધા વિમાનો ગંધને આશ્રીને સુરભિગંધવાળા, સ્પર્શને આશ્રીને માખણ કરતાં પણ અત્યંત કોમળ શુભ સ્પર્શવાળા અને પોતાની પ્રભા-કાંતિવડે પ્રકાશિત કરેલ છે સર્વ દિશાચક્રવાળ જેણે એવા એટલે સતત ઉદ્યોતવાળા અને તેના નિવાસી દેવોને નિરંતર રમણિક લાગે તેવા છે. કદાચિત્ પણ ઉદ્વેગકારી નથી. ( આવી મતલબની જ અહીં એક માગધી ગાથા કહી છે. )

સર્વ સંખ્યાએ ઊર્ધ્વલોકમાં બાસઠ પ્રસ્તટો ( પ્રતરો ) છે તે આ પ્રમાણે—સૌધર્મ ને ઈશાનના વલયમાં ૧૩, સનત્કુમાર ને માહેંદ્રના વલયમાં ૧૨, બ્રહ્મલોકે છ, લાંતકે પાંચ, મહાશુક્રે ચાર, સહસ્રારે ચાર, આનત-પ્રાણતના વલયે ચાર, આરણ ને અચ્યુતના વલયે ચાર, નવ ગ્રૈવેયકમાં નવ અને પાંચ અનુત્તર વિમાનમાં એક એમ સર્વ મળીને ૬૨ પ્રતરો છે.

હવે તે દરેક પ્રસ્તટમાં બે પ્રકારના વિમાનો છે. આવલિકાપ્રવિષ્ટ અને આવલિકાબાહ્ય. તેમાં આવલિકાપ્રવિષ્ટ એટલે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ ને ઉત્તર રૂપ ચારે દિશાઓમાં જે શ્રેણિગત વિમાનો છે તે અને આવલિકાબાહ્ય એટલે જે આવલિકાપ્રવિષ્ટના અપાંતરાળે પ્રાંગણ પ્રદેશે કુસુમના પ્રકરની જેમ જ્યાં ત્યાં છુટા વિપ્રકીર્ણ હોય તે. તેને પુષ્પાવકીર્ણ કહે છે. એટલે પુષ્પની જેમ જ્યાં ત્યાં છુટાછુટા હોય તે સમજવા. એવા પુષ્પાવકીર્ણ વિમાનો મધ્યવર્તી ઈંદ્રક વિમાનની દક્ષિણ, પશ્ચિમ ને ઉત્તરમાં હોય છે. પૂર્વમાં હોતા નથી.

જે આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે તેમાં મધ્યભાગે દરેક પ્રસ્તટમાં જે એક વિમાન હોય છે તે ઈંદ્રકવિમાન કહેવાય છે. પ્રસ્તટ ૬૨ હોવાથી વિમાનેંદ્રક પણ ૬૨ છે તેના નામો આ પ્રમાણે—

સૌધર્મેશાન વલયમાં પ્રથમ પ્રસ્તટમાં સર્વમધ્યવર્તી વિમાનેંદ્રક ઉડુ ૧, પછી બીજા પ્રસ્તટમાં ચંદ્ર ૨, ત્રીજામાં રજત ૩, ચોથામાં વલ્ગુ ૪, પાંચમામાં

વીર્ય ૫, છઠ્ઠામાં વરૂણ ૬, સાતમામાં આનંદ ૭, આઠમામાં બ્રહ્મ ૮, નવમામાં કાંચન ૯, દશમામાં રૂચિર ૧૦, અગ્યારમામાં વંચ ૧૧, બારમામાં અરૂણ ૧૨, તેરમામાં દિશ ૧૩. સનત્કુમાર માહેંદ્ર વલયમાં પહેલે પ્રસ્તટે વૈડુર્ય ૧, બીજામાં રૂચક ૨, ત્રીજામાં રૂચિત ૩, ચોથામાં અંક ૪, પાંચમામાં સ્ફટિક ૫, છઠ્ઠામાં તપનીય ૬, સાતમામાં મેઘ ૭, આઠમામાં અર્ઘ ૮, નવમામાં હારિદ્ર ૯, દશમામાં નલિન ૧૦, અગ્યારમામાં લોહિતાક્ષ ૧૧, બારમામાં વજ્ર ૧૨. બ્રહ્મલોકે પહેલે પ્રસ્તટે અંજન ૧, બીજે વરમાલ ૨, ત્રીજે અરિષ્ટ ૩, ચોથે દેવ ૪, પાંચમે સોમ ૫, છઠ્ઠે મંગળ ૬. લાંતકમાં પહેલે પ્રસ્તટે બલભદ્ર ૧, બીજે ચક્ર ૨, ત્રીજે ગદા ૩, ચોથે સ્વસ્તિક ૪, પાંચમે નંદાવર્ત ૫. મહાશુક્રે પહેલે પ્રસ્તટે આભંકર ૧, બીજે ગૃદ્ધિ ૨, ત્રીજે કેતુ ૩, ચોથે ગરૂડ ૪. સહસ્રારે પહેલે પ્રસ્તટે બ્રહ્મ ૧, બીજે બ્રહ્મહિત ૨, ત્રીજે બ્રહ્મોત્તર ૩, ચોથે લાંતક ૪. આનતપ્રાણુતવલયે પ્રથમ પ્રસ્તટે મહાશુક્ર ૧, બીજે સહસ્રાર ૨, ત્રીજે આનત ૩, ચોથે પ્રાણુત ૪. આરણ્યાચ્યુતવલયે પ્રથમ પ્રસ્તટે પુષ્પક ૧, બીજે અલંકાર ૨, ત્રીજે આરણ ૩, ચોથે અચ્યુત ૪. અધસ્તન અધસ્તન ગ્રૈવેયકે સુદર્શન ૧, અધસ્તન મધ્યમે સુપ્રબુદ્ધ ૨, અધસ્તન ઉપરિતને મનોરમ ૩, મધ્યમ અધસ્તને સર્વતોભદ્ર ૪, મધ્યમ મધ્યમે વિશાલ ૫, મધ્યમ ઉપરિતને સુમન ૬, ઉપરિતન અધસ્તને સોમનસ ૭, ઉપરિતન મધ્યમે પ્રીતિકર ૮, ઉપરિતન ઉપરિતને આદિત્ય ૯ અને છેલ્લે ૬૨ મે પ્રસ્તટે સર્વાર્થસિદ્ધિ ૧. આ અર્થનો સંગ્રહ કરનારી સાત ગાથા છે. તેમાં ઉપર પ્રમાણેના નામો જ હોવાથી તે ગાથાઓ અહીં લખી નથી. એ સાત ગાથામાં ત્રીજી ગાથાનું પૂર્વાર્ધ બધી ગાથાની જેવું છે અને ઉત્તરાર્ધ ગીતિ નામનું છે.

એ બધા વિમાનેંદ્રક ગોળ હોય છે. ત્યારપછી તેની પૂર્વાદિ ચારે દિશાએ ત્રિખુણા હોય છે, પછી ચારે દિશાએ ચતુરસ્ર ( ચોખંડા ) હોય છે. પછી પાછા ગોળ, ત્યારપછી ત્ર્યસ્ર ( ત્રિખુણા ) ને પછી ચોખંડા હોય છે. એ પ્રમાણે આવલિકાના છેલ્લા વિમાન સુધી જાણવું. તેમ પહેલા પ્રસ્તટમાં ઉડુ નામના વિમાનેંદ્રકથી પૂર્વાદિ ચારે દિશાએ ૬૨–૬૨ આવલિકાપ્રવિષ્ટ વિમાનો હોય છે. આ આવલિકાપ્રવિષ્ટ વિમાનો કયા દ્વીપ અથવા સમુદ્ર ઉપર છે તે કહે છે– ઉડુ નામના વિમાનેંદ્રકથી પૂર્વાદિ ચારે દિશામાં પ્રત્યેકમાં ૬૨–૬૨ વિમાનો છે તેમાંથી એકેક દેવ નામના દ્વીપ ઉપર, બે બે નાગસમુદ્ર ઉપર, ચાર ચાર યક્ષદ્વીપ ઉપર, આઠ આઠ ભૂતસમુદ્ર ઉપર, સોળ સોળ સ્વયંભૂરમણ દ્વીપ ઉપર અને ૩૧–૩૧ સ્વયંભૂરમણસમુદ્ર ઉપર એમ કુલ ૬૨ સમજવા.

પહેલા પ્રસ્તટથી ઉપર બીજા વિગેરે પ્રસ્તટોમાં જે આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે તે પ્રથમ પ્રસ્તટગત આવલિકાપ્રવિષ્ટ વિમાનની સમશ્રેણિમાં જ ઉપર રહેલા છે. એટલે વૃત્તની ઉપર વૃત્ત, ત્ર્યસ્રની ઉપર ત્ર્યસ્ર ને ચતુરસ્રની ઉપર ચતુરસ્ર. માત્ર ઉપર ઉપરના પ્રસ્તટમાં આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યામાં ચારે દિશામાં એકેક વિમાન ઓછું છે. એટલે બીજા પ્રસ્તટમાં ૬૧, ત્રીજામાં ૬૦ એમ એકેક ઘટાડતા ત્યાં સુધી જવું કે યાવત્ ૬૨ મા પ્રસ્તટમાં સર્વાર્થસિદ્ધ વિમાનની ચારે દિશાએ એકેક વિમાન જ ત્રિખૂણું છે. ૧૨૦

હવે દરેક દેવલોકમાં આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા લાવવાનું કારણ કહે છે:—

**कप्पस्सणुपुव्वीए, आइमपयरंतिमं च गणइत्ता ।**
**मुहभूमिसमासद्धं, पयरेहिं गुणंतु सव्वधणं ॥ १२१ ॥**

**અર્થ**:—દેવલોકની અનુપૂર્વીએ પહેલા ને છેલ્લા પ્રતરમાં જેટલી આવલિકાગતની ચારે દિશાની મળીને સંખ્યા હોય તેને મુખ અને ભૂમિની સંખ્યા કહીએ. તે બે સંખ્યાને એકત્ર કરી તેને અર્ધ કરીને પ્રતરની સંખ્યાએ ગુણવાથી સર્વ સંખ્યા આવે.

**ટીકાર્થ**:—સૌધર્મેશાનાદિ કલ્પની આનુપૂર્વીએ એટલે પૂર્વાનુપૂર્વીએ જે પહેલું પ્રતર તેમાં રહેલા આવલિકાગત સર્વ વિમાનોની સંખ્યા અને જે અંતિમ પ્રતરગત આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા તે બેને એકત્ર કરવી. એમાં પ્રથમ પ્રતરગત સર્વ વિમાનસંખ્યા તે **મુખ** કહીએ અને અંતિમ પ્રતરગત સર્વ વિમાનોની સંખ્યા તે **ભૂમિ** કહીએ. પછી તે મુખ ને ભૂમિની સંખ્યાનો સમાસ કરીએ એટલે એકત્ર કરીએ. પછી તેનું અર્ધ કરીને તે સંખ્યાને સ્વકલ્પગત પ્રસ્તટની સંખ્યાવડે ગુણીએ. એ પ્રમાણે ગુણતાં જે સંખ્યા આવે તેને સર્વધન જાણવું અર્થાત્ તેટલા વિવક્ષિત કલ્પમાં સર્વ સંખ્યાએ આવલિકાગત વિમાનો છે એમ સમજવું. ૧૨૧.

હવે તે બાબત પ્રથમ સૌધર્મેશાન વલય માટે ગણાવે છે-તેના પ્રથમ પ્રસ્તટમાં ચારે દિશાએ ૬૨-૬૨ આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે ને મધ્યમાં વિમાનેંદ્રક ૧ છે એટલે સર્વ મળીને ૨૪૯ થયા. તેને સૌધર્મેશાન વલયના મુખની

સંખ્યા સમજવી. બાકીના કલ્પોમાં નીચેના પરપ્રતરને ચારે ગુણતાં જે આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં જે સંખ્યા રહે તેને મુખ સમજવું. એટલે સનત્-કુમાર–માહેંદ્રના વલયથી અધસ્તન પરપ્રતર સૌધર્મેશાનના વલય સંબંધી ૧૩ છે તેને ચારે ગુણતાં ૫૨ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૧૯૭ આવે. એટલું સનત્કુમાર–માહેંદ્રના વલયનું મુખ સમજવું. બ્રહ્મલોકની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૨૫ છે તેને ચારે ગુણતાં ૧૦૦ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૧૪૯ આવે તે બ્રહ્મલોકનું મુખ સમજવું. લાંતકની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૩૧ સમજવા તેને ચારે ગુણતાં ૧૨૪ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૧૨૫ રહે. તેટલું લાંતક કલ્પનું મુખ સમજવું. મહાશુક્રની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૩૬ છે. તેને ચારે ગુણતાં ૧૪૪ થાય તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૧૦૫ રહે, એટલું મહાશુક્રે મુખ જાણવું. સહસ્રાર કલ્પની અપેક્ષાએ અધસ્તન પર–પ્રતર ૪૦ છે તેને ચારે ગુણતાં ૧૬૦ આવે, તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૮૯ રહે એટલું સહસ્રારે મુખ સમજવું. આનત–પ્રાણત વલયે અધસ્તન પરપ્રતર ૪૪ છે તેને ચારે ગુણતાં ૧૭૬ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૭૩ રહે એટલું આનત–પ્રાણત વલયનું મુખ જાણવું. આરણાચ્યુત વલયની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૪૮ છે તેને ચારે ગુણતાં ૧૯૨ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૫૭ રહે એટલું આરણાચ્યુત વલયે મુખ જાણવું.

અધસ્તન ગ્રૈવેયકત્રિકની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૫૨ છે તેને ચારે ગુણતાં ૨૦૮ થાય તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૪૧ રહે એટલું અધસ્તનગ્રૈવે-યકત્રિકમાં મુખ સમજવું. મધ્યમગ્રૈવેયકત્રિકની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૫૫ છે તેને ચારે ગુણતાં ૨૨૦ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૨૯ રહે. એટલું મધ્યમગ્રૈવેયકત્રિકે મુખ જાણવું. ઉપરિતન ગ્રૈવેયકત્રિકની અપેક્ષાએ અધ-સ્તન પરપ્રતર ૫૮ છે. તેને ચારે ગુણતાં ૨૩૨ આવે તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૧૭ રહે એટલું ઉપરિતન ગ્રૈવેયકત્રિકે મુખ સમજવું. પાંચ અનુત્તર–વિમાનની અપેક્ષાએ અધસ્તન પરપ્રતર ૬૧ છે તેને ચારે ગુણતાં ૨૪૪ થાય તેને ૨૪૯ માંથી બાદ કરતાં ૫ રહે એટલા છેલ્લા પ્રસ્તટમાં આવલિકાપ્રવિષ્ટ વિમાનો જાણવા. આ અર્થને કહેનારી ત્રણ ગાથા છે તેમાં ઉપર જણાવેલ સંખ્યા જ બતાવી છે.

હવે ભૂમિના વિમાનની સંખ્યા જાણવા માટે આ પ્રમાણે કરણ સમજવું.

**सग पयरा रूवूणा, चउगुणिया सोहिया य मूलिल्ला। जं तत्थ सुद्धसेसं, इच्छिय-**

**कप्पस्स सा भूमी ॥ १ ॥ વ્યાખ્યા**–વિવક્ષિત દેવલોકના પોતાના જેટલા પ્રતર હોય તેમાંથી એક બાદ કરી જે આવે તેને ચારે ગુણીએ. ચારે ગુણતાં જે આવે તેને પોતાના મુખની સંખ્યામાંથી એટલે પોતાના પ્રથમ પ્રસ્તટના આવલિકાગત વિમાનની સંખ્યામાંથી બાદ કરીએ એટલે જે શેષ રહે તેને પોતાના કલ્પની ભૂમિ એટલે ઉપરલા–છેલ્લા પ્રસ્તટના આવલિકાગત વિમાનની સંખ્યા જાણવી. તે આ રીતે–સૌધર્મેશાનના વલયના ૧૩ પ્રતર છે તેમાંથી એક બાદ કરતાં ૧૨. તેને ચારે ગુણતાં ૪૮, તેને મુખના ૨૪૯ માંથી બાદ કરતાં ૨૦૧ રહે તે સૌધર્મેશાનની ભૂમિ જાણવી. સનત્કુમાર–માહેંદ્રના વલયમાં ૧૨ પ્રસ્તટ છે તેમાંથી ૧ બાદ કરતાં ૧૧, તેને ચારે ગુણતાં ૪૪, તેને તેના મુખના ૧૯૭ માંથી બાદ કરતાં ૧૫૩ રહે તે સનત્કુમારમાહેંદ્રની ભૂમિ જાણવી. બ્રહ્મલોકના છ પ્રસ્તટ છે તેમાંથી એક બાદ કરતાં ૫, તેને ચારે ગુણતાં ૨૦, તેને તેના મુખના ૧૪૯ માંથી બાદ કરતાં ૧૨૯ રહે તે બ્રહ્મલોકની ભૂમિ જાણવી. લાંતક દેવલોકના ૫ પ્રસ્તટ છે તેમાંથી એક બાદ કરતાં ૪ તેને ચારે ગુણતાં ૧૬, તેને તેના મુખના ૧૨૫ માંથી બાદ કરતાં ૧૦૯ રહે તે લાંતકની ભૂમિ જાણવી. મહાશુક્રે ચાર પ્રતર છે તેમાંથી એક બાદ કરતાં ૩ તેને ચારે ગુણતાં ૧૨ તેને તેના મુખના ૧૦૫ માંથી બાદ કરીએ એટલે ૯૩ રહે તેને મહાશુક્રની ભૂમિ જાણવી. સહસ્રારે ચાર પ્રતર છે તેમાંથી એક બાદ કરતાં ૩ રહે તેને ચારે ગુણતાં ૧૨ થાય તેને તેના મુખના ૮૯ માંથી બાદ કરતાં ૭૭ રહે તે સહસ્રારની ભૂમિ જાણવી. આનત–પ્રાણતના વલયે પ્રસ્તટ ૪ છે તેમાંથી એક બાદ કરતાં ૩ તેને ચારે ગુણતાં ૧૨ તેને તેના મુખના ૭૩ માંથી બાદ કરતાં ૬૧ રહે તેને આનત–પ્રાણતની ભૂમિ જાણવી. આરણાચ્યુતવલયના પ્રસ્તટ ૪ છે તેમાંથી એક બાદ કરતાં ૩ તેને ચારે ગુણતાં ૧૨ તેને તેના મુખના ૫૭ માંથી બાદ કરતાં ૪૫ રહે તેને આરણાચ્યુતની ભૂમિ જાણવી. એ પ્રમાણે કરતાં અધસ્તન ગ્રૈવેયકત્રિકે ૩૩, મધ્યમ ગ્રૈવેયકત્રિકે ૨૧, ઉપરિતન ગ્રૈવેયકત્રિકે ૯ ભૂમિ જાણવી. પાંચ અનુત્તરે એકજ પ્રસ્તટ હોવાથી મુખ, ભૂમિ એકજ સમજવી.

એ પ્રમાણે મુખ ને ભૂમિ કહી, હવે એને આશ્રિત કરણ કહે છે—પ્રથમ સૌધર્મ ને ઈશાન વલયે ૨૪૯ મુખ, ૨૦૧ ભૂમિ કુલ ૪૫૦, તેનું અર્ધ ૨૨૫ તેને ૧૩ પ્રતરવડે ગુણતાં ૨૯૨૫ એટલા સૌધર્મેશાન વલયમાં પંક્તિગત વિમાનો જાણવા. એ શિવાયના બીજા વિમાનો પુષ્પાવકીર્ણ જાણવા તે કહે છે—પ્રથમ દેવલોકે ૩૨ લાખ ને બીજા દેવલોકે ૨૮ લાખ કુલ ૬૦ લાખમાંથી શ્રેણિગત

૨૯૨૫ બાદ કરતાં બાકીના ૫૯૯૭૦૭૫ પુષ્પાવકીર્ણ જાણવા. સનત્કુમાર ને માહેંદ્રમાં મુખ ૧૯૭ ને ભૂમિ ૧૫૩ કુલ ૩૫૦ તેનું અર્ધ ૧૭૫ તેને ૧૨ પ્રતરે ગુણતાં ૨૧૦૦ એટલા શ્રેણિગત વિમાનો જાણવા. બાકીના પુષ્પાવકીર્ણ જાણવા. તે કહે છે–ત્રીજા દેવલોકે ૧૨ લાખ ને ચોથા દેવલોકે ૮ લાખ કુલ ૨૦ લાખ તેમાંથી શ્રેણિગત ૨૧૦૦ બાદ કરતાં બાકી ૧૯૯૭૯૦૦ પુષ્પાવકીર્ણ જાણવા. બ્રહ્મ દેવલોકે મુખ ૧૪૯ ને ભૂમિ ૧૨૯ કુલ ૨૭૮ તેનું અર્ધ કરતાં ૧૩૯ તેને છ પ્રતરવડે ગુણતાં ૮૩૪ શ્રેણિગત જાણવા. બાકીના પુષ્પાવકીર્ણ ૩૯૯૧૬૬ કુલ ચાર લાખ વિમાનો જાણવા. લાંતકે મુખ ૧૨૫ ને ભૂમિ ૧૦૯ કુલ ૨૩૪ તેનું અર્ધ ૧૧૭ તેને પાંચ પ્રસ્તટે ગુણતાં ૫૮૫ શ્રેણિગત અને બાકીના ૪૯૪૧૫ પુષ્પાવકીર્ણ કુલ પચાસ હજાર વિમાનો જાણવા. મહાશુક્રે મુખ ૧૦૫ ને ભૂમિ ૯૩ કુલ ૧૯૮ તેનું અર્ધ ૯૯ તેને ચારવડે ગુણતાં ૩૯૬ એટલા શ્રેણિગત ને બાકીના ૩૯૬૦૪ પુષ્પાવકીર્ણ મળી કુલ ચાળીશ હજાર વિમાનો જાણવા. સહસ્રારે મુખ ૮૯ ભૂમિ ૭૭ કુલ ૧૬૬ તેનું અર્ધ ૮૩ તેને ચારવડે ગુણતાં ૩૩૨ એટલા શ્રેણિગત જાણવા, બાકીના ૫૬૬૮ પુષ્પાવકીર્ણ મળી કુલ છ હજાર વિમાનો જાણવા. આનત–પ્રાણતવલયે મુખ ૭૩ ભૂમિ ૬૧ કુલ ૧૩૪ તેનું અર્ધ ૬૭ તેને ચાર-ગુણા કરતાં ૨૬૮ શ્રેણિગત અને બાકીના ૧૩૨ પુષ્પાવકીર્ણ મળી કુલ ૪૦૦ વિમાનો જાણવા. આરણાચ્યુત વલયે મુખ ૫૭ ભૂમિ ૪૫ કુલ ૧૦૨ તેનું અર્ધ ૫૧ તેને ચારે ગુણતાં ૨૦૪ શ્રેણિગત ને બાકીના ૯૬ પુષ્પાવકીર્ણ મળી કુલ ૩૦૦ વિમાનો જાણવા. અધસ્તન ગ્રૈવેયકત્રિકે મુખ ૪૧ ભૂમિ ૩૩ કુલ ૭૪ તેનું અર્ધ ૩૭ તેને ત્રણગુણા કરતાં ૧૧૧ શ્રેણિગત વિમાનો જ જાણવા. એમાં પુષ્પાવકીર્ણ નથી. મધ્યમ ગ્રૈવેયકત્રિકે મુખ ૨૯ ભૂમિ ૨૧ કુલ ૫૦ તેનું અર્ધ ૨૫ તેને ત્રણગુણા કરતાં ૭૫ શ્રેણિગત ને બાકીના ૩૨ પુષ્પાવકીર્ણ મળી કુલ ૧૦૭ વિમાનો જાણવા. ઉપરિતન ગ્રૈવેયકત્રિકે મુખ ૧૭ ભૂમિ ૯ કુલ ૨૬ તેનું અર્ધ ૧૩ તેને ત્રણગુણા કરતાં ૩૯ શ્રેણિગત ને બાકીના ૬૧ પુષ્પાવકીર્ણ કુલ ૧૦૦ વિમાનો જાણવા. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત ને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તર વિમાને એક મધ્યમાં ને ચાર પૂર્વાદિ દિશામાં કુલ ૫ શ્રેણિગત જ છે. એ પ્રસ્તટે પુષ્પાવકીર્ણ નથી.

હવે બધા ઊર્ધ્વલોકમાં આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા જાણવી હોય તો પહેલે પ્રસ્તટે ૨૪૯ આવલિકાગત છે તે મુખ ને છેલ્લે પ્રસ્તટે પાંચ આવલિકાગત છે તે ભૂમિ કુલ ૨૫૪, તેનું અર્ધ ૧૨૭ તેને સકળ ઊર્ધ્વલોકગત ૬૨ પ્રતરે ગુણતાં આવ્યા ૭૮૭૪ એટલા આવલિકાગત વિમાનો જાણવા.

## વૈમાનિકમાં દરેક દેવલોકે આવલિકાપ્રવિષ્ટ વિમાનોનું તેમ જ પુષ્પાવકીર્ણનું અને કુલ વિમાનોનું યંત્ર. ( ૧૩ )

| | પ્રતર | પહેલે પ્રતરે | છેલ્લે પ્રતરે | મુખ | વૃત્ત | ત્ર્યસ્ત્ર | ચોરસ | ઇંદ્રકો. | આવલિકા પ્રવિષ્ટ | પુષ્પાવ-કીર્ણ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સૌધર્મ-ઈશાને | ૧૩ | ૬૨ | ૫૦ | ૨૪૯ | ૨૦૧ | ૪૫૦ | ૨૨૫ | ૧૩ | ૨૯૨૫ | ૫૯૯૭૦૭૫ | ૬૦ લાખ |
| સનત્કુમાર-માહેંદ્રે | ૧૨ | ૪૯ | ૩૮ | ૧૯૭ | ૧૫૩ | ૩૫૦ | ૧૭૫ | ૧૨ | ૨૧૦૦ | ૧૯૯૭૯૦૦ | ૨૦ લાખ |
| બ્રહ્મ દેવલોકે | ૬ | ૩૭ | ૩૨ | ૧૪૯ | ૧૨૯ | ૨૭૮ | ૧૩૯ | ૬ | ૮૩૪ | ૩૯૯૧૬૬ | ૪ લાખ |
| લાંતક દેવલોકે | ૫ | ૩૧ | ૨૭ | ૧૨૫ | ૧૦૯ | ૨૩૪ | ૧૧૭ | ૫ | ૫૮૫ | ૪૯૪૧૫ | ૫૦ હજાર |
| મહાશુક્ર દેવલોકે | ૪ | ૨૬ | ૨૩ | ૧૦૫ | ૯૩ | ૧૯૮ | ૯૯ | ૪ | ૩૯૬ | ૩૯૬૦૪ | ૪૦ હજાર |
| સહસ્રાર દેવલોકે | ૪ | ૨૨ | ૧૯ | ૮૯ | ૭૭ | ૧૬૬ | ૮૩ | ૪ | ૩૩૨ | ૫૬૬૮ | ૬ હજાર |
| આનત-પ્રાણતે | ૪ | ૧૮ | ૧૫ | ૭૩ | ૬૧ | ૧૩૪ | ૬૭ | ૪ | ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| આરણ-અચ્યુતે | ૪ | ૧૪ | ૧૧ | ૫૭ | ૪૫ | ૧૦૨ | ૫૧ | ૪ | ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| અધો-ગ્રૈવેયકત્રિકે | ૩ | ૧૦ | ૮ | ૪૧ | ૩૩ | ૭૪ | ૩૭ | ૩ | ૧૧૧ | ૦ | ૧૧૧ |
| મધ્ય-ગ્રૈ૦ ત્રિકે | ૩ | ૭ | ૫ | ૨૯ | ૨૧ | ૫૦ | ૨૫ | ૩ | ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ઉપરિ-ગ્રૈ૦ ત્રિકે | ૩ | ૪ | ૨ | ૧૭ | ૯ | ૨૬ | ૧૩ | ૩ | ૩૯ | ૬૧ | ૧૦૦ |
| અનુત્તરે | ૧ | ૫ | ૦ | ૫ | ૦ | ૫ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ |
| એકંદર | ૬૨ | ૬૨ | ૫ | ૨૪૯ | ૫ | ૨૫૪ | ૧૨૭ | ૬૨ | ૭૮૭૪ | ૮૪૮૯૧૪૯ | ૮૪૯૭૦૨૩ |

હવે કયા કલ્પમાં આવલિકાપ્રવિષ્ટમાં કેટલા વૃત્ત વિમાનો છે, કેટલા ત્રિખૂણા છે ને કેટલા ચોખંડા છે તે કહે છેઃ—

**जहिं कप्पे जावइआ, पयरा आवलिआ तत्तिआ तत्थ ।**
**एगादिसाए तासिं, तिहि तिहि भागेहि जं लद्धं ॥ १२२ ॥**
**तं मिलिअं ठाणतिगे, तंस चउरंस वट्टए काउं ।**
**तिविभत्ते वि अ सेसं, चिंतसु दुगइक्कसुन्नाइं ॥ १२३ ॥**
**जावइआ तहिं इक्का, तावइआ तंसरासिपक्खिवसु ।**
**मीलिय दुगपिंडदलं, तंसे चउरंसि बीयदलं ॥ १२४ ॥**

**एवं एगादिसाण तंसयचउरंसवट्टसंखाओ ।**
**वट्टेसु इंदगाणि य, सव्वेसु सव्वेसु चउगुणियं ॥ १२५ ॥**

**અર્થ**:—આ ચારે ગાથાઓનો શબ્દાર્થ સમજાય તેમ છે પરંતુ તેનો વિશેષાર્થ જાણવાથી જ તે સ્પષ્ટ થાય તેમ છે તેથી શબ્દાર્થ લખેલ નથી.

**ટીકાર્થ**:—જે દેવલોકમાં એટલે સૌધર્મેશાન વલયાદિકમાં જેટલા પ્રતર હોય તેટલા ચારે દિશાએ વિમાનો શ્રેણિગત હોય. તે સંખ્યાને ત્રણવડે ભાંગતાં જે આવે તેને વૃત્ત, ત્રિખૂણા ને ચોખૂણા એમ ત્રણ સ્થાને સ્થાપન કરીએ. જો સરખા આવે તો કાંઇ કરવાનું નથી. જો એક વધે તો તેને ત્રિખૂણાની સંખ્યામાં ભેળવીએ ને જો બે વધે તો એક ત્રિખૂણમાં ને એક ચોખૂણામાં ભેળવીએ, પછી તે ત્રણે રાશિને ચોગુણા કરીએ-ચારે ગુણીએ. ચારે ગુણ્યા પછી વૃત્તમાં એક વિમાનેંદ્રક ભેળવીએ કેમકે તે વૃત્ત છે. આ પ્રમાણે કરવાથી વૃત્ત, ત્ર્યસ્ર ને ચતુરસ્રની ચોક્કસ સંખ્યા આવશે.

પ્રથમ સૌધર્મેશાન વલયમાં પ્રસ્તટ તેર છે એટલે આવલિકા પણ ચારે દિશાએ તેર તેર છે. તેમાં પ્રથમની આવલિકામાં એકેક દિશાએ ૬૨-૬૨ બીજીમાં ૬૧-૬૧, ત્રીજીમાં ૬૦-૬૦, ચોથીમાં ૫૯-૫૯, પાંચમીમાં ૫૮-૫૮, છઠ્ઠીમાં ૫૭-૫૭, સાતમીમાં ૫૬-૫૬, આઠમીમાં ૫૫-૫૫, નવમીમાં ૫૪-૫૪, દશમીમાં ૫૩-૫૩, અગ્યારમીમાં ૫૨-૫૨, બારમીમાં ૫૧-૫૧ અને તેરમીમાં ૫૦-૫૦ વિમાનો છે. એ તેરે રાશિને ત્રણવડે ભાંગતાં ૨૦-૨૦-૨૦-૧૯-૧૯-૧૯-૧૮ -૧૮-૧૮-૧૭-૧૭-૧૭-૧૬ આવે તે લબ્ધ આંકને ભેળા કરતાં ૨૩૮ થાય. એ ત્રણે રાશિમાં મૂકવા. ત્રણે ભાંગતાં બાકી ૨-૧-૦-૨-૧-૦-૨-૧-૦-૨-૧-૦-૨ વધે એમાં ચાર એકડા છે ને પાંચ બગડા છે. તેમાંથી ચાર એકડા છે તે ત્ર્યસ્રમાં નાખીએ ને પાંચ બગડાના કુલ દશ થાય તેમાંથી ૫ ત્ર્યસ્રમાં ને ૫ ચતુરસ્રમાં નાખીએ. એટલે ત્ર્યસ્રની રાશિ ૨૪૭ ની થાય. ચતુરસ્રની ૨૪૩ ની થાય ને વૃત્તની રાશિ ૨૩૮ ની જ રહે, પછી ચારે દિશાએ તે પ્રમાણે હોવાથી તે ત્રણે રાશિને ચારવડે ગુણવા અને વૃત્તમાં ૧૩ પ્રતરના મધ્યના ૧૩ વિમાનેંદ્રક ઉમેરવા એટલે ત્ર્યસ્રની રાશીમાં ૯૮૮, ચતુરસ્રમાં ૯૭૨ અને વૃત્તમાં ૯૬૫ આવે. કુલ મળીને ૨૯૨૫ વિમાનો સૌધર્મેશાનવલયે આવલિકાગત જાણવા.

સનત્કુમાર ને માહેન્દ્ર વલયમાં ૧૨ પ્રતર છે એટલે ચારે દિશાએ બાર બાર આવલિકા છે. તેમાં પ્રથમ આવલિકામાં ૪૯, બીજીમાં ૪૮, ત્રીજીમાં ૪૭, ચોથીમાં

૪૬, પાંચમીમાં ૪૫, છઠ્ઠીમાં ૪૪, સાતમીમાં ૪૩, આઠમીમાં ૪૨, નવમીમાં ૪૧, દશમીમાં ૪૦, અગ્યારમીમાં ૩૯ ને બારમીમાં ૩૮ છે. એ રાશિને ત્રણવડે ભાંગતાં ૧૬-૧૬-૧૫-૧૫-૧૫-૧૪-૧૪-૧૪-૧૩-૧૩-૧૩-૧૨ આવે. તેનો સરવાળો કરતાં ૧૭૦ થાય. ત્રણે ભાંગતાં વધેલ રાશિ ૧-૦-૨-૧-૦-૨-૧-૦-૨-૧-૦-૨ આ પ્રમાણે છે. તેમાં ચાર એકડા છે ને ચાર બગડા છે. ચાર એકડા ત્ર્યસ્રમાં નાખવા. ચાર બગડાના ૮ થાય. તેમાંથી ૪ ત્ર્યસ્રમાં ને ૪ ચતુરસ્રમાં નાખવા એટલે કુલ ત્ર્યસ્ર ૧૭૮ ને ચતુરસ્ર ૧૭૪ થાય. વૃત્ત ૧૭૦ જ રહે તે ત્રણે રાશિને ચારે દિશાએ તે પ્રમાણે હોવાથી ચારગુણા કરીએ ને ચારગુણા કરતાં જે રાશિ આવે તેમાં વૃત્તમાં ૧૨ વિમાનેંદ્રક વૃત્ત હોવાથી ભેળવીએ એટલે એકંદર ૭૧૨ ત્ર્યસ્ર, ૬૯૬ ચતુરસ્ર ને ૬૯૨ વૃત્ત આવે એને એકંદર કરતાં ૨૧૦૦ થાય એટલા સનત્કુમાર-માહેંદ્રવલયમાં આવલિકાગત વિમાનો જાણવા.

બ્રહ્મલોકે છ પ્રસ્તટ છે એટલે ચારે દિશાએ આવલિકાઓ પણ છ છ જાણવી. તેમાં પ્રથમ આવલિકામાં ૩૭, બીજીમાં ૩૬, ત્રીજીમાં ૩૫, ચોથીમાં ૩૪, પાંચમીમાં ૩૩ ને છઠ્ઠીમાં ૩૨ જાણવા. તેને ત્રણવડે ભાંગતા ૧૨-૧૨-૧૧-૧૧-૧૧-૧૦ આવે તેનો સરવાળો કરતાં ૬૭ થાય. તેને ત્રણે રાશિમાં મૂકવા. ત્રણે ભાંગતાં ૧-૦-૨-૧-૦-૨ વધે તેમાં બે એકડા છે તેને ત્ર્યસ્રમાં ઉમેરવા ને બે બગડા છે તેના કુલ ૪ થાય તેમાંથી ૨ ત્ર્યસ્રમાં ને ૨ ચતુરસ્રમાં ઉમેરવા એટલે ૭૧ ત્ર્યસ્ર, ૬૯ ચતુસ્ર ને ૬૭ વૃત્ત થાય. તે પ્રમાણે ચારે દિશાએ હોવાથી ચોગુણા કરવા ને ચોગુણા કરતાં જે આંક આવે તેમાં વૃત્તમાં ૬ પ્રતરના ૬ વિમાનેંદ્રક ઉમેરવા. એ પ્રમાણે કરતાં ૨૮૪ ત્ર્યસ્ર, ૨૭૬ ચતુરસ્ર ને ૨૭૪ વૃત્ત એકંદર ૮૩૪ શ્રેણિગત વિમાનો બ્રહ્મલોકે જાણવા.

લાંતક કલ્પે પ્રસ્તટ ૫ હોવાથી આવલિકા ૫ સમજવી. તેમાં પહેલી આવળિમાં ૩૧, બીજીમાં ૩૦, ત્રીજીમાં ૨૯, ચોથીમાં ૨૮, ને પાંચમીમાં ૨૭ જાણવા. તેને ત્રણે ભાંગતા ૧૦-૧૦-૯-૯-૯ આવે. કુલ ૪૭ થાય. એ પ્રમાણે ત્રણ રાશિ સ્થાપવી. ત્રણે ભાંગતા ૧-૦-૨-૧-૦ વધે. તેમાં બે એકડા છે તે ત્ર્યસ્રમાં ઉમેરવા ને એક બગડો છે તેના બેમાંથી ૧ ત્ર્યસ્રમાં ને ૧ ચતુરસ્રમાં ઉમેરવો. એટલે કુલ ૫૦ ત્ર્યસ્ર, ૪૮ ચતુરસ્ર ને ૪૭ વૃત્ત થાય તેને ચારવડે ગુણતાં ૨૦૦ ત્ર્યસ્ર ૧૯૨ ચતુરસ્ર અને વૃત્ત ૧૮૮ તેમાં વિમાનેંદ્રક ૫ ભેળવતાં ૧૯૩ થાય. એકંદર ૫૮૫ છઠ્ઠે દેવલોકે આવલિકાગત વિમાનો જાણવા.

સાતમા મહાશુક્ર કલ્પે ચાર પ્રસ્તટ છે. એટલે આવલિકા પણ ચાર

સમજવી. તેમાં પહેલીમાં ૨૬, બીજીમાં ૨૫, ત્રીજીમાં ૨૪ અને ચોથીમાં ૨૩ પંક્તિગત વિમાનો છે. તેને ત્રણવડે ભાંગતાં ૮–૮–૮–૭ આવે કુલ ૩૧ થાય. એટલા ત્રણે જાતિના જાણવા. ઉપરાંત ત્રણે ભાંગતા ૨–૧–૦–૨ વધે તેમાં એક એકડો છે તે ત્ર્યસ્રમાં ને બે બગડા છે તેના ૪ માંથી બે ત્ર્યસ્રમાં ને બે ચતુરસ્રમાં ભેળવીએ એટલે કુલ ૩૪ ત્ર્યસ્ર, ૩૩ ચતુરસ્ર ને ૩૧ વૃત્ત થાય તેને ચારગુણા કરતાં ૧૩૬ ત્ર્યસ્ર, ૧૩૨ ચતુરસ્ર ને વૃત્તમાં ચોગણા કરીને ચાર વિમાનેંદ્રક ભેળવતાં ૧૨૮ વૃત્ત થાય. કુલ ૩૯૬ આવલિકાગત વિમાનો જાણવા.

આઠમે સહસ્રાર દેવલોકે પ્રસ્તટ ૪ હોવાથી આવલિકા ૪ સમજવી. તેમાં પહેલીમાં ૨૨, બીજીમાં ૨૧, ત્રીજીમાં ૨૦ ને ચોથીમાં ૧૯ છે. તેને ત્રણવડે ભાંગતાં ૭–૭–૬–૬ આવે કુલ ૨૬ ત્રણે જાતિના જાણવા. ત્રણવડે ભાંગતાં ૧–૦–૨–૧ વધે તેમાં બે એકડા છે તેને ત્ર્યસ્રમાં ભેળવવા ને એક બગડો છે તેના બેમાંથી એક ત્ર્યસ્રમાં ને ૧ ચતુરસ્રમાં ભેળવવો. કુલ ૨૯ ત્ર્યસ્ર, ૨૭ ચતુરસ્ર ને ૨૬ વૃત્ત થાય. તેને ચોગુણા કરતાં ૧૧૬ ત્ર્યસ્ર, ૧૦૮ ચતુરસ્ર ને વૃત્તને ચોગુણા કરી ચાર વિમાનેંદ્રક ભેળવતાં ૧૦૮ વૃત્ત થાય કુલ ૩૩૨ આવલિકાગત વિમાનો જાણવા.

નવમા ને દશમા આનત–પ્રાણુત કલ્પના વલયમાં પણ ચાર પ્રસ્તટ છે. તેની ચાર આવળિમાં પહેલીમાં ૧૮, બીજીમાં ૧૭, ત્રીજીમાં ૧૬ ને ચોથીમાં ૧૫ વિમાનો છે. એ સંખ્યાને ત્રણવડે ભાંગતાં ૬–૫–૫–૫ આવે એટલે કુલ ૨૧–૨૧ ત્રણે જાતિના થાય. શેષ ૦–૨–૧–૦ વધે તેમાંથી એક એકડો છે તે ત્ર્યસ્રમાં ને એક બગડો છે તેના બેમાંથી એક ત્ર્યસ્રમાં ને એક ચતુરસ્રમાં ભેળવવો કુલ ૨૩ ત્ર્યસ્ર, ૨૨ ચતુરસ્ર ને ૨૧ વૃત્ત થાય. તેને ચોગુણા કરતાં ૯૨ ત્ર્યસ્ર ૮૮ ચતુરસ્ર અને વૃત્તના ૨૧ ને ચોગુણા કરી ૪ મધ્યના ભેળવતાં ૮૮ વૃત્ત કુલ ૨૬૮ પંક્તિગત વિમાનો જાણવા.

અગ્યારમા ને બારમા આરણ ને અચ્યુતના વલયમાં પણ ચાર પ્રસ્તટ છે. તેની ચાર આવળિમાં પહેલીમાં ૧૪, બીજીમાં ૧૩, ત્રીજીમાં ૧૨ ને ચોથીમાં ૧૧ વિમાનો છે. તેને ત્રણવડે ભાંગતાં ૪–૪–૪–૩ કુલ ૧૫ થાય. તેટલા ત્રણે જાતિના જાણવા. ત્રણે ભાંગતા ૨–૧–૦–૨ વધે. તેમાં એક એકડો તે ત્ર્યસ્રમાં ને બે બગડા છે તેના ૪ માંથી બે ત્ર્યસ્રમાં ને ૨ ચતુરસ્રમાં ભેળવવા કુલ ૧૯ ત્ર્યસ્ર, ૧૭ ચતુરસ્ર ને ૧૫ વૃત્ત થાય. તેને ચોગુણા કરતાં ૭૨

ત્ર્યસ્ર, ૬૮ ચતુરસ્ર ને ૧૫ વૃત્તને ચોગુણા કરી મધ્યના ચાર ભેળવતાં ૬૪ વૃત્ત થાય. કુલ ૨૦૪ આવલિકાગત વિમાનો જાણવા.

અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં ત્રણ પ્રસ્તટ છે. તેની ત્રણ આવલિ પૈકી પહેલીમાં ૧૦, બીજીમાં ૯, ત્રીજીમાં ૮ વિમાનો છે. તેને ત્રણવડે ભાગ દેતાં ૩-૩-૨ કુલ ૮ આવે, તે ત્રણે જાતિના જાણવા. શેષ ૧-૦-૨ વધે તેમાં એક એકડો છે તેને ત્ર્યસ્રમાં ને એક બગડો છે તેના બેમાંથી એક ત્ર્યસ્રમાં ને એક ચતુરસ્રમાં ભેળવીએ એટલે ૧૦ ત્ર્યસ્ર, ૯ ચતુરસ્ર ને ૮ વૃત્ત થાય. તેને ચોગુણા કરતાં ૪૦ ત્ર્યસ્ર, ૩૬ ચતુરસ્ર ને વૃત્તના ૮ ને ચોગુણા કરી વિમાનેંદ્રક ૩ ભેળવતાં ૩૫ વૃત્ત કુલ ૧૧૧ આવલિકાગત જાણવા.

મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં ત્રણ પ્રસ્તટ છે. તેની ત્રણ આવલિ છે તેમાં પહેલીમાં ૭, બીજીમાં ૬ ને ત્રીજીમાં ૫ વિમાન છે. તેને ત્રણવડે ભાગ દેતાં ૨-૨-૧ આવે. કુલ પાંચ પાંચ ત્રણે જાતિના થાય. શેષ ૧-૦-૨ વધે તેમાંથી એક એકડાને ત્ર્યસ્રમાં ને એક બગડાના બેમાંથી ૧ ત્ર્યસ્રમાં ને ૧ ચતુરસ્રમાં ઉમેરીએ કુલ ૭ ત્ર્યસ્ર, ૬ ચતુરસ્ર ને ૫ વૃત્ત થાય, તેને ચોગુણા કરતાં ૨૮ ત્ર્યસ્ર, ૨૪ ચતુરસ્ર ને વૃત્ત ૫ ને ચોગુણા કરી ત્રણ વિમાનેંદ્રક ભેળવતાં ૨૩ વૃત્ત કુલ ૭૫ આવલિકાગત જાણવા.

ઉપરિતન ગ્રૈવેયકત્રિકમાં પણ ત્રણ પ્રસ્તટ છે. તેમાં પહેલી આવળિમાં ૪, બીજીમાં ૩ ને ત્રીજીમાં ૨ આવલિકાગત છે. તેને ત્રણવડે ભાગ દેતાં ૧-૧-૦ આવે. બગડાનો ભાગ ન ચાલે, લબ્ધ થયેલા બે એકને મેળવતાં બે થાય. તેને ત્રણે જાતિમાં મૂકીએ. ત્રણે ભાંગતાં ૧-૦-૨ વધ્યા છે તેમાંથી એક એકડાને ત્ર્યસ્રમાં ને એક બગડાના બેમાંથી ૧ ને ત્ર્યસ્રમાં ને ૧ ને ચતુરસ્રમાં ભેળવીએ. કુલ ૪ ત્ર્યસ્ર, ૩ ચતુરસ્ર ને ૨ વૃત્ત થાય. તેને ચોગુણા કરતાં ૧૬ ત્ર્યસ્ર, ૧૨ ચતુરસ્ર ને વૃત્તના બેને ચોગુણા કરી ત્રણ મધ્યના ભેળવતાં ૧૧ વૃત્ત કુલ ૩૯ આવલિકાગત જાણવા.

છેલ્લા સર્વાર્થસિદ્ધ પ્રસ્તટમાં મધ્યે ૧ વૃત્ત ને ચારે દિશાએ એકેક એમ ૪ ત્ર્યસ્ર કુલ પાંચ વિમાનો જાણવા.

## આવલિકાપ્રવિષ્ટમાં વૃત્ત, ત્ર્યસ્ર ચતુરસ્રનું યંત્ર. (૧૪)

| | વૃત્ત | ત્ર્યસ્ર | ચતુરસ્ર | કુલ આવલિકા પ્રવિષ્ટ | પુષ્પાવકીર્ણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| સૌધર્મ-ઇશાને | ૯૬૫ | ૯૮૮ | ૯૭૨ | ૨૯૨૫ | ૫૯૯૭૦૭૫ | ૬૦ લાખ |
| સનત્કુમાર-માહેંદ્રે | ૬૯૨ | ૭૧૨ | ૬૯૬ | ૨૧૦૦ | ૧૯૯૭૯૦૦ | ૨૦ લાખ |
| બ્રહ્મ દેવલોકે | ૨૭૪ | ૨૮૪ | ૨૭૬ | ૮૩૪ | ૩૯૯૧૬૬ | ૪ લાખ |
| લાંતક દેવલોકે | ૧૯૩ | ૨૦૦ | ૧૯૨ | ૫૮૫ | ૪૯૪૧૫ | ૫૦ હજાર |
| મહાશુક્રે | ૧૨૮ | ૧૩૬ | ૧૩૨ | ૩૯૬ | ૩૯૬૦૪ | ૪૦ હજાર |
| સહસ્રારે | ૧૦૮ | ૧૧૬ | ૧૦૮ | ૩૩૨ | ૫૬૬૮ | ૬ હજાર |
| આનત-પ્રાણતે | ૮૮ | ૯૨ | ૮૮ | ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| આરણ-અચ્યુતે | ૬૪ | ૭૨ | ૬૮ | ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| અધસ્તન ત્રિકે | ૩૫ | ૪૦ | ૩૬ | ૧૧૧ | ૦ | ૧૧૧ |
| મધ્યમ ત્રિકે | ૨૩ | ૨૮ | ૨૪ | ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ઉપરિતન ત્રિકે | ૧૧ | ૧૬ | ૧૨ | ૩૯ | ૬૧ | ૧૦૦ |
| પાંચ અનુત્તરે | ૧ | ૪ | ૦ | ૫ | ૦ | ૫ |
| | ૨૫૮૨ | ૨૬૮૮ | ૨૬૦૪ | ૭૮૭૪ | ૮૪૮૯૧૪૯ | ૮૪૯૭૦૨૩ |

શિષ્ય પ્રશ્ન કરે છે કે—‘આનતપ્રાણત વલયમાં ને આરણાચ્યુત વલયમાં બે બે કલ્પનો સ્વામી એકેક જ ઇંદ્ર હોવાથી સ્વસ્વ વલયગત બધા વૃત્તાદિ આવલિકાગત વિમાનો એક ઇંદ્રના થાય; પરંતુ સૌધર્મેશાન વલયમાં ને સનત્કુમાર-માહેંદ્ર વલયમાં બે બે ઇંદ્રો છે તો કયા ઇંદ્રના કેટલા આવલિકાપ્રવિષ્ટ વૃત્તાદિ વિમાનો જાણવા ?’ તેને ઉત્તર આપે છે કે—સૌધર્મેશાન વલયમાં તેરે પ્રસ્તટમાં જે દક્ષિણદિશામાં વૃત્ત, ત્ર્યસ્ર ને ચતુરસ્ર વિમાનો છે તે અને વિમાનેંદ્રકો તથા પૂર્વ ને પશ્ચિમ દિશાની શ્રેણિમાં જેટલા વૃત્ત વિમાનો છે તે સૌધર્મ ઇંદ્રના જાણવા. અને ઉત્તર દિશાની આવળિમાં જે વૃત્ત, ત્ર્યસ્ર ને ચતુરસ્ર વિમાનો છે તે ઇશાન ઇંદ્રના છે અને પૂર્વ તથા પશ્ચિમ દિશામાં જે ત્ર્યસ્ર ને ચતુરસ્ર વિમાનો છે તેમાં અધા સૌધર્મના ને અર્ધા ઇશાનેંદ્રના જાણવા.

એ પ્રમાણે ગણતાં શક્રદેવેંદ્રની પૂર્વ, પશ્ચિમ ને દક્ષિણ દિશામાં રહેલી

ત્રણે વૃત્ત વિમાનોની આવળિ અને એક દક્ષિણ દિશાના ત્રણે જાતના વિમાનોની આખી આવળિ, વિમાનેંદ્રકો તથા પૂર્વ તથા પશ્ચિમ દિશાની મળીને બે અર્ધ અર્ધ ત્ર્યસ્ર ને ચતુરસ્રની આવળિ મેળવતાં એક આખી ત્ર્યસ્રની ને એક આવળિ ચતુરસ્રની જાણવી. હવે એ પ્રમાણે કરતાં કેટલી સંખ્યા સૌધર્મેંદ્રની થાય છે તે જણાવે છે—

એક દિશાગત ૨૩૮ વૃત્ત વિમાનો છે તેને ત્રણે ગુણી તેમાં ૧૩ વિમાનેંદ્રક ભેળવતાં કુલ ૭૨૭ થાય. એટલા આવલિકાપ્રવિષ્ટ વૃત્તવિમાનો તેના જાણવા. હવે એક દિશાગત ત્ર્યસ્ર વિમાનો ૨૪૭ છે તેને બે વડે ગુણતાં ૪૯૪ થાય ને એક દિશાગત ચતુરસ્ર ૨૪૩ છે તેને બેવડે ગુણતાં ૪૮૬ થાય. એટલા ત્ર્યસ્ર ને ચતુરસ્ર શક્રેંદ્રના છે. ત્રણ જાતિના મળીને કુલ ૧૭૦૭ આવલિકાગત વિમાનો શક્રેંદ્રના છે અને બાકી ૩૧૯૮૨૯૩ પુષ્પાવકીર્ણ તેના છે કુલ ૩૨ લાખ છે.

હવે ઇશાનેંદ્રના ગણાવે છે. ઉત્તરદિગ્ભાવી ૨૩૮ વૃત્તવિમાનો છે તે અને ત્ર્યસ્ર આવલિકાગત ૨૪૭ છે તેને બમણા કરતાં ૪૯૪ ને ચતુરસ્ર આવલિકાગત ૨૪૩ છે તેને બેવડે ગુણતાં ૪૮૬ ત્રણે જાતિના મળીને કુલ ૧૨૧૮ આવલિકાગત વિમાનો ઇશાનેંદ્રના છે. બાકી ૨૭૯૮૭૮૨ પુષ્પાવકીર્ણ વિમાનો તેના છે. કુલ ૨૮ લાખ વિમાનોના તે સ્વામી છે.

હવે સનત્કુમાર ને માહેંદ્ર વલયમાં જે દક્ષિણ દિગ્ભાવી ત્રણે જાતિના વિમાનો છે તે અને ૧૨ વિમાનેંદ્રક સનતકુમારેંદ્રના છે. પૂર્વ ને પશ્ચિમ દિશામાં જે વૃત્તવિમાનો છે તે પણ તેના છે. ઉત્તર દિશાની આવળિના ત્રણે પ્રકારના માહેંદ્રના છે અને પૂર્વપશ્ચિમ દિશામાં જે ત્ર્યસ્ર ને ચતુરસ્ર છે તેમાંથી અર્ધ સનત્કુમારેંદ્રના છે ને અર્ધ માહેંદ્રના છે. હવે એ પ્રમાણે ગણતાં સનત્કુમારેંદ્રના આવલિકાગત કેટલા વિમાનો છે તે ગણાવે છે.–એક દિશાગત વૃત્તવિમાનો ૧૭૦ તેને ત્રણવડે ગુણતાં ૫૧૦ તેમાં ૧૨ વિમાનેંદ્રક ભેળવતાં ૫૨૨ વૃત્તવિમાનો અને ત્ર્યસ્ર વિમાનો એક આવલિકામાં ૧૭૮ છે તેને બેવડે ગુણતાં ૩૫૬ તથા ચતુરસ્ર વિમાનો એક આવલિકામાં ૧૭૪ છે તેને બે વડે ગુણતાં ૩૪૮ એ ત્રણે રાશિના મળીને કુલ ૧૨૨૬ આવલિકાગત વિમાનો સનત્કુમારેંદ્રના છે. અને બાકી ૧૧૯૮૭૮૪ પુષ્પાવકીર્ણ વિમાનો મળી કુલ ૧૨ લાખ વિમાનો છે.

હવે માહેંદ્રના વિમાનોની સંખ્યા કહે છે. ઉત્તર દિગ્ભાવી આવળિમાં વૃત્ત-વિમાનો ૧૭૦ છે તે તથા ત્ર્યસ્ર વિમાનો એક આવળિમાં ૧૭૮ છે તેને બે વડે ગુણતાં ૩૫૬ અને ચતુરસ્ર વિમાનો એક આવળિમાં ૧૭૪ છે તેને બેવડે ગુણતાં

૩૪૮ કુલ ૮૭૪ આવલિકાગત વિમાનો માહેંદ્રના છે. બાકી ૭૯૯૧૨૬ પુષ્પાવકીર્ણ વિમાનો તેના છે. એકંદર આઠ લાખ વિમાનો માહેંદ્રના છે.

પોતપોતાના કલ્પમાં સ્વસ્વકલ્પના છેલ્લા પ્રસ્તટમાં પોતપોતાના નામના કલ્પાવતંસક વિમાનો તેના ઇંદ્રને રહેવા યોગ્ય હોય છે. તે ઇંદ્રના વિમાનની ચારે બાજુએ ચાર લોકપાળને યોગ્ય વિમાન હોય છે. આવલિકાગત વિમાનોનું પરસ્પરનું અંતર અસંખ્ય યોજનનું છે અને પુષ્પાવકીર્ણ વિમાનોનું અંતર સંખ્યાતા યોજનનું અથવા અસંખ્યાતા યોજનનું છે. આવલિકાપ્રવિષ્ટ વિમાનોમાં વૃત્ત, ત્ર્યસ્ર ને ચતુરસ્ર એ ત્રણ સંસ્થાનો જ હોય છે. પુષ્પાવકીર્ણ અનેક પ્રકારના સંસ્થાનોએ સંસ્થિત છે. કેટલાક નંદ્યાવર્તના આકારના, કેટલાક સ્વસ્તિકના આકારના અને કેટલાક ખડ્ગ વિગેરેના આકારવાળા છે. વૃત્ત એટલે વલયાકાર, ત્ર્યસ્ર એટલે સીંગોડાનો આકાર અને ચતુરસ્ર એટલે અક્ષપાટકનો આકાર સમજવો. તેમાં વૃત્ત વિમાનો બધા એક દ્વારવાળા, ત્ર્યસ્ર ત્રણ દ્વારવાળા ને ચતુરસ્ર ચાર દ્વારવાળા જાણવા. વૃત્ત વિમાનો બધા કાંગરા યુક્ત ફરતા કિલ્લાવાળા જાણવા. ચતુરસ્ર વિમાનોને ચારે બાજુ વેદિકાઓ જાણવી. વેદિકા એટલે કાંગરા વિનાના કિલ્લા સમજવા. ત્ર્યસ્ર વિમાનોને જે બાજુ વૃત્ત વિમાન છે તે બાજુ વેદિકા અને બીજી બે બાજુ પ્રાકાર–કાંગરાવાળો કિલ્લો સમજવો. ૧૨૨ થી ૨૫

હવે એ વિમાનોનું પ્રતિષ્ઠાન એટલે તે શેના આધારે રહેલા છે તે કહે છે—

**घणउदहिपइट्ठाणा, सुरभवणा दोसु हुंति कप्पेसु ।**
**तिसु वायुपइट्ठाणा, तदुभयसुपइट्ठिया तीसु ॥ १२६ ॥**

**तेण परं उवरिमगा, आगासंतरपइट्ठिया सव्वे ।**
**एस पइट्ठाणविही, उड्ढलोए विमाणाणं ॥ १२७ ॥**

**ટીકાર્થ**—પ્રથમના બે સૌધર્મ ને ઇશાન દેવલોકના સુરભવનો ઘનોદધિ પ્રતિષ્ઠિત છે. ઘનોદધિ એટલે સ્ત્યાનીભૂત ઉદકરાશિ–ઠરી ગયેલો જળસમૂહ તે વિમાનોને આશ્રયભૂત છે. ત્યારપછીના ત્રણ કલ્પમાં એટલે સનત્કુમાર, માહેંદ્ર ને બ્રહ્મલોકમાં રહેલા સુરભવનો–વિમાનો વાયુપ્રતિષ્ઠ છે. પૂર્વના ઘન–ઉદધિ શબ્દમાંથી ઘન શબ્દ લેવો એટલે તે વિમાનોને ઘનવાતપ્રતિષ્ઠ જાણવા. ત્યારપછીના ત્રણ લાંતક, શુક્ર ને સહસ્રાર દેવલોકના વિમાનો તદુભયપ્રતિષ્ઠ એટલે

ઘનોદધિ ને ઘનવાતપ્રતિષ્ઠ જાણવા. ત્યારપછીના ઉપરના આનત, પ્રાણુત, આરણ ને અચ્યુતાદિ કલ્પોના વિમાનો આકાશાંતરપ્રતિષ્ઠ જાણવા. ગ્રૈવેયકના વિમાનો અને અનુત્તર વિમાનોને પણ આકાશપ્રતિષ્ઠ જાણવા. આ પ્રમાણે ઊર્ધ્વ લોકમાં વિમાનોનો પ્રતિષ્ઠાનવિધિ જાણવો. ૧૨૬-૨૭

હવે વિમાન નીચેની પૃથ્વીનું ને વિમાનોનું બાહલ્ય કહેવાને ઇચ્છતા સતા કહે છે—

**पूढवीणं बाहल्लं, उच्चत्तं चेव तह विमाणाणं ।**
**वन्नो अ सुआभिहिओ, सोहम्माईसु विन्नेओ ॥ १२८ ॥**

**ટીકાર્થ**—સૌધર્માદિ દેવલોકને વિષે વિમાનના આધારભૂત પૃથિવીનું બાહલ્ય-જાડાપણું તેમ જ તે ભૂમિકાની ઉપર વિમાનનું ઉચ્ચત્વ તથા વિમાનોનો વર્ણ શ્રી જીવાભિગમાદિ શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે આગળ ગાથામાં કહેશું તે રીતે જાણવો. અહીં શ્રુતાભિહિત એવું વિશેષણ પૃથ્વીબાહલ્યાદિકમાં પણ જોડી લેવું. જેમ વિમાનોની નીચેની પૃથ્વીનું બાહલ્ય અને વિમાનોનું ઉચ્ચત્વ શ્રુતમાં કહ્યા પ્રમાણે કહેશું તેમ આ બધું પ્રકરણ શ્રુતપરતંત્ર જ જાણવું. સ્વબુદ્ધિપરિકલ્પિત સમજવું નહીં. ૧૨૮

હવે પ્રથમ કલ્પોને વિષે પૃથ્વીનું બાહલ્ય કહે છે—

**सत्तावीससयाइं, आइमकप्पेसु पुढविबाहल्लं ।**
**इक्किक्कहाणि सेसे, दु दुगे य दुगे य चउक्के य ॥ १२९ ॥**

**ટીકાર્થ**:—પહેલા બે દેવલોકમાં પૃથ્વીનું બાહલ્ય એટલે વિમાનના આધારભૂત જમીનની જાડાઇ સત્તાવીશ સો યોજનની જાણવી. ત્યારપછી ઉપર જતાં બે, બે, બે અને ચારમાં એક સો એક સોની હાનિ કરવી એટલે સો સો યોજન વિમાનના આધારરૂપ પૃથ્વીના બાહલ્યમાં ઘટાડવા. તે આવી રીતે-સનત્કુમાર ને માહેંદ્રના વિમાનોની પૃથ્વીનું બાહલ્ય ૨૬૦૦ યોજનનું, બ્રહ્મલોક ને લાંતક નીચે ૨૫૦૦ યોજનનું, શુક્ર ને સહસ્રાર નીચે ૨૪૦૦ યોજનનું અને આનતપ્રાણુત તથા આરણાચ્યુત નીચે ૨૩૦૦ યોજનનું જાણવું. ૧૨૯

હવે તે બારે કલ્પમાં વિમાનોની ઉંચાઇનું પ્રમાણ કહે છે—

**पंचसयुच्चत्तेणं, आइमकप्पेसु हुंति उ विमाणा ।**
**इक्किक्कवुड्ढिसेसे, दु दुगे य दुगे य चउक्के य ॥ १३० ॥**

**ટીકાર્થ**:—પ્રથમ સૌધર્મ ને ઇશાન એ કલ્પના વિમાનોની ઉંચાઇ તેની ભૂમિ ઉપર પાંચ સો યોજનની છે. ત્યારપછી એટલે સૌધર્મેશાનની ઉપર બે, બે, બે અને ચાર કલ્પમાં વિમાનોની ઉંચાઇમાં અનુક્રમે સો સો યોજનની વૃદ્ધિ કરવી. તે આ પ્રમાણે–સનત્કુમાર ને માહેંદ્રના વિમાનો ઉંચાઇમાં ૬૦૦ યોજન, બ્રહ્મલોક ને લાંતકના વિમાનો ઉંચાઇમાં ૭૦૦ યોજન, શુક્ર ને સહસ્રારના વિમાનો ઉંચાઇમાં ૮૦૦ યોજન અને આનતપ્રાણત તથા આરણાચ્યુતના વિમાનો ઉંચાઇમાં ૯૦૦ યોજન જાણવા. ૧૩૦.

હવે ગ્રૈવેયકાદિમાં વિમાનની ઉંચાઈ ને પૃથિવીના બાહલ્ય વિષે કહે છે—

**गेविज्जणुत्तरेसुं, एसो उ कमो उ हाणि वुड्ढीए ।**
**इक्किक्कम्मि विमाणे, दुन्नि वि मिलिया उ बत्तीसं ॥१३१॥**

**ટીકાર્થ**:—ગ્રૈવેયક ને અનુત્તર વિમાનોમાં પૃથિવીના બાહલ્યમાં હાનિ અને વિમાનની ઉંચાઇમાં વૃદ્ધિ સો સો યોજનની કરવી. તાત્પર્ય આ પ્રમાણે—નવે ગ્રૈવેયકમાં વિમાનની નીચેની પૃથ્વીનું બાહલ્ય ૨૨૦૦ યોજનનું અને પાંચે અનુત્તર વિમાનોની નીચેની પૃથ્વીનું બાહલ્ય ૨૧૦૦ યોજનનું જાણવું. નવે ગ્રૈવેયકમાં વિમાનોની ઉંચાઇ એક હજાર યોજનની અને પાંચે અનુત્તર વિમાનોની ઉંચાઇ ૧૧૦૦ યોજનની જાણવી. શ્રીપ્રજ્ઞાપના સૂત્રમાં પણ આ પ્રમાણે જ કહેલ છે. આ પ્રમાણે હોવાથી દરેક દેવલોકમાં અને ગ્રૈવેયકાદિમાં પૃથ્વીનું બાહલ્ય ને વિમાનોની ઉંચાઈ મળીને ૩૨૦૦ યોજન જાણવા. ૧૩૧.

હવે સૌધર્માદિ કલ્પમાં વિમાનોનો વર્ણવિભાગ પ્રતિપાદન કરે છે—

**सोहम्मि पंचवण्णा, एक्कगहाणीओ जा सहस्सारो ।**
**दो दो तुल्ला कप्पा, तेण परं पुंडरीयाणि ॥ १३२ ॥**

**ટીકાર્થ**:—સૌધર્મદેવલોકમાં પાંચે વર્ણના એટલે શ્વેત, પીત, રક્ત, નીલ ને કૃષ્ણ વર્ણના વિમાનો જાણવા. પછી સહસ્રાર દેવલોક સુધી એકેક વર્ણ ઘટાડવો–હાનિ કરવી, પણ એટલું વિશેષ કે બે બે કલ્પો વર્ણને આશ્રીને તુલ્ય વક્તવ્યતા-

વાળા જાણવા. તે આ પ્રમાણે-સૌધર્મ-ઈશાન બંને કલ્પના વિમાનો ઉપર કહ્યા પ્રમાણે પાંચે વર્ણના જાણવા. સનત્કુમાર ને માહેંદ્રકલ્પના વિમાનો કૃષ્ણ વર્ણ રહિત બાકીના ચાર વર્ણના જાણવા. બ્રહ્મલોક ને લાંતકના વિમાનો કૃષ્ણ ને નીલ વર્ણ રહિત ત્રણ વર્ણના જાણવા. શુક્ર ને સહસ્રારના વિમાનો કૃષ્ણ, નીલ ને રક્ત વિના બે વર્ણના જાણવા. અને ત્યારપછીના સર્વે વિમાનો પુંડરીક તુલ્ય એટલે શ્વેત કમળ તુલ્ય વર્ણવાળા જાણવા. (ચાર કલ્પના, નવ ગ્રૈવેયકના અને પાંચ અનુત્તર વિમાનો શ્વેત જ જાણવા.) ૧૩૨

સાંપ્રત વર્ણનો પ્રસ્તાવ હોવાથી ભવનપતિ વિગેરેના ભવનાદિકનો પણ વર્ણ કહે છે—

**भवणवइ–वाणमंतर–जोइसिआणं तु हुंति भवणाइं ।**
**वण्णेण विचित्ताइं, पडागझयपंतिकालियाइं ॥ १३३ ॥**

**ટીકાર્થ**:—ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કના ભવનો વર્ણને આશ્રયીને વિચિત્ર એટલે પાંચે વર્ણોવાળા છે. અને તે ભવનો પતાકાની શ્રેણિઓ અને ધ્વજાની શ્રેણિઓવડે અલંકૃત છે. આ વિશેષણ સૌધર્માદિ કલ્પના વિમાનો માટે પણ સમજવું, કેમકે તે વિમાનો પણ હજારો પતાકાઓ ને હજારો ધ્વજાઓવડે અલંકૃત છે. ૧૩૩.

હવે સૌધર્માદિ કલ્પોના વિમાનોનો વિસ્તાર, આયામ, આભ્યંતર ને બાહ્ય પરિધિપ્રતિપાદક અને દેવોની ગતિનું નિરૂપણ કરનાર ગાથા કહે છે—

**जावय उदेइ सूरो, जावय सो अत्थमेइ अवरेणं ।**
**तियपणसत्तनवगुणं, काउं पत्तेय पत्तेयं ॥ १३४ ॥**

**ટીકાર્થ**:—સર્વ અભ્યંતર મંડળે સૂર્ય જેટલા ક્ષેત્રમાં ઉદય પામે છે અને પશ્ચિમમાં જેટલા ક્ષેત્રમાં અસ્ત પામે છે એટલા ક્ષેત્રના પરિમાણને ત્રણગુણ, પાંચગુણ, સાતગુણ ને નવગુણ કરવાથી વિમાનોના વિસ્તારાદિને જણાવનાર દેવોના ક્રમોનું પરિમાણ સમજવું. આનો તાત્પર્ય એ છે કે-દેવોની ચંડા વિગેરે ગતિ છે તે ઉત્તરોત્તર શીઘ્ર, શીઘ્રતર, શીઘ્રતમ છે તે આવી રીતે-**ચંડાથી ચપળા** શીઘ્રતર છે, તેનાથી **જવના** શીઘ્રતર છે, તેનાથી **વેગા** શીઘ્રતમ છે. ૧૩૪.

હવે સર્વ અભ્યંતરમંડળે ઉદય પામતો સૂર્ય જેટલા ક્ષેત્રમાં ઉપલભ્યમાન થાય છે તે ક્ષેત્રનું પરિમાણ કહે છે—

**सीयालीस सहस्सा, दो य सया जोयणाण तेवट्ठा ।**
**एगवीस सट्ठिभागा, कक्कडमाइम्मि पिच्छ नरा ॥१३५॥**

**ટીકાર્થ**:—કર્કટ સંક્રાંતિના પ્રારંભમાં ઉદયકાળે સૂર્યને મનુષ્યો સુડતાળીશ હજાર બસો ને ત્રેસઠ યોજન ને એક યોજનના સાઠીઆ ૨૧ ભાગ—એટલા ક્ષેત્રે દૂર રહેલાને જોઇ શકે છે અને અસ્ત સમયે પણ તેટલા જ યોજન દૂર રહેલાને જોઇ શકે છે તેથી એ પરિમાણને બેવડું કરવું. ૧૩૫

બેવડું કર્યા પછી શું કરવું ? તે કહે છે—

**एवं दुगुणं काउं, गुणिज्जए तिपंचसत्तनवएहिं ।**
**आगयं फलं तु जं तं, कमपरिमाणं वियाणाहि ॥१३६॥**

**અર્થ**:—એ પ્રમાણે બેવડું કર્યા પછી તેને ત્રણ, પાંચ, સાત ને નવવડે ગુણવા. ગુણતાં જે આંક આવે તે દેવોના ઉપર જણાવેલી ગતિના એકેક ક્રમનું (પગલાનું) પરિમાણ જાણવું.

**ટીકાર્થ**—એ અનંતરોક્ત ઉદય ક્ષેત્રના પરિમાણને એટલે સડતાળીશ હજારાદિકને બેવડું કરીને તેને ત્રણ, પાંચ, સાત ને નવવડે ગુણવા. ગુણતાં જે આંક આવે તે દેવોના ક્રમનું પરિમાણ જાણવું. બમણું કરવાથી કેટલું થાય તે કહે છે—ચોરાણુ હજાર પાંચ સો છવીશ યોજન ને $\frac{૪૨}{૬૦}$, તેને ત્રણગુણા કરતાં ૨૮૩૫૮૦$\frac{૬}{૬૦}$ યોજન આવે. આ પ્રમાણે અસત્ કલ્પનાએ ચંડાગતિવાળા દેવોના ક્રમનું (પગલાનું) પરિમાણ જાણવું. તથા તે બમણી કરેલ સંખ્યાને પાંચ ગુણી કરતાં ૪૭૨૬૩૩$\frac{૩૦}{૬૦}$ યોજન આવે એટલી બીજી ચપળાગતિવાળા દેવોના ક્રમનું (પગલાનું) પરિમાણ જાણવું તથા તે બમણી કરેલ સંખ્યાને સાતગુણી કરતાં ૬૬૧૬૮૬$\frac{૫૪}{૬૦}$ યોજન આવે. એટલા પ્રમાણવાળું ત્રીજી જવનાગતિએ ચાલનારા ત્રીજા દેવના ક્રમનું પરિમાણ ( પગલાનું ) જાણવું તથા બમણી કરેલી સંખ્યાને નવવડે ગુણતાં ૮૫૦૭૪૦$\frac{૧૮}{૬૦}$ યોજન આવે. એટલું ચોથી વેગાગતિએ ચાલનારા ચોથા દેવના ક્રમનું ( પગલાનું ) પરિમાણ જાણવું. ૧૩૬

એ રીતે ક્રમનું પરિમાણ કહ્યું, હવે તે ચંડાદિક ગતિના ગમનનું કાળમાન કહે છે—

**एअं कमपरिमाणं, अहाइ छम्मासियं तु कालस्स ।**
**आयामपरिहिवित्थर, देवगईहिं मिणिज्जासु ॥ १३७ ॥**

**ટીકાર્થ:**— ઉપર પ્રમાણે ક્ષેત્રથી ક્રમનું પરિમાણ કહ્યું. એ પ્રમાણેના પરિમાણવાળા ક્રમવિશિષ્ટવાળી ચંડાદિગતિવડે કરીને એક દિવસથી માંડીને છ માસ પર્યંતનું કાળપરિમાણ જાણવું. એથી એમ સમજવું કે-એક દિવસથી માંડીને છ માસ પર્યંત ચાલીને દેવલોકના વિમાનોનું આયામ, દૈર્ઘ્ય, બાહ્ય અને આભ્યંતર પરિધિનો વિસ્તાર ને વિષ્કંભ યથાયોગ્યપણે માપવો. ૧૩૭

ચંડાદિગતિવડે વિમાનોનો આયામ વિગેરે યથાક્રમ ન માપવો પણ યથાયોગ્ય માપવો એમ કહો છો તો કઇ ગતિવડે શું માપવું?

**चंडाए विक्कंभो, चवलाए तह य होइ आयामो ।**
**अब्भिंतर जयणाए, बाहिरपरिही य वेगाए ॥१३८॥**

**અર્થ:**—ચંડાગતિવડે વિષ્કંભ માપવો, ચપળાગતિવડે આયામ માપવો, જવનાગતિવડે અભ્યંતર પરિધિ માપવી અને વેગાગતિવડે બાહ્ય પરિધિ માપવી. ૧૩૮

**चत्तारि वि सकमेहिं, चंडाइगईहिं जंति छम्मासं ।**
**तहवि नावि जंति पारं, केसिं च सुरा विमाणाणं ॥१३९॥**

**ટીકાર્થ:**—ઉપર જણાવ્યા પ્રમાણે ચારે પ્રકારની ગતિવડે ચાલનારા ચારે દેવો સમકાળે-એક વખતે જ વિષ્કંભાદિનું પરિમાણ મુકરર કરવા માટે ચંડાદિગતિવડે પોતાના ત્રણ, પાંચ, સાત ને નવગુણા ક્રમ ( પગલા ) વડે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અવિચ્છિન્ન છ માસ સુધી ચાલે તથાપિ તે વિમાનોના વિષ્કંભાદિનો પાર પામી શકે નહીં. એટલે ચંડાગતિવડે ( ત્રણગુણા પગલાવડે ) સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત, સ્વસ્તિકપ્રભ, સ્વસ્તિકકાંત, સ્વસ્તિકવર્ણ, સ્વસ્તિકલેશ્ય, સ્વસ્તિકધ્વજ, સ્વસ્તિકસિત, સ્વસ્તિકકૂટ, સ્વસ્તિકશિષ્ટ, સ્વસ્તિકોત્તરાવતંસક વિગેરે વિમાનોના પારને પામતા નથી. ચપળાગતિવડે ( પાંચગુણા પગલાવડે ) અર્ચિ, અર્ચિષ્કાવર્ત, અર્ચિ:પ્રભ, અર્ચિ:કાંત, અર્ચિર્વર્ણ; અર્ચિર્લેશ્ય, અર્ચિર્ધ્વજ, અર્ચિ:સિત, અર્ચિ:કૂટ, અર્ચિ:શિષ્ટ અને અર્ચિરૂત્તરાવતંસકાદિ વિમાનોનો પાર પામતા નથી. જવનાગતિવડે એટલે સપ્તગુણ પગલાવડે કામ, કામાવર્ત, કામપ્રભ, કામકાન્ત, કામવર્ણ, કામલેશ્ય, કામધ્વજ, કામસિત, કામકૂટ, કામશિષ્ટ અને કામોત્તરાવતંસકાદિનો પાર પામતા નથી અને વેગાગતિવડે એટલે નવગુણા પગલાવડે વિજય, વૈજયંત, જયંત અને અપરા-

જિત વિમાનના પારને પામતા નથી; કારણ કે તે વિમાનો અત્યંત બૃહત્તમ પરિમાણવાળા છે. ૧૩૯

ઉપર પ્રમાણે યથોક્ત પરિમાણવાળા ક્રમવિશિષ્ટવાળી ચંડાદિગતિવડે અર્ચિષ્પદાદિ વિમાનોના વિષ્કંભાદિનું પરિમાણ કહ્યું. હવે પ્રકારાંતરે ચંડાદિગતિના ક્રમના પરિમાણની કલ્પના કરીને સૌધર્માદિથી અનુત્તરવિમાન સુધીના વિમાનોને વિષે કેટલાક વિમાનોનું આયામાદિકનું પરિમાણ કહે છે—

**अहवा तिगुणाईए, पत्तेयं चंडमाइ चउभागे ।**
**आइमपंचमगेविज्ज–गेसु तहणुत्तरचउक्के ॥ १४० ॥**

**શબ્દાર્થ**:—તે ચંડાદિગતિને ત્રણગુણી, પાંચગુણી, સાતગુણી ને નવગુણી કરવા વડે પ્રથમના ચારનું, પાંચમાથી બારમા સુધીનું, નવ ગ્રૈવેયકનું ને ચાર અનુત્તર વિમાનોનું વિષ્કંભાદિ માપીએ તો પણ તેનો છ માસે પણ પાર પામી શકાય નહીં. એમાં સવાર્થસિદ્ધ વિમાન લાખ યોજનનું જ હોવાથી ગણ્યું નથી.

**ટીકાર્થ**:—અથવા પ્રકારાંતરે ચંડાદિગતિને ત્રણગુણી, પાંચગુણી, સાતગુણી ને નવગુણી કરીને ચાર વિભાગના વિમાનોનું એટલે પ્રથમના ચાર દેવલોકના વિમાનોનું, પાંચમાથી બારમા સુધીના આઠ દેવલોકના વિમાનોનું, નવ ગ્રૈવેયકના વિમાનોનું અને સર્વાર્થસિદ્ધ વિના ચાર અનુત્તર વિમાનનું માપ કરીએ તો પણ તેનો પાર પામી શકાય નહીં. આ હકીકતને વધારે સ્પષ્ટ કરે છે કે–સૌધર્માદિ ચાર દેવલોકના વિમાનોને વિષે ત્રણગુણા કરવાથી આવેલા પરિમાણવાળી ચંડાદિગતિવડે કેટલાક વિમાનોનું વિષ્કંભ માપીએ, ચપળાગતિથી આયામ માપીએ, જવનાગતિથી અભ્યંતર પરિધિ માપીએ ને વેગાગતિથી બાહ્ય પરિધિ માપીએ તો પણ તેનો પાર આવી શકે નહીં. તથા બ્રહ્માદિ આઠ કલ્પના વિમાનોમાં પાંચગુણા કરવાથી આવેલા ક્રમ પરિમાણવાળી ચંડાદિગતિવડે વિષ્કંભાદિ માપવામાં આવે તો તેનો પાર પામી શકાય નહીં, તેમ જ સાતગુણી કરવાથી આવેલા ક્રમપરિમાણવાળી ચંડાદિ ગતિવડે નવ ગ્રૈવેયકના વિમાનોના વિષ્કંભાદિ માપવામાં આવે તો તેનો પાર આવી શકે નહીં. તેમજ નવગુણા કરેલા ક્રમના પરિમાણવાળી ચંડાદિગતિવડે વિજયાદિ ચાર વિમાનોના વિષ્કંભાદિ માપવામાં આવે તો તેનો પાર આવી શકે નહીં. આ ચારે પ્રકારમાં કાળપ્રમાણ છમાસનું ગણવું. ૧૪૦

હવે એ જ ગતિના નિર્દેશપૂર્વક પ્રતિપાદન કરે છે—

**चंडा चवला जवणा, वेगा य गईइ हुंति चत्तारि ।**
**जयणयरिं पुण अन्ने, गई चउत्थिं भणंती उ ॥ १४१ ॥**

**पढमित्थ गई चंडा, बिइया चवला तइय तह जवणा ।**
**जयणयरी य चउत्थी, विमाणमाणं न ते पत्ता ॥ १४२ ॥**

**ટીકાર્થ:**—આ બંને ગાથા સુગમ છે, પરંતુ કેટલાક આચાર્યો ચોથી ગતિનું નામ જવનતરી કહે છે એટલું વિશેષ સમજવું. ૧૪૧-૪૨

અહીં શંકા કરે છે કે-જો ત્રિગુણાદિ કરવાથી આવેલા પ્રમાણવાળા પગલાં વડે કરીને દેવતાઓ કેટલાક વિમાનોનો પાર છ માસે પણ પામતા નથી તો આ મનુષ્યલોકમાં તીર્થંકરના ગર્ભાવતાર સમયે, જન્મ સમયે, દીક્ષાગ્રહણ સમયે, કેવળજ્ઞાનપ્રાપ્તિ સમયે અને મોક્ષગમન સમયે કલ્યાણકોનો મહિમા કરવા માટે ગર્ભાવતારાદિ જાણીને અહીં મનુષ્યલોકમાં એકદમ તત્કાળ શી રીતે આવી શકે છે ? વળી પોતપોતાના કલ્પના વિમાનો તો તિર્ચ્છા એક રાજલોકમાં રહેલા છે અને મનુષ્યક્ષેત્રથી સૌધર્માદિ દેવલોક તો બહુ દૂર છે. જુઓ ! અહીંથી સૌધર્મ દેવલોક દોઢ રાજ, માહેંદ્ર અઢી રાજ, સહસ્રાર પાંચ રાજ અને અચ્યુત છ રાજ દૂર છે.' એને ઉત્તર આપે છે કે-' અહીં પૂર્વે જે ત્રિગુણાદિ ચંડાદિગતિપરિમાણ પગલાની વાત કરી છે તે બુદ્ધિકલ્પિત છે; તાત્ત્વિક નથી. ચંડાદિગતિથી જુદા ક્રમવડે પણ દેવોની ગતિ છે અને દેવો અપરિમિત સામર્થ્યવાળા છે, કારણ કે ભવસ્વભાવે જ તેમનામાં તેવી ગતિએ અહીં આવવાની શક્તિ છે, માટે ઉપરની હકીકતથી અહીં આવવાની બાબતમાં દોષ આવશે નહીં.'

આ પ્રમાણે દેવભવનદ્વાર વિસ્તારથી કહ્યું, હવે તેમના શરીરની અવગાહના દ્વાર કહે છે—

**भवणवणजोइसोह—म्मीसाणे सत्त हुंति रयणीओ ।**
**इक्विक्कहाणि सेसे, दु दुगे य दुगे चउक्के य ॥१४३॥**

**गेविज्जेसुं दुन्निय, इक्का रयणी अणुत्तरेसुं च ।**
**भवधारणिज्ज एसा, उक्कोसा होइ नायव्वा ॥ १४४ ॥**

**ટીકાર્થ**:—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને બે દેવલોકના દેવોનું શરીરપરિમાણ ઉત્કૃષ્ટ સાત હાથનું છે. ત્યારપછી બે, બે, બે અને ચાર દેવલોકમાં એકેક હાથની હાનિ કરવાની કહી છે. એટલે ત્રીજા ચોથામાં છ હાથનું, પાંચમા છઠ્ઠામાં પાંચ હાથનું, સાતમા આઠમામાં ચાર હાથનું અને નવમા, દશમા, અગ્યારમા ને બારમા દેવલોકમાં ત્રણ હાથનું શરીર હોય છે. ગ્રૈવેયકમાં બે હાથનું અને અનુત્તરમાં એક હાથનું શરીર હોય છે. આ સાત હાથ વિગેરેની અવગાહના ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટી જાણવી. ૧૪૩–૧૪૪

હવે સનત્કુમાર દેવલોકથી માંડીને અનુત્તર વિમાન સુધી ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે. તે આયુષ્યના સાગરોપમની વૃદ્ધિના ક્રમથી હીન અને હીનતર થાય છે તે કહેવાને માટે પ્રથમ સ્થિતિપ્રતિપાદક પોણા બે ગાથા કહે છે––

**सोहम्मीसाणदुगे, उवरिं दुग दुग दुगे चउक्के य ।**
**नवगे पणगे य कमा, उक्कोसा ठिई इमा होइ ॥ १४५ ॥**
**दो अयर सत्त चउदस, अट्ठारस चेव तह य बावीसा ।**
**इगतीसा तित्तीसा,**

**ટીકાર્થ**:—સૌધર્મ ને ઇશાન એ બે દેવલોકમાં અને તેની ઉપર બે, બે, બે, ચાર, નવ, અને પાંચમા અનુક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિ જે પ્રમાણે છે તે કહે છે–સૌધર્મ ને ઇશાન એ બે દેવલોકમાં સ્થિતિ ઉત્કૃષ્ટી બે સાગરોપમની છે. અહીં ઇશાનમાં આયુમાં સાધિકપણું છે તે દેહમાનમાં ઉપયોગી ન હોવાથી તેની વિવક્ષા કરી નથી. એ પ્રમાણે આગળ પણ સમજી લેવું. સનત્કુમાર ને માહેંદ્રરૂપ બે દેવલોકમાં સાત સાગરોપમની, બ્રહ્મ ને લાંતકમાં ચૌદ સાગરોપમની, શુક્ર ને સહસ્રારમાં અઢાર સાગરોપમની, આનત, પ્રાણત, આરણ ને અચ્યુતમાં બાવીશ સાગરોપમની, નવગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમની અને પાંચ અનુત્તરમાં ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. દરેક કલ્પમાં અને તેના દરેક પ્રસ્તટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ જે નિયત છે તે તો પૂર્વે કહી છે. અહીં જે ફરીને સ્થિતિ કહી તે આગળ કરવાના શરીરપ્રમાણના કરણને માટે છે તેથી તેમાં પુનરૂક્ત દોષ નથી.

હવે તે કરણ કેવી રીતે કરવું તે કહે છે—

**सत्तसु ठाणेसु तासिं तु ॥ १४६ ॥**

**विवरे इक्कीक्कूणे, इक्कारसगाउ पाडिए सेसा ।**
**रयणिक्कारस भागा, एक्कुत्तर वुड्ढिया चयसु ॥ १४७ ॥**

**ટીકાર્થ:**—સૌધર્મેશાનરૂપ દ્વિકાદિ અનુત્તર વિમાન પંચક પર્યંત સાત સ્થાનોમાં સાગરોપમ દ્વિકાદિ જે સ્થિતિ કહી છે તેનો વિશ્લેષ કરવો એટલે મોટી સ્થિતિમાંથી નાની સ્થિતિ બાદ કરવી, બાદ કરતાં જે વધે તેમાંથી એક ઊણુ કરતાં જે રહે તેટલાને હાથના અગ્યારીયા ભાગમાંથી બાદ કરવા, શેષ જેટલા ભાગ રહે તેટલા ભાગમાંથી યથોત્તર એકેક ભાગને પૂર્વપૂર્વ કલ્પગત શરીરના પ્રમાણમાંથી ઓછો કરવો. એટલે યથોક્ત પ્રતિસાગરોપમે ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ આવશે. તે આવી રીતે સમજવું-સૌધર્મેશાનની ઉત્કૃષ્ટસ્થિતિ બે સાગરોપમની છે તેને સનત્કુમાર અને માહેંદ્રની સાત સાગરોપમની સ્થિતિમાંથી બાદ કરતાં બાકી પાંચ રહે તેમાંથી એક ઊણુ કરતાં ચાર આવે. તેને એક હાથના ૧૧ ભાગ કરીને તેમાંથી બાદ કરીએ એટલે બાકી સાત રહે તે સાત ભાગને સૌધર્મેશાનગત શરીરપ્રમાણના સાત હાથમાંથી બાદ કરીએ એટલે છ હાથને અગ્યારીઆ ચાર ભાગ રહ્યા એટલું સનત્કુમાર ને માહેંદ્રમાં ત્રણ સાગરોપમના આયુવાળાનું શરીર હોય. હવે પછી સાગરોપમની વૃદ્ધિએ એકેક અગ્યારીયો ભાગ ઘટાડવો. જેમનું આયુષ્ય ૪ સાગરોપમનું હોય તેનું શરીર પ્રમાણ ૬ હાથ ને $\frac{૩}{૧૧}$ ભાગનું હોય, જેમનું આયુષ્ય પાંચ સાગરોપમનું હોય તેનું શરીર ૬ હાથ ને $\frac{૨}{૧૧}$ નું હોય, જેમનું આયુષ્ય છ સાગરોપમનું હોય તેનું શરીર ૬ હાથ ને $\frac{૧}{૧૧}$ નું હોય અને જેમનું આયુષ્ય સાત સાગરોપમનું હોય તેનું શરીર બરાબર છ હાથનું હોય.

( આ શરીરપ્રમાણ આગળ યંત્રોવડે પણ બતાવવામાં આવેલ છે. )

હવે બ્રહ્મલાંતકની સ્થિતિ ઉત્કૃષ્ટી ૧૪ સાગરોપમની છે તેમાંથી સનત્કુમાર અને માહેંદ્રની ૭ સાગરોપમની સ્થિતિ બાદ કરતાં ૭ રહે. તેમાંથી એક ઊણુ કરતાં ૬ રહે. તેને એક હાથના ૧૧ ભાગ કરી તેમાંથી બાદ કરતાં ૫ ભાગ રહે. તેને સનત્કુમાર-માહેંદ્ર સંબંધી સાત સાગરોપમની સ્થિતિવાળા દેવના શરીરના છ હાથના પ્રમાણમાંથી બાદ કરીએ એટલે પાંચ હાથ ને છ અગ્યારીઆ ભાગ રહે. તેટલું શરીરપ્રમાણ બ્રહ્મલોકમાં જેની સ્થિતિ ૮ સાગરોપમની હોય તેનું જાણવું. જેની સ્થિતિ નવ સાગરોપમની હોય તેનું શરીરપ્રમાણ ૫ હાથ ને $\frac{૫}{૧૧}$ નું જાણવું. જેની સ્થિતિ દશ સાગરોપમની હોય તેનું શરીરપ્રમાણ ૫

હાથ ને $\frac{4}{11}$ નું જાણવું. જેમની સ્થિતિ લાંતક દેવલોકમાં ૧૧ સાગરોપમની હોય તેનું શરીરપ્રમાણ ૫ હાથ ને $\frac{3}{11}$ નું જાણવું, જેનું આયુષ્ય ૧૨ સાગરોપમનું હોય તેનું શરીરપ્રમાણ ૫ હાથ ને $\frac{2}{11}$ નું જાણવું. જેમનું આયુ ૧૩ સાગરોપમનું હોય તેનું શરીરપ્રમાણ ૫ હાથ ને $\frac{1}{11}$ નું જાણવું અને જેનું આયુ પૂર્ણ ૧૪ સાગરોપમનું હોય તેનું શરીરપ્રમાણ પૂર્ણ પાંચ હાથનું જાણવું.

હવે શુક્ર ને સહસ્રાર દેવલોકની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૮ સાગરોપમની છે તેમાંથી બ્રહ્મલાંતકની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૪ સાગરોપમની છે તે બાદ કરીએ, બાદ કરતાં ૪ રહે, તેમાંથી એક બાદ કરતાં ૩ રહે, તેને એક હાથના ૧૧ ભાગમાંથી બાદ કરતાં બાકી ૮ ભાગ રહે, તેને બ્રહ્મલાંતકના ઉત્કૃષ્ટસ્થિતિવાળા દેવોના શરીરના પ્રમાણરૂપ પાંચ હાથમાંથી બાદ કરીએ એટલે ૪ હાથ ને $\frac{3}{11}$ આવે તેટલું શરીરપ્રમાણ મહાશુક્રદેવલોકમાં જેનું આયુષ્ય ૧૫ સાગરોપમનું હોય તેનું સમજવું, જેનું ૧૬ સાગરોપમનું આયુ હોય તેનું શરીરપ્રમાણ ૪ હાથ ને $\frac{2}{11}$ નું જાણવું, જેમનું આયુ ૧૭ સાગરોપમનું હોય તેનું શરીરપ્રમાણ ૪ હાથ ને $\frac{1}{11}$ નું જાણવું અને સહસ્રાર દેવલોકમાં જેનું આયુષ્ય પૂર્ણ અઢાર સાગરોપમનું હોય તેનું શરીરપ્રમાણ પૂર્ણ ૪ હાથનું જાણવું.

હવે આનત, પ્રાણત, આરણ ને અચ્યુત દેવલોકની ઉત્કૃષ્ટિસ્થિતિ ૨૨ સાગરોપમની છે તેમાંથી શુક્ર ને સહસ્રાર દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિના ૧૮ સાગરોપમ બાદ કરીએ ત્યારે ૪ રહે, તેમાંથી ૧ બાદ કરતાં ૩ રહે, તેને એક હાથના ૧૧ ભાગ કરી તેમાંથી બાદ કરતાં આઠ રહે, તેને શુક્રસહસ્રાર દેવલોકની ઉત્કૃષ્ટી ૧૮ સાગરોપમની સ્થિતિવાળાનું શરીર ૪ હાથનું છે તેમાંથી બાદ કરીએ એટલે ૩ હાથ ને $\frac{3}{11}$ આવે એટલું આનત દેવલોકમાં ૧૯ સાગરોપમની સ્થિતિવાળા દેવોનું શરીરપ્રમાણ હોય. પ્રાણત દેવલોકના ૨૦ સાગરોપમની સ્થિતિવાળા દેવોનું શરીરપ્રમાણ ૩ હાથ ને $\frac{2}{11}$ નું હોય. આરણ દેવલોકના ૨૧ સાગરોપમની સ્થિતિવાળા દેવોનું શરીરપ્રમાણ ૩ હાથ ને $\frac{1}{11}$ નું હોય અને અચ્યુત દેવલોકના ૨૨ સાગરોપમની પૂર્ણ સ્થિતિવાળા દેવોનું શરીર પૂર્ણ ૩ હાથ પ્રમાણ હોય.

ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૧ સાગરોપમની છે અને આનતાદિચતુષ્ટયમાં ૨૨ સાગરોપમની છે તેથી ૩૧ માંથી ૨૨ બાદ કરતાં નવ વધે. તેમાંથી એક બાદ કરતાં આઠ રહે. એક હાથના ૧૧ ભાગ કરી તેમાંથી ૮ બાદ કરીએ એટલે ૩ વધે. તેને અચ્યુતકલ્પગત ૨૨ સાગરોપમની સ્થિતિવાળા દેવના શરીરપ્રમાણભૂત ૩ હાથમાંથી બાદ કરીએ એટલે બે હાથ ને આવે તેટલું

શરીરપ્રમાણ પહેલા ગ્રૈવેયકના ૨૩ સાગરોપમની સ્થિતિવાળાનું જાણવું. બીજા ગ્રૈવેયકના ૨૪ સાગરોપમની સ્થિતિવાળાનું શરીરપ્રમાણ ૨ ૭/૧૧ હાથનું જાણવું. ત્રીજા ગ્રૈવેયકના ૨૫ સાગરોપમના આયુવાળા દેવનું શરીરપ્રમાણ ૨ ૬/૧૧ હાથનું જાણવું. ચોથા ગ્રૈવેયકના ૨૬ સાગરોપમના આયુવાળા દેવોનું શરીરપ્રમાણ ૨ ૫/૧૧ હાથનું જાણવું. પાંચમા ગ્રૈવેયકના ૨૭ સાગરોપમના આયુવાળા દેવોનું શરીરપ્રમાણ ૨ ૪/૧૧ હાથનું જાણવું. છઠ્ઠા ગ્રૈવેયકના ૨૮ સાગરોપમના આયુવાળા દેવોનું શરીરપ્રમાણ ૨ ૩/૧૧ હાથનું જાણવું. સાતમા ગ્રૈવેયકના ૨૯ સાગરોપમના આયુવાળા દેવોનું શરીરપ્રમાણ ૨ ૨/૧૧ હાથનું જાણવું. આઠમા ગ્રૈવેયકના ૩૦ સાગરોપમના આયુવાળા દેવોનું શરીરપ્રમાણ ૨ ૧/૧૧ હાથનું જાણવું અને નવમા ગ્રૈવેયકના પૂરા ૩૧ સાગરોપમના આયુવાળા દેવોનું પૂરા બે હાથનું શરીરપ્રમાણ જાણવું.

એ જ રીતે વિજયાદિ ચાર અનુત્તર વિમાનમાં જે દેવોનું આયુ ૩૨ સાગરોપમનું હોય તેનું શરીર પ્રમાણ એક હાથ ને ૧/૧૧ નું જાણવું અને જેમનું આયુષ્ય ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટું હોય તેનું શરીરપ્રમાણ એક હાથનું જાણવું. સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં સદૈવ પૂરા એક હાથનું જ શરીરપ્રમાણ જાણવું કારણ કે ત્યાં આયુ ૩૩ સાગરોપમનું જ છે.

## વૈમાનિક દેવોના શરીરનું પ્રમાણ આયુષ્યના સાગરોપમ ઉપર હોવાથી આ સાથે ૧ થી ૩૩ સાગરોપમના આયુવાળાના શરીરનું યંત્ર બતાવેલ છે. (૧૪)

| કયા દેવલોકે | ૧લે | ૨જે | ત્રીજે-ચોથે | | | | | પાંચમે | | | છઠ્ઠે | | | | સાતમે | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાગરોપમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| હાથ | ૭ | ૭ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૪ |
| વિભાગ | ૦ | ૦ | ૪/૧૧ | ૩/૧૧ | ૨/૧૧ | ૧/૧૧ | ૦ | ૬/૧૧ | ૫/૧૧ | ૪/૧૧ | ૩/૧૧ | ૨/૧૧ | ૧/૧૧ | ૦ | ૩/૧૧ | ૨/૧૧ | ૧/૧૧ |

| કયા દેવલોકે | ૮મે | ૯મે | ૧૦મે | ૧૧મે | ૧૨મે | નવ ગ્રૈવેયકે | | | | | | | | | ૪અ-નુત્તરે | પાંચમે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાગરોપમ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ |
| હાથ | ૪ | ૩ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ |
| વિભાગ | ૦ | ૩/૧૧ | ૨/૧૧ | ૧/૧૧ | ૦ | ૮/૧૧ | ૭/૧૧ | ૬/૧૧ | ૫/૧૧ | ૪/૧૧ | ૩/૧૧ | ૨/૧૧ | ૧/૧૧ | ૦ | ૧/૧૧ | ૦ |

આ પ્રમાણે ભવધારણીય શરીરની અવગાહના કહી. હવે ઉત્તરવૈક્રિય કરે ત્યારે શરીરની અવગાહના કેટલી હોય તે કહે છેઃ—

**सव्वेसुक्कोसा जो–अणाण वेउव्विया सयसहस्सं ।**
**गेविज्जणुत्तरेसुं, उत्तरवेउव्विया नत्थि ॥ १४८ ॥**

**ટીકાર્થઃ**—ભવનપતિથી માંડીને અચ્યુત દેવલોક સુધીના સર્વ દેવોનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર એક લાખ યોજનનું હોય છે. ગ્રૈવેયક ને અનુત્તર વિમાનમાં દેવોને ઉત્તરવૈક્રિય શરીર કરવાપણું નથી. શક્તિ છતાં પણ પ્રયોજનના અભાવથી તેઓ કરતા નથી. ૧૪૮

હવે જઘન્યથી ભવધારણીય ને ઉત્તરવૈક્રિય શરીરનું પ્રમાણ કહે છેઃ—

**अंगुलअसंखभागो, जहन्न भवधारणिज्ज आरंभे ।**
**संखिज्जो अवगाहण, उत्तरवेउव्विया सा वि ॥ १४९ ॥**

**અર્થઃ**—ભવધારણીય શરીરની અવગાહના આરંભકાળે જઘન્ય અંગુળના અસંખ્યાતમા ભાગની હોય અને ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના આરંભકાળે અંગુળના સંખ્યાતમા ભાગની હોય. ૧૪૯

દેવોની અવગાહના કહી, હવે ઉપપાતવિરહકાળનું માન કહે છેઃ—

**भवणवणजोइसोह–म्मीसाणे चउवीसइयं मुहुत्ता ।**
**उक्कोसविरहकालो, पंचसु वि जहन्नओ समओ ॥१५०॥**

**ટીકાર્થઃ**—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં અને બે દેવલોકમાં પ્રત્યેકમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ ૨૪ મુહૂર્ત્તનો જાણવો. એટલે કે ભવનપત્યાદિક દરેકમાં દરેક સમયે એક અથવા અનેક દેવો ઉત્પન્ન થાય. તેમાં જો અંતર પડે તો ઉત્કૃષ્ટ અંતર ૨૪ મુહૂર્ત્તનું પડે, ત્યારપછી તો અવશ્ય કોઇ પણ જીવ ઉત્પન્ન થાય. જઘન્ય ઉપપાતવિરહકાળ એ પાંચે સ્થાનમાં એક સમયનો જ હોય એટલે જઘન્યે એક સમયને અંતરે એ પાંચે સ્થાનમાં કોઇ પણ જીવ ઉત્પન્ન થાય. એક સમય ઉપરાંત ને ૨૪ મુહૂર્ત્ત સુધીનો બધો મધ્યમ ઉપપાત વિરહકાળ જાણવો. ૧૫૦

હવે ત્યારપછીના દેવલોકમાં ઉપપાતવિરહકાળ કહે છેઃ—

**नवदिण वीस मुहुत्ता, बारस दस चेव दिण मुहुत्ताओ ।**
**बावीसा अद्धं चिय, पणयाल असीइ दिवससयं ॥१५१॥**

**संखिज्जा मासा आणयपाणएसु तह आरणच्चुए वासा ।**
**संखिज्जा विन्नेया, गेविज्जेसु अओ वुच्छं ॥ १५२ ।**

**ટીકાર્થ:**—સનત્કુમાર કલ્પમાં દેવોનો ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ નવ દિવસ ને ૨૦ મુહૂર્ત્ત, માહેંદ્ર કલ્પમાં ૧૨ દિવસ ને ૧૦ મુહૂર્ત્ત, બ્રહ્મલોકમાં ૨૨ા દિવસ, લાંતકમાં ૪૫ દિવસ, મહાશુક્રમાં ૮૦ દિવસ અને સહસ્રારમાં ૧૦૦ દિવસનો ઉપપાતવિરહકાળ સમજવો. ૧૫૧

આનત–પ્રાણુત કલ્પમાં પ્રત્યેકમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા માસનો સમજવો. કેવળ આનતની અપેક્ષાએ પ્રાણુતમાં વધારે માસો જાણવા. તે વધારે માસ પણ વર્ષની અંદર સમજવા. આરણુ ને અચ્યુતમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ સંખ્યાતા વર્ષોનો જાણવો. તેમાં આરણુ કરતાં અચ્યુતમાં વધારે વર્ષો સમજવા; પરંતુ તે સો વર્ષની અંદર સમજવા. હવે ગ્રૈવેયકમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ કહે છે. ૧૫૨

**हिट्ठिम वाससयाइं, मज्झिमे सहस्स उवरिमे लक्खा ।**
**संखिज्जा विन्नेया, जहासंखेण तीसुं पि ॥ १५३ ॥**
**पलिया असंखभागो, उक्कोसो होइ विरहकालो उ ।**
**विजयाइसु निद्दिट्ठो, सव्वेसु जहन्नओ समओ ॥ १५४ ॥**

**ટીકાર્થ:**—અધસ્તનાદિ ત્રણે ગ્રૈવેયકના ત્રિકને વિષે અનુક્રમે સંખ્યાતા સો વર્ષ, સંખ્યાતા હજાર વર્ષ અને સંખ્યાતા લાખ વર્ષનો ઉપપાતવિરહકાળ જાણુવો. તે આ પ્રમાણે–અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા સેંકડો વર્ષનો, તે હજારની અંદરનો જાણુવો, મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા હજાર વર્ષનો, તે લાખની અંદર જાણુવો અને ઉપરિતન ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા લાખ વર્ષનો, તે ક્રોડની અંદર જાણુવો. મૂળ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકામાં એ પ્રમાણે જોવાથી આ ટીકાકાર આ પ્રમાણે કહે છે. અન્ય તો સામાન્યે જ સો, હજાર ને લાખ વર્ષ કહે છે. ૧૫૩

વિજયાદિ ચાર વિમાનમાં–વિજય, વૈજયંત, જયંત ને અપરાજિતમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો જાણવો અને સર્વાર્થસિદ્ધમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ પલ્યોપમના સંખ્યાતમા ભાગનો જાણવો. આ હકીકત ઉપલક્ષણથી જાણવી, પરંતુ તે અનાર્ષ નથી; કારણ કે શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં એ પ્રમાણે કથન છે. ( અહીં ટીકામાં પ્રજ્ઞાપના સૂત્રનો પાઠ છે તે ઉપરની મતલબનો જ હોવાથી અમે અહીં લખેલ નથી. )

સનત્કુમારથી આરંભીને સર્વાર્થસિદ્ધ સુધી સર્વમાં જઘન્ય ઉપપાતવિરહકાળ એક સમયનો જાણવો. ૧૫૪

હવે ઉપપાતવિરહકાળનો ઉપસંહાર કરીને ઉદ્વર્તનાવિરહકાળ કહે છેઃ—

**उववायविरहकालो, इय एसो वण्णिओ अ देवेसुं ।**
**उव्वट्टणा वि एवं, सव्वेसिं होइ विन्नेया ॥ १५५ ॥**

**ટીકાર્થઃ**—આ પ્રમાણે દેવોનો ઉપપાતવિરહકાળ કહ્યો. તે જ પ્રમાણે સર્વસ્થાનમાં ઉદ્વર્તનાવિરહકાળ પણ સમજી લેવો. તે આ પ્રમાણે–ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક ને સૌધર્મેશાન કલ્પમાં ૨૪ મુહૂર્ત્તનો, સનત્કુમારમાં નવ દિવસ ને ૨૦ મુહૂર્તનો, માહેંદ્રમાં ૧૨ દિવસ ને ૧૦ મુહૂર્ત્તનો, બ્રહ્મલોકમાં ૨૨॥ દિવસનો, લાંતકમાં ૪૫ દિવસનો, મહાશુક્રમાં ૮૦ દિવસનો, સહસ્રારમાં ૧૦૦ દિવસનો, આણત–પ્રાણતમાં સંખ્યાતા માસનો, આરણાચ્યુતમાં સંખ્યાતા વર્ષનો, અધસ્તન ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા સો વર્ષનો, મધ્યમ ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા હજાર વર્ષનો. ઉપરિતન ગ્રૈવેયકત્રિકમાં સંખ્યાતા લાખ વર્ષનો, ચાર અનુત્તરવિમાનમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો ને સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગનો ઉત્કૃષ્ટ ઉદ્વર્તનાવિરહકાળ સમજવો અને એ સર્વમાં જઘન્ય વિરહકાળ એક સમયનો જાણવો. ૧૫૫

ઉપર પ્રમાણે દેવોનો ઉપપાત ને ઉદ્વર્તનાનો વિરહકાળ કહ્યો, હવે તેની જ ઉપપાત અને ઉદ્વર્ત્તનાને આશ્રીને સંખ્યા કહે છેઃ—

**एक्को व दो व तिन्नि व, संखमसंखा व एगसमएणं ।**
**उववज्जंतेवइया, उव्वट्टंता वि एमेव ॥ १५६ ॥**

**ટીકાર્થઃ**—ભવનપતિથી માંડીને સહસ્રાર દેવલોક સુધી દરેકમાં દરેક સમયે

જઘન્ય એક, બે, ત્રણ દેવો ઉત્પન્ન થાય અને ઉત્કૃષ્ટા સંખ્યાતા અસંખ્યાતા ઉત્પન્ન થાય. સહસ્રાર પછીના સર્વ દેવલોકમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા જ ઉત્પન્ન થાય, અસંખ્યાતા ઉત્પન્ન ન થાય; કેમકે તેમાં મનુષ્યો જ ઉત્પન્ન થાય છે, તિર્યંચો ઉત્પન્ન થતા નથી અને મનુષ્યો તો સંખ્યાતા જ છે. મૂળ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિએ દોઢ ગાથામાં આ પ્રમાણે જ કહેલ છે. (તે દોઢ ગાથા અહીં જરૂર ન જણાયાથી લખી નથી.) ચ્યવવાને માટે પણ એ જ પ્રમાણે સમજવું અર્થાત્ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ને સહસ્રાર દેવલોક સુધીના દેવલોકમાંથી એક, બે, ત્રણ યાવત્ ઉત્કૃષ્ટ અસંખ્યાતા ચ્યવે અને ત્યારપછીના દેવલોકમાંથી ઉત્કૃષ્ટા સંખ્યાતા ચ્યવે. ૧૫૬.

આ પ્રમાણે ઉપપાત ને ઉદ્વર્તના સંબંધી સંખ્યા કહી, હવે ગતિ કહે છે—

**परिणामविसुद्धीए, देवाउयकम्मबंधजोगाए ।**
**पंचिंदिया उ गच्छे, नरतिरिया सेस पडिसेहो ॥१५७॥**

**ટીકાર્થ:**—પરિણામ એટલે માનસિક વ્યાપાર વિશેષ—તે બે પ્રકારનો છે: વિશુદ્ધ ને અવિશુદ્ધ. તેમાં જે વિશુદ્ધ છે તે દેવગતિનું કારણ છે તેથી અહીં વિશુદ્ધિનું ગ્રહણ કર્યું છે. પરિણામની વિશુદ્ધિથી એટલે પ્રશસ્ત માનસવડે—મનના વ્યાપારવડે. આમ કહેવાથી શુભ અશુભ ગતિની પ્રાપ્તિમાં મનોવ્યાપાર જ પ્રધાન કારણ છે એમ સૂચવ્યું છે. અન્ય દર્શનીઓએ પણ કહ્યું છે કે—' અસંક્લિષ્ટ એવું જે ચિત્તરત્ન તેને આંતરિક ધન કહીએ. જેનું તે ધન દોષરૂપ ચોરોવડે લુંટાઈ ગયું છે તેને પછી બીજી વિપત્તિઓની પ્રાપ્તિ થવી સુલભ છે અર્થાત્ તેને અનેક પ્રકારની વિપત્તિઓ પ્રાપ્ત થાય છે.' તે પરિણામની વિશુદ્ધિ પણ જો અતિ ઉત્કર્ષપણાને પામે તો તે મુક્તિપદની પ્રાપ્તિ માટે થાય છે; દેવગતિની પ્રાપ્તિ માટે થતી નથી. અહીં તેવી ઉત્કૃષ્ટ વિશુદ્ધિની અપેક્ષા ન હોવાથી તેની નિવૃત્તિ માટે કહ્યું છે કે—દેવાયુ કર્મબંધયોગ્ય હેતુવડે કરીને પંચેંદ્રિયો જ દેવાયુ બાંધે છે, એકેંદ્રિયાદિ બાંધતા નથી. વળી પંચેંદ્રિયમાં પણ મનુષ્ય ને તિર્યંચ જ દેવગતિમાં જાય છે, દેવ ને નારકોને દેવગતિગમનનો પ્રતિષેધ છે. દેવો દેવાયુનો ક્ષય થયા પછી અનંતર ફરીને દેવ થતા નથી. નારક પણ નારકભવથી અનંતર દેવ થતા નથી. આ હકીકત પ્રવચનનિપુણ મનવાળા સર્વે મનુષ્યોની જાણીતી છે. ૧૫૭

તિર્યંચ મનુષ્યગતિ આશ્રી દેવગતિમાં પણ વિશેષ કહે છે—

नरतिरिअसंखजीवी, जोइसवज्जेसु जंति देवेसु ।
नियआउयसमहीणाउएसु ईसाणअंतेसु ॥ १५८ ॥
सम्मुच्छिमतिरिया उण, भवणाहिव वंतरेसु गच्छंति ।
जं तेसिं उववाओ, पलियासंखिज्ज आऊसु ॥ १५९ ॥

**ટીકાર્થ:**—મનુષ્ય ને તિર્યંચ અસંખ્ય આયુવાળા ( યુગલિક ) જ્યોતિષ્ વર્જીને અન્ય દેવોમાં ઉપજે છે. આ વિશેષ વિષય છે, સામાન્ય નથી; કેમકે સૂત્રની પ્રવૃત્તિ વિચિત્ર પ્રકારની હોય છે. તેમાં પણ વિશેષ વાત એ છે કે–ખચર તિર્યંચ પંચેંદ્રિયો અને અન્તરદ્વીપના મનુષ્યોની જ તેમાં ઉત્પત્તિ છે, અસંખ્યેય વર્ષાયુષી યુગલિકો દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે પણ તે પોતાની સરખા અથવા ઓછા આયુવાળામાં ઉત્પન્ન થાય છે, અધિક આયુવાળામાં ઉત્પન્ન થતા નથી. ખચર તિર્યંચ પંચેંદ્રિયો (યુગલિકો)ને અંતરદ્વીપના મનુષ્યો જ તેટલા આયુવાળા હોવાથી તે જ્યોતિષ્ વર્જીને ભવનપતિ ને વ્યંતરમાં ઉત્પન્ન થાય છે. ઉપલક્ષણથી સૌધર્મ ને ઇશાન દેવલોકમાં પણ તે ન ઉપજે તેમ સમજવું; કારણ કે જ્યોતિષ્કોનું અને તે બે દેવલોકનું જઘન્ય આયુ પણ તે કરતાં વધારે છે અને અધિક સ્થિતિમાં તો યુગલિકો ઉપજતા નથી. તે સિવાયના બીજા હૈમવંતાદિ ક્ષેત્રભાવી યુગલિકો પોતાની સમાન અથવા હીન આયુષ્યવાળા ઇશાન દેવલોક પર્યંતના દેવોમાં ઉત્પન્ન થાય છે. સંમૂર્છિમ તિર્યંચો ભવનપતિ ને વ્યંતરમાં જ ઉત્પન્ન થાય છે, કારણ કે સંમૂર્છિમ તિર્યંચોની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુવાળા દેવોમાં જ થાય છે. આ સંબંધમાં કહ્યું છે કે–' અસંજ્ઞી તિર્યંચો નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવ ચારે ગતિમાં જાય છે. અસંજ્ઞી તિર્યંચો ચારે ગતિનું આયુષ્ય બાંધે છે. તેમાં જે દેવ ને નારકી સંબંધી આયુષ્ય બાંધે છે તે જઘન્ય દશ હજાર વર્ષનું ને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું બાંધે છે. તિર્યંચ ને મનુષ્યનું આયુષ્ય બાંધે છે તે જઘન્ય અંતર્મુહૂર્ત્તનું ને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું બાંધે છે. તેમાં જે અસંજ્ઞીમાંથી થયેલા નારકી છે તે અલ્પ વેદના ભોગવનારા છે અને સંજ્ઞીમાંથી થયેલા હોય છે તે મહાવેદના ભોગવનારા હોય છે.' આ પ્રમાણે શ્રી પ્રજ્ઞાપનાની લઘુવૃત્તિમાં કહ્યું છે. ૧૫૮–૧૫૯

આ પ્રમાણે સામાન્યે ગતિદ્વાર કહ્યું, હવે ભવનપતિ વ્યંતરાદિકમાં જે જીવો જે રીતે જાય છે–ઉપજે છે તેને તે પ્રમાણે કહે છે.

**बालतवे पडिबद्धा, उक्कडरोसा तवेण गारविया ।**
**वेरेण य पडिबद्धा, मरिउं असुरेसु उववाओ ॥ १६० ॥**

**ટીકાર્થ:**—અહીં જે જિનવચનના પરિજ્ઞાનથી પરિભ્રષ્ટ હોય તે પરમાર્થ-જ્ઞાન શૂન્ય હોવાથી તેને બાળ જેવા બાળ કહીએ. તેમનો તપ પંચાગ્નિ વિગેરે-રૂપ તે તત્ત્વવેદીનો તપ નથી; કારણુ કે તેમાં અનેક જીવોનો ઉપઘાત રહેલો છે. તીર્થાંતરિકો–પરતીર્થીઓ પણુ કહે છે કે–'હે કૌંતેય (યુધિષ્ઠિર)! ચાર બાજુ ચાર અગ્નિનો અને પાંચમો માથે સૂર્યનો એમ પાંચ તાપને સહન કરતો જે તપ તપે છે તે પંચતપ કહેવાતો નથી; પરંતુ વિષયરૂપ ઈન્ધનના પ્રચારવાળા પાંચ ઇંદ્રિયોના તાપની મધ્યમાં રહીને જે તપ તપે છે–ઇંદ્રિયોને વશ કરે છે તે જ ખરો પંચતપ કહેવાય છે.' તેવા બાળતપથી જે પ્રતિબદ્ધ એટલે આસક્ત, તેવા તપના, કરનારા, તે તે પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પ્રતિબદ્ધ, ઉત્કટ–પ્રચુર રોષ–ક્રોધવાળા, અનશનાદિ અનેક પ્રકારનો તપ કરીને તે સંબંધી અભિમાનને કરનારા–ગર્વાધ્માત મનવાળા અને કોઇની સાથેના વૈરથી ક્રોધના અનુશયવડે પ્રતિબદ્ધ થયેલા દ્વીપાયન ઋષિ જેવા એઓ મરણુ પામીને અસુરકુમારાદિ ભવનવાસીમાં ઉત્પન્ન થાય છે. ૧૬૦

**रज्जुग्गहणे विसभक्खणे य जलणे य जलपवेसे य ।**
**तण्हा छुहा किलंता, मरिऊण हवंति वंतरिया ॥१६१॥**

**ટીકાર્થ:**—રજ્જુગ્રહણુ એટલે ગળાફાંસો ખાવો, વિષભક્ષણુ એટલે ઝેર ખાવું, અગ્નિમાં પ્રવેશ કરીને અથવા જળમાં પ્રવેશ કરીને મરણુ પામવું, ઉપ-લક્ષણુથી ભૃગુપ્રપાત–ભૈરવજવ ખાવો અર્થાત પર્વત ઉપરથી તેની ખીણુમાં પડીને મરવું. એવી રીતે મરણુ પામનારા તથાવિધ મંદ શુભ પરિણુામવાળા મનુષ્યો તેમજ ક્ષુધા ને તૃષાથી પીડિત થઈને મરણુ પામનારા મનુષ્યો ને તિર્યંચો વ્યંતર જાતિમાં દેવ થાય છે. અહીં શૂળપાણિ યક્ષ થનાર વૃષભનું દૃષ્ટાંત સમજવું. ૧૬૧

આજ ભાવને કહેનારી બીજી ગાથા કહે છે:—

**रज्जुग्गहणे विसभक्खणे य जलणे य गिरिसिरावडणे ।**
**मरिऊण वंतरातो, हविज्ज जइ सोहणं चित्तं ॥१६२॥**

આ ગાથાનો અર્થ ઉપરની ગાથામાં લગભગ આવી ગયો છે. આ ગાથામાં એટલું વિશેષ જણાવ્યું છે કે-જો વ્યંતર દેવ થવા યોગ્ય શુભ ચિત્તના અધ્યવસાય હોય અને નરકાદિ ગતિયોગ્ય અત્યંત રૌદ્ર અથવા આર્ત્ત ચિત્ત ન હોય તો વ્યંતર થાય. ૧૬૨

**उववाओ तावसाणं, उक्कोसेणं तु जाव जोइसिया ।**
**जावंति बंभलोगो, चरगपरिव्वायउववाओ ॥ १६३ ॥**

**ટીકાર્થ:**—તાપસ એટલે વનવાસી મૂળ, કંદ, ફળાદિનો આહાર કરવાવાળા તે ઉત્કૃષ્ટા જ્યોતિષ્ સુધીમાં ઉપજે; તે ઉપર ન ઉપજે. અને ચરકજાતિના પરિવ્રાજકો જે કપિલમતાનુસારી હોય છે તે ઉત્કૃષ્ટ બ્રહ્મલોક સુધી ઉપજે. ૧૬૩

**पंचिंदियतिरियाणं, उववाओक्कोसओ सहस्सारे ।**
**उववाओ सावगाणं, उक्कोसेणच्चुओ जाव ॥ १६४ ॥**

**ટીકાર્થ:**—પંચેંદ્રિય તિર્યંચ હસ્તી વિગેરે સમ્યગ્દર્શન અને દેશવિરતિ યુક્ત હોય તે તેના પ્રભાવથી આઠમા દેવલોક સુધી ઉત્પન્ન થાય છે અને શ્રાવક દેશવિરતિ યુક્ત મનુષ્ય તેના પ્રભાવથી ઉત્કૃષ્ટ બારમા અચ્યુત દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. ૧૬૪

**जे दंसणवावन्ना, लिंगग्गहणं करिंति सामन्ने ।**
**तेसिं पि य उववाओ, उक्कोसो जाव गेविज्जे ॥ १६५ ॥**

**ટીકાર્થ:**—જે નિર્દિષ્ટ સ્વરૂપવાળા પ્રાણીઓ દર્શન તે સમ્યગ્દર્શન તેથી વ્યાપન્ના એટલે વ્યતીતા-સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલા શ્રમણપણું સ્વીકારીને તેના રજોહરણાદિ લિંગને—વેષને ગ્રહણ કરે છે. દશ પ્રકારના યતિધર્મને સ્વીકારે છે તે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિક્યની અભિવ્યક્તિરૂપ સમ્યક્ત્વથી વિકળ છે છતાં દશ પ્રકારની ચક્રવાળ સામાચારીને પરિપૂર્ણપણે પાળનારા હોય છે. તેઓ પરિપૂર્ણ સામાચારી પાળવાના પ્રભાવથી ઉત્કૃષ્ટા ગ્રૈવેયકસુધી એટલે નવમા ગ્રૈવેયક સુધી ઉપજે છે. ૧૬૫

તેમાં કાંઇક વિશેષ કહે છે:—

**उववाओ एएसिं, उक्कोसो होइ जाव गेविज्जा ।**
**उक्कोसेण तवेणं, नियमा निग्गंथरूवेणं ॥ १६६ ॥**

**ટીકાર્થ:**—આનો અર્થ ઉપર પ્રમાણે જ છે, પણ એટલું વિશેષ છે કે નિશ્ચય નિર્ગ્રંથ મુનિના રૂપથી ઉત્કૃષ્ટ તપથી–દશવિધ ચક્રવાળસામાચારી પ્રતિપાલનના બળથી ઉપજે છે એમ સમજવું. ૧૬૬

અહીં દર્શનવ્યાપન્ન તે મિથ્યાદષ્ટિ સમજવા, તેથી એ પ્રસંગને લઇને મિથ્યાદષ્ટિનું લક્ષણ કહે છે—

**पयमक्खरं पि इक्कं, जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।**
**सेसं रोयंतो वि हु, मिच्छद्दिट्ठी मुणेयव्वो ॥ १६७ ॥**

**ટીકાર્થ:**—સૂત્રમાં કહેલ એક પદ કે એક અક્ષર પણ જેને રૂચે નહીં–પોતાના મનમાં આ સત્ય જ છે એમ પરિણમે નહીં, તે બાકીના સર્વ દ્વાદશાંગીના અર્થને માન્ય કરતો હોય છતાં તેને મિથ્યાદષ્ટિ જાણવો; કારણ કે તેને જગદ્‌ગુરૂ ભગવંત અસત્ય કહે જ નહીં એવા વિશ્વાસનો નાશ થયેલો છે. ૧૬૭

તે કેવું સૂત્ર કે જેનું એક પણ પદ કે અક્ષર ન રૂચવાથી જીવ મિથ્યાદષ્ટિ કહેવાય? તે કહે છે:—

**सुत्तं गणहररइयं, तहेव पत्तेयबुद्धरइयं च ।**
**सुयकेवलिणा रइयं, अभिन्नदसपुव्विणा रइयं ॥ १६८ ॥**

**ટીકાર્થ:**—જે સુધર્માસ્વામી વિગેરે ગણધરોએ રચેલ હોય, પ્રત્યેકબુધ્ધે રચેલ હોય અને શ્રુતકેવળી ચૌદપૂર્વીએ રચેલ હોય, અભિન્નદશપૂર્વીએ એટલે પૂર્ણદશપૂર્વીએ રચેલ હોય તે સર્વને સૂત્ર કહીએ. ૧૬૮

હવે ચૌદપૂર્વીનો ઉપપાત–દેવપણે ઉપજવું જઘન્યથી ને ઉત્કૃષ્ટથી કહે છે:—

**उववाओ लंतगंम्मि उ, चउदसपुव्विस्स होइ उ जहन्नो ।**
**उक्कोसो सव्वट्ठे, सिद्धिगमो वा अकम्मस्स ॥ १६९ ॥**

ટીકાકારે આનો અર્થ કર્યો નથી. આ ગાથાનો અર્થ એ છે કે—

ચૌદપૂર્વી જઘન્યે છઠ્ઠા લાંતક દેવલોકમાં જાય અને ઉત્કૃષ્ટા સર્વાર્થસિધ્ધે જાય અથવા અકર્મ–કર્મરહિત થઈને મોક્ષે જાય. ૧૬૯

**छउमत्थसंजयाणं, उववाओक्कोसओ उ सव्वट्ठे ।**
**भवणवणजोइवेमाणियाण एसो कमो भणिओ ॥१७०॥**

**ટીકાર્થ**:—યથાવસ્થિત આત્માનું સ્વરૂપ જેનાથી ઢંકાયેલું રહે તેને છદ્મસ્થ કહીએ. એટલે તેને જ્ઞાનાવરણીયાદિ કર્મથી આચ્છાદિત સમજવો. તેવા જે સંયતિ–મુનિ તેની ગતિ ઉત્કૃષ્ટી સર્વાર્થસિદ્ધ પર્યંત હોય. ત્રૈલોક્યના તિલક-એવા પાંચમા અનુત્તરવિમાનમાં પણ હોય–એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ને વૈમાનિકમાં વધતાં વધતાં ઉત્કૃષ્ટ ગતિ ત્યાં સુધી હોય. ૧૭૦

હવે તેની જઘન્ય ગતિ કહે છે:—

**अविराहियसामण्णस्स, साहुणो सावगस्स य जहन्नो ।**
**सोहम्मे उववाओ, भणिओ तेलुक्कदंसीहिं ॥ १७१ ॥**

**ટીકાર્થ**:—અવિરાધિતશ્રામણ્યવાળા એટલે અખંડિત સર્વવિરતિરૂપ ચારિત્રવાળાની અને અખંડિત યથાગૃહીત દેશચારિત્રવાળા શ્રાવકની ગતિ ત્રૈલોક્યદર્શી તીર્થંકરોએ સૌધર્મદેવલોકની ( જઘન્યે ) કહી છે. ૧૭૧

**सेसाण तावसाईण, जहन्नो वंतरेसु उववाओ ।**
**भणिओ जिणेहिं सो पुण, नियकिरियाट्ठिआण विन्नेओ ॥१७२॥**

**ટીકાર્થ**:—શેષ તાપસાદિની–એટલે તાપસ પરિવ્રાજકાદિની જઘન્ય ઉત્પત્તિ તીર્થંકરોએ વ્યંતરનિકાયમાં કહી છે. તે તાપસાદિ પણ પોતપોતાની ક્રિયામાં સ્થિત પોતપોતાના શાસ્ત્રમાં પ્રતિપાદિત આચારના પાળવાવાળા સમજવા; આચારથી પરિભ્રષ્ટ સમજવા નહીં. ૧૭૨

ઉપર જે બાળતપાદિ કારણોવડે કરીને ભવનપત્યાદિથી માંડીને અનુત્તર સુર સુધીની ગતિ કહી તે શું સર્વદા ને સર્વની હોય? ઉત્તર–સર્વદા નહીં અને સર્વની પણ નહીં, પરંતુ સંહનનવિશેષવાળાની સમજવી, તેથી તે સંહનનોના નામ અને તેનું સ્વરૂપ કહે છે—

**वज्जरिसहनारायं, पढमं बीयं च रिसहनारायं ।**
**नारायमद्धनारायं, कीलिआ तह य छेवट्ठं ॥ १७३ ॥**

**रिसहो अ होइ पट्टो, वज्जं पुण कीलिया मुणेयव्वा ।**
**उभओ मक्कडबंधं, नारायं तं वियाणाहि ॥ १७४ ॥**

**ટીકાર્થ**:—પહેલું વજ્રઋષભનારાચ, બીજું ઋષભનારાચ, ત્રીજું નારાચ, ચોથું અર્ધનારાચ, પાંચમું કીલિકા ને છઠ્ઠું સેવાર્ત્ત જાણવું. ઋષભ એટલે પરિવેષ્ટન પટ્ટ, વજ્ર તે ખીલ્લી અને બે બાજુ મર્કટબંધ તે નારાચ સમજવું. ૧૭૩-૭૪

હવે તે સંઘયણ સમજાવે છેઃ—

બે બાજુના મર્કટબંધથી બાંધેલા બે અસ્થિ ( હાડકા ) હોય, તે પટ્ટાકૃતિના ત્રીજા અસ્થિથી પરિવેષ્ટિત હોય અને તે ત્રણે અસ્થિને ભેદનાર ખીલ્લી જેવું વજ્ર નામનું અસ્થિ જેમાં હોય તેને વજ્રઋષભનારાચ નામનું પ્રથમ સંહનન કહીએ, જેમાં કીલિકારૂપ અસ્થિ ન હોય તેને ઋષભનારાચ નામનું બીજું સંહનન કહીએ, જેમાં અસ્થિના મર્કટબંધ જ હોય તે નારાચ નામનું ત્રીજું સંહનન કહીએ, જેમાં એક બાજુ મર્કટબંધ ને બીજી બાજુ કીલિકા હોય તેને ચોથું અર્ધનારાચ સંહનન કહીએ, જેમાં અસ્થિઓ માત્ર કીલિકાબદ્ધ જ હોય તેને પાંચમું કીલિકા સંહનન કહીએ અને જેમાં પરસ્પરના પર્યન્ત ભાગ સ્પર્શ કરીને-અડીને જ રહેલા અસ્થિઓ જાણે સેવા માટે આવેલા હોય તેવા હોય અને જેને તેલના અભ્યંગન વિગેરેની કાયમ જરૂર હોય તેને સેવાર્ત્ત નામનું છઠ્ઠું સંહનન કહીએ.

આ સંહનનો સંસ્થાન વિના હોતા નથી તેથી સંસ્થાનો કહે છેઃ—

**समचउरंसे निग्गोहमंडले साइ वामणे खुज्जे ।**
**हुंडे विय संठाणा, जीवाणं छ मुणेयव्वा ॥ १७५ ॥**

**અર્થ**:—સમચઉરસ્ર, ન્યગ્રોધમંડળ, સાદિ, વામન, કુબ્જ અને હુંડ આ નામના જીવોના છ સંસ્થાનો જાણવા.

**ટીકાર્થ**:—જીવોને છ સંસ્થાન હોય છે તે આ પ્રમાણે-સામુદ્રિક શાસ્ત્રોક્ત

પ્રમાણ લક્ષણ અવિસંવાદી ચાર અસ્ર એટલે ચારે દિશાના વિભાગથી ઉપલક્ષિત શરીરના અવયવો જેના હોય તે સમચતુરસ્ર સંસ્થાન જાણવું. જેમ ન્યગ્રોધ એટલે વટવૃક્ષ, ઉપર સંપૂર્ણ પ્રમાણવાળું હોય ને નીચે હીન હોય એવું શરીર કે જેમાં નાભિની ઉપરનો ભાગ સંપૂર્ણ પ્રમાણોપેત હોય, નીચેનો તેવો ન હોય તેને ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન કહીએ, તથા આદિનો એટલે નાભિની નીચેનો ભાગ યથોક્ત પ્રમાણ લક્ષણવાળો હોય અને ઉપરનો ભાગ હીન હોય તેને સાદિ સંસ્થાન કહીએ. તથા જેમાં મસ્તક, ડોક, હાથ, પગ વિગેરે યથોક્ત લક્ષણવાળા હોય અને ઉર-ઉદરાદિ તેવા ન હોય તેને વામન સંસ્થાન કહીએ. જેમાં ઉર-ઉદરાદિ પ્રમાણોપેત હોય અને હસ્ત-પાદાદિ હીન હોય તેને કુબ્જ સંસ્થાન કહીએ અને જેમાં સર્વે અવયવો પ્રમાણ ને લક્ષણથી પરિભ્રષ્ટ હોય તેને હુંડ સંસ્થાન કહીએ. ૧૭૫

ઉપરની હકીકત ગાથામાં કહે છે—

**तुल्लं वित्थडबहुलं, उस्सेहबहुं च मडहकोट्ठं च ।**
**हेट्ठिल्लकायमडहं, सव्वत्थासंठिय हुंडं ॥ १७६ ॥**

**ટીકાર્થ**—સમચતુરસ્ર સંસ્થાન સર્વ દિશામાં-ચારે બાજુએ શાસ્ત્રોક્ત પ્રમાણયુક્ત હોય, ન્યગ્રોધપરિમંડળ નાભિ ઉપર બહુલ વિસ્તારવાળું હોય, સાદિસંસ્થાન ઉત્સેધ બહુલ એટલે પ્રમાણોપપન્ન ઉત્સેધ-ઉંચાઈવાળું હોય, વામન સંસ્થાન મડભકોષ્ઠ હોય એટલે પરિપૂર્ણ પ્રમાણવાળા હાથ, પગ, મસ્તક, ગ્રીવાદિ અવયવ હોય અને ન્યૂનાધિક પ્રમાણવાળા કોષ્ઠ એટલે ઉર-ઉદરાદિ હોય, કુબ્જ સંસ્થાનમાં અધસ્તન કાય મડભ હોય એટલે અધસ્તન ભાગ સારો ન હોય અર્થાત્ પાણિ, પાદ, શિર, ગ્રીવારૂપ અવયવો પ્રમાણહીન હોય અને પરિપૂર્ણ પ્રમાણવાળા કોષ્ઠ એટલે ઉર-ઉદરાદિ હોય. કેટલાક વામન ને કુબ્જ સંસ્થાનનું લક્ષણ ઉપર કહ્યાથી વિપરીત કહે છે. સર્વત્ર સર્વ અવયવો અસંસ્થિત શાસ્ત્રોક્ત પ્રમાણવાળા ન હોય તેને હુંડ સંસ્થાન કહીએ. ૧૭૬

હવે કયું સંસ્થાન કયા જીવોને હોય તે કહે છે:—

**समचउरंसे निग्गोह, साइ खुज्जा य वामणा हुंडा ।**
**पंचिंदियतिरियनरा, सुरा समा हुंडया सेसा ॥ १७७ ॥**

ટીકાર્થ:—પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો યથાયોગ્ય છએ સંસ્થાનવાળા હોય છે. કેટલાક સમચઉરંસ સંસ્થાનવાળા, કેટલાક ન્યગ્રોધપરિમંડળવાળા, કેટલાક સાદિ સંસ્થાનવાળા, કોઈ વામન, કોઇ કુબ્જ અને કોઈ હુંડ સંસ્થાનવાળા હોય છે. દેવ સર્વે સમચઉરંસ સંસ્થાનવાળા હોય છે અને શેષ એકેંદ્રિયાદિ ચૌરિંદ્રિય સુધીના જીવો અને નારકીઓ હુંડ સંસ્થાનવાળા હોય છે. ૧૭૭

હવે કેટલા સંહનન કયા જીવોમાં હોય છે તે કહે છે:—

**नरतिरियाणं छप्पिय, हवंति विगलेंदियाण छेवट्ठं ।**
**सुरनेरइया एगिंदिया य सव्वे असंघयणी ॥ १७८ ॥**

ટીકાર્થ:—મનુષ્ય ને તિર્યંચ પંચેંદ્રિયોને વજ્રઋષભનારાચ વિગેરે છએ સંહનન હોય છે. વિકલેંદ્રિયો-બેઇંદ્રિય, તેઈંદ્રિય ને ચૌરિંદ્રિયને સેવાર્ત્ત સંહનન હોય છે. દેવો, નારકો અને એકેંદ્રિય જીવો સર્વે અસંઘયણી-સંહનન રહિત હોય છે; કારણ કે સંહનનમાં અસ્થિરચનાવિશેષ હોય છે અને દેવાદિકને અસ્થિ હોતા નથી. ૧૭૮.

હવે કયાં સંહનનના પ્રભાવથી કઇ જાતિના દેવમાં ઉત્પન્ન થાય તે કહે છે:—

**छेवट्ठेण उ गम्मइ, चत्तारि य जाव आइमा कप्पा ।**
**वड्ढिज्ज कप्पजुअलं, संघयणे कीलियाईए ॥ १७९ ॥**

ટીકાર્થ:—" परिणामविसुद्धीए देवाउअकम्मबंधजोगाए " એટલે દેવાયુષ્ય કર્મ બાંધવા યોગ્ય પરિણામની વિશુદ્ધિવડે કરીને સેવાર્ત્ત સંઘયણવાળા જીવો પ્રથમના ચાર દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ, ઇશાન, સનત્કુમાર ને માહેંદ્ર દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યારપછી કીલિકાદિક સંહનનમાં બે બે દેવલોકની વૃદ્ધિ ઋષભનારાચ સુધી કરવી. તે આ પ્રમાણે-કીલિકા સંઘયણવડે બ્રહ્મ ને લાંતક સુધી ઉત્પન્ન થાય, અર્ધનારાચ સંહનનવડે મહાશુક્ર ને સહસ્રાર સુધી ઉત્પન્ન થાય, નારાચ સંહનનવડે આનત ને પ્રાણત દેવલોક સુધી ઉત્પન્ન થાય અને ઋષભનારાચ સંહનનવડે આરણ ને અચ્યુત દેવલોક સુધી ઉત્પન્ન થાય. કલ્પોની ઉપરના નવ ગ્રૈવેયકમાં ને પાંચ અનુત્તર વિમાનમાં અવશિષ્ટ રહેલા વજ્રઋષભનારાચ સંહનનવડે મનુષ્ય જ ઉત્પન્ન થાય. આટલું ઉપલક્ષણથી સમજી લેવું. ૧૭૯

આ પ્રમાણે વિસ્તારથી દેવોનું ગતિદ્વાર એટલે દેવોમાં કયા જીવને ક્યાં ઉપજે તે કહ્યું, હવે દેવો સ્વસ્થાનથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થાય તે કહે છેઃ—

**पुढवीआउवणस्सइ, गब्भे पज्जत्त संखजीवीसु ।**
**सग्गचुआणं वासो, सेसा पडिसेहिया ठाणा ॥ १८० ॥**

**ટીકાર્થ**:—સ્વર્ગથકી એટલે ભવનપત્યાદિક ચારે પ્રકારની દેવનિકાયમાંથી ચ્યવેલા દેવોની ઉત્પત્તિ બાદર પર્યાપ્ત પૃથિવીકાય, અપ્કાય ને વનસ્પતિકાયમાં તથા ગર્ભજ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ ને મનુષ્યમાં થાય છે. તે શિવાયના સ્થાન–તેઉકાય ને વાયુકાય, દ્વિત્રિચતુરિંદ્રિય ને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય તથા દેવનારકરૂપ સ્થાનનો તીર્થંકર ગણધરોએ પ્રતિષેધ કરેલો છે. આમાં વિશેષ એ જાણવાનું છે કે–બાદર પર્યાપ્ત પૃથિવી, અપ્ ને વનસ્પતિમાં ઈશાનદેવલોક સુધીના દેવોની જ ઉત્પત્તિ હોય છે. તેનાથી ઉપરનાની હોતી નથી. તથા નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધીના દેવો સંખ્યાત આયુવાળા મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. ઉપલક્ષણથી ગર્ભજ પર્યાપ્ત સંખ્યાત આયુવાળા તિર્યંચોમાં આઠમા દેવલોક સુધીના દેવો જ ઉત્પન્ન થાય છે એમ સમજવું. ૧૮૦

હવે કોઇ પ્રશ્ન કરે છે કે–એ દેવો ને દેવીઓને ઉપભોગ હોય છે કે નહીં? તેને ઉત્તર આપે છે કે–કેટલાકને હોય છે, કેટલાકને હોતો નથી. આ હકીકત સ્પષ્ટ કરવાને માટે જેને જે રીતે ભોગ છે તે અને જેને સર્વથા નથી તે કહે છેઃ—

**दो कायप्पवियारा, कप्पा फरिसेण दोन्नि दो रूवे ।**
**सद्दे दो चउर मणे, उवरिं पवियारणा नत्थि ॥ १८१ ॥**

**ટીકાર્થ**:—બે દેવલોક એટલે બે દેવલોકમાં રહેનારા દેવો અર્થાત્ સૌધર્મ ઇશાન દેવલોક સુધીના દેવો શરીરવડે કરીને મનુષ્ય સ્ત્રી–પુરૂષની જેમ મૈથુન સેવનારા છે. અહીં બે દેવલોક સુધીના દેવો એમ કહેવાથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને ઇશાન દેવલોક સુધીના દેવો સંકિલષ્ટ પરિણામવાળા પુરૂષવેદરૂપ કર્મના પ્રભાવથી મનુષ્યની જેમ મૈથુનસુખને અનુભવનારા એટલે સર્વાંગવડે કાયકલેશથી ઉત્પન્ન થતા સંસ્પર્શના સુખને પામીને તેમાં પ્રીતિવાળા થાય છે. તે શિવાય તેમને સંતોષ ( તૃપ્તિ ) થતો નથી.

ત્યારપછીના બે દેવલોકના-સનત્કુમાર ને માહેંદ્ર દેવલોકના દેવો સ્પર્શ-પ્રવીચારી હોય છે. એટલે તેઓ સ્તન, ભુજા, ઉરૂ, જઘન વિગેરે ગાત્રના સ્પર્શથી મૈથુનસુખને અનુભવનારા છે. તે દેવો પ્રવીચારના અભિલાષી થયા સતા દેવીના સ્તનાદિ અવયવોના સંસ્પર્શવડે કાયપ્રવીચારી કરતાં અનંતગુણુ સુખને અનુભવતા તૃપ્ત થાય છે. દેવીઓને પણ તેમના સંસ્પર્શથી દિવ્ય પ્રભાવવડે શુક્રપુદ્‌ગળના સંચારથી અનંતગુણુ સુખ થાય છે ને તૃપ્ત થાય છે.

તેની ઉપરના બે કલ્પવાળા બ્રહ્મ ને લાંતક દેવલોકના દેવો રૂપમાત્રના પ્રવીચારવાળા છે. તે દેવો કામદેવની રાજધાની તુલ્ય દેવીઓના દિવ્ય ઉન્માદ-જનક રૂપને જોઇને કાયપ્રવીચારી કરતાં અનંતગુણુ સુરતસુખને પામે છે અને તૃપ્ત થાય છે. દેવીઓને પણ તેમના તેવા પ્રકારના રૂપાવલોકનથી દિવ્ય પ્રભાવવડે શુક્રપુદ્‌ગળના સંક્રમથી કાયપ્રવીચાર કરતાં અનંતગુણુ કામસુખ પ્રાપ્ત થાય છે.

તેની ઉપરના બે દેવલોકના એટલે મહાશુક્ર ને સહસ્રારના દેવો શબ્દ માત્ર સાંભળવાથી જ પ્રવીચારવાળા છે. તેઓ પ્રવીચારની ઇચ્છાના વિષયભૂત કરેલી દેવીના ગીત, હસિત, સવિકારભાષિત અને નૂપુરાદિના દિવ્ય ધ્વનિના શ્રવણમાત્રથી કાયપ્રવીચાર કરતાં અનંતગુણુ સુરતસુખને અનુભવે છે અને તૃપ્ત થાય છે. દેવીઓને પણ તે શ્રવણસુખ મેળવનાર દેવોના શુક્રપુદ્‌ગળના દિવ્ય પ્રભાવવડે થતા સંચારથી મહત્સુખ પ્રાપ્ત થાય છે.

તેની ઉપરના ચાર આનત, પ્રાણુત, આરણુ ને અચ્યુત દેવલોકના દેવો મનના પ્રવીચારવાળા હોય છે. તે જ્યારે પ્રવીચારની ઇચ્છાથી તદ્યોગ્ય દેવીને મનના વિષયભૂત કરે છે ત્યારે તે દેવી અદ્‌ભુત શૃંગાર ધારણુ કરીને મનવડે સ્વસ્થાને રહી સતી જ ઉચ્ચાવચ-ઉંચાનીચા મનને ધારણુ કરે છે અને ભોગને માટે તૈયાર થાય છે. આવી રીતે પરસ્પર મનઃસંકલ્પ થવાથી દિવ્ય પ્રભાવવડે દેવીને શુક્રપુદ્‌ગળનો સંચાર થતાં બંનેને કાયપ્રવીચારી કરતાં અનંતગુણુ સુરતસુખ પ્રાપ્ત થાય છે ને તૃપ્તિ થાય છે.

તેની ઉપરના ગ્રૈવેયકાદિકમાં પ્રવીચાર નથી, કારણુ કે તેમને અત્યંત મંદ પુરૂષવેદોદય હોય છે. આ બધા દેવો એકબીજાથી અનંતગુણુ સુખને ભજનારા છે. તે આ પ્રમાણે—કાયપ્રવીચારી કરતાં અનંતગુણુ સુખ સ્પર્શપ્રવીચારીને, સ્પર્શપ્રવીચારી કરતાં અનંતગુણુ સુખ રૂપપ્રવીચારીને છે, તેના કરતાં અનંત-ગુણુ સુખ શબ્દપ્રવીચારીને અને તેનાથી અનંતગુણુ સુખ મનપ્રવીચારીને છે, તેથી

અનંતગુણ સુખ અપ્રવીચારીને છે; કારણ કે તેઓ અત્યંત પાતળા મોહના ઉદયથી પ્રશમ સુખમાં લીન થયેલા છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે-જો એમ છે તો તેઓ-ગ્રૈવેયકાદિના દેવો બ્રહ્મચારી કેમ હોતા નથી? ઉત્તર આપે છે કે-ચારિત્રપરિણામના અભાવથી હોતા નથી. ૧૮૧

તે દેવોનું અન્ય દેવો કરતાં અનંતગુણ સુખયુક્તપણું ગાથાવડે કહે છે:—

**तत्तो परं तु देवा, बोधव्वा हुंति अप्पवीयारा ।**
**सप्पवियारठिईणं, अनंतगुणसोक्खसंजुत्ता ॥ १८२ ॥**

**ટીકાર્થ**—તેનાથી એટલે અચ્યુત દેવલોકથી ઉંચે જે દેવો છે તે અપ્રવીચારી-પ્રવીચારરહિત જાણવા. તેઓ સપ્રવીચારી કરતાં અનંતગુણ સુખવાળા છે કારણ કે પ્રવીચારના સુખ કરતાં ઉપશમનું સુખ અનંતગણું છે. ૧૮૨

**जं च कामसुहं लोए, जं च दिव्वं महासुहं ।**
**वीयरायसुहस्सेयं, णंतभागं पि नग्घइ ॥१८३॥**

**ટીકાર્થ**—આ લોકમાં જે કામસંબંધી સુખ છે અને જે દેવસંબંધી મહાસુખ છે, તે વીતરાગપણાના સુખને અનંતમે ભાગે પણ આવતું નથી. ૧૮૩

હવે દેવ-દેવીના ઉત્પત્તિસ્થાન કહે છે:—

**आईसाणा कप्पे, उववाओ होइ देवदेवीणं ।**
**तत्तो परं तु नियमा, देवीणं नत्थि उववाओ ॥१८४॥**

**ટીકાર્થ**—ઇશાન દેવલોક પર્યંત એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમાં અને સૌધર્મ તથા ઈશાન દેવલોકમાં દેવ તથા દેવીઓનું ઉપજવાપણું છે. તેની ઉપર સનત્કુમારાદિ દેવલોકમાં દેવીનો ઉપપાત-ઉપજવું નથી; માત્ર દેવોનું ઉપજવું જ છે. સનત્કુમારાદિ દેવલોકના દેવોને સુરતનો અભિલાષ થાય ત્યારે સૌધર્મ તથા ઇશાન દેવલોકમાંથી અપરિગૃહીતા દેવીઓ આઠમા દેવલોક સુધી જાય છે. ૧૮૪

હવે દેવ-દેવીઓના ગમનાગમન સંબંધી વિચાર કહે છે—

**आरेण अच्चुआओ, गमणागमणं तु देवदेवीणं ।**
**तत्तो परं तु नियमा, उभएसिं नत्थि तं कहवि ॥१८५॥**

**અર્થ**—અચ્યુત દેવલોક સુધી દેવ-દેવીઓનું ગમનાગમન છે. ત્યારપછી નિશ્ચયે દેવ-દેવી બંનેનું કદાપિ પણ ગમનાગમન નથી.

**ટીકાર્થ**—અચ્યુત દેવલોકથી અર્વાક્ એટલે અચ્યુત કલ્પ સુધી દેવ ને દેવીનું ગમનાગમન છે. અહીં જો કે સામાન્યે કહ્યું છે; પરંતુ દેવીનું ગમન આઠમા સહસ્રાર દેવલોક સુધી જ છે એમ જાણવું. તેની ઉપર ગમનાગમન નથી. આનતાદિના દેવો પ્રવીચારની ઈચ્છાવાળા થાય છે ત્યારે પોતાને સ્થાને રહ્યા સતા જ દેવીને પોતાના સંકલ્પનો વિષય કરે છે અને સ્થાનસ્થિત જ તેની સાથે મનપ્રવીચારણા કરે છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં પણ આ પ્રમાણે જ હકીકત મનપ્રવીચારી દેવો માટે કહી છે, તેથી પ્રવીચારણા નિમિત્તે આનતાદિ દેવલોકમાં દેવીનું ગમનાગમન નથી તેમ જ બીજા કોઇ કારણે પણ ગમનાગમન નથી. એટલે સહસ્રાર પર્યંત જ દેવીનું ગમનાગમન છે એ વાત સિદ્ધ છે. સંગ્રહણિના મૂળ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિ પણ એ જ પ્રમાણે કહે છે:

અચ્યુત દેવલોકથી ઉપર નિશ્ચયે બંનેનું-દેવોનું ને દેવીનું ગમનાગમન નથી. તેમાં તેની નીચેના દેવોની ઉપર જવાની-ગમનાગમન કરવાની શક્તિનો અભાવ છે તે જ ખાસ કારણ છે. અને તેની ઉપરના દેવોને નીચે આવવાના પ્રયોજનનો અભાવ છે તે કારણ છે. તે દેવો જિનજન્મમહિમાદિ પ્રસંગે પણ અહીં આવતા નથી, પોતાને સ્થાને રહ્યા સતા જ ભક્તિને વિસ્તારે છે. કાંઇ સંશય પડે તો સ્થાનસ્થિત જ પૂછે છે અને તેનો પ્રભુએ આપેલો ઉત્તર ભગવંતે પ્રયોજેલા મનોદ્રવ્યને અવધિજ્ઞાનવડે સાક્ષાત્ જોઇને તેના આકારની અન્યથા અનુપપત્તિપણે યથાર્થ જ સમજે છે. આ શિવાય બીજું તેમને અહીં આવવાનું પ્રયોજન નથી તેથી તેમના ગમનાગમનનો અસંભવ જાણવો. ૧૮૫

હવે જે વૈમાનિક કિલ્વિષિક દેવો છે તે કેટલી સ્થિતિવાળા છે અને કયાં રહેવાવાળા છે તે કહે છે:—

**तिन्नि पलिया तिसारा, तेरससारा य किब्बिसा भणिया।**
**सोहम्मीसाणसणंकुमारलंतस्स हिट्ठाओ ॥ १८६ ॥**

**ટીકાર્થ**:—કિલ્વિષિક દેવો ત્રણ સ્થાનકે છે એમ તીર્થંકર ગણધરોએ કહ્યું છે. તે આ પ્રમાણે-૧ સૌધર્મેશાન નીચે, ૨ સનત્કુમાર નીચે અને ૩ લાંતક નીચે. તેઓ યથાસંખ્યે ત્રણ પલ્યાદિના આયુષ્યવાળા છે, એટલે સૌધર્મે-

શાન નીચે છે તે ત્રણ પલ્યોપમના આયુવાળા છે, સનત્કુમાર નીચે છે તે ત્રણ સાગરોપમના આયુવાળા છે અને લાંતક દેવલોક નીચે છે તે તેર સાગરોપમના આયુવાળા છે. ૧૮૬

હવે આભિયોગિક ને કિલ્વિષિક દેવોનું ઉત્પત્તિ સ્થાન કહે છેઃ—

**कप्पेसु आभियोगा, देवा उवरिं न आरणच्चुयओ ।**
**लंतगउवरिं नियमा, न हुंति देवा उ किव्विसिया ।।१८७।।**

**અર્થઃ**—કલ્પ એટલે દેવલોકમાં આભિયોગિક દેવો હોય છે. આરણાચ્યુતની ઉપર સર્વથા હોતા નથી અને લાંતક દેવલોકની ઉપર કિલ્વિષિક દેવો નિશ્ચે હોતા નથી. ૧૮૭

હવે દેવીઓનું ઉત્પત્તિસ્થાન કહે છે.

સનત્કુમારાદિ કલ્પના દેવોને સુરતની અભિલાષા થતાં સૌધર્મેશાનમાં ઉત્પન્ન થયેલી અપરિગૃહીતા દેવીઓ જ સહસ્રાર કલ્પ સુધી જાય છે. તે દેવીઓના ઉત્પત્તિસ્થાનરૂપ વિમાનો ખાસ જુદા જ છે, ત્યાં દેવો ઉત્પન્ન થતા જ નથી. તેના વિમાનોની સંખ્યા કહે છેઃ—

**सोहम्मि विमाणाणं, छच्चेव हवंति सयसहस्साइं ।**
**चत्तारि य ईसाणे, अपरिग्गहिआण देवीणं ।।१८८।।**

**અર્થઃ**—સૌધર્મ દેવલોકમાં અપરિગૃહીતા દેવીઓના છ લાખ વિમાનો છે અને ઈશાન દેવલોકમાં ચાર લાખ વિમાનો છે. ૧૮૮

હવે જેટલા આયુષ્યવાળી જે દેવોના ઉપભોગમાં આવે છે તે કહે છેઃ—

**पलिओवमाइ समयाहिआ ठिई जासि जाव दस पलिया।**
**सोहम्मग देवीसुं, ताओ उ सणंकुमाराणं ।। १८९ ।।**

**ટીકાર્થઃ**—સૌધર્મ દેવલોકમાં જે દેવીઓની સ્થિતિ પલ્યોપમથી અધિક એક સમય, બે સમય યાવત્ અસંખ્યેય સમય વધતી દશ પલ્યોપમ સુધીની હોય તે સનત્કુમાર દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય સમજવી. આનો સાર એ છે કે એક પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવીઓજ સૌધર્મકલ્પના દેવોના

ઉપભોગ યોગ્ય સમજવી અને તેથી સમયાધિક, બે સમયાધિક, ત્રણ સમયાધિક, સંખ્યેય સમયાધિક, અસંખ્યેય સમયાધિક યાવત્ જેનું આયુષ્ય પૂર્ણ દશ પલ્યોપમનું હોય તે સર્વ સનત્કુમાર દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. તેની ઉપરના કલ્પના દેવો તથાપ્રકારનો સ્વભાવ હોવાથી જ તેને સર્વથા ઇચ્છતા નથી. ૧૮૯

**एएण कमेण भवे, समयाहिय दसगपलिअवुड्ढीए ।**
**बंभमहासुक्काण य, आरणदेवाण पन्नासा ॥ १९० ॥**

**ટીકાર્થ:**—ઉપર કહેલી પરિપાટીએ દશ પલ્યોપમથી સમયાધિક, બે સમયાધિક યાવત્ દશ દશ પલ્યોપમની વૃદ્ધિએ વધતા આયુષ્યવાળી દેવીઓ બ્રહ્મલોક, મહાશુક્ર, આનત ને આરણ કલ્પમાં રહેનારા દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. એટલે કે આરણ કલ્પના દેવોને યોગ્ય દેવીનું આયુષ્ય પચાસ પલ્યોપમનું જાણવું. એનો સાર એ છે કે–સૌધર્મકલ્પવાસી જે દેવીઓ દશ પલ્યોપમથી સમયાધિક યાવત્ વીશ પલ્યોપમ સુધીની સ્થિતિવાળી હોય તેને બ્રહ્મલોકના દેવોને ઉપભોગયોગ્ય જાણવી. જે દેવીઓ વીશ પલ્યોપમથી સમયાધિક યાવત્ ત્રીશ પલ્યોપમની સ્થિતિવાળી હોય તે સર્વે મહાશુક્ર દેવલોકના દેવોને ઉપભોગયોગ્ય જાણવી. જે દેવીઓ ત્રીશ પલ્યોપમથી સમયાધિક યાવત્ ચાળીશ પલ્યોપમ સુધીની સ્થિતિવાળી હોય તેને આનત કલ્પના દેવોને ત્યાં રહી સતી પ્રવીચારપ્રવૃત્ત મનોવ્યાપારના આલંબનયોગ્ય જાણવી અને જે દેવીઓ ચાળીશ પલ્યોપમથી અધિક યાવત્ પચાસ પલ્યોપમ સુધીની સ્થિતિવાળી હોય તેને આરણ કલ્પના દેવોને ત્યાં રહી સતી જ ચિત્તાલંબનયોગ્ય જાણવી. ૧૯૦

એ પ્રમાણે સૌધર્મ કલ્પની અપરિગૃહીતા દેવીનો વિધિ કહ્યો, હવે ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયેલી દેવીને માટે કહે છે:—

**साहिअपलिया समयाहिआ ठिई जासि जाव पन्नरसा ।**
**ईसाणगदेवीओ, ताओ माहिंददेवाणं ॥ १९१ ॥**

**ટીકાર્થ:**—ઈશાનકલ્પવાસ્તવ્ય જે દેવીઓની સ્થિતિ સાધિક પલ્યોપમથી એક સમયાધિક યાવત્ અસંખ્ય સમયાધિક અને છેવટ પંદર પલ્યોપમ સુધીની હોય તે દેવીઓ બધી માહેંદ્રકલ્પવાસ્તવ્ય દેવોને ઉપભોગયોગ્ય હોય. આનો સાર એ છે કે–જેની સ્થિતિ સાધિક પલ્યોપમની હોય તે દેવીઓ ઈશાન કલ્પના

દેવોને ઉપભોગયોગ્ય જાણવી અને તેથી વધતી પંદર પલ્યોપમ સુધીની સ્થિતિ જે દેવીઓની હોય તે સર્વે માહેંદ્ર દેવને યોગ્ય સમજવી. મૂળ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિ પણ આ પ્રમાણે જ કહે છે. ૧૯૧

**एएण कमेण भवे, समयाहियदसगपलियवुड्ढीए ।**
**लंतसहस्सारपाणयअच्चुअदेवाण पणपन्ना ॥ १९२ ॥**

**ટીકાર્થ:**—આ અનંતરોક્ત ક્રમે કરીને સમયાધિક, અસંખ્ય સમયાધિક યાવત્ દશ દશ પલ્યોપમની વૃદ્ધિવાળી સ્થિતિ જેની હોય તે દેવીઓ લાંતક, સહસ્રાર, પ્રાણત ને અચ્યુત કલ્પના દેવોને ઉપભોગયોગ્ય જાણવી. યાવત્ ત્યાંની દેવીઓનું આયુષ્ય (૫૫) પલ્યોપમ સુધીનું જાણવું.

આ હકીકતનો સાર એ છે કે-ઈશાન દેવલોકભાવી જે દેવીઓનું આયુષ્ય પંદર પલ્યોપમથી વધતું યાવત્ ૨૫ પલ્યોપમ સુધીનું હોય તેને લાંતક દેવને ઉપભોગયોગ્ય જાણવી. જેનું આયુષ્ય ૨૫ પલ્યોપમથી વધતું યાવત્ ૩૫ પલ્યોપમ સુધીનું હોય તેને સહસ્રાર દેવલોકના દેવોને ઉપભોગયોગ્ય જાણવી. જે દેવીઓનું આયુષ્ય ૩૫ પલ્યોપમથી વધતું ૪૫ પલ્યોપમ સુધીનું હોય તેને પ્રાણત કલ્પના દેવોને ઉપભોગયોગ્ય ત્યાં રહી સતી જ પ્રવીચારપ્રવૃત્ત મનોવિષયવાળી જાણવી અને જે દેવીઓ ૪૫ પલ્યોપમથી વધતા ૫૫ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી હોય તેને ત્યાં રહી સતી જ અચ્યુત દેવલોકના દેવોને ચિત્તાલંબનભૂત જાણવી. ૧૯૨

હવે દેવોનો અધિકાર જ ચાલતો હોવાથી તેમને લેશ્યાઓ કઈ હોય તે કહે છે:—

**किण्हा नीला काऊ, तेऊ लेसा य भवणवंतरिया ।**
**जोइससोहम्मीसाण, तेऊलेसा मुणेयव्वा ॥ १९३ ॥**

**ટીકાર્થ:**—જેનાવડે જીવ કર્મવડે લેપાય તેને લેશ્યા કહીએ, તેમ જ કૃષ્ણાદિ દ્રવ્યના સાહચર્યથી આત્માના શુભાશુભ પરિણામ થાય તેને પણ લેશ્યા કહીએ. કહ્યું છે કે-**कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः । स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रवर्तते ॥ १ ॥** અર્થ ઉપર આવેલો છે. ભવનપતિ ને વ્યંતરમાં યથાસંભવ કૃષ્ણ, નીલ, કાપોત ને તેજોલેશ્યાવાળા દેવો હોય. તેમાં પરમાધાર્મિકો તો કૃષ્ણલેશ્યાવાળા જ હોય.

જ્યોતિષ્ક ને સૌધર્મેશાન દેવલોકના દેવોમાં તેજોલેશ્યા જ હોય. આ તેજો-લેશ્યા ઉપર ઉપરના દેવોમાં વિશુદ્ધિવાળી જાણવી. આ હકીકત પ્રાચુર્યને આશ્રીને સમજવી. બાકી તો છએ લેશ્યા દરેક નિકાયમાં યથાસંભવ હોય એમ જાણવું. તત્ત્વાર્થટીકાકાર શ્રીહરિભદ્રસૂરિ કહે છે કે–' દેવોને પ્રતિનિકાયમાં છએ ભાવલેશ્યાઓ હોય છે.' ૧૯૩

**कप्पे सणंकुमारे, माहिंदे चेव बंभलोए अ।**
**एएसु पम्हलेसा, तेण परं सुक्कलेसा उ ॥ १९४ ॥**

**ટીકાર્થ:**—સનત્કુમાર, માહેંદ્ર ને બ્રહ્મલોક–એ ત્રણે દેવલોકમાં દેવો પદ્મ-લેશ્યાવાળા હોય છે. કેવળ ઉપર ઉપરમાં વિશુદ્ધમાન લેશ્યાવાળા હોય છે. ત્યારપછી એટલે બ્રહ્મલોકથી ઉપર લાન્તકાદિક દેવલોકમાં, ગ્રૈવેયકમાં અને અનુત્તરવિમાનમાં દેવો શુકલલેશ્યાવાળા જાણવા; પરંતુ ઉત્તરોત્તર વિશુધ્ય-માન લેશ્યાવાળા જાણવા. અહીં કોઈક કહે છે કે–'આ દેવોની લેશ્યા બાહ્યવર્ણ રૂપ દ્રવ્યલેશ્યા જાણવી.' આ કથન અયુક્ત છે. આ ભાવલેશ્યાઓ જ તે તે દેવોની સૂત્રકારે કહી છે. આ લેશ્યા ભાવલેશ્યા છે તે હકીકત નારક જીવોની લેશ્યા કહેવાના પ્રસ્તાવે કહેવામાં આવશે. જો બાહ્યવર્ણરૂપ દ્રવ્યલેશ્યા હોય તો અનન્તર જ દેવોના બાહ્ય વર્ણનું પ્રતિપાદન આચાર્ય કરવાના છે તે નિરર્થક ગણાય, તેથી આને ભાવલેશ્યા જ સમજવી. ૧૯૪

હવે વૈમાનિક દેવોનો વર્ણવિભાગ કહે છે—

**कणगत्तयरत्ताभा, सुरवसभा दोसु होंति कप्पेसु ।**
**तिसु होंति पम्हगोरा, तेण परं सुक्किला देवा ॥ १९५ ॥**

**ટીકાર્થ:**—પહેલા બે દેવલોક–સૌધર્મેશાનના દેવ વૃષભો કનકત્વક્ જેવા રક્ત છાયાવાળા હોય છે, તથા ત્રણ સનત્કુમાર, માહેંદ્ર ને બ્રહ્મલોકને વિષે દેવો પદ્મગૌર એટલે કમળની કેસરા જેવા અવદાત–ઉજ્વળ વર્ણવાળા હોય છે અને બ્રહ્મલોકથી ઉપર લાન્તકાદિ અનુત્તર વિમાન સુધીના દેવો શુકલ–યથોત્તર શુકલ, શુકલતર, શુકલતમ અવદાતવર્ણવાળા હોય છે.

અહીં કોઇ પ્રશ્ન કરે છે કે-જો આ પ્રમાણે કહેશો તો સૂત્રની સાથે વિરોધ આવશે, કારણ કે શ્રીજીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે–"સૌધર્મેશાન

દેવલોકના દેવો શરીરે કેવા વર્ણવાળા હોય છે? ગૌતમ! કનકત્વક્ સરખા રક્ત વર્ણવાળા હોય છે. સનત્કુમાર–માહેંદ્ર કલ્પના દેવો કેવા વર્ણવાળા હોય છે? હે ગૌતમ! પદ્મગૌર હોય છે. બ્રહ્મ–લાંતક કલ્પના દેવો કેવા વર્ણવાળા હોય? હે ગૌતમ! લીલા મહુડાના પુષ્પ જેવા વર્ણવાળા હોય છે. શેષ સર્વ દેવો શુકલ વર્ણવાળા હોય છે.” આમ કહેનારને ટીકાકાર ઉત્તર આપે છે કે–‘ સૂત્ર સાથે વિરોધ આવશે નહીં, કારણ કે બ્રહ્મલોકવાસી દેવો પરિણતતર આર્દ્ર મહુડાના પુષ્પ સરખા વર્ણવાળા સતા જરાક ગૌરત્વચાવાળા હોય છે, તે કમળની કેસરાના ગૌરવર્ણમાં અંતર્ભાવ પામે છે. લાંતક કલ્પના દેવો અપરિણત આર્દ્ર મહુડાના પુષ્પ જેવા વર્ણવાળા હોવાથી પ્રાયે કાંઈક પાંડુ શરીરવાળા હોય છે પણ તેનો શુકલ વર્ણમાં અંતર્ભાવ થાય છે. એટલે આર્દ્ર મધુકપુષ્પના સરખા વર્ણવાળાપણું ઉભયત્ર અવિરોધી છે, તેથી કાંઈ પણ દોષાપત્તિ નથી.’ ૧૯૫

ઉપર પ્રમાણે વર્ણવિભાગ કહ્યો, હવે આહાર ને ઉચ્છવાસનો વિધિ કહે છે—

**दसवाससहस्साइं, जहन्नमाउं धरंति जे देवा ।**
**तेसिं चउत्थाहारो, सत्तहि थोवेहि ऊसासो ॥ १९६ ॥**

**ટીકાર્થ:**—ભવનપતિ ને વ્યંતરનિકાયના જે દેવો જઘન્ય આયુને અર્થાત્ દશ હજાર વર્ષની સ્થિતિને ધારણ કરે છે તેને આહારનો અભિલાષ ચતુર્થે થાય છે. અહીં ચતુર્થ શબ્દ અહોરાત્રવાચક છે, તેથી એક અહોરાત્રને અંતરે અભિલાષ થાય છે એમ સમજવું. આહારનો અભિલાષ થયે સતે મનવડે જ તૃપ્તિને પામે છે. મનુષ્યની જેમ કાવલિકાહાર કરતા નથી. આ હકીકત આગળ સૂત્રકાર પોતે જ સ્પષ્ટ કરશે, તથા એ દશ હજાર વર્ષની સ્થિતિવાળા દેવોને ઉચ્છવાસ લેવાનું સાત સ્તોકે (નીરોગી મનુષ્યના સાત પ્રાણે[1] એક સ્તોક) એટલે સાત સાત સ્તોકને આંતરે પ્રવર્તે છે. શ્રીતત્ત્વાર્થભાષ્યકાર ઉચ્છવાસ ને આહારને માટે ઉપર કહ્યા પ્રમાણે જ કહે છે. ૧૯૬

અહીં આહારનો વિષય હોવાથી આહાર કેટલા પ્રકારનો છે તે કહે છે:—

**सरिरेणोयाहारो, तया य फासे य लोमआहारो ।**
**पक्खेवाहारो पुण, कावलिओ होइ नायव्वो ॥ १९७ ॥**

---

૧ શ્વાસોશ્વાસ (પ્રાણ). ૭ પ્રાણે ૧ સ્તોક, ૭ સ્તોકે ૧ લવ, ૭૭ લવે ૧ મુહૂર્ત.

**ટીકાર્થ**:—શરીરવડે એટલે તૈજસ કાર્મણાદિવડે ઓજ આહાર હોય છે અર્થાત્ તૈજસ શરીર સહિત કાર્મણશરીરવડે પૂર્વભવના શરીરનો ત્યાગ કરીને વિગ્રહગતિવડે ઉત્પાત્તદેશને પામ્યો સતો જે પ્રથમ સમયે ઔદારિકાદિ શરીર પ્રાયોગ્ય પુદ્ગળોને ગ્રહણ કરે છે ( આહારે છે ) અને જે બીજા વિગેરે સમયમાં યાવત્ શરીર નિષ્પત્તિ થતાં સુધી ઔદારિકાદિ મિશ્રકાયયોગવડે પુદ્ગળો ગ્રહણ કરે છે ( આહારે છે ) તે ઓજાહાર જાણવો. જે ત્વચાવડે એટલે સ્પર્શેંદ્રિયના સ્પર્શવડે શરીરના ઉપષ્ટંભક પુદ્ગળોને ગ્રહણ કરે છે ( આહારે છે ) તેને લોમાહાર કહીએ. અર્થાત્ ઓભવડે-લોમના રંધ્રવડે જે આહાર કરવામાં આવે તેને લોમાહાર કહીએ અને પ્રક્ષેપાહાર એટલે કાવલિકાહાર જે મુખમાં કવળના પ્રક્ષેપરૂપ છે તેને કહીએ. ૧૯૭

હવે કઇ અવસ્થામાં કયો આહાર હોય તે કહે છે:—

**ओयाहारा जीवा, सव्वे अपजत्तगा मुणेयव्वा ।**
**पज्जत्तगा य लोमे, पक्खेवे होंति भइअव्वा ॥ १९८ ॥**

**ટીકાર્થ**—ઉત્પત્તિદેશે આવીને સ્વશરીરયોગ્ય પુદ્ગળસંઘાતને ( ઓજને ) આહારે-ગ્રહણ કરે તેને ઓજાહાર કહીએ. તે આહાર એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના સર્વે જીવ અપર્યાપ્તાવસ્થામાં ગ્રહણ કરે. અહીં અપર્યાપ્તા તે શરીરપર્યાપ્તિએ અપર્યાપ્તા સમજવા; આહારપર્યાપ્તિએ અપર્યાપ્તા ન સમજવા. આહારપર્યાપ્તિએ અપર્યાપ્તા તો અનાહારક હોય છે. કેટલાકના મતે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિએ અપર્યાપ્તા હોય ત્યાં સુધી ઓજ આહારવાળા હોય છે. અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયા પછી લોમાહારી હોય છે. અને મતાંતરે શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિએ અપર્યાપ્તા હોય છતાં સર્વે જીવ લોમ આહારવાળા નિશ્ચયે હોય છે. પ્રક્ષેપાહાર એટલે કવળાહાર કેટલાક જીવને હોય, કેટલાક જીવને ન હોય અર્થાત્ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચ મનુષ્યને હોય. બીજાને (એકેંદ્રિયાદિકને) ન હોય. બેઇંદ્રિયાદિકને પણ કદાચિત્ હોય, કદાચિત્ ન હોય. સર્વદા હોય એમ નહીં. ૧૯૮

એ જ વાત કહે છે:—

**एगिंदिय देवाणं, नेरइयाणं च नत्थि पक्खेवो ।**
**सेसाणं जीवाणं, संसारत्थाण पक्खेवो ॥ १९९ ॥**

**અર્થ**—એકેંદ્રિયોને, ચારે નિકાયના દેવોને અને નારકી જીવોને પ્રક્ષેપાહાર ન હોય. બાકીના સંસારસ્થ સર્વ જીવોને પ્રક્ષેપાહાર હોય. ૧૯૯

ઉપરની વાતને જ વ્યક્ત કરતા સતા એકેંદ્રિયાદિકનું પૃથક્ આહાર નૈયત્ય કહે છે:—

**लोमाहारा एगिंदिया य नेरइय सुरगणा चेव ।**
**सेसाणं आहारो, लोमेपखेवओ चेव ॥ २०० ॥**

**ટીકાર્થ**—શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા, મતાન્તરે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા એકેંદ્રિય, નારકી ને દેવો સર્વે લોમાહારી જાણવા. બાકીના શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા અથવા મતાંતરે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા સર્વ જીવોને લોમાહાર ને પ્રક્ષેપાહાર હોય. લોમાહાર સતત હોય ને પ્રક્ષેપાહાર કદાચિત હોય, કદાચિત ન હોય. ૨૦૦

**ओयाहारा मणभक्खिणो य सव्वेवि सुरगणा होंति ।**
**सेसा हवंति जीवा, लोमाहारा मुणेयव्वा ॥ २०१ ॥**

**ટીકાર્થ**—સર્વે ભવનપત્યાદિ ચારે નિકાયના દેવો અપર્યાપ્તાવસ્થામાં ઓજાહારી હોય અને પર્યાપ્તાવસ્થામાં મનોભક્ષી હોય. મનવડે વિચાર કરવાથી ઉપસ્થિત થયેલા સકળેંદ્રિયને આહ્લાદ ઉત્પન્ન કરે તેવા મનોજ્ઞ પુદ્ગળોને ભક્ષણ કરતા હોય તેમ ગ્રહણ કરે છે. એટલે વૈક્રિયશરીરવડે આત્મસાત્ કરે છે. એવા હોવાથી તે મનોભક્ષી કહેવાય છે. શેષ દેવો શિવાય બાકીના જીવો એકેંદ્રિય પૃથિવ્યાદિ અપર્યાપ્તાવસ્થામાં ઓજાહારી હોય છે અને પર્યાપ્તા થયા પછી લોમાહારી હોય છે. ૨૦૧

**अपजत्ताण सुराणमणाभोगनिवत्तिओ उ आहारो ।**
**पज्जत्ताणं मणभक्खणेण आभोगनिम्माओ ॥ २०२ ॥**

**ટીકાર્થ**—અપર્યાપ્તાવસ્થામાં દેવોને અનાભોગનિવર્તિત–અનાભોગ સંપાદિત આહાર હોય છે, મનપર્યાપ્તિનો તે વખત અભાવ હોવાથી આભોગનો અસંભવ છે. પર્યાપ્તા થયા પછી મનોભક્ષણવડે મનમાં ચિંતવવાથી મળતા વિશિષ્ટ પુદ્ગળના અભ્યવહરણ( ગ્રહણ )વડે આહાર હોય છે તે આભોગનિર્મિત –આભોગસંપાદિત આહાર કહેવાય છે. ૨૦૨

**सचित्ताचित्तोभयरूवो आहार सव्वतिरियाणं ।**
**सव्वनराणं च तहा, सुरनेरइआण अचित्तो ॥ २०३ ॥**

**અર્થ**—સર્વ તિર્યંચોને સચિત્ત, અચિત્ત ને ઉભય રૂપ આહાર હોય છે. કદાચિત્ સચિત્ત, કદાચિત્ અચિત્ત અને કદાચિત્ ઉભયરૂપ ( મિશ્ર ) આહાર હોય છે, તથા સર્વ મનુષ્યોને પણ તે જ પ્રમાણે ત્રણે જાતિનો આહાર હોય છે. દેવ અને નારકીઓને સર્વદા અચિત્ત આહાર હોય છે. ૨૦૩

**अणाभोगाभोगा, सव्वेसिं होइ लोम आहारो ।**
**नेरइयाणऽमणुन्नो, परिणमइ सुराण सुमणुन्नो ॥ २०४ ॥**

**ટીકાર્થ**—સર્વે પર્યાપ્તાઓને લોમાહાર આભોગથી ને અનાભોગથી હોય છે. તે આહાર કરતા સતા કદાચિત્ જાણે છે; કદાચિત્ જાણતા નથી. તેમાં નારકીઓને ઉપલભ્યમાન લોમાહાર અમનોજ્ઞપણે પરિણમે છે, કારણ કે તેમને તથાવિધ અશુભ કર્મનો ઉદય હોય છે. દેવોને સુમનોજ્ઞપણે પરિણમે છે કારણ કે તેઓ ભવસ્વભાવે તથાવિધ શુભ કર્મના ઉદયવાળા હોય છે. ૨૦૪

**इगविगलिंदियनारयजीवाणंतोमुहुत्तमुक्कोसो ।**
**पंचिंदियतिरियाणं, छट्ठउ मणुआण अट्ठमओ ॥ २०५ ॥**

**ટીકાર્થ**—એકેંદ્રિય, વિકળેંદ્રિય અને નારક જીવોને આહાર ગ્રહણ કરવા માંડે સતે અત્યંત આહારની ઇચ્છા ઉત્પન્ન થાય. તેને ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્ત્ત પછી જરૂર ઇચ્છા થાય. પંચેંદ્રિય તિર્યંચને ઉત્કૃષ્ટ બે અહોરાત્રે આહારની ઇચ્છા થાય, મનુષ્યને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રે આહારની ઇચ્છા થાય. તિર્યંચને મનુષ્ય આશ્રી આ હકીકત ત્રણ પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુવાળા યુગલિકને અંગે જાણવી, બીજાને માટે ન જાણવી. તિર્યંચ અને મનુષ્યને આ આહારના અભિલાષરૂપ અંતરપરિણામ તપોવિધિ વિના સ્વભાવસિદ્ધ જાણવા. તપ આચરવાની વાંચ્છાવડે તો મહીના બે મહીના સુધી પણ આહારની ઇચ્છા ન થાય એમ સમજવું. ૨૦૫

**आहारो देवाणं, सायरमज्झम्मि दिणपुहुत्तंतो ।**
**सायरसंखाए पुण, वाससहस्सेहिं भणिओ अ ॥ २०६ ॥**

**ટીકાર્થ:**—જે દેવોનું આયુ પલ્યોપમથી માંડીને કાંઈક ન્યૂન સાગરોપમ સુધીનું હોય તેમને એક વાર આહાર ગ્રહણ કર્યા પછી ફરીને આહારની ઇચ્છા અહોરાત્ર પૃથક્ત્વે થાય. પૃથક્ત્વ શબ્દે બેથી નવ અહોરાત્ર સમજવા. ત્યારપછી સાગરોપમની સંખ્યા પ્રમાણે હજાર વર્ષે આહાર કહેલ છે. તેનો સાર એ છે કે-જેનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય તેને તેટલા હજાર વર્ષે આહારની ઇચ્છા હોય. આ વાત આગળ ગ્રંથકાર પોતે જ પ્રગટ કરશે. ૨૦૬

ઉપર સાત સ્તોકે દેવોને ઉચ્છ્વાસ કહ્યો છે તેથી સ્તોકનું પરિમાણ ને પ્રસંગે મુહૂર્ત્તાદિનું પરિમાણ પણ કહે છે—

**हट्ठस्स अणवगल्लस्स, निरुवकिट्ठस्स जंतुणो ।**
**एगे ऊसासनीसासे, एस पाणुत्ति वुच्चइ ॥ २०७ ॥**

**ટીકાર્થ:**—જે જન્મે તેને જંતુ કહીએ, પ્રાણી કહીએ. તેમાં જે હૃષ્ટ-વિષાદ રહિત હોય તેને, એટલે જે વિષણ્ણ હોય, ખેદવાળો હોય તેને, અન્યથા પણ શ્વાસ લેવાપણું હોય. તેથી તેવો નહીં પણ હૃષ્ટ એવો, તથા અનપકલ્પને એટલે કલ્પ જે રોગ તેથી રહિત થયેલા નીરોગીને, જે રોગી હોય તેને તો અન્યથા પણ શ્વાસ લેવાપણું હોય તેથી રોગ વિનાનો હોય તે નીરોગી પણ શ્રમ કે બુભુક્ષાદિવડે કૃષ્ટ-દુર્બળ થયેલ હોય તેવો નહીં, કારણ કે દુર્બળને તો અન્યથા પણ શ્વાસ લેવાપણું હોય તેથી તેનો નિરાસ કરવા માટે ત્રીજું વિશેષણ નિરૂપકૃષ્ટ એવું આપ્યું છે, તેથી શ્રમબુભુક્ષાજનિત ઉપક્લેશ રહિત હોય તેવાનો ઊર્ધ્વશ્વસન એટલે ઉચ્છ્વાસ અને અધસ્તનશ્વસન તે નિઃશ્વાસ, તદુભયરૂપ જે હોય તે પ્રાણ કહીએ. વિશેષે કહીએ તો આગમમાં કહ્યા પ્રમાણે સ્વરૂપવાળાને એમ સમજવું. ૨૦૭

**सत्तपाणूणि से थोवे, सत्त थोवाणि से लवे ।**
**लवाणं सत्तहत्तरीए, एस मुहुत्ते वियाहिए ॥ २०८ ॥**

**ટીકાર્થ:**—પૂર્વનિર્દિષ્ટ સ્વરૂપવાળા જીવ સંબંધી સાત પ્રાણનો એક સ્તોક કહીએ, તે જંતુ સંબંધી સાત સ્તોકનો એક લવ કહીએ, તેવા સત્તોતેર લવે એક મુહૂર્ત્ત કહેલ છે. ૨૦૮

આ મુહૂર્ત્તમાં એક ક્રોડ સડસઠ લાખ સત્તોતેર હજાર બશેં ને સોળ આવળીઓ હોય છે. અહીં તે અર્થસૂચક ગાથા કહેલી છે.

હવે એક મુહૂર્ત્તમાં કેટલા પ્રાણ હોય તે કહે છે—

**तिन्नि सहस्सा सत्त य, सयाइं तेवत्तरिं च ऊसासा ।**
**एस मुहुत्तो भणिओ, सव्वेहिं अणंतनाणीहिं ॥ २०९ ॥**

**ટીકાર્થ:**—સર્વ અનંત જ્ઞાનીઓએ–સર્વજ્ઞોએ ત્રણ હજાર સાત સો ને તહોંતેર ઉચ્છ્વાસનો એક મુહૂર્ત્ત કહેલ છે. તે આ પ્રમાણે–સાત પ્રાણનો એક સ્તોક અને સાત સ્તોકનો એક લવ હોવાથી સાતને સાતે ગુણતાં ૪૯ થાય. તેવા સત્તોતેર લવે એક મુહૂર્ત્ત હોવાથી ૪૯ને ૭૭ વડે ગુણતાં ૩૭૭૩ આવે. ૨૦૯

હવે એક અહોરાત્રમાં, એક માસમાં, એક વર્ષમાં, સો વર્ષમાં જેટલા પ્રાણ એટલે શ્વાસોચ્છ્વાસ લેવાય–થાય તેની સંખ્યા કહે છે:—

**एगं च सयसहस्सं, ऊसासाणं तु तेरससहस्सा ।**
**नउअसएणं अहिआ, दिवसनिसिं हुंति विन्नेया ॥ २१० ॥**
**मासे वि य ऊसासा, लक्खा तेत्तीससहस पणनउई ।**
**सत्त य सयाइं जाणसु, कहिआइं पुव्वसूरीहिं ॥ २११ ॥**
**चत्तारि य कोडीओ, लक्खा सत्तेव हुंति नायव्वा ।**
**अडयालीससहस्सा, चारिसया होंति वरिसाणं ॥ २१२ ॥**
**चत्तारि उ कोडिसया, कोडीओ सत्त लक्ख अडयाला ।**
**चत्तालीससहस्सा, वाससए होंति ऊसासा ॥ २१३ ॥**

આ ગાથાઓનો અર્થ સહજ સમજાઇ શકે તેવો હોવાથી ટીકાકારે લખ્યો નથી, કારણ કે એક મુહૂર્ત્તના ૩૭૭૩ શ્વાસોશ્વાસને એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત્તો હોવાથી ત્રીશવડે ગુણીએ એટલે એક અહોરાત્રના પ્રાણનું પરિમાણ આવે. એ પ્રમાણે માસાદિકની ભાવના પણ કરી લેવી. ૨૧૦–૨૧૩.

વાંચક બંધુઓની સરલતા માટે અમે તે સંખ્યા આપીએ છીએ.

૧ એક અહોરાત્રમાં ૧૧૩૧૯૦ શ્વાસોશ્વાસ થાય. તેને ૩૦ વડે ગુણતાં

૨ એક માસમાં ૩૩૯૫૭૦૦ શ્વાસોશ્વાસ થાય. તેને ૧૨ વડે ગુણતાં
૩ એક વર્ષમાં ૪૦૭૪૮૪૦૦ શ્વાસોશ્વાસ થાય. તેને ૧૦૦ વડે ગુણતાં
૪ સો વર્ષમાં ૪૦૭૪૮૪૦૦૦૦ શ્વાસોશ્વાસ થાય.

હવે પ્રતિસાગરોપમે ઉચ્છ્વાસનું પરિમાણ ને આહારનું પરિમાણ કહે છે.

**जस्स जइ सागराइं, ठिई तस्स तत्तिएहिं पक्खेहिं ।**
**ऊसासो देवाणं, वाससहस्सेहिं आहारो ॥ २१४ ॥**

**ટીકાર્થ**;—વૈમાનિક દેવોમાં જે દેવોનું જેટલા સાગરોપમનું આયુ હોય તેટલા પક્ષે તેને શ્વાસોશ્વાસ લેવાનો સમજવો અને તેટલા હજાર વર્ષે આહાર સમજવો. તે જ કહે છે-જે દેવોનું એક સાગરોપમનું આયુ હોય તેને એક પક્ષે ઉચ્છ્વાસ ને એક હજાર વર્ષે આહાર જાણવો, જેનું બે સાગરોપમનું આયુ હોય તેને બે પક્ષે ઉચ્છ્વાસ ને બે હજાર વર્ષે આહાર જાણવો. યાવત્ જેનું આયુ ૩૩ સાગરોપમનું છે તેને ૩૩ પક્ષે ઉચ્છ્વાસ ને ૩૩૦૦૦ વર્ષે આહાર સમજવો. ૨૧૪

દશ હજાર વર્ષથી માંડીને જ્યાંસુધી સાગરોપમ પૂરૂં ન થાય ત્યાં સુધીના અપાંતરાળ આયુવાળા માટે આહાર ને ઉચ્છ્વાસનું કાળપ્રમાણ કહે છે—

**दसवाससहस्साइं, समयाई जाव सागरं ऊणं ।**
**दिवसमुहुत्तपुहुत्ता, आहारूसास सेसाणं ॥२१५॥**

**ટીકાર્થ**:—જે દેવોનું આયુ દશ હજાર વર્ષથી એક, બે, ત્રણ સમયાધિક યાવત્ કાંઇક ઊણુ સાગરોપમ સુધીનું હોય તેને દિવસ પૃથક્ત્વે આહાર અને મુહૂર્ત્ત પૃથક્ત્વે ઉચ્છ્વાસ જાણવો. આનો સાર એ છે કે-દશ હજાર વર્ષના આયુવાળાને સાત સ્તોકે ઉચ્છ્વાસ અને ચતુર્થ ભકતે આહાર હોય ત્યાંથી સમય, મુહૂર્ત્ત, દિવસાદિની વૃદ્ધિવડે ઉચ્છ્વાસકાળ પ્રમાણ ને આહારકાળ પ્રમાણ થોડું થોડું વધતું જાય, યાવત્ પલ્યોપમની સ્થિતિવાળાને મુહૂર્ત્ત પૃથક્ત્વે ઉચ્છ્વાસ અને દિવસ પૃથક્ત્વે આહાર હોય. ત્યારપછી તેથી વધતા આયુવાળાને પલ્યોપમાદિની વૃદ્ધિએ મુહૂર્ત્ત પૃથક્ત્વો અને દિવસ પૃથક્ત્વો વધારતા જવા. યાવત્ એક સાગરોપમના આયુવાળાને એક પક્ષે ઉચ્છ્વાસ ને એક હજાર વર્ષે આહાર હોય. કેવળ તેમાં **दिवसमुहुत्तपुहुत्ता** એ વાકયની બહુવચનવડે વ્યાખ્યા કરવી. ૨૧૫

હવે પ્રસંગથી દેવોના શરીરનું સ્વરૂપ કહે છે:—

**कणगमिव निरुवलेवा, निम्मलगत्ता सुगंधि निस्सासा ।**
**सव्वंगभूसणधरा, समचउरंसा य संठाणा ॥ २१६ ॥**

**ટીકાર્થ:**—સર્વે દેવતાઓ જાત્યવંત સ્વર્ણની જેવા-રજ પ્રસ્વેદાદિ ઉપલેપ રહિત તથા નિર્મળ ગાત્રવાળા-અવદાત શરીરપરમાણુવાળા, સુગંધી નિશ્વાસ-વાળા-વિશેષ સુગંધી મુખપવનવાળા, તથા શરીરના સર્વ અવયવોમાં-કાન ડોક વિગેરેમાં આભૂષણને ધારણ કરનારા અને સમચઉરંસ સંસ્થાનવાળા હોય છે. ૨૧૬

**केसनहमंसरोमे, चम्मवसारुहिरमुत्तपुरिसं वा ।**
**नेवट्ठी नेव सिरा, देवाण सरीरसंठाणे ॥ २१७ ॥**

**ટીકાર્થ:**—દેવોના શરીર સંસ્થાનમાં-શરીરાકૃતિમાં કેશ, નખ, શ્મશ્રુ ( દાઢી-મૂછ ), રોમ ( રૂંવાડા ), ચર્મ, વસા ( ચરબી ), રૂધિર, મૂત્ર, પુરીષ હોતા નથી. તેમ જ અસ્થિ ( હાડકાં ) ને શિરા-સ્નાયુરૂપ હોતા નથી; કેમકે તેમનું શરીર વૈક્રિય પુદ્‌ગળમય છે અને કેશ-નખાદિ તો ઔદારિક શરીરભાવી છે. ૨૧૭

ત્યારે દેવોના શરીર કેવાં છે ? તે કહે છે—

**वन्नरसरूवगंधे, उत्तमदव्वं गुणेहिं संजुत्तं ।**
**गिण्हइ देवो बोंदीं, सुचरियकम्माणुभावेणं ॥ २१८ ॥**

**ટીકાર્થ:**—દેવો પૂર્વભવ ઉપાર્જિત શોભન કર્મોદયના પ્રભાવથી શરીરને ગ્રહણ કરે છે. કેવા શરીરને ગ્રહણ કરે છે ? ઉત્તમ વૈક્રિય શરીર પ્રાયોગ્ય પુદ્‌ગલ દ્રવ્ય છે જેમાં એવા. તે દ્રવ્યો કેવા હોય છે ? સર્વોત્તમ વર્ણાદિ-વર્ણ, રસ, રૂપ ( આકૃતિ ) ને ગંધથી ઉત્પન્ન થયેલા એવા. આવા દ્રવ્યોવાળું તેમ જ સૌભાગ્યાદિ ગુણોવાળું શરીર ગ્રહણ કરે છે. ૨૧૮

નવા ઉત્પન્ન થતા દેવોને કેટલા કાળે પર્યાપ્તિની નિષ્પત્તિ થાય છે તે કહે છે:—

**पज्जत्तीपज्जत्तो, भिन्नमुहुत्तेण होइ नायव्वो ।**
**अणुसमयं पज्जत्तिं, गिण्हइ दिव्वेण रूवेणं ॥ २१९ ॥**

**ટીકાર્થ:**—દેવતા અંતર્મુહૂર્ત્તે શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થાય છે, અને એકેક સમયે બાકીની આહાર, ઇંદ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા તથા મનપર્યાપ્તિને દિવ્યરૂપે-દિવ્યપ્રભાવે પરિકલિત થયો સતો ગ્રહણ કરે છે. અહીં આ સાર છે કે-સર્વ જીવોને આહારપર્યાપ્તિ એક સમયે જ નિષ્પત્તિને પામે છે. આ હકીકત પંચસંગ્રહ ટીકા વિગેરેમાં ચર્ચેલી હોવાથી અહીં ફરીને ચર્ચતા નથી. વૈક્રિય ને આહારક શરીરીને આહાર, ઇંદ્રિય, આનપ્રાણ, ભાષા ને મન એ પાંચે પર્યાપ્તિ એકેક સમયે સમાપ્ત થાય છે અને શરીરપર્યાપ્તિ અંતર્મુહૂર્ત્તે થાય છે. ઔદારિક શરીરીને આહાર પર્યાપ્તિ શિવાયની પાંચે પર્યાપ્તિઓ અંતર્મુહૂર્ત્તે સમાપ્તિ પામે છે ને આહાર પર્યાપ્તિ એક સમયે સમાપ્તિ પામે છે. ૨૧૯

દેવો જન્મસહભાવી અવધિજ્ઞાનવડે પરિકલિત જ ઉત્પન્ન થાય છે, કારણ કે દેવનારકોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય એમ કહેલું છે; તો કયા દેવો અવધિજ્ઞાનવડે કેટલું ક્ષેત્ર જોઇ શકે છે તે કહે છે:—

**सक्कीसाणा पढमं, दुच्चं च सणंकुमारमाहिंदा ।**
**तच्चं च बंभलंतग, सुक्कसहस्सार य चउत्थिं ॥ २२० ॥**

**ટીકાર્થ:**—શક્ર ને ઇશાન ઇંદ્ર ઉપલક્ષણથી ઇંદ્રના સામાનિક દેવો વિગેરે જે ઉત્કૃષ્ટ આયુવાળા હોય તે ( ઉપલક્ષણથી બધે ઉત્કૃષ્ટ આયુવાળા શબ્દ જોડી લેવો. ) પહેલી રત્નપ્રભા પૃથિવીના નીચેના ભાગ સુધી અવધિજ્ઞાનવડે દેખે. સનત્કુમાર ને માહેંદ્ર દેવલોકના દેવો બીજી શર્કરાપ્રભા પૃથિવીના નીચેના તળ સુધી દેખે. બ્રહ્મ ને લાંતક દેવલોકના દેવો ત્રીજી વાલુકાપ્રભાના નીચેના તળ સુધી દેખે અને શુક્ર-સહસ્રારના દેવો ચોથી પંકપ્રભા નરકના નીચેના ભાગ સુધી દેખે. ૨૨૦

**आणयपाणयकप्पे, देवा पासंति पंचमिं पुढविं ।**
**तं चेव आरणच्चुय, ओहीनाणेण पासंति ॥ २२१ ॥**

**અર્થ:**—આનત-પ્રાણત ( નવમા-દશમા ) કલ્પના દેવો ધૂમપ્રભા પૃથ્વી સુધી દેખે અને આરણાચ્યુત ( અગ્યારમા, બારમા ) કલ્પના દેવો પણ પાંચમી ધૂમપ્રભા પૃથ્વી સુધી જ અવધિજ્ઞાનવડે દેખે. ૨૨૧

**छट्ठिं हिट्ठिममज्झिमगेविज्जा सत्तमिं च उवरिल्ला ।**
**संभिन्नलोकनालिं, पासंति अणुत्तरा देवा ॥ २२२ ॥**

**ટીકાર્થ**:—અધસ્તન ને મધ્યમ ત્રણ ત્રણ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના તળ સુધી અવધિજ્ઞાનવડે દેખે અને ઉપરિતન ત્રણ ગ્રૈવેયકના દેવો સાતમી તમસ્તમઃપ્રભા પૃથ્વીના અધસ્તન ભાગ સુધી દેખે. અનુત્તર વિમાનના દેવો સંભિન્ન એટલે કાંઈક ન્યૂન[1] લોકનાલિ દેખે. ૨૨૨

આ પ્રમાણે અધોભાગનો અવધિ વિષય કહ્યો, હવે તિર્યગ્ ને ઊર્ધ્વ કેટલું કેટલું દેખે ? તે કહે છે—

**एएसिमसंखेज्जा, तिरियं दीवा य सागरा चेव ।**
**बहुययरं उवरिमगा, उड्ढं च सकप्पथूभाई ॥ २२३ ॥**

**ટીકાર્થ**:—એ શક્રેશાનાદિ કલ્પના દેવોનો તિર્યગ્ અવધિ વિષય અસંખ્યાતા દ્વીપ સમુદ્રોનો છે. કેવળ ઉપર ઉપરના કલ્પવાસી દેવો બહુ, બહુતર, બહુતમ તિર્યગ્ ક્ષેત્ર અવધિજ્ઞાનવડે દેખે. ઊર્ધ્વ ભાગે બધા સૌધર્માદિ કલ્પના દેવો પોતપોતાના વિમાનની ચૂલા-ધ્વજાદિ પર્યંત દેખે. ૨૨૩.

આ પ્રમાણે તિર્યગ્ ને ઊર્ધ્વ અવધિવિષયભૂત ક્ષેત્રનું પરિમાણ કહ્યું, હવે સ્થિતિવિશેષે તે ક્ષેત્રનું વિશેષપણું બતાવે છેઃ—

**संखेज्ज जोयणा खलु, देवाणं अद्धसागरे ऊणे ।**
**तेण परमसंखेज्जा, जहन्नयं पन्नवीसं तु ॥ २२४ ॥**

**ટીકાર્થ**:—ભવનપત્યાદિ દેવો કે જેનું આયુ અર્ધ સાગરોપમથી કિંચિત્ ઊણ હોય તેનું અવધિક્ષેત્ર સંખ્યાતા યોજનનું જાણવું. તે કરતાં વૃદ્ધિ પામતા આયુવાળા દેવોનું અવધિક્ષેત્ર અસંખ્યાતા યોજનનું જાણવું. કેવળ જેમ જેમ આયુની વૃદ્ધિ તેમ તેમ અસંખ્યેયની પણ વૃદ્ધિ જાણવી. અને જે ભવનપત્યાદિ દેવોનું આયુ જઘન્ય દશ હજાર વર્ષનું હોય તેનું અવધિક્ષેત્ર ૨૫ યોજન પ્રમાણ જાણવું. ૨૨૪

હવે પ્રસંગોપાત નારક, તિર્યંચ, મનુષ્ય ને દેવોના અવધિક્ષેત્રના સંસ્થાનવિષયને કહે છે—

૧ પોતાના વિમાનની ધ્વજા ઉપરનો ભાગ ન દેખે. ( સિદ્ધશિલા ન દેખે )

**नेरइयभवणवणयरजोइसकप्पालयाणमोहिस्स ।**
**गेविज्जणुत्तराण य, हुंतागारा जहासंखं ॥ २२५ ॥**
**तप्पागारे पल्लगपडहगझल्लरिमुइंगपुप्फजवे ।**
**तिरियमणुएसु ओहि, नाणाविहसंठिओ भणिओ ॥२२६॥**

**ટીકાર્થ**:—નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, કલ્પવાસી દેવો, ગ્રૈવેયક દેવો ને અનુત્તર વિમાનના દેવોના અવધિ વિષયના ક્ષેત્રના આકાર યથાસંખ્ય આ પ્રમાણે જાણવા, તે કહે છે–નારકીનું અવધિ તપ્રાકાર હોય છે. તપ્ર એટલે કાષ્ઠસમુદાયવિશેષ કે જેનાવડે નદીના પ્રવાહમાં દૂરથી વસ્તુ લાવી શકાય છે. તે લાંબું, ત્રિખૂણું ને ચોખૂણું હોય છે. ( લોકો તેને ત્રાપો કહે છે ) એવા આકારનું અવધિ નારકી જીવોનું હોય છે. ભવનપતિનું પલ્લકાકાર હોય છે. પલ્લક એવું લાટ દેશમાં ધાન્યાધારવિશેષ હોય છે. ( લોકો તેને પાલો કહે છે ) તે ઉંચુ હોય છે ને નીચે પહોળું, ઉપર જરા સાંકડું હોય છે. વ્યંતરોનું અવધિ પટહાકાર હોય છે. પટહ એક જાતનું વાજિત્ર વિશેષ છે. તે લાંબું, ગોળ અને ઉપર નીચે સમપ્રમાણવાળું હોય છે. જ્યોતિષ્કનું અવધિ ઝલ્લરીના આકારનું હોય છે. ઝલ્લરી ચર્માવનદ્ધ ( ચામડાવડે મઢેલી ) વિસ્તીર્ણ વલયાકાર વાદિત્ર વિશેષ છે. તે દેશવિશેષે ઝાલરના નામથી પ્રસિદ્ધ છે.[1] કલ્પાલય એટલે દેવલોક સૌધર્મથી માંડીને અચ્યુત સુધીના દેવોનું અવધિ મૃદંગના આકારનું હોય છે. મૃદંગ વાદ્યવિશેષ છે. તે નીચે વિસ્તિર્ણ અને ઉપર તનુક ( કાંઇક પાતળું ) ગોળ આકારનું હોય છે. તે પ્રસિદ્ધ છે. ગ્રૈવેયક દેવોનું અવધિ ગુંથેલા ફુલોની શિખાપર્યંત ભરેલી ચંગેરીના આકારનું હોય છે. અનુત્તરવાસીનું કન્યાચોલક અપરપર્યાય જવનાલક ( સ્ત્રીના ઘાઘરાના ) આકારનું હોય છે. આ તપ્રાદિ શબ્દોનું વ્યાખ્યાન આચાર્યે શ્રી વિશેષાવશ્યકમાં ઉપર પ્રમાણે જ ત્રણ ચાર ગાથાઓમાં કહેલું છે. ( તે ગાથાઓ આ પ્રમાણેના ભાવવાળી જ હોવાથી અહીં લખેલ નથી ) તિર્યંચ અને મનુષ્યોનું અવધિ અનેક પ્રકારના આકારવાળું હોય છે. જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં અનેક આકારના મત્સ્યો હોય છે તેમ આનો આકાર પણ સમજવો. તેમાં એટલું વિશેષ છે કે વલયાકાર સંસ્થાનવાળા મત્સ્યો હોતા નથી. આ અવધિ તો તેવા આકારનું પણ હોય છે. ( આ ભાવાર્થવાળી અહીં એક ગાથા આપી છે તે અમે જરૂર ન જણાવાથી લખી નથી. )

૧ કાંસાની ઝાલરથી આ જુદી જાતની સમજવી.

ભવનપતિ ને વ્યંતર દેવોનું અવધિ ઊર્ધ્વ વિશેષ હોય છે, વૈમાનિક દેવોનું અધો (નીચે) વિશેષ હોય છે અને જ્યોતિષ્ક તથા નારકીનું તિર્યગ્ વિશેષ હોય છે. મનુષ્ય ને તિર્યંચનું વિચિત્ર હોય છે. (અહીં પણ આ જ મતલબની એક ગાથા છે તે અમે લીધી નથી.) ૨૨૫-૨૬

હજુ દેવોનું જ કાંઈક વિશેષ સ્વરૂપ કહે છે.

**अणिमिसनयणा मणकज्जसाहणा पुप्फदाम अमिलाणा ।**
**चतुरंगुलेण भूमिं, न छिवंति सुरा जिणा बिंति ॥ २२७ ॥**

**ટીકાર્થ:**—સર્વે દેવો સ્વભાવથી જ નિમેષ રહિત નેત્રવાળા, મનઇચ્છિત કાર્યને સાધવાવાળા, અપરિમિત સામર્થ્યવાળા, પુષ્પની માળા જેની મ્લાન થતી નથી (કરમાતી નથી) એવા-મ્લાન થયા વિનાની લાંબી પુષ્પમાળાને હૃદય પર ધારણ કરનારા અને પૃથ્વીતળ ઉપર આવે ત્યારે પણ સ્વભાવથી જ ચાર અંગુળ જમીનથી ઉંચે રહેનારા હોય છે, એમ જિનેશ્વરો કહે છે. ૨૨૭

હવે જે કારણે વૈમાનિક દેવો અહીં આવે છે તે કારણ કહે છે:—

**जिणपंचसु कल्लाणेसु, चेव महरिसितवाणुभावाओ ।**
**जम्मंतरनेहेण य, आगच्छंति सुरा इहइं ॥ २२८ ॥**

**ટીકાર્થ:**—તીર્થંકરના જન્માદિ પાંચ કલ્યાણકને વિષે તથા મહર્ષિઓના તપના પ્રભાવથી આકર્ષિત થયેલા ચિત્તથી અને અહીંના કોઈ પ્રાણીવિશેષના-શાળિભદ્રાદિક ઉપર જેમ તેના દેવ થયેલા પિતાનો સ્નેહ હતો તેમ જન્માંતરના સ્નેહથી-જન્માંતરાનુગત સ્નેહના પ્રતિબંધથી દેવો અહીં આવે છે. ૨૨૮

આજ હકીકત બીજી ગાથાવડે દૃઢ કરે છે.

**अवयरणजम्मनिक्खमणनाणनिव्वाणपंचकल्लाणे ।**
**तित्थयराणं नियमा, करंति सेसेसु खित्तेसु ॥ २२९ ॥**

**અર્થ:**—જિનેશ્વરના (તીર્થંકરના) અવતરણ, જન્મ, નિષ્ક્રમણ (દીક્ષા) કેવળજ્ઞાન ને નિર્વાણ રૂપ પાંચ કલ્યાણકોએ અહીં તેમ જ શેષ ક્ષેત્રમાં એટલે કુલ પંદરે ક્ષેત્રમાં દેવો અવશ્ય મહોત્સવ કરે છે. ૨૨૯

ઉક્ત નિમિત્ત વિના અન્યદા દેવો અહીં કેમ આવતા નથી? તે કહે છેઃ-

**संकंतदिव्वपेमा, विसयपसत्तासमत्तकत्तव्वा ।**
**अणहीणमणुअकज्जा, नरभवमसुहं न इंति सुरा ॥२३०॥**

**ટીકાર્થઃ**—જ્યારે દેવલોકમાં દેવો ઉત્પન્ન થાય છે ત્યારે તેમને દેવલોક સંબંધી દેવાંગનાદિ વિષયમાં પરમ પ્રેમ ઉત્પન્ન થાય છે ( સંક્રમે છે ) કારણ કે તે અતિ મનોહર હોય છે, તથા દેવલોક સંબંધી વિષયો ઉપસ્થિત થયે સતે તેના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અતિ મનોજ્ઞ હોવાથી ઉત્પત્તિ થતાં જ દેવો તેમાં અત્યંત આસક્ત થઇ જાય છે, તે કારણ માટે તેમ જ કાર્યની સમાપ્તિ થયા વિના કેમ જાઉં? એટલે આ સ્નાનાદિ કરીને, આ નાટક–પ્રેક્ષણાદિ જોઇને પછી જઇશ એમ ધારે પણ કાર્યની સમાપ્તિ જ ન થાય તે કારણથી અને તેનું કોઇ પણ કાર્ય મનુષ્યને આધીન ન હોવાથી એટલે કે જે કાર્ય માટે તેને મનુષ્ય સમીપે આવવું પડે તેવું ન હોવાથી અને તેઓ અનુપમ સામર્થ્યવાળા હોવાને લીધે સ્વતંત્ર જ પોતાનું કાર્ય કરી શકે તેવા હોવાથી નરભવમાં એટલે જ્યાં મનુષ્યો જન્મે છે એવા મનુષ્યલોકમાં–અશુભ ગંધોપેત સ્થાનમાં દેવો આવતા નથી.

મનુષ્યલોકનું અશુભ ગંધોપેતપણું શી રીતે છે? તે જણાવે છેઃ—

**चत्तारि पंच जोयणसयाइं गंधो य मणुअलोअस्स ।**
**उड्ढं वच्चइ जेणं, न हु देवा तेण आवंति ॥ २३१ ॥**

**અર્થઃ**—આ મનુષ્ય લોકનો દુર્ગંધ ચારશેં–પાંચશેં યોજન સુધી ઉંચે જાય છે તેથી દેવો અહીં આવતા નથી. ૨૩૧

**ટીકાર્થઃ**—જે કારણે ચારશેં અથવા પાંચશેં યોજન સુધી મનુષ્યલોક સંબંધી મૃતકલેવર, મૂત્ર, પુરીષાદિથી ઉત્પન્ન થયેલો અશુભ ગંધ ઉંચે જાય છે તેથી દેવો–વૈમાનિકો મનુષ્યલોકમાં આવતા નથી. તીર્થંકરાદિના કલ્યાણકાદિ સમયે તો તીર્થંકરાદિના પુણ્યપ્રભાવથી આવે છે. અહીં કોઇ પ્રશ્ન કરે છે કે–ગંધના પુદ્ગળો નવ યોજન પછી ઘ્રાણેંદ્રિયના વિષયભૂત થતા નથી તો એમ કેમ કહો છો કે ચારશેં અથવા પાંચશેં યોજન સુધી મનુષ્યલોકનો અશુભ ગંધ ઉંચે જાય છે તેથી દેવો આવતા નથી? તેને ઉત્તર આપે છે કે--તારૂં કહેવું સત્ય છે; પરંતુ અહીંથી ઊર્ધ્વ ગંધના પુદ્ગળો તો જાય છે પણ તે નવ યોજનથી

આગળ ગયા સતા ઘ્રાણેંદ્રિયના વિષયભૂત થતા નથી. અહીંથી જે ગન્ધપુદ્ગળો ઉપર જાય છે તે અપાન્તરાળે રહેલા અન્ય પુદ્ગળોને વાસિત કરે છે. તે વાસિત પુદ્ગળો ઉંચે જઇને વળી ત્યાં રહેલા પુદ્ગળોને વાસિત કરે છે. એમ નિરન્તર ઉપર જતા ગન્ધપુદ્ગળો બીજા પુદ્ગળોને વાસિત કરે છે. આ પ્રમાણે અન્યોન્ય વાસિત પુદ્ગળોમાં ચારશેં-પાંચશેં યોજન સુધી ગંધનો સંભવ છે. તેમાં પણ જ્યારે મનુષ્યક્ષેત્રમાં મનુષ્યો વધારે હોય છે ત્યારે મૃત કલેવરો મનુષ્ય ને તિર્યંચોના ઘણા હોય છે ત્યારે પાંચશેં યોજન સુધી ગંધનો સંભવ સમજવો અને અન્ય કાળે ચારશેં યોજન સુધી સમજવો.

इति बृहत्संग्रहिण्यां देवाधिकारः



# अथ नरकाधिकार प्रारभ्यते.

હવે દેવાધિકારની પરિસમાપ્તિ સૂચવવા અને નરકાધિકારની વક્તવ્યતા પ્રદર્શિત કરવા માટે કહે છેઃ—

**एवं देवोगाहणभवणाऊ वन्निआ समासेणं ।**
**ठिइपुढवीओगाहण, नरएसु अओ परं वुच्छं ॥ २३२ ॥**

**ટીકાર્થ**ઃ—ઉક્ત પ્રકારવડે દેવોની અવગાહના, ભવન, આયુ—ઉપલક્ષણથી ઉપપાત ઉદ્વર્તનાવિરહકાળ, ઉપપાત ઉદ્વર્તના સંખ્યા, ગત્યાગતિ અને પ્રસંગથી વર્ણાદિ અનેક બાબતો કહી, હવે પછી નારકોની સ્થિતિ એટલે આયુષ્ય, રત્નપ્રભાદિ પૃથ્વીના નામો અને શરીરની અવગાહના કહેશું. ૨૩૨

યથા ઉદ્દેશ તથા નિર્દેશ, એ ન્યાયે પ્રથમ સ્થિતિ કહેવી જોઈએ, તે સ્થિતિ બે પ્રકારે છે. જઘન્ય ને ઉત્કૃષ્ટ. તેમાં પ્રથમ ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છેઃ—

**सागरमेगं तिअ सत्त, दस य सत्तरस तह य बावीसा ।**
**तित्तीसं चेव ठिई, सत्तसु पुढवीसु उक्कोसा ॥ २३३ ॥**

**ટીકાર્થ**ઃ—સાત પૃથિવીમાં આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ છે—રત્નપ્રભા પૃથિવીમાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, શર્કરાપ્રભામાં ત્રણ સાગરોપમની, વાલુકાપ્રભામાં સાતની, પંકપ્રભામાં દશની, ધૂમપ્રભામાં સત્તરની, તમઃપ્રભામાં બાવીશની અને તમસ્તમઃપ્રભામાં તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. ૨૩૩

હવે સાત નરકપૃથિવીમાં જઘન્ય સ્થિતિ કહે છેઃ—

**जा पढमाए जिट्ठा, सा बीआए कणिट्ठिआ भणिआ ।**
**तरतमजोगो एसो, दसवाससहस्स रयणाए ॥ २३४ ॥**

ટીકાર્થ:—જે પ્રથમ રત્નપ્રભા પૃથિવીની એક સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ તે બીજી શર્કરાપ્રભા પૃથિવીમાં જઘન્ય જાણવી. આ પ્રમાણે જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિનો તરતમયોગ સર્વ પૃથિવીમાં જાણવો. તે આ પ્રમાણે-જે બીજીની ઉત્કૃષ્ટ સ્થિતિ તે ત્રીજીની જઘન્ય, જે ત્રીજીની ઉત્કૃષ્ટ તે ચોથીની જઘન્ય, જે ચોથીની ઉત્કૃષ્ટ તે પાંચમીની જઘન્ય, જે પાંચમીની ઉત્કૃષ્ટ તે છઠ્ઠીની જઘન્ય અને જે છઠ્ઠીની ઉત્કૃષ્ટ સ્થિતિ તે સાતમીની જઘન્ય જાણવી અને રત્નપ્રભામાં દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ જાણવી. બીજીમાં એક સાગરોપમની, ત્રીજીમાં ત્રણની, ચોથીમાં સાતની, પાંચમીમાં દશની, છઠ્ઠીમાં સત્તરની અને સાતમીમાં બાવીશ સાગરોપમની જઘન્ય સ્થિતિ જાણવી. ૨૩૪

હવે દરેક નરકમાં પ્રસ્તટ કેટલા છે તે કહે છે-પહેલી રત્નપ્રભામાં ૧૩, શર્કરાપ્રભામાં ૧૧, વાલુકાપ્રભામાં ૯, પંકપ્રભામાં ૭, ધૂમપ્રભામાં ૫, તમઃપ્રભામાં ૩ અને તમસ્તમઃપ્રભામાં ૧ એમ કુલ ૪૯ પ્રતર છે. એક સ્થાને કહ્યું છે કે-"**नरकपटलान्यधोऽधो द्वाभ्यां द्वाभ्यां हीनानि**—નરકના પ્રસ્તટો નીચે નીચેની નરકમાં બે બે ઓછા ઓછા છે."

હવે પ્રતિપ્રસ્તટે જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાને ઇચ્છતા પ્રથમ રત્નપ્રભા માટે કહે છે:—

**दस नउई य सहस्सा, पढमे पयरम्मि ठिई जहन्नियरा ।**
**सा सयगुणिआ बिइए, तइयम्मि पुणो इमा होइ ॥२३५॥**
**नउई लक्ख जहन्ना, उक्कोसा पुव्वकोडि निद्दिट्ठा ।**
**आइल्ल पुव्वकोडी, दसभागो सायरस्सियरा ॥ २३६ ॥**
**दसभागो पंचमए, दो दसभागा य होइ उक्कोसा ।**
**एगुत्तरवुड्ढीए, दसेव भागा भवे जाव ॥ २३७ ॥**

ટીકાર્થ—રત્નપ્રભાના પહેલા પ્રસ્તટમાં દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ ૯૦૦૦૦ વર્ષની છે. આ જઘન્ય ઉત્કૃષ્ટને સોગુણી કરીએ તેટલી બીજા પ્રસ્તટની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. એટલે જઘન્ય દશ લાખ વર્ષની અને ઉત્કૃષ્ટ નેવું લાખ વર્ષની જાણવી. ત્રીજા પ્રસ્તટમાં ૯૦ લાખ વર્ષની જઘન્ય અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વની જાણવી. આ પ્રમાણે તીર્થંકર ગણધરોએ કહેલ છે.

હવે ચોથા પ્રસ્તટમાં જઘન્ય ક્રોડ પૂર્વની અને ઉત્કૃષ્ટ સાગરોપમના દશ ભાગ કરીએ તેવા એક ભાગની જાણવી. એની પછી દરેક પ્રસ્તટે એકેક ભાગ વધારતા જવું એટલે તેરમે પ્રસ્તટે એક સાગરોપમની પૂર્ણ સ્થિતિ થાય. તે આ પ્રમાણે–પાંચમે પ્રસ્તટે જઘન્ય એક ભાગ, ઉત્કૃષ્ટ બે ભાગ. છઠ્ઠે પ્રસ્તટે જઘન્ય બે ભાગ, ઉત્કૃષ્ટ ત્રણ ભાગ. સાતમે પ્રસ્તટે જઘન્ય ૩ ભાગ, ઉત્કૃષ્ટ ૪ ભાગ. આઠમે પ્રસ્તટે જઘન્ય ૪ ભાગ, ઉત્કૃષ્ટ પાંચ ભાગ. નવમે પ્રસ્તટે જઘન્ય ૫ ભાગ, ઉત્કૃષ્ટ ૬ ભાગ. દશમે પ્રસ્તટે જઘન્ય ૬ ભાગ, ઉત્કૃષ્ટ ૭ ભાગ. અગ્યારમે પ્રસ્તટે જઘન્ય ૭ ભાગ, ઉત્કૃષ્ટ ૮ ભાગ, બારમે પ્રસ્તટે જઘન્ય ૮ ભાગ, ઉત્કૃષ્ટ ૯ ભાગ, તેરમે પ્રસ્તટે જઘન્ય ૯ ભાગ, ઉત્કૃષ્ટ પૂરૂં સાગરોપમ. ૨૩૫–૬–૭

### રત્નપ્રભાના નારકોના આયુ સંબંધી યંત્ર. (૧૫)

| પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૧૦૦૦૦ | ૧૦ લાખ | ૯૦ લાખ | ક્રોડ પૂર્વ | ૧/૧૦ | ૨/૧૦ | ૩/૧૦ | ૪/૧૦ | ૫/૧૦ | ૬/૧૦ | ૭/૧૦ | ૮/૧૦ | ૯/૧૦ |
| ઉત્કૃષ્ટ | ૯૦૦૦૦ | ૯૦ લાખ | ક્રોડ પૂર્વ | ૧/૧૦ સાગરોપમ | ૨/૧૦ | ૩/૧૦ | ૪/૧૦ | ૫/૧૦ | ૬/૧૦ | ૭/૧૦ | ૮/૧૦ | ૯/૧૦ | એક સાગરોપમ |

ઉપર પ્રમાણે પહેલી નરક પૃથ્વીમાં દરેક પ્રસ્તટની જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ કહી. હવે શેષ નરક પૃથ્વીમાં પ્રત્યેક પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવાનું કરણ કહે છે:–

**उवरिखिइठिइविसेसो, सगपयरविभाग इत्थ संगुणिओ ।**
**उवरिमखिइठिइसहिओ, इच्छियपयरम्मि उक्कोसा ॥२३८॥**

**અર્થઃ**—ઉપરલી પૃથ્વીની સ્થિતિનો વિવક્ષિત પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી વિશ્લેષ કરવો–બાદબાકી કરવી. એમ કરતાં જે આવે તેને પોતાના પ્રતરોવડે ભાંગવા, ભાંગાકાર કરતાં જે આવે તેને ઇષ્ટ પ્રતરની સંખ્યાવડે ગુણવા અને તેમાં ઉપરલી પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ મેળવવી એટલે ઇચ્છિત પ્રતરે ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. ૨૩૮

**ટીકાર્થઃ**—આ હકીકતને ટીકાકાર સ્પષ્ટ કરે છે. બીજી શર્કરાપ્રભામાં ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની છે તેમાંથી રત્નપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે, તે બાદ કરતાં બે સાગરોપમ આવે. તેને બીજી નરકના ૧૧ ભાગવડે ભાંગતા અગ્યારીઆ બે ભાગ ૨/૧૧ આવે તેને ઉપરલી સ્થિતિના એક

સાગરોપમ સહિત કરતાં પહેલે પ્રસ્તટે એક સાગરોપમ ને ૨/૧૧ આવે કારણ કે એકે ગુણતાં તે જ અંક આવે. બીજે પ્રસ્તટે ઉત્કૃષ્ટ જાણવા માટે અગ્યારને બેવડે ગુણતાં ૪ ભાગ આવે તેને પ્રથમ સ્થિતિ સહિત કરતાં બીજે પ્રસ્તટે ૧ સાગરોપમ ને ૪/૧૧ આવે, ત્રીજે પ્રસ્તટે ૧ સાગરોપમ ને ૬/૧૧, ચોથે પ્રસ્તટે ૧ સાગરોપમ ને ૮/૧૧, પાંચમે પ્રસ્તટે ૧ સાગરોપમ ને ૧૦/૧૧, છઠ્ઠે પ્રસ્તટે બાર ભાગ આવે તેનું ૧ સાગરોપમ ને ૧/૧૧ પ્રથમ સ્થિતિમાં ભેળવતાં ૨ સાગરોપમ ને ૧/૧૧, સાતમે પ્રસ્તટે ૨ સાગરોપમ ને ૩/૧૧, આઠમે પ્રસ્તટે ૨ સાગરોપમ ને ૫/૧૧, નવમે પ્રસ્તટે ૨ સાગરોપમ ને ૭/૧૧, દશમે પ્રસ્તટે ૨ સાગરોપમ ને ૯/૧૧, અગ્યારમે પ્રસ્તટે પૂરા ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. આ બધા પ્રસ્તટમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે તેની પછીના પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ જાણવી. પ્રથમ પ્રસ્તટે એક સાગરોપમની જઘન્ય સ્થિતિ જાણવી.

## શર્કરાપ્રભાની પ્રત્યેક પ્રસ્તટે જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવાનું યંત્ર. (૧૬)

| પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૧ સા. | ૧ ૨/૧૧ | ૧ ૪/૧૧ | ૧ ૬/૧૧ | ૧ ૮/૧૧ | ૧ ૧૦/૧૧ | ૨ ૧/૧૧ | ૨ ૩/૧૧ | ૨ ૫/૧૧ | ૨ ૭/૧૧ | ૨ ૯/૧૧ |
| ઉત્કૃષ્ટ | ૧ ૨/૧૧ | ૧ ૪/૧૧ | ૧ ૬/૧૧ | ૧ ૮/૧૧ | ૧ ૧૦/૧૧ | ૨ ૧/૧૧ | ૨ ૩/૧૧ | ૨ ૫/૧૧ | ૨ ૭/૧૧ | ૨ ૯/૧૧ | ૩ સા. |

હવે ત્રીજી વાલુકાપ્રભાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ માટે કહે છેઃ—

વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે. તેમાંથી શર્કરાપ્રભાની ૩ સાગરોપમની સ્થિતિ બાદ કરતાં ૪ વધે, તેને વાલુકાપ્રભાના ૯ પ્રસ્તટવડે ભાગ દેતા ૪/૯ આવે, તેને પ્રથમની શર્કરાપ્રભાની ૩ સાગરોપમની સ્થિતિ સહિત કરતાં વાલુકાપ્રભાના પ્રથમ પ્રસ્તટે ૩ ૪/૯ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. ત્યારપછી પ્રત્યેક પ્રસ્તટે ૪/૯ વધારતાં જવું, જેથી છેલ્લા નવમા પ્રસ્તટે ૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય. પૂર્વ પૂર્વ પ્રસ્તટની ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉત્તર ઉત્તર પ્રસ્તટની જઘન્ય સ્થિતિ જાણવી. તે દરેક પ્રસ્તટ માટે આ પ્રમાણે—વાલુકાપ્રભાના પ્રથમ પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૩ સાગરોપમની, ઉત્કૃષ્ટ સ્થિતિ ૩ ૪/૯ સાગરોપમની, બીજે પ્રસ્તટે જઘન્ય ૩ ૪/૯ સાગરોપમની, ઉત્કૃષ્ટ ૩ ૮/૯ સાગરોપમની, ત્રીજે પ્રસ્તટે જઘન્ય ૩ ૮/૯ સાગરોપમની, ઉત્કૃષ્ટ ૪ ૩/૯ સાગરોપમની, ચોથે પ્રસ્તટે જઘન્ય ૪ ૩/૯ સાગરોપમની ઉત્કૃષ્ટ ૪ ૭/૯ સાગરોપમની, પાંચમે પ્રસ્તટે જઘન્ય ૪ ૭/૯ સાગરોપમની, ઉત્કૃષ્ટ ૫ ૨/૯ સાગરોપમની, છઠ્ઠે પ્રસ્તટે જઘન્ય ૫ ૨/૯ સાગરોપમની ઉત્કૃષ્ટ ૫ ૬/૯ સાગરોપમની, સાતમે પ્રસ્તટે જઘન્ય ૫ ૬/૯ સાગરોપમની,

ઉત્કૃષ્ટ ૬ ૧/૯ સાગરોપમની, આઠમે પ્રસ્તટે જઘન્ય ૬ ૧/૯ સાગરોપમની, ઉત્કૃષ્ટ ૬ ૫/૯ સાગરોપમની, નવમે પ્રસ્તટે જઘન્ય ૬ ૫/૯ સાગરોપમની ઉત્કૃષ્ટ ૭ સાગરોપમની સંપૂર્ણ સ્થિતિ જાણવી.

## ત્રીજી વાલુકાપ્રભાનું સ્થિતિ સંબંધી યંત્ર. (૧૭)

| પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૩ સા. | ૩ ૪/૯ | ૩ ૮/૯ | ૪ ૩/૯ | ૪ ૭/૯ | ૫ ૨/૯ | ૫ ૬/૯ | ૬ ૧/૯ | ૬ ૫/૯ |
| ઉત્કૃષ્ટ | ૩ ૪/૯ | ૨ ૮/૯ | ૪ ૩/૯ | ૪ ૭/૯ | ૫ ૨/૯ | ૫ ૬/૯ | ૬ ૧/૯ | ૬ ૫/૯ | ૭ સા. |

હવે ચોથી પંકપ્રભા પૃથ્વી માટે કહે છે—

પંકપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે તેમાંથી વાલુકાપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિના ૭ સાગરોપમ બાદ કરતાં ત્રણ સાગરોપમ વધે, તેને પંકપ્રભાના ૭ પ્રતરવડે ભાગ આપતાં ૩/૭ આવે. તેને પ્રથમની સાત સાગરોપમની સ્થિતિ યુક્ત કરતાં પ્રથમ પ્રસ્તટે ૭ ૩/૭ ની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. એ પ્રમાણે પ્રત્યેક પ્રસ્તટે ત્રણ ત્રણ ભાગ વધારવા. યાવત્ સાતમે પ્રસ્તટે દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. પ્રથમ પ્રથમ પ્રસ્તટની ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉત્તર ઉત્તર પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ સમજવી. એ પ્રમાણે સાતે પ્રસ્તટની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે.

પંકપ્રભાના પ્રથમ પ્રસ્તટે ૭ સાગરોપમની જઘન્ય સ્થિતિ અને ૭ ૩/૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. બીજે પ્રસ્તટે ૩ ૩/૭ સા૦ ની જઘન્ય સ્થિતિ ને ૭ ૬/૯ ની ઉત્કૃષ્ટ સ્થિતિ, ત્રીજે પ્રસ્તટે જઘન્ય ૭ ૬/૭ સા૦ની અને ઉત્કૃષ્ટ ૮ ૨/૭ સા૦ની, ચોથે પ્રસ્તટે જઘન્ય ૮ ૨/૭ સા૦ની અને ઉત્કૃષ્ટ ૮ ૫/૭ સા૦ની, પાંચમે પ્રસ્તટે જઘન્ય ૮ ૫/૭ સા૦ની ને ઉત્કૃષ્ટ ૯ ૧/૭ સા૦ની, છઠ્ઠે પ્રસ્તટે જઘન્ય ૯ ૧/૭ સા૦ની ને ઉત્કૃષ્ટ ૯ ૪/૭ સા૦ની, સાતમે પ્રસ્તટે જઘન્ય ૯ ૪/૭ ની અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમની સંપૂર્ણ જાણવી.

## પંકપ્રભાનું જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ સંબંધી યંત્ર. (૧૮)

| પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૭ સા. | ૭ ૩/૭ | ૭ ૬/૭ | ૮ ૨/૭ | ૮ ૫/૭ | ૯ ૧/૭ | ૯ ૪/૭ |
| ઉત્કૃષ્ટ | ૭ ૩/૭ | ૭ ૬/૭ | ૮ ૨/૭ | ૮ ૫/૭ | ૯ ૧/૭ | ૯ ૪/૭ | ૧૦ સા. |

હવે પાંચમી ધૂમપ્રભાની સ્થિતિ માટે કહે છે—

પાંચમી ધૂમપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સાગરોપમની છે. તેમાંથી પંકપ્રભાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગરોપમની છે તે બાદ કરતાં સાત રહે, તેને ધૂમપ્રભાના પાંચ પ્રતરવડે ભાંગતાં એક સાગરોપમ ને $\frac{૨}{૫}$ આવે, તેને પંકપ્રભાની સ્થિતિયુક્ત કરતાં ૧૧$\frac{૨}{૫}$ સાગરોપમ થાય, તેટલી પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. એ પ્રમાણે દરેક પ્રસ્તટે ૧$\frac{૨}{૫}$ વધારતાં જવું, જેથી પાંચમે પ્રસ્તટે ૧૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય. પાંચમી પૃથ્વીની જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે–પ્રથમ પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૧૦ સાગરોપમની, ઉત્કૃષ્ટ ૧૧$\frac{૨}{૫}$ સા૦ની, બીજે પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૧૧$\frac{૨}{૫}$ સા૦ની, ઉત્કૃષ્ટ ૧૨$\frac{૪}{૫}$ સા૦ની, ત્રીજે પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૧૨$\frac{૪}{૫}$ સા૦ની, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪$\frac{૧}{૫}$ સા૦ની, ચોથે પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૧૪$\frac{૧}{૫}$ સા૦ની, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫$\frac{૩}{૫}$ સા૦ની, પાંચમે પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૧૫$\frac{૩}{૫}$ સા૦ની, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સાગરોપમ પૂર્ણની જાણવી. પૂર્વપૂર્વની ઉત્કૃષ્ટ તે ઉત્તર ઉત્તર પ્રસ્તટમાં જઘન્ય સમજવી.

હવે છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વી માટે કહે છે—

છઠ્ઠી પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ સાગરોપની છે. તેમાંથી પાંચમી પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સાગરોપમની છે તે બાદ કરતાં ૫ સાગરોપમ રહે, તેને એ પૃથ્વીના ૩ પ્રસ્તટવડે ભાંગતાં ૧$\frac{૨}{૩}$ આવે તેને ધૂમપ્રભાની ૧૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે સહિત કરતાં પ્રથમ પ્રસ્તટે ૧૮$\frac{૨}{૩}$ સા૦ની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે, બીજે પ્રસ્તટે ૧$\frac{૨}{૩}$ ઉમેરતાં ૨૦$\frac{૧}{૩}$ સા૦ની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે, ત્રીજે પ્રસ્તટે તેમાં ૧$\frac{૨}{૩}$ ઉમેરતાં ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. આમાં પૂર્વ પૂર્વની ઉત્કૃષ્ટ તે ઉત્તર ઉત્તરની જઘન્ય સ્થિતિ સમજવી. પહેલે પ્રસ્તટે જઘન્ય સ્થિતિ ૨૨ સાગરોપમની સમજવી.

સાતમી તમસ્તમા પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ ૨૨ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની સમજવી. ત્યાં એક જ પ્રસ્તટ છે.

## પાંચમી, છઠ્ઠી, સાતમી પૃથ્વીના આયુ સંબંધી યંત્ર. (૧૯)

| | પાંચમી પૃથ્વીનું યંત્ર. | | | | | છઠ્ઠી પૃથ્વીનું યંત્ર | | | સાતમી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રસ્તટ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૨ | ૩ | ૧ |
| જઘન્ય | ૧૦સા. | ૧૧$\frac{૨}{૫}$ | ૧૨$\frac{૪}{૫}$ | ૧૪$\frac{૧}{૫}$ | ૧૫$\frac{૩}{૫}$ | ૧૭સા. | ૧૮$\frac{૨}{૩}$ | ૨૦$\frac{૧}{૩}$ | ૨૨સા. |
| ઉત્કૃષ્ટ | ૧૧$\frac{૨}{૫}$ | ૧૨$\frac{૪}{૫}$ | ૧૪$\frac{૧}{૫}$ | ૧૫$\frac{૩}{૫}$ | ૧૭સા. | ૧૮$\frac{૨}{૩}$ | ૨૦$\frac{૧}{૩}$ | ૨૨સા. | ૩૩સા. |

હવે નરક સંબંધી વેદનાની હકીકત કહે છે:—

સાતે નરકમાં જે નારકી જીવોની જેટલી સ્થિતિ હોય તેટલો કાળ નિરંતર અનુબદ્ધ એવી દુઃખ વેદનાને તેઓ અનુભવે છે. આંખ મીંચીને ઉઘાડીએ તેટલો વખત પણ સુખ નથી. શ્રી જીવાભિગમ સૂત્રમાં આ જ પ્રમાણે કહેલ છે. હવે એ દુઃખવેદના નરકમાં ત્રણ પ્રકારની છે. ૧ ક્ષેત્રના પ્રભાવથી થયેલી, ૨ પરસ્પર ઉદીરેલી અને ૩ સંકિલષ્ટ અધ્યવસાયવાળા પરમાધામી દેવોએ ઉદીરેલી. ક્ષેત્રસ્વભાવથી થયેલી વેદના નીચે નીચે અશુભ, અશુભતર, અશુભતમ હોય છે.

તેમાં પ્રથમ રત્નપ્રભા પૃથ્વીમાં ઉષ્ણ વેદના અતિ તીવ્ર છે. તેનું સ્વરૂપ પ્રવચનવેદી પુરૂષોએ આ પ્રમાણે પ્રદર્શિત કરેલ છે–જેમ કોઈ પુરૂષને ગ્રીષ્મઋતુના ચરમ કાળે, પિત્તવ્યાધિના પ્રકોપવાળાને, ચોતરફથી પ્રદીપ્ત અગ્નિવડે પરવરેલાને, વાદળા વિનાના આકાશ વખતે, મધ્યાન્હે, માથે છત્ર વિનાનાને જેવું ઉષ્ણવેદના રૂપ દુઃખ થાય તેથી અનંતગણું રત્નપ્રભા નરકમાં ઉષ્ણવેદના સંબંધી દુઃખ છે. જો કદી તેવી સ્થિતિવાળા નારકીને ત્યાંથી ઉપાડીને સારી રીતે ભરેલા ખેરના પ્રદીપ્ત અંગારા ઉપર મૂકીએ તો તે સારી રીતે ઠંડા ને મૃદુ પવનવાળી શીતળ છાયાને પામેલાની જેમ અનુપમ સુખને વેદે અને નિદ્રાવશ થાય. રત્નપ્રભા કરતાં શર્કરાપ્રભામાં ઉષ્ણવેદના તીવ્રતર છે. તે કરતાં વાલુકાપ્રભામાં તીવ્રતમ છે. ચોથી પંકપ્રભા નરકમાં ઘણા ઉપરના નરકાવાસામાં ઉષ્ણવેદના છે અને થોડા નીચેના નરકાવાસામાં શીતવેદના છે. તે શીતવેદનાનું સ્વરૂપ પ્રવચનવેદી પુરૂષોએ આ પ્રમાણે કહ્યું છે--

પોષ અથવા માહ મહીનામાં રાત્રે તુષારવડે લેપાયેલા શરીરવાળાને અને હૃદય, હાથ, પગ, દાંત ને હોઠ જેના કંપી રહ્યા છે એવાને, પ્રતિસમય પ્રવૃદ્ધમાન શીત પવન સતે, અગ્નિ વિગેરેના આશ્રય વિનાનાને તેમજ વસ્ત્ર રહિતને જે શીતવેદનાથી ઉત્પન્ન થતું દુઃખ થાય તે કરતાં અનંતગણું શીતવેદનાવાળા નરકાવાસામાં નારકી જીવોને શીતવેદનાજન્ય દુઃખ છે. હવે સંભાવના કહે છે કે–કદિ કોઈ તે નારકી જીવને શીતવેદનાવાળા નરકાવાસામાંથી ઉપાડીને માઘ મહીનાની રાત્રીએ આકાશમાંથી તુષાર વરસતો હોય તેવે વખતે સર્વ શરીર જ્યાં કંપી રહેલ હોય તેવા સ્થાનમાં લાવીને મૂકે તો તે અનુપમ સુખને વેદે અને નિદ્રાવશ થાય.

પાંચમી ધૂમપ્રભા નરકમાં ઘણા નરકાવાસામાં શીતવેદના છે, થોડામાં જ ઉષ્ણ વેદના છે. એ બંને વેદના ચોથી પૃથ્વી કરતાં અનંતગુણી છે, છઠ્ઠી

તમ:પ્રભામાં કેવળ શીત વેદના જ છે; પરંતુ તે પાંચમી પૃથ્વીની અપેક્ષાએ અતિતીવ્રતર છે. તે કરતાં પણ સાતમી તમસ્તમા પૃથ્વીમાં શીત વેદના છે તે અતિતીવ્રતમ છે.

ત્યાં જે પુદ્ગલોનું બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ ને શબ્દરૂપ દશ પ્રકારનું પરિણામ છે તે પણ નરકમાં ક્ષેત્રસ્વભાવથી જ અતિ પીડાજનક છે. તે આ પ્રમાણે–જે જે પુદ્ગલો પ્રતિક્ષણે આહારની સાથે બંધલક્ષણ બંધનપરિણામને પામે છે તે મહાગ્નિ વિગેરેના સંબંધથી પણ અધિક વેદના આપે છે. જે ઉંટ વિગેરેની જેવું ગતિપરિણામ છે તે પણ તપ્તલોહાદિ ઉપર પગ મૂકવાથી થાય તે કરતાં અધિકતર પીડા આપે છે. સંસ્થાનપરિણામ પણ અત્યંત જઘન્ય હુંડરૂપ છે. તે પોતાને પણ દેખતાં મહાઉદ્વેગજનક છે. નારકીનું સંસ્થાન જેની પાંખો છેદી નાખી છે એવા અંડજ પક્ષીની જેવું પૂર્વાચાર્યો કહે છે. ભેદ એટલે કુંભી વિગેરેમાંથી નારકીના શરીરોના પુદ્ગળોનું જે વિઘટન કરવું તે શસ્ત્રોવડે ખેંચવા કરતાં પણ અતિ પીડાકારી છે. વર્ણપરિણામ પરમ નિકૃષ્ટ અને ભયંકર છે. તે આ પ્રમાણે–નરકાવાસા દ્વાર વિનાના, સર્વ દિશા અને વિદિશા તથા ઊર્ધ્વ ને અધો ઉપમાતીત ભયાનક, અદૃષ્ટ પર્યંત એવા તમવડે નિત્ય અંધકારવાળા, શ્લેષ્મ, મૂત્ર, પુરીષ, શ્રોત, મળ, રૂધિર, વસા, મેદ અને પરૂ વિગેરેથી અનુલિપ્ત ભૂતળપ્રદેશવાળા અને સ્મશાનની જેમ પૂતિ, માંસ, કેશ, અસ્થિ, ચર્મ, દંત, તેમ જ નખવડે આસ્તીર્ણ ભૂમિવાળા છે. ( એટલા ઉપરથી તેના વર્ણનું નિકૃષ્ટપણું સમજી લેવું. ) ગન્ધપરિણામ શિયાળ, માર્જાર, નકુળ, સર્પ, ઉંદર, હસ્તી, અશ્વ, ગાય અને મનુષ્યોના જીવ રહિત કલેવરો કે જે કોહી ગયેલા હોય તેના ગંધથી પણ અધિક અશુભતર છે. રસપરિણામ ઘોષાતકીના રસ કરતાં પણ અતિ કટુક છે. સ્પર્શપરિણામ પણ વીંછી અને કૌચાના સ્પર્શ કરતાં પણ અત્યંત દુ:ખાવહ હોય છે. અગુરૂલઘુપરિણામ અતિ તીવ્ર એવા અનેક દુ:ખના આશ્રયભૂત હોય છે. શબ્દપરિણામ પણ તેને અત્યંત અશુભ હોય છે, કારણ કે તેઓ સદૈવ પીડાવડે આક્રાંત મનવાળા હોવાથી કરૂણા ઉપજે તેવા આર્ત્તસ્વરવડે વિલાપ કરતા અને આરડતા હોય છે. ક્ષુધા ને તૃષા પણ નારકી જીવોને અતિ કષ્ટકારી હોય છે. કોઈ પ્રકારે શાંત થતી જ નથી. નારકો વારંવાર નખાતા સૂકા કાષ્ઠવડે પ્રજ્વલિત રહેતા અગ્નિની જેમ અતિ તીક્ષ્ણ ને વિસ્તૃત ક્ષુધાગ્નિવડે સદા દહ્યમાન શરીરવાળા હોય છે. તેની ક્ષુધા એવી

તીવ્ર હોય છે કે–આખા જગતવર્તી ઘૃતાદિ પુદ્ગલોનો તે આહાર કરે તો પણ તૃપ્તિ પામે નહીં. તૃષાવડે પણ તીવ્ર જળપાનની ઉત્કંઠાથી સદૈવ સૂકાઇ ગયેલ કંઠ, ઓષ્ઠ, તાળુ અને જીભવાળા રહે છે. તેઓ કદી સર્વ સમુદ્રોનું પાણી પી જાય તો પણ તેમની તૃષા શાંત થાય તેવી નથી; પરંતુ ખાનપાનવડે ક્ષુધા ને તૃષા ઉલટી અધિક અધિકતર વૃદ્ધિ પામે છે. જે નારકી જીવોને અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન છે તે પણ તેમને દુઃખનું કારણ છે, કેમકે તેઓ દૂરથી ઊર્ધ્વ, અધો કે તિર્યગ્થી આવતા નિરંતર દુઃખના હેતુઓને જુએ છે અને તેને દેખીને ભયથી કંપાયમાન થયા સતા રહે છે. આ બધી દશે પ્રકારની ક્ષેત્રસ્વભાવની વેદના જાણવી.

હવે પરસ્પર ઉદીરિત વેદનાનું સ્વરૂપ કહે છે–નારકી બે પ્રકારના છે. સમ્યગ્દષ્ટિ ને મિથ્યાદષ્ટિ. તેમાં જે મિથ્યાદષ્ટિઓ છે તે મિથ્યાજ્ઞાનથી અવલિપ્ત ચિત્તવાળા હોઇને પરમાર્થને નહીં જાણતા સતા પરસ્પર દુઃખોને ઉદીરે છે. અને સમ્યગ્દષ્ટિ છે તો વિચારે છે કે–અમે પરભવમાં પ્રાણીહિંસાદિ રૂપ અનેક પાપો કરેલાં છે તેથી અહીં પરમ દુઃખરૂપ સમુદ્રમાં પડેલા છીએ. આમ વિચારીને પર ઉદીરિત વેદનાને–દુઃખોને સમ્યગ્ પ્રકારે સહન કરે છે. પોતે પાપના ફળરૂપ વિપાકને અનુભવતા હોવાથી બીજાને દુઃખ ઉત્પન્ન કરતા નથી. આ કારણથી તે મિથ્યાદષ્ટિઓ કરતાં અધિકતર દુઃખવાળા હોય છે. એમ શાસ્ત્રમાં કહેલ છે. તેઓ અત્યંત માનસિક દુઃખોને અનુભવે છે. જે મિથ્યાદષ્ટિઓ છે તે પરસ્પરને દુઃખ ઉદીરે છે તે પણ જેમ આ દુનિયામાં ગ્રામાન્તરથી આવતા શ્વાનને જોઇને તે ગ્રામનો શ્વાન અત્યંત ક્રોધાયમાન થાય છે અને પરસ્પર પ્રહારો કરે છે તેમ તે નારકી જીવો પણ વિભંગજ્ઞાનના બળથી દૂરથી જ એક–બીજાને જોઇને તીવ્ર અનુશયથી મહાક્રોધાવિષ્ટ થાય છે. પછી ક્રોધરૂપ અગ્નિથી ઉદ્દીપિત મનવાળા થઇને દુઃખરૂપ સમુદ્રમાં પડ્યા સતા વિચાર્યા વિના શ્વાનની જેમ વૈક્રિય સમુદ્ઘાતવડે મહા ભયાનક રૂપ વિકુર્વીને પોતપોતાના નરકાવાસામાં ક્ષેત્રાનુભાવજનિત પૃથ્વીપરિણામરૂપ ને લોહમય શૂલ, શિલા, મુદ્ગર, ભાલા, તોમર, અસિપટ્ટ, ખડ્ગ, યષ્ટિ, પરશુ વિગેરે વૈક્રિય શસ્ત્રો ગ્રહણ કરીને તેનાવડે તેમ જ હાથ–પગ ને દાંતવડે પરસ્પર પ્રહારો કરે છે. તેવા પરસ્પરના અભિઘાતથી વિકૃત અંગવાળા થઇને કસાઇખાનામાં રહેલા પાડા વિગેરેની જેમ ગાઢ વેદનાવડે નિઃશ્વાસ લેતા સતા રૂધિરના કાદવમાં આળોટે છે. આ પ્રમાણે પરસ્પર ઉદીરિત દુઃખ વેદના જાણવી.

હવે સંક્લિષ્ટ અધ્યવસાયવાળા પરમાધાર્મિક દેવો ઉદીરિત વેદનાનું સ્વરૂપ કહે છે–તે પરમાધાર્મિકો પંદર પ્રકારના છે. ૧ અમ્બ, ૨ અમ્બરીષ, ૩ શ્યામ, ૪ શબલ, ૫ રૂદ્ર, ૬ ઉપરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિ, ૧૦ ધનુ, ૧૧ કુમ્ભી, ૧૨ વાલુકા, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર અને ૧૫ મહાઘોષ. એ દેવો અનેક પ્રકારની વેદનાઓ ઉદીરીને નારકીને પીડા ઉત્પન્ન કરે છે. તે આ પ્રમાણે–કોઇ વખત તપાવેલા લોઢાનાં રસનું પાન કરાવે છે. કદાચિત્ તપાવેલાં લોઢાના સ્તંભનું આલિંગન કરાવે છે. કોઇ વખત કૂટશાલ્મલિ વૃક્ષ પર ચડાવે છે. કોઈ વખત લોઢાના ઘણવડે પ્રહાર કરે છે. કોઇ વખત વાંસલા ને છરીવડે છેદીને તેના પર ક્ષારવાળું તપાવેલું તેલ સીંચે છે. કોઈ વખત લોઢાના ભાલા પર પરોવે છે. કોઇ વખત અગ્નિની ભઠ્ઠીમાં ભુંજે છે. તલની જેમ ઘાણીમાં પીલે છે. કરવતવડે છેદે છે. સિંહ, વાઘ, દીપડા, શિયાળ, ગીધપક્ષી, કંકપક્ષી, ઘુવડ અને શ્યેન વિગેરે પશુ–પક્ષી વિકુર્વીને તેનાવડે અનેક પ્રકારની કદર્થનાઓ કરાવે છે. તપાવેલી રેતીમાં ચલાવે છે. અસિપત્રવનમાં પ્રવેશ કરાવે છે. વૈતરણી નદીમાં ઉતારે છે. પરસ્પર યુદ્ધ કરાવે છે. વળી તેઓ કુમ્ભીમાં પણ તેમને પચાવે છે, તેમાં પચતા સતા અસહ્ય વેદના થવાથી નૈરયિકો પાંચશેં યોજન સુધી ઉંચા ઉછળે છે. ત્યાંથી પડતાં વચ્ચે દ્રોણ, કાક વિગેરે પક્ષીઓની વજ્ર સરખી કઠોર ચંચુવડે ત્રોડાતા સતા કાંઇક શેષ ભાગ ભૂમિ પર પડે છે અને ત્યાં પડતાંજ વિકુર્વેલા વ્યાઘ્રાદિ પશુઓવડે ખવાય–ચવાય છે. શ્રી સૂત્રકૃતાંગની ચૂર્ણિમાં આ જ ભાવાર્થ કહેલો છે.

આવી પીડા તે પરમાધામી દેવો તેઓને શા માટે કરે છે ? તેના ઉત્તરમાં કહે છે કે–પાછલા ભવમાં તેઓ ક્રૂરકર્મી, સંક્લિષ્ટ અધ્યવસાયવાળા, પાપકાર્યમાં જ આનંદ માનનારા હોઇને પંચાગ્નિરૂપ મિથ્યા કષ્ટવાળા તપને કરીને રૌદ્રી આસુરી ગતિને પામીને ત્યાં તેમનો તેવો જ આચાર હોવાથી તેઓ તેવા પ્રકારની વેદનાઓ ઉદીરે છે. જેમ અહીં મનુષ્યલોકમાં સાપ, કુકડા, વર્તક, લાવક વિગેરે પક્ષીઓ અને મુષ્ટિમલ્લોને યુદ્ધ કરતા સતા પરસ્પરને પ્રહાર કરતા જોઇને રાગ–દ્વેષથી પરાભવ પામેલા પાપાનુબંધી પુણ્યવાળા મનુષ્યોને બહુ આનંદ થાય છે તેમ તે પરમાધાર્મિકોને પણ નારકી જીવોને એક બીજા પર પડતા ને પ્રહાર કરતા જોઇને પરમ પ્રીતિ ઉપજે છે અને તેવા પ્રમોદના વશથી તેઓ અટ્ટહાસ કરે છે, વસ્ત્ર ઉડાડે છે, પૃથ્વી પર હાથ પછાડે છે, એવી પ્રીતિ તેમને સારા નાટકાદિ જોવામાં પણ ઉપજતી નથી કે જેવી નારકી જીવોને કદર્થના ઉત્પન્ન કરતાં તેમને થાય છે. તથાપ્રકારના કર્મોદયના વશથી કદર્થ્યમાન નારક

જીવોને અસાધારણ દુઃખ અનુભવતા સતા ઇચ્છતાં પણ તેમને મરણ અકાળે એટલે આયુષ્ય પૂર્ણ થયા સિવાય પ્રાપ્ત થતું નથી; કેમકે તેમને તથારૂપ આયુકર્મ વિપાકોદયે વર્તે છે.

ત્રણ પ્રકારની વેદનાઓ પૈકી ક્ષેત્રસ્વભાવની વેદના સાતે નરકમાં હોય છે. પરસ્પરોદીરિત વેદના છ નરક સુધી હોય છે અને પરમાધામીકૃત વેદના ત્રણ નરક સુધી હોય છે. અહીં પરસ્પર ઉદીરિત વેદના છઠ્ઠી પૃથ્વી સુધી કહી છે તે વિચિત્ર પ્રકારના અસિ, કુન્તાદિ વિકુર્વેલા શસ્ત્રોના અભિઘાતરૂપ સમજવી. જ્યાં સાતમી નરક પૃથ્વી સુધી કહી છે ત્યાં લોહિત કુન્થુના અનેક રૂપો વિકુર્વીને તેનાવડે પરસ્પર ઉદીરિત સમજવી. તેઓ તેવા કુન્થુઓવડે પરસ્પરને દુઃખ ઉપજાવે છે. શ્રી જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે-છઠ્ઠી ને સાતમી નરક પૃથ્વીમાં નારકીઓ વજ્રમય તુંડ ( મુખ ) વાળા લાલ વર્ણના કુંથુઓ અને ગોમયકીડાઓ વિકુર્વીને એકબીજાના શરીરને તેનાવડે કોતરાવતા કોતરાવતા અને શેરડીના કૃમીની જેમ શરીરને ચાળણી જેવું કરતા તેમ જ શરીરની અંદર પ્રવેશ કરતા પ્રવેશ કરતા ગાઢ વેદનાને ઉદીરે છે. ૨૩૮

હવે નરક પૃથિવીના નામ અને ગોત્ર પ્રતિપાદન કરે છે:—

**घम्मा वंसा सेला, अंजण रिट्ठा मघा य माघवई ।**
**पुढवीणं नामाइं, रयणाइं हुंति गोत्ताइं ॥ २३९ ॥**

**ટીકાર્થ:**—અહીં જે નિરન્વય[1] અભિધાન તે નામ કહીએ અને [2]સાન્વય હોય તે ગોત્ર કહીએ. તે સાતે પૃથ્વીના નામ આ પ્રમાણે-પહેલી ઘર્મા ૧, બીજી વંશા ૨, ત્રીજી શૈલા ૩, ચોથી અંજના ૪, પાંચમી રિષ્ટા ૫, છઠ્ઠી મઘા ૬ ને સાતમી માઘવતી ૭. આ શિવાય રત્નપ્રભાદિ સાન્વય નામો છે તે ગોત્ર કહેવાય છે તે આ પ્રમાણે-રત્ન એટલે વજ્રાદિ અને પ્રભા શબ્દ અહીં બધે ઠેકાણે રૂપવાચી સમજવો. રત્ન છે પ્રભા એટલે રૂપ-સ્વભાવ જેનો તે રત્નપ્રભા. રત્નસ્વભાવા, રત્નમયી, રત્નબહુલા જાણવી. શર્કરાપ્રભાદિ નામોના અર્થ પણ આ પ્રમાણે સમજવા. ૨૩૯ .

હવે ઘર્માદિ પૃથ્વીના પ્રતિષ્ઠાન વિધિ અને સંસ્થાન વિધિ કહે છે:—

૧ અર્થ થઇ શકે નહીં તેવું. ૨ અર્થ થાય તેવું.

**उदहीघणतणुवाया, आगासपइट्ठिया उ सव्वाओ।**
**घम्माई पुढवीओ, छत्ताइछत्तसंठाणा ॥ २४० ॥**

**અર્થ:**—ઘર્માદિ સર્વે પૃથ્વીઓ ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશપ્રતિષ્ઠિત છે અને છત્રાતિછત્ર સંસ્થાનવાળી છે. ૨૪૦

**ટીકાર્થ:**—સર્વે ઘર્માદિ પૃથ્વીઓ ઘનોદધિ, ઘનવાત, તનુવાત ને આકાશપ્રતિષ્ઠિત એટલે અનુક્રમે તેની ઉપર રહેલી છે. ગાથામાં ઘન શબ્દ છે તે ઉદધિ ને વાત બંને સાથે જોડવાનો છે. તે પૃથ્વીઓ જે રીતે રહેલી છે તે બતાવે છે—પ્રથમ ઘર્માપૃથ્વી અનંતર ઘનોદધિ ઉપર રહેલી છે. ઘનોદધિ ઘનવાત ઉપર રહેલ છે. ઘનવાત તનુવાત ઉપર રહેલ છે. તનુવાત આકાશ ઉપર રહેલ છે. આકાશ સ્વપ્રતિષ્ઠિત છે. તેમાં ઘનોદધિ કઠિન–ઠરી ગયેલા ઉદકરૂપ છે. તે તેવા પ્રકારનો તેનો સ્વભાવ જ હોવાથી પરિસ્પંદન–હલવું ચલવું કરતો નથી, તેમ તેના પર રહેલી પૃથ્વી તેમાં બૂડતી પણ નથી. ઘનવાત ઘન એટલે અપરિસ્પંદ વાયુરૂપ છે, તે તથારૂપ–તથાવિધ અનાદિ પારિણામિક સ્વભાવવાળો છે. તનુવાત ને આકાશ તો સુપ્રતીત છે.

આ જ પ્રમાણે વંશાદિ પૃથ્વી પણ પ્રત્યેકે ચાર ચાર વસ્તુ ઉપર રહેલ છે એમ સમજવું. તે સાતે પૃથ્વીનું સમુદાયે સંસ્થાન છત્રાતિછત્ર જેવું છે. એક છત્રને અતિક્રમીને બીજું છત્ર હોય તે છત્રાતિછત્ર કહેવાય, તેવું છે સંસ્થાન જેનું તે છત્રાતિછત્ર સંસ્થાનવાળી કહેવાય. તેમાં ઉપરનું છત્ર નાનું, તેનાથી નીચેનું તે કરતાં મોટું, તેનાથી નીચેનું તે કરતાં મોટું, એમ ઉત્તરોત્તર મોટા વિસ્તારવાળું છત્ર હોય તેવી સાતે પૃથ્વી વિસ્તારમાં વધતી વધતી સમજવી. ૨૪૦

હવે ઘર્માદિ પૃથ્વીની ઉંચાઇ (જાડાઇ) કહે છે:—

**पढमा असीइ सहस्सा, बत्तीसा अट्ठवीस वीसा य।**
**अट्ठारसोलसट्ठ य, सहस्स लक्खोवरिं कुज्जा ॥ २४१ ॥**

**અર્થ:**—પહેલી પૃથ્વી એક લાખ ને એંશી હજાર, બીજી એક લાખ ને બત્રીશ હજાર, ત્રીજી એક લાખ ને અઠાવીશ હજાર, ચોથી એક લાખ ને વીશ હજાર, પાંચમી એક લાખ ને અઢાર હજાર, છઠ્ઠી એક લાખ ને સોળ હજાર અને સાતમી એક લાખ ને આઠ હજાર યોજન જાણવી.

**ટીકાર્થ:**—પહેલી ઘર્મા નામની પૃથ્વીની ઉંચાઇનું પરિમાણુ ભાવતા સતા એક લાખ ઉપર એંશી હજાર કરવા. એટલે કે પહેલી રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ ને એંશી હજાર યોજનની જાણુવી. એમ બીજી વિગેરે પૃથ્વીમાં પણુ બાહલ્યના પરિમાણુમાં બત્રીશ હજાર વિગેરે યોજન એક લાખ ઉપર સમજવા. એનો ભાવાર્થ આ પ્રમાણે-બીજી પૃથ્વીના બાહલ્યનું માન એક લાખ ને બત્રીશ હજાર યોજન પ્રમાણુ જાણુવું. ત્રીજી પૃથ્વીનું એક લાખ ને અઠાવીશ હજાર યોજનનું જાણુવું. ચોથી પૃથ્વીનું એક લાખ ને વીશ હજાર યોજનનું જાણુવું. પાંચમી પૃથ્વીનું એક લાખ ને અઢાર હજાર યોજનનું જાણુવું. છઠ્ઠી પૃથ્વીનું એક લાખ ને સોળ હજારનું જાણુવું અને સાતમીનું એક લાખ અને આઠ હજાર યોજનનું જાણુવું. આ યોજનો પ્રમાણાંગુળના સમજવા.

પહેલી પૃથ્વીનું બાહલ્ય ૧૮૦૦૦૦ યોજનનું છે, તે આ પ્રમાણે-તેનો પહેલો ખરકાંડ સોળ હજાર યોજનનો, બીજો પંકબહુલ કાંડ ૮૪૦૦૦ યોજનનો અને ત્રીજો જળબહુલ કાંડ ૮૦૦૦૦ યોજનનો જાણુવો. બાકીની બધી પૃથ્વી પૃથ્વીરૂપ જ સમજવી, તેમાં શર્કરાપ્રભામાં શર્કરા ( કાંકરા ) બહુ જાણુવા. વાલુકાપ્રભામાં વાલુકા ( રેતી ) વિશેષ જાણુવી. એમ સાતેના નામ અનુસાર વિશેષ સ્વરૂપ સમજવું. ( આ સંબંધની ટીકામાં બે ગાથા છે પણુ તેમાં આ અર્થ જ હોવાથી અહીં લખી નથી). ૨૪૧

હવે બધી પૃથ્વી નીચે ઘનોદધિ વિગેરે છે તેની જાડાઇનું માન કહે છે:—

**सव्वे वीस सहस्सा, बाहल्लेणं घणोदही नेया ।**
**सेसाणं तु असंखा, अहो अहो जाव सत्तमिया ॥ २४२ ॥**

**ટીકાર્થ:**—સર્વ પૃથ્વીની નીચે અનંતર ઘનોદધિ છે તે મધ્ય ભાગે બાહલ્યે એટલે જાડાઈમાં વીશ હજાર યોજન પ્રમાણુ જાણુવો. શેષ ઘનવાત, તનુવાત ને આકાશની અસંખ્યાતા યોજન મધ્ય ભાગે જાડાઈ સમજવી. તેમાં એટલું વિશેષ કે ઘનવાતના અસંખ્યાત કરતાં અસંખ્યાતગણું તનુવાતનું અસંખ્યાતું જાણુવું. તનુવાત કરતાં અસંખ્યાતગુણું આકાશનું અસંખ્યાતું જાણુવું. આ ઘનવાતાદિકનું અસંખ્યાત યોજનાત્મક બાહલ્ય પરિમાણુ નીચે નીચે ત્યાં સુધી જાણુવું કે યાવત્ સાતમી પૃથ્વી આવે. ૨૪૨

અહીં કોઇ પૂછે છે કે—આ રત્નપ્રભાદિ પૃથ્વીઓ આયામ ને વિષ્કંભવડે અલોકને સ્પર્શે છે કે નહીં ? તેને જવાબ આપે છે કે:—

**न वि अ फुसंति अलोगं, चउसुंपि दिसासु सव्वपुढवीओ ।**
**संगहिया वलएहिं, विक्खंभं तेसि वुच्छामि ॥ २४३ ॥**

**ટીકાર્થ:**—સર્વે પૃથ્વીઓ ચારે દિશાએ અલોકને સ્પર્શતી નથી; પરંતુ તે ઘનોદધિ, ઘનવાત ને તનુવાતના વલયવડે પરિવેષ્ટિત છે. તેજ કહે છે–સર્વ પૃથ્વીની નીચે જે ઘનોદધિ વિગેરે છે તે મધ્ય ભાગે તો ઉપર કહી ગયા પ્રમાણે બાહલ્યવાળા છે; પરંતુ ત્યારપછી પ્રદેશહાનિવડે ઘટતા ઘટતા પોતપોતાની પૃથ્વીના પર્યંત ભાગે બહુ પાતળા થઇને પોતપોતાની પૃથ્વીને વલયાકારે વીંટીને રહેલા છે. ત્યાં તે ઘનોદધિ વિગેરેના વલયનું જાડાપણું સર્વત્ર પોતપોતાની પૃથ્વી અનુસારે સમજી લેવું. તે વલયના વિષ્કંભનું પરિમાણ હવે કહે છે. ૨૪૩

પ્રતિજ્ઞાતનો નિર્વાહ કરવા માટે કહે છે:—

**छच्चेव अद्धपंचम, जोयणमद्धं च होइ रयणाए ।**
**उदहीघणतणुवाया, जहासंखेण निद्दिट्ठा ॥ २४४ ॥**

**ટીકાર્થ:**—રત્નપ્રભા પૃથ્વીની ફરતા ઘનોદધિ, ઘનવાત ને તનુવાતના વલયો છે. તેમાં પ્રથમ ઘનોદધિનું વલય ઉપરલે ભાગે છ યોજન પ્રમાણ, ઘનવાતનું વલય સાડાચાર યોજન પ્રમાણ અને તનુવાતનું વલય દોઢ યોજન પ્રમાણ–એમ કુલ બાર યોજન પ્રમાણ ત્રણ વલય કહેલા છે. તેની પછી અલોક છે. ૨૪૪

હવે બાકીની પૃથ્વીના ઘનોદધિ વિગેરેના વલયનો વિષ્કંભ કહે છે:—

**तिभागो गाउअं चेव, तिभागो गाउअस्स य ।**
**आइधुवे पक्खेवो, अहो अहो जाव सत्तमिया ॥२४५॥**

**ટીકાર્થ:**—આઇધુવે એટલે પ્રથમ પૃથિવીગત ઘનોદધ્યાદિ વલયના પરિમાણમાં યથાસંખ્ય યોજનનો ત્રીજો ભાગ, એક ગાઉ ને એક ગાઉનો ત્રીજો ભાગ ઉમેરવો. એટલે ઘનોદધિમાં યોજનનો ત્રીજો ભાગ, ઘનવાતમાં એક ગાઉ ને તનુવાતમાં એક ગાઉનો ત્રીજો ભાગ એમ દરેક પૃથ્વીના વલયમાં યાવત્ સાતમી નરક પૃથ્વી સુધી ઉમેરવું. ૨૪૫

હવે ઉપર પ્રમાણે પ્રક્ષેપ કરવાથી ઘનોદધિના વલયનું પરિમાણ દરેક પૃથ્વીએ જે થાય તે કહે છે:—

**छच्च तिभागा पउणा, य पंच वलयाण जोअणपमाणं ।**
**एगं बारस भागा, सत्त कमा बीयपुढवीए ॥ २४६ ॥**

**ટીકાર્થ**:—બીજી શર્કરાપ્રભા પૃથિવીમાં ઘનોદધિ વિગેરે વલયનું પરિમાણ ઉપર પ્રમાણે પ્રક્ષેપ કરવાથી આ પ્રમાણે થાય–ઘનોદધિના વલયનું પરિમાણ ૬⅓ યોજન, ઘનવાતના વલયનું પરિમાણ પોણા પાંચ યોજન અને તનુવાતના વલયનું પરિમાણ એક યોજન ને ૭/૧૨ યોજન થાય. અર્થાત્ એકંદર બે ગાઉ અને એક ગાઉના બે ત્રીજા ભાગ વધે. કુલ ૧૨ યોજન ૨⅔ ગાઉ થાય. ૨૪૬

**जोअणसत्ततिभागूण पंच एगं च वलयपरिमाणं ।**
**बारस भागा अट्ठउ, तइआए जहक्कमं नेयं ॥ २४७ ॥**

**ટીકાર્થ**:—ત્રીજી વાલુકાપ્રભા પૃથિવીમાં ત્રણ વલયનું પરિમાણ આ પ્રમાણે સમજવું. ઘનોદધિનું વલય ૬⅔ યોજન, ઘનવાતનું વલય પાંચ યોજન અને તનુવાતનું વલય એક યોજન ને ૮/૧૨ યોજન સમજવું. કુલ ૧૩ યોજન ૧⅓ ગાઉ જાણવું. ૨૪૭

**सत्त सवाया पंच उ, पउणा दो जोयणा चउत्थीए ।**
**घणउदहिमाइआणं, वलयाणमाणमेयं तु ॥ २४८ ॥**

**ટીકાર્થ**:—ચોથી પંકપ્રભા પૃથિવીએ ઘનોદધિ વિગેરેના વલયનું પરિમાણ આ પ્રમાણે સમજવું–ઘનોદધિના વલયનું વિષ્કંભ પરિમાણ પરિપૂર્ણ સાત યોજનનું, ઘનવાતના વલયનું સવાપાંચ યોજન અને તનુવાતનું પોણાબે યોજન કુલ ચૌદ યોજન જાણવું. ૨૪૮

**सतिभाग सत्त तह, अद्धछट्ठवलयाण माणमेयं तु ।**
**जोअणमेगं बारस, भागा दस पंचमाए तहा ॥ २४९ ॥**

**ટીકાર્થ**:—પાંચમી ધૂમપ્રભા સંબંધી ત્રણ વલયનું પરિમાણ અર્થાત્ વિષ્કંભનું માન આ પ્રમાણે–ઘનોદધિના વલયનું માન સાત યોજન ને ⅓ યો-

જનનું, ઘનવાતના વલયનું પરિમાણ સાડાપાંચ યોજનનું અને તનુવાતના વલયનું પરિમાણ ૧$\frac{૧૦}{૧૨}$ યોજનનું કુલ ૧૪ યોજન ને ૨$\frac{૨}{૩}$ ગાઉનું જાણવું. ૨૪૯

**अट्ठ तिभागूणाइं, पउणाइं छच्च वलयमाणं तु ।**
**छट्ठीए जोयणं तह, बारस भागा य इक्कारा ॥ २५० ॥**

**ટીકાર્થ:**—છઠ્ઠી તમ:પ્રભા પૃથિવીના ત્રણ વલયનું વિષ્કંભ પરિમાણ કહે છે-ઘનોદધિના વલયનું ૭$\frac{૨}{૩}$ યોજનનું, ઘનવાતનું પરિમાણ પોણા છ યોજનનું ને તનુવાતનું પરિમાણ ૧$\frac{૧૧}{૧૨}$ યોજનનું કુલ ૧૫ યોજન ૧$\frac{૧}{૩}$ ગાઉનું જાણવું. ૨૫૦

**अट्ठ य छप्पि य दुन्नि य, घणोदहीमाइयाण माणं तु ।**
**सत्तममहिए नेयं, जहासंखेण तिण्हं पि ॥ २५१ ॥**

**ટીકાર્થ:**—સાતમી તમસ્તમા પૃથિવીએ ઘનોદાધ વિગેરે ત્રણ વલયના વિષ્કંભનું પરિમાણ કહે છે. ઘનોદધિનું વલય પરિપૂર્ણ આઠ યોજનનું, ઘનવાતનું વલય પરિપૂર્ણ છ યોજનનું અને તનુવાતનું વલય પરિપૂર્ણ બે યોજનનું એકંદર સોળ યોજનના ત્રણ વલય જાણવા. ૨૫૧

આ પ્રમાણે ત્રણ વલયો હોવાથી રત્નપ્રભાથી તિર્છું સર્વે દિશાઓએ બાર યોજને અલોક છે, શર્કરાપ્રભાથી ૧૨$\frac{૨}{૩}$ યોજન, વાલુકાપ્રભાથી ૧૩$\frac{૧}{૩}$ યોજન, પંકપ્રભાથી ૧૪ યોજન, ધૂમપ્રભાથી ૧૪$\frac{૨}{૩}$ યોજન, તમ:પ્રભાથી ૧૫$\frac{૧}{૩}$ યોજન અને તમસ્તમપ્રભથી ૧૬ યોજન દૂર અલોક છે. ૨૫૧

**સાતે નરક પૃથિવી ફરતા ત્રણ વલયના પરિમાણનું યંત્ર. ( ૨૦ )**

| પૃથિવીનામ. | ઘનોદધિવલય. | ઘનવાતવલય. | તનુવાતવલય. | એકંદર. |
|---|---|---|---|---|
| ૧ રત્નપ્રભા | ૬ યોજન | ૪ાા યોજન | ૧$\frac{૫}{૧૨}$ યોજન | ૧૨ યોજન |
| ૨ શર્કરાપ્રભા | ૬$\frac{૧}{૩}$ યોજન | ૪ાાા યોજન | ૧$\frac{૭}{૧૨}$ યોજન | ૧૨$\frac{૨}{૩}$ યો૦ |
| ૩ વાલુકાપ્રભા | ૬$\frac{૨}{૩}$ યોજન | ૫ યોજન | ૧$\frac{૮}{૧૨}$ યોજન | ૧૩$\frac{૧}{૩}$ યો૦ |
| ૪ પંકપ્રભા | ૭ યોજન | ૫ા યોજન | ૧$\frac{૯}{૧૨}$ યોજન | ૧૪ યોજન |
| ૫ ધૂમપ્રભા | ૭$\frac{૧}{૩}$ યોજન | ૫ાા યોજન | ૧$\frac{૧૦}{૧૨}$ યોજન | ૧૪$\frac{૨}{૩}$ યો૦ |
| ૬ તમ:પ્રભા | ૭$\frac{૨}{૩}$ યોજન | ૫ાાા યોજન | ૧$\frac{૧૧}{૧૨}$ યોજન | ૧૫$\frac{૧}{૩}$ યો૦ |
| ૭ તમસ્તમપ્રભા | ૮ યોજન | ૬ યોજન | ૨ યોજન | ૧૬ યોજન |

કોઇ પ્રશ્ન કરે છે કે-શું એ ઘર્માદિ પૃથિવીમાં સર્વત્ર નરકાવાસા છે કે સર્વત્ર નથી ? ઉત્તર-સર્વત્ર નથી. ત્યારે કયાં છે ? તેના ઉત્તરમાં ગાથા કહે છેઃ—

**हिट्ठोवरि सहस्सं, सद्धा बावन्न सत्तममहीए ।**
**एयं निरयविहूणं, सेसेसु निरंतरा निरया ॥ २५२ ॥**

**ટીકાર્થ**:—છઠ્ઠી પૃથિવી સુધી ઉપર ને હેઠળ એકેક હજાર યોજન અને સાતમી પૃથ્વીમાં સાડી બાવન હજાર યોજન મૂકીને બાકીના ભાગમાં પ્રાયે નિરંતર નરકાવાસા છે. એટલામાં તો નરકાવાસા બીલકુલ નથી. ૨૫૨

તે નરકાવાસા પ્રસ્તટમાં છે. પ્રસ્તટ એટલે મકાનના માળ સમાન જાણવા. તે પ્રસ્તટની અંદર નરકાવાસા છે, તેથી દરેક નરકમાં પ્રસ્તટ કેટલા છે ? તે કહે છે:-

**तेरिक्कारस नव सत्त पंच तिन्नेव हुंति इक्को य ।**
**पत्थडसंखा एसा, सत्तसु वि कमेण पुढवीसु ॥ २५३ ॥**

**ટીકાર્થ**:—સાત પૃથ્વીમાં અનુક્રમે આ પ્રમાણે પ્રસ્તટની સંખ્યા છે— પહેલી પૃથ્વીમાં તેર, બીજી પૃથ્વીમાં અગ્યાર, ત્રીજી પૃથ્વીમાં નવ, ચોથી પૃથ્વીમાં સાત, પાંચમી પૃથ્વીમાં પાંચ, છઠ્ઠી પૃથ્વીમાં ત્રણ અને સાતમી પૃથ્વીમાં એક-એમ એકંદર ૪૯ પ્રસ્તટ છે. તે દરેક પ્રસ્તટ ત્રણ હજાર યોજન ઉંચા એટલે જાડા છે. તેમાં પ્રથમ નીચે એક હજાર યોજનનું પીઠ છે, મધ્યે એક હજાર યોજન પોલાણુ છે અને ઉપર એક હજાર યોજન સંકુચિત ચૂલિકા છે. એ પ્રમાણે ત્રણ હજાર યોજનની જાડાઇ છે. ૨૫૩

( અહીં આવા ભાવવાળી એક ગાથા છે તે જરૂર ન જણાવાથી લખી નથી. )

હવે સર્વ પૃથ્વીમાં પ્રસ્તટ પ્રસ્તટ વચ્ચે અંતર કેટલું છે તે કહે છે:—

**बिसहस्सूणा पुढवी, सगपयरेहिं तिसहस्सगुणिएहिं ।**
**ऊणा रूवूण णियपयरभाइआ पत्थडंतरयं ॥ २५४ ॥**

**શબ્દાર્થ**:—પહેલાં દરેક પૃથ્વીના પરિમાણુમાંથી બે હજાર બાદ કરવા પછી પોતપોતાના પ્રતરોને ત્રણ હજારે ગુણીને તેટલા બાદ કરવા, પછી બાકી રહે તેને પોતપોતાના પ્રતરની સંખ્યામાંથી એક ન્યૂન કરતાં બાકી રહે તેટલાએ

ભાંગવા. ભાંગતાં જે આવે તેટલું દરેક નરક પૃથ્વીમાં પ્રસ્તટ પ્રસ્તટનું અંતર જાણવું. ૨૫૪

**ટીકાર્થ:**—દરેક પૃથિવીના બાહલ્યનું જે પરિમાણ કહેલ છે તેમાંથી ઉપર ને નીચે એક હજાર યોજન નરકવિહીન હોવાથી કુલ બે હજાર યોજન બાદ કરવા. પછી પ્રત્યેક પૃથ્વીમાં જેટલા પ્રસ્તટ હોય તેની સંખ્યાને ત્રણ હજારવડે ગુણતાં જે સંખ્યા આવે એટલા યોજન બાદ કરવા. બાદ કરતાં જે રહે તેને પોતાના પ્રસ્તટની સંખ્યામાં એક ઊણુ કરતાં જે આવે તેટલાવડે ભાંગવા. ભાંગતાં જે આવે તેટલું પ્રસ્તટ પ્રસ્તટ વચ્ચે અંતર સમજવું. કોઈ પૂછે કે–પ્રસ્તટની સંખ્યામાં એક ઊણુ કરીને શામાટે ભાગ ચલાવવો, પૂરી સંખ્યાવડે કેમ ન ચલાવવો ? તેને ઉત્તર આપે છે કે–'અહીં પ્રસ્તટનું અંતર જાણવાનું છે. અંતર બધે રૂપોન જ થાય છે. ચાર આંગળીના આંતરા ત્રણ જ થાય છે, તેથી આંતરા જાણવા માટે પ્રસ્તટની સંખ્યામાં એક ઊણુ કરીને ભાંગાકાર કરવાનું કહેલું છે.' હવે એ કરણ દરેક પૃથ્વીમાં કરી બતાવે છે.

પ્રથમ રત્નપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧૮૦૦૦૦ યોજનનું કહેલું છે. તેમાંથી ઉપર નીચેના હજાર હજાર યોજન બાદ કરતાં ૧૭૮૦૦૦ યોજન રહ્યા. તેમાંથી પ્રથમ પૃથ્વીના ૧૩ પ્રસ્તટને ત્રણ હજારવડે ગુણતાં ૩૯૦૦૦ આવ્યા, તે બાદ કરતાં ૧૩૯૦૦૦ રહ્યા. તેને પ્રસ્તટની સંખ્યા ૧૩માંથી એક બાદ કરી બારવડે ભાંગતાં ૧૧૫૮૩ આવ્યા ને ૪ વધ્યા તેને બારવડે ભાંગતાં $\frac{1}{3}$ આવ્યા. એટલે રત્નપ્રભાના પ્રત્યેક પ્રસ્તટનું અંતર ૧૧૫૮૩$\frac{1}{3}$ યોજનનું જાણવું. ( આ જ ભાવાર્થની અહીં એક ગાથા છે તે અમે લખી નથી )

બીજી શર્કરાપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧૩૨૦૦૦ યોજનનું છે. તેમાંથી ઉપર નીચેના મળી બે હજાર યોજન બાદ કરતાં ૧૩૦૦૦૦ યોજન રહે. તેમાંથી બીજી પૃથ્વીના ૧૧ પ્રતરોને ત્રણ હજારવડે ગુણતાં આવેલા ૩૩૦૦૦ યોજન બાદ કરીએ એટલે ૯૭૦૦૦ યોજન રહે. તેને બીજી પૃથ્વીના ૧૧ પ્રસ્તટમાંથી એક ઊણુ કરી દશવડે ભાંગતાં ૯૭૦૦ યોજન આવે. એટલું બીજી પૃથ્વીમાં દરેક પ્રસ્તટનું આંતરૂં જાણવું.

ત્રીજી વાલુકાપ્રભાનું બાહલ્ય ૧૨૮૦૦૦ યોજનનું છે. તેમાંથી ઉપર નીચેના મળી બે હજાર યોજન બાદ કરતાં ૧૨૬૦૦૦ યોજન રહે. તેમાંથી ત્રીજી પૃથ્વીના નવ પ્રતરને ત્રણ હજારવડે ગુણતાં ૨૭૦૦૦ આવે તેટલા બાદ કરતાં બાકી

૯૯૦૦૦ રહે તેને ત્રીજી પૃથ્વીના ૯ પ્રસ્તટમાંથી એક ઊણુ કરી આઠવડે ભાંગતાં ૧૨૩૭૫ યોજન આવે તેટલું ત્રીજી પૃથ્વીએ દરેક પ્રસ્તટનું આંતરૂં સમજવું.

ચોથી પંકપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧૨૦૦૦૦ યોજન છે, તેમાંથી ઉપર નીચેના મળી બે હજાર યોજન બાદ કરતાં ૧૧૮૦૦૦ રહે. તેમાંથી એ પૃથ્વીના ૭ પ્રતર છે તેને ત્રણ હજારવડે ગુણતાં ૨૧૦૦૦ આવે તેટલા બાદ કરતાં ૯૭૦૦૦ યોજન રહે, તેને એ પૃથ્વીના સાત પ્રસ્તટમાંથી એક ઊણુ કરી છવડે ભાંગતાં ૧૬૧૬૬$\frac{2}{3}$ યોજન આવે તેટલું ચોથી પૃથ્વીમાં દરેક પ્રસ્તટનું અંતર જાણવું.

પાંચમી ધૂમપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧૧૮૦૦૦ યોજન છે. તેમાંથી ઉપર નીચેના મળી બે હજાર બાદ કરતાં ૧૧૬૦૦૦ રહે તેમાંથી એ પૃથ્વીના પાંચ પ્રસ્તટ હોવાથી તેને ત્રણ હજારવડે ગુણતાં ૧૫૦૦૦ આવે, તે બાદ કરતાં ૧૦૧૦૦૦ રહે તેને એ પૃથ્વીના પાંચ પ્રસ્તટમાંથી એક ઊણુ કરી ચારવડે ભાંગતા ૨૫૨૫૦ યોજન આવે. એટલું ધૂમપ્રભામાં પ્રત્યેક પ્રસ્તટનું અંતર સમજવું.

છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧૧૬૦૦૦ યોજનનું છે. તેમાંથી ઉપર નીચેના મળી બે હજાર યોજન બાદ કરતાં ૧૧૪૦૦૦ યોજન રહે. તેમાંથી એ પૃથ્વીના ત્રણ પ્રસ્તટને ત્રણ હજારવડે ગુણતાં નવ હજાર આવે તેટલા બાદ કરતાં ૧૦૫૦૦૦ રહે. તેને એ પૃથ્વીમાં ત્રણ પ્રસ્તટમાંથી એક ઊણુ કરતાં બે રહે તે વડે ભાંગતાં ૫૨૫૦૦ યોજન આવે એટલું એ પૃથ્વીના પ્રત્યેક પ્રસ્તટનું આંતરૂં સમજવું.

સાતમી પૃથ્વીમાં એક જ પ્રસ્તટ હોવાથી ત્યાં પ્રસ્તટનું અંતર સંભવતું નથી.

હવે દરેક પૃથ્વીમાં કેટલા નરકાવાસા છે તેની સંખ્યા કહે છે—

**तीसा य पन्नवीसा, पनरस दस चेव तिन्नि य हवंति ।**
**पंचूणसयसहस्सं, पंचेव अणुत्तरा निरया ॥ २५५ ॥**

**શબ્દાર્થ**—ત્રીશ, પચવીશ, પંદર, દશ, ત્રણ અને પાંચે ઊણુ એક લાખ એટલા પહેલીથી છઠ્ઠી પૃથિવી સુધીમાં નરકાવાસા સમજવા અને સાતમી પૃથ્વીમાં પાંચ નરકાવાસા સમજવા. ( કુલ ૮૪ લાખ નરકાવાસા જાણવા. )

**ટીકાર્થઃ**—પહેલી રત્નપ્રભા પૃથિવીમાં ત્રીશ લાખ, બીજીમાં પચવીશ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ચોથીમાં દશ લાખ, પાંચમીમાં ત્રણ લાખ અને

છઠ્ઠીમાં પાંચે ઊણા એક લાખ ૯૯૯૯૫, સાતમીમાં પાંચ સર્વ અધોવર્તી નરકાવાસા તે આ પ્રમાણે-પૂર્વ દિશામાં **કાળ** નામે, પશ્ચિમમાં **મહાકાળ** નામે, દક્ષિણમાં **રોરૂક** નામે, ઉત્તરમાં **મહારોરૂક** નામે અને મધ્યમાં **અપ્રતિષ્ઠાન** નામે. એ પ્રમાણે સાતે નરકમાં મળીને કુલ ૮૪ લાખ નરકાવાસા સમજવા. ૨૫૫

હવે આ નરકાવાસામાં કેટલા આવલિકાપ્રવિષ્ટ અને કેટલા પુષ્પાવકીર્ણ છે તે કહેવાને માટે પ્રતરે પ્રતરે કેટલા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા છે તેનું નિરૂપણ કરે છે—

**रयणाए पढमपयरे, दिसि दिसि एगूणवन्न नरयाओ ।**
**विदिसासेढीए पुणो, अडयाला इंदओ मज्झे ॥ २५६ ॥**

**बिइयाइसु पयरेसुं, दिसासु विदिसासु हीयमाणेणं ।**
**इक्किक्केणं पयरे, अउणावन्ने दिसासु चउरो ॥ २५७ ॥**

**શબ્દાર્થ:**—રત્નપ્રભાના પ્રથમ પ્રતરમાં ચારે દિશાએ ૪૯-૪૯ નરકાવાસા અને ચાર વિદિશામાં ૪૮-૪૮ શ્રેણિગત નરકાવાસા જાણવા અને એક ઇંદ્રક નરકાવાસો સર્વના મધ્યમાં જાણવો. ૨૫૬

બીજા વિગેરે પ્રતરમાં દિશામાં ને વિદિશામાં એકેક ઓછો કરવો. એટલે બીજા પ્રતરની ચારે દિશામાં ૪૯ માં એક ઊણુ એટલે ૪૮-૪૮ નરકાવાસા સમજવા. ( વિદિશામાં ૪૭-૪૭ સમજવા ) ૨૫૭.

**ટીકાર્થ:**—રત્નપ્રભા પહેલી પૃથિવીના પહેલા પ્રસ્તટમાં એકેક દિશાએ ૪૯-૪૯ નરકાવાસા જાણવા અને ચારે વિદિશાની એકેક શ્રેણિમાં ૪૮-૪૮ નરકાવાસા જાણવા. તે દિશા વિદિશાભાવી શ્રેણિનાં મધ્યમાં એક ઈંદ્રક નરકાવાસો જાણવો. બીજા વિગેરે પ્રતરમાં દિશા-વિદિશાની શ્રેણિ એકેક નરકાવાસાએ હીન સમજવી. તે આ પ્રમાણે-બીજા પ્રસ્તટમાં ચારે દિશામાં પ્રત્યેકે ૪૮-૪૮ અને ચાર વિદિશામાં ૪૭-૪૭, ત્રીજા પ્રસ્તટમાં ચારે દિશામાં ૪૭-૪૭ અને ચારે વિદિશામાં ૪૬-૪૬ એ પ્રમાણે ત્યાં સુધી સમજવું કે યાવત્ ૪૯ મા પ્રસ્તટમાં દિશામાં એકેક નરકાવાસો સમજવો. ત્યાં વિદિશામાં એકે નરકાવાસો નથી. ત્યાં મધ્યમાં તો અપ્રતિષ્ઠાન નામનો ઇંદ્રક નરકાવાસો છે. સર્વ સંખ્યાએ ત્યાં પાંચ નરકાવાસા છે.

સર્વે પ્રસ્તટમાં મધ્યમાં એકેક ઇંદ્રક નરકાવાસો છે, તેના નામ આ પ્રમાણે– રત્નપ્રભા પહેલી પૃથિવીના પ્રથમ પ્રસ્તટમાં મધ્યમાં નરકેંદ્રક સીમન્તક, બીજામાં રોરૂક, ત્રીજામાં ભ્રાન્ત, ચોથામાં ઉદ્ભ્રાંત, પાંચમામાં સંભ્રાંત, છઠ્ઠામાં અસંભ્રાંત, સાતમામાં વિભ્રાંત, આઠમામાં તપ્ત, નવમામાં શીત, દશમામાં વક્રાંત, અગ્યારમામાં અવક્રાંત, બારમામાં વિક્રાંત અને તેરમામાં રોરૂક જાણવો.

બીજી શર્કરાપ્રભાના પ્રથમ પ્રસ્તટે મધ્યમાં સ્તનિત, બીજે સ્તનક, ત્રીજે મનક, ચોથે વનક, પાંચમે ઘટ, છઠ્ઠે સંઘટ્ટ, સાતમે જિહ્વ, આઠમે અપજિહ્વ, નવમે લોલ, દશમે લોલાવર્ત અને અગ્યારમે સ્તનલોલુપ જાણવા.

ત્રીજી વાલુકાપ્રભાના પ્રથમ પ્રસ્તટે મધ્યમાં તપ્ત, બીજે તપિત, ત્રીજે તપન, ચોથે તાપન, પાંચમે નિદાઘ, છઠ્ઠે પ્રજ્વલિત, સાતમે ઉજ્વલિત, આઠમે સંજ્વલિત અને નવમે સંપ્રજ્વલિત જાણવો.

ચોથી પંકપ્રભાના પ્રથમ પ્રસ્તટે મધ્યમાં આર, બીજે સાર, ત્રીજે માર, ચોથે વર્ચ, પાંચમે તમક, છઠ્ઠે ખાટખટ ને સાતમે ખટખટ જાણવો.

પાંચમી ધૂમપ્રભાના પ્રથમ પ્રસ્તટે મધ્યમાં ખાટ, બીજે તમક, ત્રીજે ઝષ, ચોથે અન્ધ અને પાંચમે તિમિશ્ર જાણવો.

છઠ્ઠી તમઃપ્રભાના પ્રથમ પ્રસ્તટે મધ્યમાં હીન, બીજે વાર્દલ અને ત્રીજે લલ્લક જાણવો. સાતમીના મધ્યમાં અપ્રતિષ્ઠાન જાણવો.

( ઉપર પ્રમાણે સાતે નરકના ઇંદ્રક નરકાવાસાના નામનો સંગ્રહ કરનારી દશ ગાથા ટીકામાં મૂકી છે તેમાં કાંઇપણ વિશેષ ન હોવાથી અહીં લખવામાં આવી નથી. )

હવે ઉપર પ્રમાણે પ્રતિપ્રસ્તટે એકેક દિશા ને વિદિશામાં નરકાવાસાની શ્રેણિનું પરિમાણ પશ્ચાનુપૂર્વીએ કહે છે:—

**सत्तममहीए इक्को, पयरो तत्तो उ उवरि पुढवीसुं ।**
**इगदुगतिगाइवुड्ढी, जा रयणाए अउणवन्ना ॥ २५८ ॥**

**શબ્દાર્થ:**—સાતમી પૃથ્વીએ એક પ્રતર એટલે ત્યાં દિશામાં એકેક નરકાવાસો, ( વિદિશામાં એકે નહીં ) ત્યારપછી ઉપરલી પૃથ્વીમાં એક, બે, ત્રણ એમ વૃદ્ધિ ત્યાં સુધી કરવી, યાવત્ રત્નપ્રભાએ ૪૯–૪૯ દરેક દિશામાં આવે.

**ટીકાર્થ**:—સાતમી પૃથ્વીમાં એક પ્રતર, તે પશ્ચાનુપૂર્વીએ ગણતાં પહેલું, તેમાં પ્રત્યેક દિશાએ એકેક નરકાવાસો, ચારે વિદિશામાં એકે નહીં. કહ્યું છે કે—'ચારે દિશામાં એકેક અને મધ્યમાં અપ્રતિષ્ઠાન, વિદિશા નરકાવાસા-વિહુણી (રહિત) એ રીતે પ્રથમ પ્રસ્તટે પાંચ નરકાવાસા જાણવા.' ત્યારપછી તેની ઉપરની પૃથ્વીમાં દરેક પ્રસ્તટમાં દિશા ને વિદિશામાં એકેકની, પછી બબ્બેની, પછી ત્રણ ત્રણની, એમ ત્યાં સુધી વૃદ્ધિ કરવી કે યાવત્ રત્નપ્રભા પૃથ્વીના સર્વાંતિમ પ્રસ્તટે પૂર્વાનુપૂર્વીએ વિચારતાં પ્રથમ પ્રસ્તટે એકેક દિશામાં ૪૯-૪૯ નરકાવાસા આવે. ઉપલક્ષણથી દરેક વિદિશામાં ૪૮-૪૮ આવે એમ સમજવું. અહીં આ પ્રમાણે ભાવના ( વિચારણા ) કરવી કે—પશ્ચાનુપૂર્વીએ પ્રથમ પ્રસ્તટથી ઉપર બીજે પ્રસ્તટે વિદિશામાં એકેક ને દિશામાં બે બે, ત્રીજે પ્રસ્તટે વિદિશામાં બે બે ને દિશામાં ત્રણ ત્રણ, ચોથે પ્રસ્તટે વિદિશામાં ત્રણ ત્રણ ને દિશામાં ચાર ચાર—એમ દિશામાં ને વિદિશામાં દરેક પ્રસ્તટે એકેકની વૃદ્ધિ કરતાં ત્યાં સુધી જવું કે યાવત્ ૪૯ મે પ્રસ્તટે પ્રત્યેક દિશામાં ૪૯-૪૯ અને પ્રત્યેક વિદિશામાં ૪૮-૪૮ આવે. ઇતિ. ૨૫૮

હવે દરેક પ્રસ્તટે સર્વ દિશા ને વિદિશામાં મળીને આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા ગણવા માટે કરણ કહે છે:—

## इट्ठपयरस्स संखा, अट्ठगुणा तिरहिआ भवे संखा ।

**અર્થ**:—ઇષ્ટ પ્રતરની સંખ્યાને આઠગુણી કરી તેમાંથી ત્રણ બાદ કરતાં જે સંખ્યા રહે તેટલા તે પ્રસ્તટે આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા જાણવા.

**ટીકાર્થ**:—ઇષ્ટ એટલે વિવક્ષિત પ્રસ્તટની એક દિશાએ જેટલા નરકાવાસા હોય તેને આઠવડે ગુણવા. ગુણતાં જે સંખ્યા આવે તેમાંથી ત્રણ બાદ કરવા. બાદ કરતાં જે રહે તેટલી તે પ્રસ્તટે દિશા-વિદિશાના મળીને આવલિકા-પ્રવિષ્ટ નરકાવાસાની સંખ્યા જાણવી. જેમકે રત્નપ્રભાના પહેલે પ્રસ્તટે એક દિશાએ નરકાવાસાની સંખ્યા ૪૯ ની છે. તેને આઠવડે ગુણતાં ૩૯૨ આવે. તેમાંથી ત્રણ બાદ કરીએ એટલે ૩૮૯ રહે. એટલી રત્નપ્રભાના પહેલે પ્રસ્તટે સર્વ દિશાવિદિશાના મળીને આવલિકાપ્રવિષ્ટની સંખ્યા જાણવી. બીજે પ્રસ્તટે એક દિશામાં ૪૮ ની સંખ્યા છે. તેને આઠવડે ગુણતાં ૩૮૪ આવે. તેમાંથી ત્રણ બાદ કરતાં ૩૮૧ રહે. એટલા બીજે પ્રસ્તટે આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા જાણવા. એ પ્રમાણે પ્રત્યેક પ્રસ્તટે કરવું. યાવત્ ૪૯ મે પ્રસ્તટે દરેક દિશામાં

એકેક છે તેને આઠગુણા કરી ત્રણ બાદ કરતાં પાંચ રહે એટલા તે પ્રસ્તટે આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા જાણવા.

હવે સમસ્ત પૃથિવીગત આવલિકાપ્રવિષ્ટ નરકાવાસાની સંખ્યા જાણવા માટે કરણ કહેવાને ઈચ્છતા સતા પ્રથમથી મુખ ને ભૂમિનું પ્રતિપાદન કહે છે—

**पढमो मुहमंतिमओ, भूमिं तेसिं मुणसु संखं ॥ २५९ ॥**

**ટીકાર્થ:**—પ્રથમ પ્રતરગત નરકાવાસાનો સમુદાય તે મુખ–પશ્ચાનુપૂર્વીએ તેનું મુખસ્થાનવર્તીપણું હોવાથી અને સર્વાંતિમ પ્રતરગત નરકાવાસાનો સમુદાય તે ભૂમિ કહીએ. પશ્ચાનુપૂર્વીએ તેનું આદિપણું હોવાથી. હવે તે મુખ ને ભૂમિની સંખ્યાનું પરિમાણ સાંભળો. ૨૫૯

**सीमंतय नरइंदय, पढमे पयरम्मि होइ संखाओ ।**
**तिन्नि सय अउणनउया, निरया तह अंतिमे पंच ॥२६०॥**

**ટીકાર્થ:**—સીમન્તક નરકેંદ્રકના નામથી ઓળખાતા પહેલા પ્રસ્તટમાં ત્રણ સો નેવ્યાશી નરકાવાસા છે અને સર્વાંતિમ ઓગણપચાસમા પ્રસ્તટે પાંચ નરકાવાસા છે. ( એટલે ૩૮૯ને મુખ ને પાંચને ભૂમિ સમજવી. ) ૨૬૦

એ પ્રમાણે મુખ ને ભૂમિ કહી, હવે તેનાથી કરવાનું કરણ કહે છે—

**मुहभूमिसमासद्धं, पयरेहिं गुणं तु होइ सव्वधणं ।**
**तेवन्नाहिया छस्सय, नव चेव सहस्स सव्वधणं ॥ २६१ ॥**

**અર્થ:**—મુખ ને ભૂમિની સંખ્યાને એકત્ર કરી તેનું અર્ધ કરવું. પછી પ્રતરની સંખ્યાવડે ગુણાકાર કરવો તેથી જે સંખ્યા આવે તે **સર્વધન** કહીએ. તે રીતે સર્વ સંખ્યા નવ હજાર છસો ને ત્રેપનની થાય છે. ૨૬૧

**ટીકાર્થ:**—મુખ ને ભૂમિનો સમાસ એટલે એકત્ર મીલન–એકત્ર કરવા પછી તેનું અર્ધ કરવું. પછી સમસ્ત પ્રતરની સંખ્યાવડે તેને ગુણવા. તેમ કરવાથી સર્વધન એટલે સમસ્ત પ્રતરગત આવલિકાપ્રવિષ્ટ નરકાવાસાનું સંખ્યાપરિમાણ આવે. તે આ પ્રમાણે—મુખ ૩૮૯ ને ભૂમિ પાંચ–કુલ ૩૯૪ તેનું અર્ધ કરતાં ૧૯૭ આવે, તેને સમસ્ત પ્રતરની સંખ્યા ૪૯ ની છે તેટલાએ ગુણીએ. એટલે ૯૬૫૩ આવે. એટલા સમસ્ત પૃથ્વીઓમાં આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા

જાણુવા અને તે શિવાયના બાકી રહ્યા તે પુષ્પાવકીર્ણુ સમજવા. તે જ વાત ગાથાવડે કહે છે—

**आवलियागयनरया, इत्तियमित्ता उ सव्वपुढवीसु ।**
**तेहिं विहूणा सव्वे, सेसा पुप्फावकिन्नाओ ॥ २६२ ॥**

('આ ગાથાનો અર્થ ઉપર આવી ગયેલ હોવાથી ફરીને લખ્યો નથી.)

હવે શેષ પુષ્પાવકીર્ણુ નરકાવાસાની સંખ્યા કહે છેઃ—

**एवं पइन्नगाणं, तेसीइ हवंति सयसहस्साइं ।**
**नउइ तहा य सहस्सा, तिन्नि सया चेव सीयाला ॥२६३॥**

**શબ્દાર્થ:**—એ પ્રમાણે શેષ પ્રકીર્ણુક નરકાવાસાની સંખ્યા ત્રાશી લાખ, નેવું હજાર, ત્રણુ સો ને સુડતાળીશની જાણુવી. ૨૬૩

**ટીકાર્થ:**—અહીં સર્વ સાતે નરક પૃથ્વીને વિષે નરકાવાસાની સંખ્યા ચોરાશી લાખની છે, તેમાંથી આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા ૯૬૫૩ છે, તેને જો જુદા કરીએ અર્થાત્ તેમાંથી બાદ કરીએ તો પ્રકીર્ણુક નરકાવાસાની સંખ્યા ૮૩ લાખ, નેવું હજાર, ત્રણુ સો ને ૪૭ ની રહે. ૨૬૩

હવે પૂર્વે કહેલું કરણુ દરેક પૃથ્વીમાં આવલિકાપ્રવિષ્ટ નરકાવાસાની સંખ્યા કાઢવા માટે કરવું. તેમાં પ્રથમ મુખ ને ભૂમિ કહે છે. પ્રથમ રત્નપ્રભા નરકમાં મુખ ૩૮૯ ને ભૂમિ ૨૯૩. શર્કરાપ્રભામાં મુખ ૨૮૫ અને ભૂમિ ૨૦૫, વાલુકાપ્રભામાં મુખ ૧૯૭ અને ભૂમિ ૧૩૩, પંકપ્રભામાં મુખ ૧૨૫ અને ભૂમિ ૭૭, ધૂમપ્રભામાં મુખ ૬૯ અને ભૂમિ ૩૭, તમ:પ્રભામાં મુખ ૨૯ અને ભૂમિ ૧૩, સાતમી તમસ્તમપ્રભામાં તો મુખ ને ભૂમિ પાંચ જ છે. (અહીં આ સંખ્યાસૂચક ત્રણુ ગાથાઓ છે તે અમે લખી નથી.)

હવે દરેક નરક માટે કરણુની ભાવના કરે છે. પ્રથમ રત્નપ્રભામાં મુખ ૩૮૯ ને ભૂમિ ૨૯૩ કુલ મળીને ૬૮૨, તેનું અર્ધ કરતાં ૩૪૧, તેને તેર પ્રતરવડે ગુણુતાં ૪૪૩૩ આવે એટલા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા સમજવા અને બાકી રહેલા ૨૯૯૫૫૬૭ પુષ્પાવકીર્ણુ–કુલ ૩૦ લાખ સમજવા.

બીજી શર્કરાપ્રભામાં મુખ ૨૮૫ અને ભૂમિ ૨૦૫ કુલ ૪૯૦, તેનું અર્ધ કરતાં ૨૪૫ તેને તેના ૧૧ પ્રતરવડે ગુણુતાં ૨૬૯૫ આવે એટલા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા સમજવા, બાકી ૨૪૯૭૩૦૫ પુષ્પાવકીર્ણુ–કુલ ૨૫ લાખ જાણુવા.

ત્રીજી વાલુકાપ્રભામાં મુખ ૧૯૭ અને ભૂમિ ૧૩૩ કુલ ૩૩૦, તેનું અર્ધ

કરતાં ૧૬૫ તેને એ નરકના નવ પ્રતરવડે ગુણતાં ૧૪૮૫ આવે એટલા આવલિકાપ્રવિષ્ટ અને બાકીના ૧૪૯૮૫૧૫ પુષ્પાવકીર્ણ-કુલ ૧૫ લાખ સમજવા.

ચોથી પંકપ્રભામાં મુખ ૧૨૫ અને ભૂમિ ૭૭ કુલ ૨૦૨, તેનું અર્ધ કરતાં ૧૦૧ તેને એ નરકના સાત પ્રતરવડે ગુણતાં ૭૦૭ આવે એટલા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા સમજવા. બાકી ૯૯૯૨૯૩ પુષ્પાવકીર્ણ-કુલ દશ લાખ સમજવા.

પાંચમી ધૂમપ્રભામાં મુખ ૬૯ અને ભૂમિ ૩૭ કુલ ૧૦૬, તેનું અર્ધ કરતાં ૫૩ તેને એ નરકના પાંચ પ્રતરવડે ગુણતાં ૨૬૫ આવે એટલા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા જાણવા. બાકી ૨૯૯૭૩૫ પુષ્પાવકીર્ણ-કુલ ત્રણ લાખ સમજવા.

છઠ્ઠી તમઃપ્રભામાં મુખ ૨૯ ભૂમિ ૧૩ કુલ ૪૨, તેનું અર્ધ કરતાં ૨૧ તેને એ નરકના ત્રણ પ્રતરવડે ગુણતાં ૬૩ આવે એટલા આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા જાણવા. બાકી ૯૯૯૩૨ પુષ્પાવકીર્ણ-કુલ ૯૯૯૯૫ નરકાવાસા જાણવા.

સાતમી નરકે તો પાંચ નરકાવાસા છે તે આવલિકાપ્રવિષ્ટ જ જાણવા.

એ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસા વૃત્ત, ત્ર્યસ્ર(તિખૂણા) અને ચતુરસ્ર (ચોખંડા) એમ ત્રણ સંસ્થાન ( આકૃતિ ) વાળા જાણવા અને પુષ્પાવકીર્ણ તો અનેક પ્રકારના સંસ્થાનવાળા જાણવા. આવલિકાપ્રવિષ્ટમાં મધ્યના ૪૯ ઇંદ્રક નરકાવાસા છે તે તો વૃત્ત જ જાણવા. તેનાથી અનંતર ત્ર્યસ્ર, પછી ચતુરસ્ર, પછી વૃત્ત એમ ત્યાંસુધી આવૃત્તિ કર્યા કરવી કે જ્યાં સુધી તે તે પ્રતરના આવલિકાપ્રવિષ્ટનો અંત આવે. વૃત્તાદિ નરકાવાસાનું દરેક પૃથ્વીમાં પરિમાણ ( સંખ્યા ) દેવેંદ્રનરકેંદ્ર પ્રકરણમાં વિસ્તારથી કહેલ છે તેથી અહીં ફરીને કહેતા નથી.

## સાતે નરક પૃથ્વી સંબંધી મુખ ભૂમિ સમાસ વિગેરેનું યંત્ર. (૨૧)

| | મુખ | ભૂમિ | સમાસ | અર્ધ | પ્રતર | પંક્તિબદ્ધ | પુષ્પાવકીર્ણ | એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|
| સાતે નરકના | ૩૮૯ | ૫ | ૩૯૪ | ૧૯૭ | ૪૯ | ૯૬૫૩ | ૮૩૯૦૩૪૭ | ૮૪ લાખ |
| રત્નપ્રભાના | ૩૮૯ | ૨૯૩ | ૬૮૨ | ૩૪૧ | ૧૩ | ૪૪૩૩ | ૨૯૯૫૫૬૭ | ૩૦ લાખ |
| શર્કરાપ્રભાના | ૨૮૫ | ૨૦૫ | ૪૯૦ | ૨૪૫ | ૧૧ | ૨૬૯૫ | ૨૪૯૭૩૦૫ | ૨૫ લાખ |
| વાલુકાપ્રભાના | ૧૯૭ | ૧૩૩ | ૩૩૦ | ૧૬૫ | ૯ | ૧૪૮૫ | ૧૪૯૮૫૧૫ | ૧૫ લાખ |
| પંકપ્રભાના | ૧૨૫ | ૭૭ | ૨૦૨ | ૧૦૧ | ૭ | ૭૦૭ | ૯૯૯૨૯૩ | ૧૦ લાખ |
| ધૂમપ્રભાના | ૬૯ | ૩૭ | ૧૦૬ | ૫૩ | ૫ | ૨૬૫ | ૨૯૯૭૩૫ | ૩ લાખ |
| તમઃપ્રભાના | ૨૯ | ૧૩ | ૪૨ | ૨૧ | ૩ | ૬૩ | ૯૯૯૩૨ | ૯૯૯૯૫ |
| તમસ્તમપ્રભાના | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ |

ટીકાકારે દરેક પ્રતરમાં અને દરેક પૃથ્વીમાં આવલિકાપ્રવિષ્ટમાં વૃત્ત, ત્ર્યસ્ર ને ચતુરસ્રની સંખ્યાવાળી હકીકત દેવેંદ્રનરકેંદ્ર પ્રકરણમાં લખેલ હોવાથી અહીં ન લખવાનું કહ્યું છે, પરંતુ અમે અમારા વાચક બંધુઓ માટે દરેક નારક પૃથ્વી-આશ્રી તેની સંખ્યાનું યંત્ર આ નીચે આપેલ છે. **યંત્ર ૨૨ મું.**

| આકૃતિ | પહેલી | બીજી | ત્રીજી | ચોથી | પાંચમી | છઠ્ઠી | સાતમી | એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|
| વૃત્ત | ૧૪૫૩ | ૮૭૫ | ૪૭૭ | ૨૨૩ | ૭૭ | ૧૫ | ૧ | ૩૧૨૧ |
| ત્ર્યસ્ર | ૧૫૦૮ | ૯૨૪ | ૫૧૬ | ૨૫૨ | ૧૦૦ | ૨૮ | ૪ | ૩૩૩૨ |
| ચતુસ્ર | ૧૪૭૨ | ૮૯૬ | ૪૯૨ | ૨૩૨ | ૮૮ | ૨૦ | ૦ | ૩૨૦૦ |
| કુલ ... | ૪૪૩૩ | ૨૬૯૫ | ૧૪૮૫ | ૭૦૭ | ૨૬૫ | ૬૩ | ૫ | ૯૬૫૩ |

( સાતે નરકના દરેક પ્રતરે પણ ત્રણે પ્રકારની આકૃતિના કેટલા કેટલા નરકાવાસા છે તેના યંત્ર કરેલા છે તે યંત્રની જુદી બુકમાં આપવામાં આવશે. )

હવે નરકાવાસાનો આયામ, વિષ્કંભ ને ઉચ્ચત્વ કહે છે:—

**अपइट्ठाणो लक्खं, सेसा संखा व हुज्ज संखा वा ।**
**विक्खंभायामेणं, उच्चत्तं तिन्नि उ सहस्सा ॥ २६४ ॥**

**ટીકાર્થ:**—અપ્રતિષ્ઠાન નામનો સાતમી નરકનો મધ્યવર્તી પાંચમો નરકાવાસો પ્રમાણાંગુળનિષ્પન્ન એક લાખ યોજન પ્રમાણ લાંબો–પહોળો છે અને બાકીના નરકાવાસા સંખ્યાતા યોજનના તેમ જ અસંખ્યાતા યોજનના છે. ઉંચપણામાં તો બધા ત્રણ ત્રણ હજાર યોજનના જ છે. તેમાં એક હજાર યોજનની પીઠ, એક હજાર યોજન પોલાણ અને એક હજાર યોજન ઉપરની સ્તૂપિકા જાણવી. ૨૬૪

એ પ્રમાણે નરક પૃથ્વીનું પ્રમાણાદિ કહ્યું. હવે નારકી જીવોની અવગાહના કહેવાની છે, તેના બે પ્રકાર છે. ૧ ભવધારણીય અને ૨ ઉત્તરવૈક્રિય. તે દરેકના પણ બે બે પ્રકાર છે. ૧ જઘન્ય ને ૨ ઉત્કૃષ્ટ. પ્રથમ ભવધારણીય ઉત્કૃષ્ટ અવગાહના કહે છે:—

**भवधारणिज्जहे सत्तमाए पंचेव धणुस उक्कोसा ।**
**अद्धद्धहीण तदुवरि, नेयव्वा जाव रयणाए ॥ २६५ ॥**

**અર્થ:**—ભવધારણીય શરીર નીચે સાતમી નરકે પાંચ સો ધનુષ્યનું ઉત્કૃષ્ટ છે, ત્યારપછી યાવત્ ઉપરની પ્રથમ રત્નપ્રભા સુધી અર્ધ અર્ધ હીણુ જાણવું. ૨૬૫

**ટીકાર્થ:**—નીચે સાતમી નરકપૃથિવીમાં વર્તતા નારકી જીવોનું ઉત્કૃષ્ટ ભવધારણીય એટલે નારકીના ભવમાં ધારણ કરવા યોગ્ય સ્વાભાવિક શરીરની અવગાહના પાંચ સો ધનુષ્યની છે. ત્યારપછી સાતમીની ઉપર છઠ્ઠી વિગેરે પૃથ્વીમાં અર્ધ અર્ધ હીન એવી ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના યાવત્ રત્નપ્રભા પૃથ્વી સુધી કહેવી. તે આ પ્રમાણે—છઠ્ઠી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર ૨૫૦ ધનુષ્યનું, પાંચમીમાં ૧૨૫ ધનુષ્યનું, ચોથીમાં ૬૨।। ધનુષ્યનું, ત્રીજીમાં ૩૧। ધનુષ્યનું, બીજીમાં ૧૫ ધનુષ્ય ને ૨।। હાથનું. ૨૬૫

પહેલી નરકમાં કેટલું ? તે ગ્રંથકાર પોતે જ કહે છે:—

**पढमाए पुढवीए, नेरइयाणं तु होइ उच्चत्तं ।**
**सत्तधनु तिन्नि रयणी, छच्चेव य अंगुलाइं तु ॥ २६६ ॥**

**ટીકાર્થ:**—પહેલી રત્નપ્રભા પૃથિવીના નારકીનું ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ સાત ધનુષ્ય, ત્રણ હાથ ને છ અંગુળનું જાણવું. ૨૬૬

આ પ્રમાણે સામાન્યથી સાતે પૃથિવીના જીવોની ઉત્કૃષ્ટ અવગાહના કહી, હવે તે દરેક પ્રસ્તટે કહેવા માટે પ્રથમ પહેલી પૃથિવીનું કહે છે—

**रयणाए पढमपयरे, हत्थतिगं देहउस्सयं भणियं ।**
**छप्पन्नंगुलसड्ढा, पयरे पयरे हवइ वुड्ढी ॥ २६७ ॥**
**जा तेरसमे पयरे, देहपमाणेण होइ एयं तु ।**
**सत्त धणु तिन्नि रयणी, छच्चेव य अंगुला पुन्ना ॥२६८॥**

**શબ્દાર્થ:**—રત્નપ્રભાના પહેલે પ્રતરે ત્રણ હાથની દેહની ઉંચાઈ કહી છે. ત્યારપછી દરેક પ્રતરે ૫૬।। અંગુળની વૃદ્ધિ કરવી કે જેથી તેરમે પ્રતરે દેહપ્રમાણ સાત ધનુ, ત્રણ હાથ અને છ આંગળ પૂર્ણ આવે. ૨૬૭–૨૬૮

**ટીકાર્થ:**—રત્નપ્રભાના પહેલે પ્રતરે ઉત્કૃષ્ટ દેહની ઉંચાઈ એટલે ભવધારણીય શરીરનું ઉંચાપણું તીર્થંકર ગણધરોએ ત્રણ હાથનું કહ્યું છે. ત્યારપછી પ્રતરે પ્રતરે ૫૬॥ અંગુળની એટલે બે હાથ ને સાડીઆઠ અંગુળની વૃદ્ધિ કરવી. એ વૃદ્ધિ તેરમા પ્રસ્તટ સુધી કરવી જેથી તેરમે પ્રસ્તટે ભવધારણીય શરીરનું પ્રમાણ ઉપર કહ્યા પ્રમાણે આવે તે કહે છે—તેરમે પ્રસ્તટે દેહપ્રમાણ સાત ધનુષ્ય, ત્રણ હાથ ને છ અંગુળ પરિપૂર્ણ હોય. એમાં આ ભાવાર્થ સમજવો કે—બીજે પ્રસ્તટે ૧ ધનુષ્ય ૧ હાથ ને ૮॥ અંગુળ, ત્રીજે પ્રસ્તટે ૧ ધનુષ્ય ૩ હાથ ને ૧૭ અંગુળ, ચોથે પ્રસ્તટે બે ધનુષ્ય બે હાથ ને ૧॥ અંગુળ, પાંચમે પ્રસ્તટે ત્રણ ધનુષ્ય ને દશ આંગળ, છઠ્ઠે પ્રસ્તટે ત્રણ ધનુષ્ય બે હાથ ને ૧૮॥ આંગળ, સાતમે પ્રસ્તટે ચાર ધનુષ્ય ૧ હાથ ને ૩ અંગુળ, આઠમે પ્રસ્તટે ચાર ધનુષ્ય ૩ હાથ ને ૧૧॥ આંગુળ, નવમે પ્રસ્તટે ૫ ધનુષ્ય ૧ હાથ ને ૨૦ અંગુળ, દશમે પ્રસ્તટે ૬ ધનુષ્ય ને ૪॥ અંગુળ, અગ્યારમે પ્રસ્તટે ૬ ધનુષ્ય ૨ હાથ ને ૧૩ અંગુળ, બારમે પ્રસ્તટે ૭ ધનુષ્ય ને ૨૧॥ અંગુળ અને તેરમે પ્રસ્તટે ૭ ધનુષ્ય ૩ હાથ ને ૬ અંગુળનું દેહપ્રમાણ જાણવું. ૨૬૭–૬૮

હવે શર્કરાપ્રભામાં દરેક પ્રસ્તટે દેહપ્રમાણ કહે છે—

**सो चेव य बीयाए, पढमे पयरम्मि होइ उस्सेहो ।**
**हत्थतिअ तिन्नि अंगुल, पयरे पयरे य वुड्ढीओ ॥२६९॥**

**શબ્દાર્થ:**—જે પ્રથમ પૃથ્વીમાં ઉત્કૃષ્ટ માન કહ્યું તે જ બીજી પૃથ્વીના પ્રથમ પ્રતરમાં ઉત્કૃષ્ટ સમજવું અને પછી તેના દરેક પ્રતરે ત્રણ હાથ ને ત્રણ અંગુળની દેહમાનમાં વૃદ્ધિ કરવી. ૨૬૯

**ટીકાર્થ:**—જે પહેલી પૃથ્વીના તેરમે પ્રસ્તટે સાત ધનુષ્ય, ત્રણ હાથ ને છ અંગુળ ઉત્કૃષ્ટ ઉત્સેધમાન કહ્યું તે જ બીજી શર્કરાપ્રભાના પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ દેહમાન જાણવું. ત્યારપછી દરેક પ્રસ્તટે ત્રણ હાથ ને ત્રણ અંગુળની વૃદ્ધિ કરવી, તે આ પ્રમાણે—બીજે પ્રસ્તટે ભવધારણીય શરીરનું ઉત્કૃષ્ટ ઉત્સેધ આઠ ધનુષ્ય બે હાથ ને નવ અંગુળ, ત્રીજે પ્રસ્તટે નવ ધનુષ્ય એક હાથ ને બાર અંગુળ, ચોથે પ્રસ્તટે દશ ધનુષ્ય ને પંદર અંગુળ, પાંચમે પ્રસ્તટે દશ ધનુષ્ય ત્રણ હાથ ને અઢાર અંગુળ, છઠ્ઠે પ્રસ્તટે અગ્યાર ધનુષ્ય બે હાથ ને ૨૧ અંગુળ, સાતમે પ્રસ્તટે બાર ધનુષ્ય ને બે હાથ,

આઠમે પ્રસ્તટે તેર ધનુષ્ય એક હાથ ને ત્રણ અંગુળ, નવમે પ્રસ્તટે ૧૪ ધનુષ્ય ને છ અંગુળ, દશમે પ્રસ્તટે ૧૪ ધનુષ્ય ત્રણ હાથ ને નવ અંગુળ અને અગ્યારમે પ્રસ્તટે પંદર ધનુષ્ય બે હાથ ને બાર અંગુળ ઉત્કૃષ્ટ દેહમાન જાણવું.

અગ્યારમા પ્રસ્તટનું પરિમાણ ગાથાવડે કહે છે—

**इक्कारसमे पयरे, पन्नरस धणुयाइं दुन्नि रयणी उ ।**
**बारस य अंगुलाइं, देहपमाणं तु विन्नेयं ॥ २७० ॥**

( અર્થ ઉપર લખાઈ ગયો છે તેથી ફરીને લખ્યો નથી. )

હવે ત્રીજી વાલુકાપ્રભાના નારકજીવોનું દેહમાન કહે છે—

**सो चेव य तइयाए, पढमे पयरम्मि होइ उस्सेहो ।**
**सत्त रयणी उ अंगुल, उणवीसं सड्ढवुड्ढीए ॥ २७१ ॥**
**पयरे पयरे य तहा, नवमे पयरम्मि होइ उस्सेहो ।**
**धणुआणि एगतीसं, इक्का रयणी य नायव्वा ॥ २७२ ॥**

**શબ્દાર્થ:**—બીજી પૃથ્વીના છેલ્લા પ્રસ્તટનું ઉત્કૃષ્ટ દેહમાન તે ત્રીજી પૃથ્વીના પ્રથમ પ્રસ્તટમાં પણ સમજવું. ત્યારપછી દરેક પ્રસ્તટે સાત હાથ ને સાડીઓગણીશ અંગુળનો ઉમેરો કરવો, જેથી નવમે પ્રસ્તટે એકત્રીશ ધનુષ્ય ને એક હાથનું ઉત્કૃષ્ટ દેહમાન આવે. ૨૭૧-૨.

**ટીકાર્થ:**—જે બીજી શર્કરાપ્રભાના અગ્યારમા પ્રસ્તટે ભવધારણીય શરીરનું ઉત્કૃષ્ટ માન પંદર ધનુષ્ય બે હાથ ને બાર અંગુળનું કહ્યું છે તે જ ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ શરીરમાન જાણવું. ત્યારપછી પ્રતરે પ્રતરે સાત હાથ ને ૧૯ાા અંગુળની વૃદ્ધિ કરવી તે આ પ્રમાણે–બીજે પ્રસ્તટે સતર ધનુષ્ય, બે હાથ ને સાડાસાત અંગુળ, ત્રીજે પ્રસ્તટે ૧૯ ધનુષ્ય, બે હાથ ને ત્રણ અંગુળ, ચોથે પ્રસ્તટે ૨૧ ધનુષ્ય, એક હાથ ને ૨૨ાા અંગુળ, પાંચમે પ્રસ્તટે ૨૩ ધનુષ્ય, એક હાથ ને ૧૮ અંગુળ, છઠ્ઠે પ્રસ્તટે ૨૫ ધનુષ્ય, એક હાથ ને ૧૩ાા અંગુળ, સાતમે પ્રસ્તટે ૨૭ ધનુષ્ય, એક હાથ ને નવ અંગુળ, આઠમે પ્રસ્તટે ૨૯ ધનુષ્ય, એક હાથ ને સાડા ચાર અંગુળ અને નવમે પ્રસ્તટે યથોક્ત વૃદ્ધિએ કરીને જે થાય છે તે ૨૭૨મી ગાથાના ઉત્તરાર્ધમાં સાક્ષાત્ કહેલ છે. અર્થાત્ નવમે પ્રસ્તટે ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર ૩૧ ધનુષ્ય ને એક હાથ પ્રમાણ જાણવું.

હવે ચોથી પંકપ્રભા પૃથ્વી માટે કહે છે:—

**सो चेव चउत्थीए, पढमे पयरम्मि होइ उस्सेहो ।**
**पंच धणु वीसअंगुल, पयरे पयरे य वुड्ढी अ ॥ २७३ ॥**
**जा सत्तमए पयरे, नेरइयाणं तु होइ उस्सेहो ।**
**बासट्ठी धणुआइं, दुन्नि अ रयणी अ बोधव्वा ॥ २७४ ॥**

**ટીકાર્થ**:—જે ત્રીજી વાલુકાપ્રભાના નવમે પ્રસ્તટે ભવધારણીય શરીરનું ઉત્કૃષ્ટ માન ૩૧ ધનુષ્ય ને એક હાથનું કહ્યું તે જ ચોથી પૃથ્વીના પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ દેહમાન જાણવું. ત્યારપછી પ્રસ્તટે પ્રસ્તટે પાંચ ધનુષ્ય ને વીશ અંગુળની વૃદ્ધિ યાવત્ સાતમા પ્રસ્તટ સુધી કરવી; તેમ કરતાં આ પ્રમાણે આવે-બીજે પ્રસ્તટે છત્રીશ ધનુષ્ય, એક હાથ ને વીશ અંગુળ, ત્રીજે પ્રસ્તટે ૪૧ ધનુષ્ય, બે હાથ ને ૧૬ અંગુળ, ચોથે પ્રસ્તટે ૪૬ ધનુષ્ય, ત્રણ હાથ ને બાર અંગુળ, પાંચમે પ્રસ્તટે ૫૨ ધનુષ્ય ને આઠ અંગુળ, છઠ્ઠે પ્રસ્તટે ૫૭ ધનુષ્ય, એક હાથ ને ચાર અંગુળ, સાતમે પ્રસ્તટે યથોક્ત વૃદ્ધિ કરતાં જે આવે તે સાક્ષાત્ ગાથા-વડે જ કહે છે કે-સાતમે પ્રતરે નારકી જીવોનું ભવધારણીય ઉત્કૃષ્ટ શરીરમાન બાસઠ ધનુષ્ય ને બે હાથનું જાણવું. ૨૭૩-૭૪

હવે પાંચમી ધૂમપ્રભા પૃથ્વી માટે કહે છે:—

**सो चेव पंचमीए, पढमे पयरम्मि होइ उस्सेहो ।**
**पनरस धणूणि दो हत्थ, सड्ढ पयरे य वुड्ढी अ ॥२७५॥**

**ટીકાર્થ**:—જે પંકપ્રભામાં ઉત્કૃષ્ટ ભવધારણીય શરીરનું માન ૬૨ ધનુષ્ય ને બે હાથનું કહ્યું છે તે પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રસ્તટે ઉત્કૃષ્ટ દેહમાન સમજવું. ત્યારપછીના દરેક પ્રતરમાં ૧૬ ધનુષ્ય ને અઢી હાથની વૃદ્ધિ કરવી. તે આ પ્રમાણે-બીજે પ્રસ્તટે ૭૮ ધનુષ્ય ને અર્ધ હાથ ( એક વેંત )નું, ત્રીજે પ્રસ્તટે ૯૩ ધનુષ્ય ને ત્રણ હાથનું, ચોથે પ્રસ્તટે ૧૦૯ ધનુષ્ય ને દોઢ હાથનું, પાંચમે પ્રસ્તટે યથોક્ત વૃદ્ધિવડે કેટલું ઉત્કૃષ્ટ દેહમાન આવે તે અર્ધ ગાથાવડે કહે છે.

**तह पंचमए पयरे, उस्सेहो धणुसयं तु पणवीसं ।**

**અર્થ**:—પાંચમે પ્રસ્તટે ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર ૧૨૫ ધનુષ્યનું સમજવું.

હવે છઠ્ઠી નરક પૃથ્વીનું ઉત્કૃષ્ટ દેહમાન કહે છે.

**सो चेव य छट्ठीए, पढमे पयरम्मि होइ उस्सेहो ॥२७६॥**

**बासट्ठिधणुहसड्ढा, पयरे पयरे य होइ वुड्ढी अ ।**
**छट्ठीए तइयपयरे, दो सय पन्नासया हुंति ॥ २७७ ॥**

**ટીકાર્થ:**—જે પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ભવધારણીય શરીરનું માન ૧૨૫ ધનુષ્યનું કહ્યું છે તે છઠ્ઠી તમ:પ્રભા પૃથ્વીના પ્રથમ પ્રતરે ઉત્કૃષ્ટ દેહમાન સમજવું. ત્યારપછી પ્રતરે પ્રતરે ૬૨ાા ધનુષ્યની વૃદ્ધિ કરવી. એટલે બીજે પ્રતરે ૧૮૭ાા ધનુષ્યનું દેહમાન સમજવું અને ત્રીજા પ્રતરે અઢીસો ધનુષ્યનું સમજવું, એ ગાથામાં જ કહ્યું છે. ૨૭૬–૭૭

હવે સાતમી નરક પૃથ્વી માટે કહે છે:—

**सत्तमियाए पयरे, उस्सेहो धणुसयाइं पंचेव ।**
**भवधारणीज्ज एसा, उक्कोसा होइ नायव्वा ॥ २७८ ॥**

**ટીકાર્થ:**—સાતમી નરક પૃથ્વીમાં એક જ પ્રતર છે. તેમાં ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર પાંચસો ધનુષ્ય પ્રમાણ સમજવું. આ પ્રમાણે પ્રતિપૃથ્વીએ પ્રતિપ્રસ્તટે ઉત્કૃષ્ટ ભવધારણીય શરીરનું માન સમજવું. ૨૭૮

**સાતે પૃથ્વીના દેહમાનના યંત્ર. ( ૨૩ )**

| ૧ રત્નપ્રભાના દેહમાનનું યંત્ર | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ધનુષ | ૦ | ૧ | ૧ | ૨ | ૩ | ૩ | ૪ | ૪ | ૫ | ૬ | ૬ | ૭ | ૭ |
| હસ્ત | ૩ | ૧ | ૩ | ૨ | ૦ | ૨ | ૧ | ૩ | ૧ | ૦ | ૨ | ૦ | ૩ |
| અંગુળ | ૦ | ૮ા | ૧૭ | ૧ા | ૧૦ | ૧૮ા | ૩ | ૧૧ા | ૨૦ | ૪ા | ૧૩ | ૨૧ા | ૬ |

| ૨ શર્કરાપ્રભાના દેહમાનનું યંત્ર | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ધનુષ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ | ૧૫ |
| હસ્ત | ૩ | ૨ | ૧ | ૦ | ૩ | ૨ | ૨ | ૧ | ૦ | ૩ | ૨ |
| અંગુળ | ૬ | ૯ | ૧૨ | ૧૫ | ૧૮ | ૨૧ | ૦ | ૩ | ૬ | ૯ | ૧૨ |

| ૩ વાલુકાપ્રભાનું દેહમાન | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ધનુષ | ૧૫ | ૧૭ | ૧૯ | ૨૧ | ૨૩ | ૨૫ | ૨૭ | ૨૯ | ૩૧ |
| હાથ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| અંગુળ | ૧૨ | ૭ા | ૩ | ૨૨ા | ૧૮ | ૧૩ા | ૯ | ૪ા | ૦ |

| ૪ પંકપ્રભાનું દેહમાન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ધનુષ | ૩૧ | ૩૬ | ૪૧ | ૪૬ | ૫૨ | ૫૭ | ૬૨ |
| હાથ | ૧ | ૧ | ૨ | ૩ | ૦ | ૧ | ૨ |
| અંગુલ | ૦ | ૨૦ | ૧૬ | ૧૨ | ૮ | ૪ | ૦ |

| ૫ ધૂમપ્રભાનું દેહમાન | | | | | | ૬ તમ:પ્રભાનું દેહમાન | | | | તમસ્તમપ્રભાનું | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | પ્રતર | ૧ | ૨ | ૩ | પ્રતર | ૧ |
| ધનુષ | ૬૨ | ૭૮ | ૯૩ | ૧૦૯ | ૧૨૫ | ધનુષ | ૧૨૫ | ૧૮૭ | ૨૫૦ | ધનુષ | ૫૦૦ |
| હાથ | ૨ | ૦ | ૩ | ૧ | ૦ | હાથ | ૦ | ૨ | ૦ | હાથ | ૦ |
| અંગુળ | ૦ | ૧૨ | ૦ | ૧૨ | ૦ | અંગુલ | ૦ | ૦ | ૦ | અંગુલ | ૦ |

હવે દરેક પૃથ્વીએ ઉત્કૃષ્ટ ઉત્તરવૈક્રિય શરીરનું પ્રમાણ કહે છે:—

**जा जम्मि होइ भवधारणिज्ज ओगाहणा य नरएसु ।**
**सा दुगुणा बोधव्वा, उत्तरवेउव्वि उक्कोसा ॥ २७९ ॥**

**ટીકાર્થ:**—સાત નરક પૃથિવીને વિષે જે નરક પૃથ્વીમાં જેટલી ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના કહી છે તેને બમણી કરવાથી જે પરિમાણ આવે તેટલી તે નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જાણવી. તે આ પ્રમાણે–રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ઉત્તરવૈક્રિય પંદર ધનુષ્ય, બે હાથ ને ૧૨ અંગુળનું, શર્કરાપ્રભામાં ૩૧ ધનુષ્ય ને એક હાથનું, વાલુકાપ્રભામાં ૬૨ ધનુષ્ય ને બે હાથનું, પંકપ્રભામાં ૧૨૫ ધનુષ્યનું, ધૂમપ્રભામાં ૨૫૦ ધનુષ્યનું, તમ:પ્રભામાં ૫૦૦ ધનુષ્યનું અને તમસ્તમપ્રભામાં એક હજાર ધનુષ્યનું જાણવું. ૨૭૯

હવે ભવધારણીય ને ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના કહે છે:—

**भवधारणिज्ज रूवा, उत्तरवेउव्विआ य नरएसु ।**
**ओगाहणा जहन्ना, अंगुल अस्संख संखे उ ॥ २८० ॥**

**ટીકાર્થ:**—સર્વ નરકપૃથિવીને વિષે નારકી જીવોની ભવધારણીય શરીરની જઘન્ય અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની કહી છે તે ઉત્પત્તિ સમયે જાણવી અને ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના અંગુળના સંખ્યાતમા ભાગની કહી છે તે પણ આરંભકાળે સમજવી. કેવળ તે પ્રથમ સમયે પણ તથાવિધ પ્રયત્ન છતાં અંગુળના સંખ્યેય ભાગની જ હોય છે. શ્રી અનુયોગદ્વારસૂત્રના મૂળ ટીકાકાર શ્રીહરિભદ્રસૂરિ પણ એ જ પ્રમાણે કહે છે. ૨૮૦

નારકીને આશ્રયીને અવગાહના દ્વાર કહ્યું, હવે તેમનો જ ઉપપાતવિરહકાળ અને ઉદ્વર્તનાવિરહકાળ ઉત્કૃષ્ટ ને જઘન્ય તથા ઉપપાત ને ઉદ્વર્તનાની એક સમયની સંખ્યા બે ગાથાવડે કહે છેઃ—

**चउवीसयं मुहुत्ता, सत्त अहोरत्त तह य पन्नरस ।**
**मासो अ दो अ चउरो, छम्मासा विरहकालो उ ॥२८१॥**

**उक्कोसो रयणाइसु, सव्वासु जहन्नओ भवे समओ ।**
**एमेव य उव्वट्टण, संखा पुण सुरवरू तुल्ला ॥ २८२ ॥**

**ટીકાર્થ**:—અહીં નરકને વિષે નારકો પ્રાયે સતત ઉત્પન્ન થાય છે, કેવળ કદાચિત્ જ અંતર પડે છે. તે અંતર જઘન્ય સર્વ પૃથિવીમાં પ્રત્યેકે એક સમયનું હોય છે. ઉત્કૃષ્ટ રત્નપ્રભા પૃથિવીમાં ૨૪ મુહૂર્ત્તનું, શર્કરાપ્રભામાં સાત અહોરાત્રનું, વાલુકાપ્રભામાં પંદર અહોરાત્રનું, પંકપ્રભામાં એક માસનું, ધૂમપ્રભામાં બે માસનું, તમઃપ્રભામાં ચાર માસનું અને તમસ્તમપ્રભામાં છ માસનું જાણવું, એ ઉપપાતવિરહકાળ કહ્યો. તે જ પ્રમાણે ઉદ્વર્તના(ચ્યવન)વિરહકાળ પણ જાણવો. અર્થાત્ જઘન્ય એક સમયનો અને ઉત્કૃષ્ટ રત્નપ્રભામાં ૨૪ મુહૂર્ત્ત, શર્કરાપ્રભામાં ૭ અહોરાત્ર, વાલુકાપ્રભામાં ૧૫ અહોરાત્ર, પંકપ્રભામાં ૧ માસ, ધૂમપ્રભામાં બે માસ, તમઃપ્રભામાં ૪ માસ અને તમસ્તમપ્રભામાં છ માસ જાણવો.

ઉપપાત ઉદ્વર્તનાની સંખ્યા એક સમયની દેવ પ્રમાણે જાણવી. તે આ પ્રમાણે—જઘન્યપદે એક સમયે નારકો એક, બે અને ઉત્કૃષ્ટ પદે સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉપજે. ઉદ્વર્તના પણ તે જ પ્રમાણે જાણવી. ૨૮૧–૨

એ પ્રમાણે ઉપપાત ને ઉદ્વર્તનાનો વિરહકાળ અને સંખ્યા કહી, હવે કયા જીવો મરણ પામીને નરકમાં ઉત્પન્ન થાય તદ્રૂપ ગતિદ્વાર કહે છેઃ—

**नरतिरिय संखजीवी, नरए गच्छंति के वि पंचिंदि ।**
**अइकूरज्झवसाया, अहो अहो जाव सत्तमिया ॥ २८३ ॥**

**ટીકાર્થ**:—મનુષ્યો અને તિર્યંચો સંખ્યાત આયુષ્યવાળા—આમ કહેવાથી અસંખ્યાત વર્ષના આયુવાળા ( યુગલિક )ને વર્જ્યા, કેમકે તેમના અતિક્રૂર અધ્યવસાય ન હોવાથી તેઓને નરકયોગ્ય કર્મબંધનો અભાવ છે. હવે

શિષ્ય પૂછે છે કે–ઉપર કહ્યા તે સર્વે શું નરકમાં જાય છે? ઉત્તરમાં કહે છે કે–ના, પંચેંદ્રિયો–આમ કહેવાથી એકેંદ્રિયાદિ તિર્યંચનો વ્યવચ્છેદ કર્યો. જે પંચેંદ્રિયો તે પણ મનુષ્ય ને તિર્યંચો ( દેવ–નારકી નહીં ), તે પણ બધા નહીં, જેમનું અતિ ક્રૂર રૌદ્રધ્યાનોપગત અધ્યવસાય–ચિત્ત હોય તે. આમ કહેવાથી નરકગતિગમનના હેતુમાં મનોયોગની પ્રાધાન્યતા જણાવી. અન્યથા મહારંભાદિ યુક્ત પણ નરકે જાય છે. આ સંબંધમાં શ્રીસ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે–' ચાર કારણે જીવો નરકમાં જાય છે. તે આ પ્રમાણે–મહાઆરંભથી, મહાપરિગ્રહથી, માંસના આહારથી અને પંચેંદ્રિયના વધથી. ' એવા જીવો નરકે જાય છે. તેમાં પણ તીવ્ર, અતિતીવ્ર, તીવ્રતર, તીવ્રતમ અધ્યવસાયવાળા નીચે નીચે નરકમાં જાય છે. યાવત્ અતિતીવ્રતમ અધ્યવસાયવાળા સાતમી નરકે જાય છે. ૨૮૩

આ પ્રમાણે સામાન્યે જે જીવો નરકે જાય છે તે કહ્યા, હવે નરકના–રત્નપ્રભાદિકના ભેદને લઇને જે જ્યાં ઉપજે છે તે વિશેષથી કહે છેઃ—

**अस्सन्नी खलु पढमं, दुच्चं च सरीसवा तइय पक्खी ।**
**सिंहा जंति चउत्थिं, उरगा पुण पंचमिं पुढविं ॥२८४॥**

**छट्ठिं च इत्थिआओ, मच्छा मणुया य सत्तमिं पुढविं ।**
**एसो परमुववाओ, बोधव्वो नरयपुढवीसु ॥ २८५ ॥**

**ટીકાર્થ**:—અસંજ્ઞી–સંમૂર્છિમ ( તિર્યંચ ) પંચેંદ્રિય પહેલી નરક પૃથ્વીમાં જાય છે. અહીં ખલુ શબ્દ ગાથામાં છે તે અવધારણાર્થે છે અર્થાત્ સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય પહેલી નરકમાં જ જાય છે, તેથી આગળ ઉત્પન્ન થતા નથી. હવે તે જીવો જ પહેલી નરકમાં જાય છે એમ નહીં પણ ગર્ભજ ભુજપરિસર્પાદિ જેઓ ત્યારપછીની છ નરકમાં જાય છે તેઓ પણ અહીં જાય છે. આ પ્રમાણે હવે પછી માટે પણ ભાવના કરવી. બીજી નરકપૃથ્વી સુધી ગર્ભજ ઘો, નોળીયા વિગેરે ભુજપરિસર્પો જાય છે, તેથી આગળ જતા નથી. ત્રીજી નરકપૃથ્વી સુધી ગીધ પ્રમુખ ગર્ભજ પક્ષીઓ જાય છે, તેથી આગળ જતા નથી. ચોથી નરક પૃથ્વી સુધી ગર્ભજ સિંહ વિગેરે ચતુષ્પદો જાય છે, તેથી આગળ જતા નથી. પાંચમી નરકપૃથ્વી સુધી ગર્ભજ સર્પાદિ ( ઉરપરિસર્પ ) જાય છે, તેથી આગળ જતા નથી. છઠ્ઠી નરકપૃથ્વી સુધી મહારંભાદિ યુક્ત સ્ત્રીરત્નાદિ સ્ત્રીઓ જાય છે, તેથી આગળ જતી નથી. સાતમી નરકપૃથ્વી સુધી ગર્ભજ મત્સ્યાદિ જળ-

ચરો અને મનુષ્યો અતિ ક્રૂર અધ્યવસાયવાળા–મહાપાપના કરનારા જાય છે. આ પ્રમાણે ઘર્માદિ પૃથ્વીમાં જીવવિશેષને અનુસરીને તેની ઉત્કૃષ્ટ ગતિ કહી. જઘન્ય અને મધ્યમથી તો જીવોની તે કરતાં અન્યથા પણ ગતિ સમજવી. જઘન્યથી સર્વે જીવો રત્નપ્રભાના પ્રથમ પ્રસ્તટે ઉપજે અને મધ્યમથી તેની આગળ અને પોતપોતાની ઉત્કૃષ્ટ ગતિ કહી છે તેથી અર્વાક્ ઉત્પન્ન થાય. ૨૮૪-૮૫

હવે કેટલાક તિર્યગ્યોનિવાળા માટે બાહુલ્યકૃત વિશેષ કહે છે:—

**वालेसु अ दाढीसु अ, पक्खीसु अ जलयरेसु उववन्ना ।**
**संखिज्जाउठिईआ, पुणोवि नरयाउआ हुंति ॥ २८६ ॥**

**ટીકાર્થ:**—નરકમાંથી નીકળીને વ્યાલ એટલે સર્પાદિકને વિષે, દાઢવાળા સિંહ, વ્યાઘ્રાદિને વિષે, પક્ષી ગીધ વિગેરેને વિષે, જળચરમાં મત્સ્યાદિને વિષે–તેમાં પણ સંખ્યાતા આયુવાળાપણે ઉત્પન્ન થઇને ફરીને પણ ક્રૂર અધ્યવસાયના વશથી પંચેંદ્રિય જીવોનો વધ વિગેરે કરીને નરકનું આયુષ્ય બાંધે છે. આ હકીકત બહોળતાએ સમજવી. અન્યથા તો કેટલાક જીવો નરકમાંથી નીકળીને સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ કરી સદ્ગતિને પણ પામે છે. ૨૮૬

હવે કયા સંહનનવાળા ઉત્કૃષ્ટ કયાં સુધી જઇ શકે છે તે નિરૂપણ કરે છે:—

**छेवट्ठेण उ गम्मइ, पुढवीओ रयणसक्कराभाओ ।**
**इक्किक्कपुढविवुढ्ढी, संघयणे कीलियाईए ॥ २८७ ॥**

**ટીકાર્થ:**—સેવાર્ત સંહનના બળથી જીવ ઉત્કૃષ્ટ રત્નપ્રભા ને શર્કરાપ્રભા સુધી જાય છે, તેની ઉપર જતો નથી. ત્યારપછી કીલિકાદિ સંઘયણમાં એકેક પૃથ્વીની વૃદ્ધિ કરવી. તે આ પ્રમાણે–કીલિકા સંઘયણથી ઉત્કૃષ્ટ ત્રીજી પૃથ્વી સુધી, અર્ધનારાચ સંઘયણથી ચોથી પૃથ્વી સુધી, નારાચસંઘયણથી પાંચમી પૃથ્વી સુધી, ઋષભનારાચથી છઠ્ઠી પૃથ્વી સુધી અને વજ્રઋષભનારાચથી સાતમી પૃથ્વી સુધી જાય છે. આ હકીકત ઉત્કૃષ્ટ માટે સમજવી. જઘન્યથી તો સર્વ સંઘયણવડે અધ્યવસાયના મંદાનુભાવથી રત્નપ્રભાના પહેલા પ્રસ્તટે પણ ઉપજે છે. મધ્યમ અધ્યવસાયથી જઘન્યથી આગળ અને ઉત્કૃષ્ટ ઉપપાતથી અર્વાક્ ઉત્પન્ન થાય છે. ૨૮૭

હવે પ્રસંગથી ઘર્માદિ પૃથ્વીમાં નારકોની લેશ્યા કહે છે:—

**काऊ नीला किण्हा, लेसाओ तिन्नि हुंति नरयेसु ।**
**तइयाए काउ नीला, किण्हा नीला य रिट्ठाए ॥२८८॥**

**ટીકાર્થ:**—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા ને કાપોતલેશ્યા-એ ત્રણ લેશ્યા નરકમાં હોય છે. તેમાં પ્રથમ ઘર્મા નરકમાં કાપોતલેશ્યા, બીજીમાં પણ કાપોતલેશ્યા, પરંતુ તે ક્લિષ્ટતર જાણવી. ત્રીજી પૃથ્વીમાં કાપોતલેશ્યા ને નીલલેશ્યા હોય છે. કેટલાક ઉપરના પ્રસ્તટમાં કાપોતલેશ્યા હોય છે પણ તે બીજી નરકપૃથ્વી કરતાં અતિ સંક્લિષ્ટતર જાણવી અને તેના નીચેના પ્રતરોમાં નીલલેશ્યા જાણવી. ત્યારપછી ચોથી અંજના પૃથ્વીમાં કેવળ નીલલેશ્યા જાણવી, પરંતુ તે પૂર્વની નીલલેશ્યા કરતાં અવિશુદ્ધતર જાણવી. પાંચમી રિષ્ટાપૃથ્વીમાં નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા જાણવી. એટલે કેટલાક ઉપરના પ્રસ્તટમાં નીલલેશ્યા જાણવી પણ તે અતિ સંક્લિષ્ટતર જાણવી, અધસ્તન પ્રસ્તટોમાં કૃષ્ણ લેશ્યા જાણવી. છઠ્ઠી મઘાપૃથ્વીમાં કેવળ કૃષ્ણલેશ્યા જાણવી. પણ તે પાંચમી પૃથ્વીની કૃષ્ણલેશ્યા કરતાં અવિશુદ્ધતર સમજવી. સાતમી માઘવતી પૃથ્વીમાં અતિ સંક્લિષ્ટતમ કૃષ્ણલેશ્યા જાણવી. શ્રી ભગવતીસૂત્રમાં આ પ્રમાણે જ કહેલ છે. ( તેમાં કાંઈ વિશેષ નં હોવાથી તે ગાથા અમે અહીં લખી નથી ). ૨૮૮

આ જ હકીકતને સ્પષ્ટ કરતા સતા કહે છે:—

**काऊ काऊ तह काऊ, नील नीला य नीलकिण्हा य ।**
**किण्हा किण्हा य तहा, सत्तसु पुढवीसु लेसाओ ॥२८९॥**

**ટીકાર્થ:**—આ ગાથાનું વ્યાખ્યાન ઉપર કરી ગયેલ હોવાથી અહીં ફરીને કરવામાં આવતું નથી.

અહીં કેટલાક કહે છે કે-“ આ નારકીઓની અને પૂર્વે કહી ગયેલ દેવોની બાહ્યવર્ણરૂપ જ દ્રવ્યલેશ્યા જાણવી, અન્યથા નીચે સાતમી નરકપૃથ્વી વાસી નારકી જીવોને સમ્યગ્દર્શનની અવાપ્તિ જે ગ્રંથાન્તરમાં કહેલી છે તે યુક્તિયુક્ત નહીં કહેવાય, કેમકે ઉપરની તેજોલેશ્યા વિગેરે ત્રણ લેશ્યામાં જ સમકિતની પ્રાપ્તિ થાય છે, પ્રથમની ત્રણ લેશ્યામાં થતી નથી. શ્રી આવશ્યકસૂત્રમાં કહ્યું છે કે-‘ પ્રતિપદ્યમાન સમકિત ત્રણ ઉરિમ લેશ્યામાં જ હોય, પૂર્વપ્રતિપન્ન અન્ય લેશ્યામાં પણ હોય. ’ ઉપલી તેજોલેશ્યા વિગેરે ત્રણ લેશ્યા સાતમી નરકપૃથ્વીના નારકીઓને હોતી નથી તેઓને તો કૃષ્ણલેશ્યા જ કહેલી છે. તેમ જ

સૌધર્મદેવલોકમાં કેવળ તેજોલેશ્યા જ પૂર્વે કહેલી છે, છતાં ભુવનગુરૂ-તીર્થંકર શ્રી વીરપરમાત્માને અત્યંત ઉપસર્ગ કરનાર સંગમકાદિકને તે લેશ્યા ઘટશે નહીં, કેમકે તેજોલેશ્યાનો સદ્ભાવ સતે પ્રશસ્ત પરિણામની ઉપપત્તિ થતી હોવાથી ભુવનગુરૂ-તીર્થંકરને ઉપસર્ગ કરવાપણું ઘટી શકશે નહીં. અન્યત્ર પ્રદેશાન્તરમાં એમ કહ્યું છે કે-' દેવો અને નારકીઓને આ ( ઉપર કહી તે ) દ્રવ્યલેશ્યા હોય છે અને ભાવના પરાવર્તનપણાથી દેવો અને નારકીઓને છએ લેશ્યા હોય છે.' તેથી ઉપરની ગાથામાં જે લેશ્યા સંબંધી નિયમ કહેલો છે તેને વિરોધ આવશે, માટે નારકીઓને અને પૂર્વે કહી ગયા પ્રમાણે દેવોને બાહ્યવર્ણરૂપ દ્રવ્યલેશ્યા જ સ્વીકારવી. " આ બધું જે કહ્યું છે તે સર્વ અયુક્ત છે. તેમણે પ્રથમ જે સાતમી નરકપૃથ્વીવાસી નારકોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કહી છે વિગેરે કહ્યું છે તે તેમને આગમોનું અપરિજ્ઞાન સૂચવે છે. જે કારણ માટે શ્રી પ્રજ્ઞાપના વિગેરે આગમોમાં કહ્યું છે કે—

**से नूणं भंते ! किण्हलेसा निललेसं पप्प नो तारूवत्ताए नो तावन्नत्ताए नो तागंधत्ताए नो तारसत्ताए नो ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ ? हंता गोयमा ! किण्हलेसा नीललेसं पप्प नो तारूवत्ताए नो तावन्नत्ताए नो तागंधत्ताए नो तारसत्ताए नो ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ। से केणट्ठेणं भंते ! एवं वुच्चई किण्हलेसा नीललेसं पप्प नो तारूवत्ताए जाव परिणमेइ? गोयमा ! आगारभावमायाए वा से सिया पलिभागमायाए वा से सिया किण्हलेसाणं सा नो खलु नीललेसं तत्थगया उस्सक्कइ। से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ किण्हा लेसा नीललेसं पप्प नो तारूवत्ताए जाव परिणमइत्ति।**

આ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે-**से** શબ્દ **अथ** શબ્દના અર્થમાં છે, અને તે પ્રશ્નને માટે લખ્યો છે. તથા ભદંત શબ્દ શ્રી વર્ધમાનસ્વામીના સંબોધનમાં છે, તેથી આ પ્રમાણે અર્થ કરવો-" હે ભગવન્ ! આ પ્રમાણે નિશ્ચયે છે કે કૃષ્ણલેશ્યાના દ્રવ્યો નીલલેશ્યાના દ્રવ્યને પામીને તે રૂપપણાએ એટલે નીલલેશ્યાના દ્રવ્યનું જે રૂપ છે તે રૂપપણાએ નથી પરિણમતા ? તથા તેના વર્ણપણાએ એટલે નીલલેશ્યાના દ્રવ્યનો જે વર્ણ છે તે વર્ણપણાએ નથી પરિણમતા ? તથા તેના ગંધપણાએ એટલે નીલલેશ્યાના દ્રવ્યનો જે ગંધ છે તે ગંધપણાએ નથી પરિણમતા ? તથા તેના રસપણાએ એટલે નીલલેશ્યાના દ્રવ્યનો જે રસ છે તે રસપણાએ નથી પરિણમતા ? તથા તેના

સ્પર્શપણાએ એટલે નીલલેશ્યાના દ્રવ્યનો જે સ્પર્શ છે તે સ્પર્શપણાએ વારંવાર નથી પરિણમતા ? આનો ભાવાર્થ એ છે કે-નીલલેશ્યાના દ્રવ્યોના જે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે તેની સાથે કૃષ્ણલેશ્યાના દ્રવ્યોનો સંબંધ થયા છતાં પણ કૃષ્ણલેશ્યાના દ્રવ્યો તેપણે-નીલલેશ્યાના વર્ણાદિપણે નથી પરિણામ પામતા ?" આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે-" હે ગૌતમ ! તેમ જ છે. એટલે કે નીલલેશ્યાના દ્રવ્યનો સંબંધ થયા છતાં પણ કૃષ્ણલેશ્યાના દ્રવ્યો નીલલેશ્યાના દ્રવ્યોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપણે પરિણામ પામતા નથી." તે સાંભળી તે રૂપપણે નહીં પારણમવાનું કારણ જાણવાની ઈચ્છાથી ગૌતમસ્વામી ફરી પ્રશ્ન કરે છે કે-" હે ભગવાન ! તેરૂપે નહીં પરિણમવાનું શું કારણ ?" તેનો જવાબ ભગવાન આપે છે કે-" **आगारभावमायाए-आकारभावमात्रया** " આકાર એવો ભાવ તે આકારભાવ; જે આકારભાવ તે જ આકારભાવમાત્રા, અહીં માત્રા શબ્દનો અર્થ નિશ્ચયવાળો છે, તેથી આકારભાવ વિનાના પ્રતિબિંબ વિગેરે બીજા ધર્મ( ભાવ )નો નિષેધ થાય છે. આનો અર્થ એ છે કે- માત્ર આકારપણાએ કરીને જ આ કૃષ્ણલેશ્યા નીલલેશ્યારૂપ ( નીલલેશ્યા જેવી ) થાય છે. ( બને છે ) આ કૃષ્ણલેશ્યા સાક્ષાત્ નીલલેશ્યાના સ્વરૂપને પામતી નથી. અથવા તો **प्रतिभागमात्रया**-પ્રતિરૂપ ( સરખો ) એવો ભાગ તે પ્રતિભાગ એટલે પ્રતિબિંબ, જે પ્રતિભાગ તે જ પ્રતિભાગમાત્રા. અહીં પણ નિશ્ચયના અર્થવાળો માત્રા શબ્દ છે, તેથી પ્રતિભાગ ( પ્રતિબિંબ ) વિનાના સાક્ષાત્ તે જ સ્વરૂપની પ્રાપ્તિરૂપ બીજા ધર્મનો નિષેધ થાય છે. આનો અર્થ આ પ્રમાણે છે-આ કૃષ્ણલેશ્યા માત્ર પ્રતિબિંબપણાએ કરીને જ નીલલેશ્યારૂપ (નીલલેશ્યા જેવી ) થાય છે; પરંતુ સાક્ષાત્ તેના સ્વરૂપને પામતી નથી. આ બન્નેનો ભાવાર્થ આ પ્રમાણે છે-જેમ વૈડૂર્યવિગેરે મણિને વિષે કાળો દોરો, નીલ દોરો, રાતો દોરો, પીળો દોરો કે ધોળો દોરો પરોવીએ, તો તે તે કૃષ્ણાદિ રંગના દોરાના સંબંધથી વૈડૂર્યાદિક મણિનો માત્ર આકાર જ અસ્પષ્ટપણે કાંઈક તે તે રંગ જેવો થાય છે. અથવા તો સ્ફટિકમણિની પાસે જપાપુષ્પાદિક મૂકવાથી તે ( સ્ફટિકમણિ ) માં સ્પષ્ટ રીતે તે પુષ્પનું માત્ર પ્રતિબિંબ જ પડશે. પરંતુ પુષ્પના સ્વરૂપને તે સ્ફટિકમણિ પામશે નહીં. એટલે કે પહેલા ઉદાહરણમાં વૈડૂર્યમણિનો રંગ બદલાતો નથી અને બીજા ઉદાહરણમાં સ્ફટિકમણિ જપાપુષ્પના સ્વરૂપને પામતો નથી. બન્ને દૃષ્ટાંતમાં તદ્રૂપપણાની પ્રાપ્તિ થતી નથી. તે જ પ્રમાણે અહીં પણ કૃષ્ણલેશ્યાના દ્રવ્યોનો સમૂહ નીલલેશ્યાના દ્રવ્યોના સમૂહને પામીને કોઇક વખત અસ્પષ્ટપણે માત્ર તેના ( નીલલેશ્યાના ) આકારપણાને જ પામે છે અને કોઈ વખત સ્પષ્ટ રીતે

માત્ર પ્રતિબિંબપણાને જ પામે છે, પરંતુ તે કૃષ્ણલેશ્યાના દ્રવ્યો સર્વથા પ્રકારે નીલલેશ્યાના દ્રવ્યપણાને પામતા નથી. તે વિષે કહ્યું છે કે–"**किण्हलेसा णं सा नो खलु नीललेसा** " ( તે કૃષ્ણલેશ્યા જ છે પણ નીલલેશ્યા નથી ) તે ( કૃષ્ણ-લેશ્યા ) સ્વરૂપથી તો કૃષ્ણલેશ્યાજ છે. જેમ વૈડૂર્યાદિક મણિ કાળા વિગેરે દોરાનો સંબંધ છતાં પણ વૈડૂર્યાદિક મણિ જ છે. અથવા તો જેમ સ્ફટિકમણિ જપાપુષ્પા-દિકનું સમીપપણું છતાં પણ સ્ફટિકમણિ જ છે. ( તે બન્ને સ્વરૂપથી બદલાતા નથી ) તે જ પ્રમાણે કૃષ્ણલેશ્યા તે કૃષ્ણલેશ્યા જ છે, પરંતુ તે નીલલેશ્યા નથી જ. માત્ર તે કૃષ્ણલેશ્યા પોતાના સ્વરૂપમાં રહી છતી જ નીલલેશ્યાદિકને પામીને કેવળ તેના આકારપણાને અથવા તો પ્રતિબિંબપણાને પામે છે; પરંતુ તેના ( નીલ-લેશ્યાના ) સ્વરૂપને પામતી નથી.

તથા–" હે ભગવન્ ! નિશ્ચે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તે રૂપ-પણાને નથી પામતી?" વિગેરે સૂત્ર પણ તેજ પ્રમાણે જાણવું. તેમાં વિશેષ આ પ્રમાણે.–તે નીલલેશ્યા પોતાના સ્વરૂપમાં રહી સતી ' **उत्ष्वष्कते** ' એટલે કાપો-તલેશ્યાની જેવા આકારપણાને જ માત્ર પામે છે, અથવા માત્ર પ્રતિબિંબને જ પામે છે, પરંતુ તે નીલલેશ્યા કાપોતલેશ્યાના સ્વરૂપને પામતી નથી. તથા તે જ નીલલેશ્યા કૃષ્ણલેશ્યાને પામીને '**अवष्वष्कते**' એટલે કૃષ્ણલેશ્યાસંબંધી માત્ર આકારપણાને જ અથવા માત્ર પ્રતિબિંબપણાને જ પામે છે. પરંતુ તદ્રૂપપણાને પામતી નથી. અહીં નીલલેશ્યાથી કૃષ્ણલેશ્યા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શે કરીને અતિ નિકૃષ્ટ ( અધમ ) છે, તેથી તેના આકારપણાને અથવા પ્રતિબિંબપણાને પામે તે અવષ્વષ્ક કહેવાય છે.

તથા—" હે ભગવન્ ! કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તથા તેજો-લેશ્યા પદ્મલેશ્યાને પામીને, તથા પદ્મલેશ્યા શુકલલેશ્યાને પામીને " ઈત્યાદિક સૂત્રના આલાવા ભાવાર્થથી પૂર્વની જેમ જાણવા. વળી જેમ કૃષ્ણલેશ્યાનો નીલલેશ્યા પ્રત્યે આલાવો કહ્યો છે તેમ જ કાપોતલેશ્યા પ્રત્યે પણ જાણવો. તથા કૃષ્ણલેશ્યાના તેજોલેશ્યા વિગેરે પ્રત્યે આલાવા જે છે, તે અહીં પ્રકૃતમાં ઉપયોગી છે તેથી તે દેખાડે છે.—" હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા તેજોલેશ્યાને પામીને શું તે રૂપપણાએ કરીને પરિણામ નથી પામતી ? તે વર્ણપણાએ કરીને પરિણામ નથી પામતી ? તે ગંધપણાએ કરીને પરિણામ નથી પામતી ? તે રસપણાએ પરિણામ નથી પામતી ? તથા તે સ્પર્શપણાએ પરિણામ નથી પામતી ?" ભગવાન કહે છે કે—" હે ગૌતમ ! એમ જ છે. કૃષ્ણલેશ્યા તેજો-લેશ્યાને પામીને તે રૂપપણાએ કરીને પરિણમતી નથી. ઈત્યાદિ. " ફરી

ગૌતમસ્વામી પૂછે છે કે—" હે ભગવન્ ! તે કયા અર્થે કરીને–હેતુવડે કરીને એમ કહો છો કે કૃષ્ણલેશ્યા તેજોલેશ્યાને પામીને તે રૂપપણે નથી પરિણમતી ? ઇત્યાદિ. " ભગવાન ઉત્તર આપે છે કે—" હે ગૌતમ ! આકારભાવ માત્રને જ અથવા પ્રતિબિંબભાવ માત્રને જ પામે છે પરંતુ કૃષ્ણલેશ્યા તે કૃષ્ણલેશ્યા જ છે, તે તેજોલેશ્યારૂપ થતી નથી. માત્ર તે ત્યાં રહી છતી ઉત્કર્ષને કે અપકર્ષને પામે છે." આ જ પ્રમાણે કૃષ્ણલેશ્યાના પદ્મલેશ્યા પ્રત્યે અને શુકલલેશ્યા પ્રત્યે આલાવા કહેવા. તેથી કરીને જ્યારે સાતમી નરકપૃથ્વીમાં પણ કૃષ્ણલેશ્યા છે તે તેજોલેશ્યાના દ્રવ્યને પામીને માત્ર તેના આકારપણાએ કરીને સહિત થાય છે, અથવા માત્ર તેના પ્રતિબિંબે કરીને સહિત થાય છે ત્યારે કૃષ્ણ દોરા વિગેરે દ્રવ્યનું સમીપપણું થવાથી ઉપધાનથી ઉપરક્ત ( રંગાયેલા) સ્ફટિકનો જેમ અન્ય આકાર થઈ જાય છે તેમ સાક્ષાત્ ઉંચી હદવાળી તેજોલેશ્યાના દ્રવ્યના સમીપપણાથી જીવનો શુભ પરિણામ થાય છે, તેથી કરીને તથાપ્રકારની શુભ તેજોલેશ્યાના પરિણામને પામેલા તે સાતમી નરકપૃથ્વીમાં વસનારા નારકીને સમકિતની પ્રાપ્તિ થાય, તેમાં કાંઈ વિરોધ નથી.

અહીં કોઈ શંકા કરે છે કે—" આ પ્રમાણે છતાં સાતમી નરકપૃથ્વીમાં પણ પરમાર્થથી તેજોલેશ્યાનો સંભવ કહ્યો પણ તે આ ચાલતા સૂત્રમાં તો બતાવ્યો નથી, તેથી અસંગતપણું તો તે જ અવસ્થાવાળું રહ્યું. " આવી શંકા થાય તો તે ખોટી છે, કેમકે તેનો ભાવાર્થ સમ્યક્ પ્રકારે સમજાયો નથી. તે ભાવાર્થ આ પ્રમાણે છે—' સાતમી નરકપૃથ્વીમાં રહેલા નરકના જીવને સર્વદા કૃષ્ણલેશ્યાના દ્રવ્ય પાસે જ રહેલા હોવાથી કૃષ્ણલેશ્યા સદાવસ્થાયિની છે અને જે તેજોલેશ્યા કહી, તે તો માત્ર આકારપણે અથવા પ્રતિબિંબપણે કોઈક જ વખત પ્રાપ્ત થાય છે અને તે ઘણો કાળ રહેતી નથી. તેજોલેશ્યા રહે છે તેટલો વખત પણ કૃષ્ણલેશ્યાના દ્રવ્યો પોતાના સ્વરૂપનો ત્યાગ કરતા નથી, તેથી આ ચાલતા સૂત્રમાં સાતમી નરકપૃથ્વીને વિષે કૃષ્ણલેશ્યા જ કહી છે પણ તેજોલેશ્યા વિગેરે કોઇ પણ અન્ય લેશ્યા કહી નથી. ' એ પ્રમાણે સર્વ નરકપૃથ્વીની લેશ્યા માટે જાણી લેવું.

આ કારણથી જ સંગમકાદિક દેવને પણ માત્ર આકાર વિગેરેપણાએ કરીને જ કૃષ્ણલેશ્યાનો સંભવ હોવાથી ત્રણ ભુવનના ગુરૂ શ્રી તીર્થંકરને ઉપસર્ગો કર્યાનું સંભવે છે, તેમાં કાંઇ પણ અઘટિત નથી.

વળી પૂર્વે જે કહ્યું કે—"દેવોને અને નારકીઓને પોતપોતાની કહેલી લેશ્યા જ હોય વિગેરે." તે પણ ઉપર કહેલી યુક્તિ પ્રમાણે ઘટે જ છે. તે આ પ્રમાણે—જો કે માત્ર આકારપણાએ કરીને અથવા માત્ર પ્રતિબિંબપણાએ કરીને બીજી લેશ્યાની પ્રાપ્તિ થાય છે, તો પણ આ ચાલતા સૂત્રમાં ગ્રહણ કરેલા લેશ્યાના દ્રવ્યો પોતાના સ્વરૂપને તજતા નથી અને ફરીથી બીજી આવેલી લેશ્યાનો નાશ થાય ( જતી રહે ) ત્યારે પાછી તે જ ચાલતા સૂત્રમાં કહેલી લેશ્યાઓ જ પ્રવર્તે છે. આ પ્રમાણે પ્રાયે સદા અવસ્થિતપણું હોવાથી બીજી લેશ્યા પ્રાપ્ત થયા છતાં પણ પોતાના દ્રવ્યના સ્વરૂપનો ત્યાગ સંભવતો ન હોવાથી ચાલતા સૂત્રમાં કહેલી જે લેશ્યા તે દ્રવ્યલેશ્યા છે એમ કહ્યું છે; પરંતુ તેવું કહેવાથી કાંઈ તે બાહ્ય વર્ણરૂપ નથી. તેમ જ વળી આ ચાલતા સૂત્રમાં ગ્રહણ કરેલી નારકીની લેશ્યાઓ ભગવતી અને પ્રજ્ઞાપના વિગેરે સૂત્રમાં પણ કહેલી છે, તેથી જો આ બાહ્ય વર્ણરૂપ હોય તો ભગવતી વિગેરેમાં વર્ણને કહેનારૂં સૂત્ર કહીને પછી લેશ્યાને કહેનારૂં સૂત્ર આ પ્રમાણે કહ્યું છે.— "હે ભગવન્! સર્વે નારકીઓ સમાન વર્ણવાળા છે ?" ઉત્તર—"હે ગૌતમ! આ તું કહે છે તે અર્થ યોગ્ય નથી." પ્રશ્ન—"હે ભગવન્! એમ કેમ કહો છો ?" ઉત્તર—"હે ગૌતમ! નારકીઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે [1]પૂર્વોપપન્ન, [2]પશ્ચાદુપપન્ન. તેમાં જેઓ પૂર્વોપપન્ન છે તેઓ વિશુદ્ધ ( ગાઢ ) વર્ણવાળા છે, અને જેઓ પશ્ચાદુપપન્ન છે તેઓ અવિશુદ્ધ ( મંદ ) વર્ણવાળા છે; માટે હે ગૌતમ! આ અર્થવડે કરીને સર્વે નારકીઓ સમાન વર્ણવાળા નથી એમ કહેવાય છે." પ્રશ્ન—"હવે હે ભગવન્! સર્વે નારકીઓ શું સમાન લેશ્યાવાળા છે ?" ઉત્તર—"હે ગૌતમ! તું કહે છે તે અર્થ સત્ય નથી." પ્રશ્ન—"હે ભગવન્ ! શા માટે એમ કહો છો ?" ઉત્તર—"હે ગૌતમ! નારકીઓ બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-પૂર્વોપપન્ન અને પશ્ચાદુપપન્ન. તેમાં જેઓ પૂર્વોપપન્ન છે તેઓ વિશુદ્ધ ( તીવ્ર ) લેશ્યાવાળા છે, અને જેઓ પશ્ચાદુપપન્ન છે તેઓ અવિશુદ્ધ ( મંદ ) લેશ્યાવાળા છે. હે ગૌતમ! આ કારણને લીધે એમ કહેવાય છે કે સર્વે નારકીઓ સરખી લેશ્યાવાળા નથી." જો વર્ણોનું જ લેશ્યાપણું અંગીકાર કરીએ તો આ સૂત્રમાં વિરોધ આવે છે, કેમકે વર્ણોને માટે તો પહેલું સૂત્ર જ કહ્યું છે. વળી ભાવ ( મનના અધ્યવસાય ) ના પરાવર્તન ( ફેરફાર ) પણાએ કરીને દેવોને અને નારકીઓને છએ લેશ્યાઓ કહી છે, તે પણ અમે ઉપર કહેલા

૧ પહેલા ઉત્પન્ન થયેલા. ૨ પછી ઉત્પન્ન થયેલા.

માત્ર આકારપણાદિક પ્રકારે કરીને ઘટે છે. બીજી રીતે ઘટી શકતી નથી, તેથી કાંઇ પણ દોષ નથી.

વળી શંકાકારે પ્રથમ જે કહ્યું કે- " કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ નારકીઓમાં હોય છે, એ નિયમનો વિરોધ આવશે. " આ શંકા પણ અસંગત ( અઘટિત ) છે, કેમકે આ જે નિયમ કહ્યો છે તે અવસ્થિત લેશ્યાની અપેક્ષાએ કહ્યો છે, પરાવર્તિત ભાવલેશ્યા માટે કહેલ નથી. વળી જો કદાચ આ દેવ અને નારકીની દ્રવ્યલેશ્યાઓ બાહ્ય વર્ણરૂપ હોય તો-" કૃષ્ણ નીલ, કાપોત અને તેજોલેશ્યા ભવનપતિ અને વ્યંતરોને હોય " ઈત્યાદિક શબ્દોથી ભવનપતિને પહેલી ચાર લેશ્યાઓ કહીને પછી-" **असुरकुमारा काला**-અસુરકુમાર કૃષ્ણવર્ણવાળા હોય. " ઇત્યાદિક બાહ્ય વર્ણ સંબંધી જે કહેલું છે. તે નિરર્થક થઈ જાય. ઇતિ. વિશેષ પ્રસંગે કરીને સર્યું.

**સાર:**--દ્રવ્યલેશ્યા શરીરના વર્ણરૂપ નથી અને પરાવર્ત પામે છે તે ભાવલેશ્યા છે પણ તે અલ્પકાલીન હોય છે.

ઉપર પ્રમાણે પ્રાસંગિક હકીકત સાથે નરકને અંગે ગતિદ્વાર કહ્યું, હવે નરકમાંથી નીકળીને જીવો કયાં આવે છે ? તે રૂપ આગતિદ્વાર કહે છેઃ—

**नरयाओ उव्वट्टा, गब्भे पज्जत्त संखजीवीसु ।**
**नियमेण होइ वासो, लद्धीण उ संभवं वोच्छं ॥२९०॥**

**ટીકાર્થ:**—નરકમાંથી ઉદ્ધરેલા અર્થાત પ્રચ્યુત થયેલા-ચ્યવેલા જીવોનો અનંતર ભવે નિશ્ચયે ગર્ભજપર્યાપ્ત સંખ્યાત આયુવાળા મનુષ્ય ને તિર્યંચમાં નિવાસ થાય, શેષમાં ન થાય. આમાં ગર્ભજ કહેવાથી સંમૂચ્છિમનો તેમ જ દેવ અને નારકનો વ્યવચ્છેદ કર્યો, પર્યાપ્તના ગ્રહણથી અપર્યાપ્તનો વ્યવચ્છેદ કર્યો. સંખ્યાત શબ્દના ગ્રહણથી અસંખ્યાતાયુવાળા ( યુગલિક ) નો નિષેધ કર્યો. એટલે ગર્ભજપર્યાપ્તા સંખ્યાતાયુવાળા તિર્યંચ ને મનુષ્યમાં જ ઉપજે એમ સમજવું. હવે નરકમાંથી નીકળેલા જીવોને કઈ કઈ લબ્ધિઓની પ્રાપ્તિનો સંભવ છે તે કહે છે. ૨૯૦

**तिसु तित्थ चउत्थीए उ, केवलं पंचमीए सामन्नं ।**
**छट्ठीइ विरयाविरई, सत्तमपुढवीए सम्मत्तं ॥ २९१ ॥**

**ટીકાર્થ**:—પહેલી ત્રણ નરકના નીકળ્યા જીવ તીર્થંકર થાય. આ હકીકત સંભવ માત્ર સમજવી, નિયમ સમજવો નહિ; તેથી જેણે પૂર્વે નરકનું આયુ બાંધ્યું હોય, ત્યારપછી જે સમ્યગ્દર્શનવિશુદ્ધિવિગેરે કારણોવડે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે અને શ્રેણિકાદિકની જેમ પછી જે નરકે જાય. તેવા જીવો જ નરકમાંથી ઉદ્ધરીને અનંતર ભવે તીર્થંકર થાય–બીજા ન થાય એમ સમજવું. ચોથી નરકમાંથી ઉદ્ધરેલા સામાન્ય કેવળી થાય–તીર્થંકર તો નિશ્ચે ન જ થાય. પાંચમીથી ઉદ્ધરેલા સર્વવિરતિરૂપ ચારિત્ર પામી શકે, કેવળજ્ઞાન ન જ પામે. છઠ્ઠીમાંથી ઉદ્ધરેલા વિરતાવિરત એટલે શ્રાવકપણું પામે, મુનિપણું ન જ પામે. સાતમીમાંથી ઉદ્ધરેલા સમકિત દર્શન પામે, અન્ય ગુણ ન જ પામે. અહીં આ તાત્પર્યાર્થ જાણવો કે પહેલી ત્રણ નરકના નીકળ્યા તીર્થંકર થાય, ચારના નીકળ્યા સામાન્ય કેવળી થાય, પાંચના નીકળ્યા સર્વવિરતિ પામે, છના નીકળ્યા દેશવિરતિપણું પામે અને સાતે નરકના નીકળ્યા સમ્યગ્દષ્ટિ થાય. ઇતિ. ૨૯૧

વળી લબ્ધિવિશેષનો સંભવ બતાવે છે:—

**पढमाओ चक्कवट्टी, बिइयाओ रामकेसवा हुंति ।**
**तच्चाओ अरिहंता, तहंतकिरिया चउत्थीओ ॥ २९२ ॥**

**ટીકાર્થ**:—પહેલી રત્નપ્રભાના નીકળેલા જ ચક્રવર્તી થાય, બાકીની પૃથ્વીથી નીકળેલા ન થાય. બીજીના નીકળ્યા એટલે પહેલી બીજીના નીકળ્યા બળદેવ વાસુદેવ થાય. ત્રીજીના એટલે પ્રથમની ત્રણ નરકના નીકળ્યા તીર્થંકર થાય. ચોથીના એટલે પ્રથમની ચાર નરકના નીકળ્યા અંતક્રિયાના સાધક એટલે નિર્વાણસાધક ( કેવળી ) થાય. ઇત્યર્થ: ૨૯૨ તથા—

**उव्वट्टिया य संता, नेरइया तमतमाओ पुढवीओ ।**
**न लहंति माणुसत्तं, तिरिक्खजोणिं उवणमंति ॥ २९३ ॥**
**छट्ठिओ पुढवीओ, उव्वट्टा इह अणंतरभवम्मि ।**
**भज्जा माणुसजम्मे, संजमलंभेण उ विहीणा ॥ २९४ ॥**

**ટીકાર્થ**:—તમસ્તમા નામની સાતમી પૃથ્વીમાંથી ઉદ્ધરેલા નૈરયિકો નિશ્ચયે મનુષ્યપણું પામતા નથી, કિંતુ તિર્યંચયોનિમાં જ ઉત્પન્ન થાય છે. તથા છઠ્ઠી તમ:પ્રભામાંથી ઉદ્ધરેલા જીવોને અનંતર ભવે મનુષ્ય થવાની ભજના જાણવી.

એટલે કે કોઈક મનુષ્ય થાય છે, ઘણા થતા નથી. જે મનુષ્ય થાય છે તે પણ નિશ્ચયે સંયમના લાભથી–સર્વવિરતિથી તો વિહીન જ રહે છે. સંયમભાવને પામતા નથી. ( દેશવિરતિપણું પામી શકે છે ) ૨૯૩–૯૪.

હવે પ્રસંગે બીજામાંથી ઉદ્ધરેલા પણ બળદેવાદિક થાય છે તે બતાવે છે–

**बलदेव चक्कवट्टी, देवट्ठाणेसु हुंति सव्वेसु ।**
**अरिहंता वासुदेवा, विमाणवासीसु बोधव्वा ॥ २९५ ॥**

**ટીકાર્થ:**—સર્વ દેવસ્થાનમાંથી એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ને વૈમાનિકમાંથી ઉદ્ધરેલા બળદેવ તથા ષટ્ખંડભરતના ભોક્તા ચક્રવર્તી થાય છે. અને અરિહંત ને વાસુદેવ વૈમાનિકમાંથી ઉદ્ધરેલા જ થાય છે, શેષ સ્થાનકથી ઉદ્ધરેલા થતા નથી. ૨૯૫ વળી—

**अरिहंत चक्कवट्टी, बलदेवा तह य वासुदेवा ।**
**न मणुयतिरिएहिंतो, अणंतरं चेव जायंति ॥ २९६ ॥**

**ટીકાર્થ:**—અરિહંત, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ મનુષ્ય ને તિર્યંચમાંથી ઉદ્ધરીને–નીકળીને અનંતર ભવે થતા નથી, પરંતુ દેવગતિમાંથી ને નરકમાંથી ઉદ્ધરીને જ અનંતર થાય છે તે પણ યથોક્ત થકી ઉદ્ધરેલા જ થાય છે. ૨૯૬

હવે પ્રસંગોપાત અન્યથી ઉદ્ધરેલા માટે પણ લબ્ધિનું પ્રતિપાદન કરે છે–

**भूदगपंकप्पभवा, चउरो हरिआउ छच्च सिज्झंति ।**
**विगला लभिज्ज विरइं, न हु किंचि लभिज्ज सुहुमतसा ॥२९७॥**

**ટીકાર્થ:**— પૃથ્વીકાય, અપ્કાય ને પંકપ્રભા (ચોથી) પૃથ્વીથી ઉદ્ધરેલા મનુષ્યો એક સમયે ચાર સિદ્ધિપદને પામે છે. તેનો સાર એ છે કે પૃથ્વીકાયમાંથી અથવા અપ્કાયમાંથી અથવા પંકપ્રભા પૃથ્વીમાંથી ઉદ્ધરીને અનંતર ભવે મનુષ્ય થયેલા જો એક ભવે સિદ્ધિપદને પામે તો પ્રત્યેકે ચાર ચાર સિદ્ધે, વનસ્પતિકાયમાંથી ઉદ્ધરેલા છ સિદ્ધે, વિકળેંદ્રિયમાંથી ઉદ્ધરેલા અનંતર ભવે મનુષ્ય થાય તો સર્વસાવદ્યની વિરતિ પામી શકે, પણ સિદ્ધ થાય નહીં. સૂક્ષ્મ ત્રસમાંથી એટલે તેઉકાય ને વાઉકાયમાંથી અનંતર ભવે

મનુષ્ય તો થાય જ નહીં, પરંતુ તિર્યંચ થયા છતાં પણ સમ્યક્ત્વાદિ કોઈ પણ ગુણ પ્રાપ્ત કરી શકે નહીં. તેવો જ સ્વભાવ હોવાથી. ૨૯૭ વળી—

**मंडलिअमणुअरयणाहेसत्तमतेउवाउवज्जेहिं ।**
**वसुदेवमणुअरयणा, अणुत्तरविमाणवज्जेहिं ॥ २९८ ॥**

**ટીકાર્થ**:—મંડળિક એટલે મુકુટબદ્ધ રાજા અથવા શેષ રાજા અથવા મનુષ્યરત્નો એટલે ચક્રવર્તીના સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત, વર્ધકિ અને સ્ત્રીરત્ન–એ પાંચ હોય છે તે સાતમી નરકપૃથિવી, તેઉકાય ને વાયુકાયને વર્જીને શેષ જીવનિકાયમાંથી સર્વમાંથી ઉદ્ધરેલા થઈ શકે છે. સાતમી નરકમાંથી નીકળેલાને તો અનંતર ભવે મનુષ્ય થવાનો જ સંભવ નથી. તથા વાસુદેવ અને મનુષ્યરત્નો જો દેવમાંથી ઉદ્ધરીને અનંતર ભવે થાય તો અનુત્તરવિમાનવાસી દેવો વર્જીને બીજા દેવોમાંથી આવેલા થાય. તેવો સ્વભાવ જ હોવાથી. ૨૯૮

**तेरिच्छमणुअसंखाउएहिं कप्पाओ जा सहस्सारो ।**
**हयगयरयणुववाओ, नेरइयेहिं च सव्वेहिं ॥ २९९ ॥**

**ટીકાર્થ**:—ગજરત્ન અને અશ્વરત્નપણે ઉપપાત સંખ્યાત આયુવાળા તિર્યંચ અને મનુષ્યમાંથી, સહસ્રાર દેવલોક સુધીના દેવોમાંથી અને સાતે પૃથ્વીમાંથી આવેલનો થાય, શેષસ્થાનથી આવેલનો ન થાય. ૨૯૯.

**एगिंदिअरयणाइं, असुरकुमारेहिं जाव ईसाणो ।**
**उववज्जंति अ नियमा, सेसट्ठाणेहिं पडिसेहो ॥ ३०० ॥**

**ટીકાર્થ**:—ચક્રવર્તીના જે એકેંદ્રિયરૂપ ચક્ર વિગેરે સાત રત્નો છે તે જો દેવમાંથી ઉદ્ધરીને આવેલ થાય તો નિશ્ચે અસુરકુમારથી માંડીને બીજા ઈશાન દેવલોકસુધીમાંથી આવીને ઉત્પન્ન થાય. એનો સાર એ કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ને સૌધર્મેશાનના દેવથકી ઉદ્ધરીને આવેલા જ થાય, શેષ ઉપરના દેવોમાંથી આવેલ ન થાય. ૩૦૦

હવે પ્રસંગે ચક્રાદિ રત્નોનું પ્રમાણ કહે છે:—

**चक्कं छत्तं दंडं, तिन्नि वि एयाइं वाममित्ताइं ।**
**चम्मं दुहत्थदीहं, बत्तीसं अंगुलाइं असि ॥ ३०१ ॥**

**ટીકાર્થ:**—ચક્ર, છત્ર ને દંડ એ ત્રણ રત્નો એક વામપ્રમાણ હોય છે, વામ એટલે પ્રસારિત કરેલા બાહુવાળા પુરૂષના બે હાથની અંગુળીના છેડા સુધીનો વચલો ભાગ ( ૪ હાથ પ્રમાણ ) જાણવો. ચર્મરત્ન બે હાથ દીર્ઘ-લાંબું હોય છે અને ખડ્ગરત્ન બત્રીશ અંગુળ પ્રમાણ હોય છે. ૩૦૧

**चउरंगुलो मणी पुण, तस्सद्धं चेव होइ विच्छिण्णो ।**
**चउरंगुलप्पमाणा, सुवण्णवरकागिणी नेया ॥ ३०२ ॥**

**ટીકાર્થ:**—દીર્ઘતાને આશ્રીને મણિરત્ન ચાર અંગુળ પ્રમાણ અને તેનાથી અર્ધ એટલે બે અંગુળ પ્રમાણ વિસ્તૃત હોય. તથા ચાર અંગુળ પ્રમાણ શ્રેષ્ઠ સુવર્ણમય કાકિની નામનું રત્ન હોય. અહીં અંગુળ પ્રમાણાંગુળ જાણવા.[1] બધા ચક્રવર્તીના કાકિન્યાદિરત્ન તુલ્ય પ્રમાણવાળા છે. ૩૦૨

હવે ચક્રવર્તીના ચૌદે રત્ન નામગ્રહણપૂર્વક કહે છે—

**सेणावइ गाहावइ, पुरोहि गय तुरय वड्ढई इत्थि ।**
**चक्कं छत्तं चम्मं, मणि कागिणि खग्ग दंडो य ॥ ३०३ ॥**

**શબ્દાર્થ:**—સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, હાથી, અશ્વ, વર્ધકિ ને સ્ત્રી આ સાત પંચેંદ્રિય રત્ન અને ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકિણી, ખડ્ગ ને દંડ-આ સાત એકેંદ્રિય-કુલ ૧૪ રત્નો જાણવા.

**ટીકાર્થ:**—સેનાપતિ-દળનાયક ગંગા-સિંધુના બીજા કાંઠે જઇને વિજય મેળવે તેવો બલિષ્ઠ ૧. ગૃહપતિ-ચક્રવર્તીના ઘરને યોગ્ય સર્વ કર્તવ્યમાં તત્પર, વળી ચક્રવર્તી જ્યારે તમિસ્રાગુફા ને ખંડપ્રપાતા ગુફામાં જાય ત્યારે ચક્રવર્તીના સમસ્ત લશ્કરને સુખે ઉતરવા માટે ઉન્મગ્નજળા અને નિમગ્નજળા નદી ઉપર કાષ્ઠમય પુલ [2]બાંધનાર ૨. પુરોહિત-શાંતિકર્માદિનો કર્ત્તા ૩. ગજ ને અશ્વ-પ્રકૃષ્ટ વેગ અને મહાપરાક્રમાદિ ગુણવાળા હોય છે. ૪-૫. વર્ધકિ-ગૃહનિવેશાદિ સૂત્રોનો કરનાર ૬. અને સ્ત્રીરત્ન અદ્દભુત કામસુખનું નિધાન હોય છે. ૭. ચક્રરત્ન-સમસ્ત આયુધ અતિશાયી અને દુર્જય રિપુનો વિજય કરનાર. ૮. છત્રરત્ન-ચક્રવર્તીના

૧ આ પ્રમાણ આત્માંગુળે હોવા સંભવે છે, પ્રમાણાંગુળનું પ્રમાણ ૧૨મા ચક્રીને અતિ મોટું થઇ પડે.

૨ આ હકીકત વર્ધકિરત્ન માટે છે આવશ્યક ચૂર્ણી વિગેરેમાં તેમજ કહેલ છે.

હાથના સ્પર્શના પ્રભાવથી બાર યોજન આયામ વિસ્તારવાળું થયું સતું વૈતાઢ્યના ઉત્તરવિભાગવર્ત્તી મ્લેચ્છોએ આરાધેલા મેઘકુમાર દેવોએ કરેલ જળવૃષ્ટિને સહન કરવાને સમર્થ ૯. ચર્મરત્ન-ચક્રવર્ત્તીના હસ્તસ્પર્શના પ્રભાવથી બાર યોજન આયામ વિસ્તારવાળું થનાર અને પ્રભાતે વાવેલ શાલ્યાદિ ધાન્યને બપોરે ઉગાડી આપનાર ૧૦. મણિરત્ન-યથાક્રમ ઉપર નીચે રહેલા ચર્મ ને છત્રરત્નના અપાંતરાળે છત્રના તુમ્બ ઉપર રાખ્યું સતું બાર યોજન વિસ્તૃત સમસ્ત ચક્રવર્તી-કટકમાં પ્રકાશ કરનાર તેમજ તમિસ્રા ગુફા તથા ખંડપ્રપાતા ગુફામાં પ્રવેશ કરતા ચક્રવર્તી હસ્તિના કુંભસ્થળ ઉપર રાખે ત્યારે બાર યોજન સુધી પૂર્વ, પશ્ચિમ ને આગળ-ત્રણે દિશામાં અતિ નિવિડ એવા અંધકારની જાળને દૂર કરનાર તેમ જ હાથે અથવા મસ્તકે બાંધ્યું સતું સમસ્ત ઉપદ્રવ અને સમસ્ત રોગને દૂર કરનાર ૧૧. કાકિણીરત્ન-વૈતાઢ્યપર્વતની બંને ગુફામાં ૪૯ માંડલા કરવામાં ઉપયોગી ૧૨. ખડ્ગરત્ન-સંગ્રામભૂમિમાં અપ્રતિહત શક્તિવાળું ૧૩. દંડરત્ન-વિષમોન્નત ભૂમિવિભાગમાં સમત્વ કરનાર અને યત્નવિશેષથી વાપર્યું સતું એક હજાર યોજન અધોભૂમિમાં પ્રવેશ કરી શકે તેવું ૧૪.

આ ચક્રવર્તીના ચૌદ રત્નો પ્રત્યેક એકેક હજાર યક્ષોથી અધિષ્ઠિત હોય છે. એમાં સાત એકેંદ્રિયરૂપ છે અને સાત પંચેંદ્રિયરૂપ છે. તે એકેંદ્રિયરૂપ ને પંચેંદ્રિયરૂપ રત્નો જઘન્યપદે જંબૂદ્વીપમાં પ્રત્યેક જાતિના ૨૮-૨૮ હોય અને ઉત્કૃષ્ટપદે ૨૧૦-૨૧૦ પરિભોગમાં આવે. તે જ બતાવે છે-જઘન્યપદે ચાર ચક્રવર્તીઓ હોય. તે એકેક ચક્રવર્તીને સાત પંચેંદ્રિય ને સાત એકેંદ્રિય રત્નો હોય તેથી સાતને ચાર વડે ગુણતાં ૨૮ થાય. ઉત્કૃષ્ટપદે ત્રીશ ચક્રવર્તીઓ હોય તે આવી રીતે-૨૮ મહાવિદેહમાં ને એક ભરતક્ષેત્રમાં ને એક ઐરવતક્ષેત્રમાં-કુલ ૩૦ ને સાતવડે ગુણતાં ૨૧૦ થાય. ( શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં આ પ્રમાણેની મતલબનો જ પાઠ છે તે અમે અહીં લખ્યો નથી. ) ૩૦૩.

હવે પ્રસંગોપાત વાસુદેવનાં રત્નો કહે છે:—

**चक्कं खग्गं च धणू, मणी य माला तहेव गय संखो।**
**एए उ सत्तरयणा, सव्वेसिं वासुदेवाणं ॥ ३०४ ॥**

**ટીકાર્થ:**—ચક્ર, ખડ્ગ, ધનુષ્ય, મણિ, અમ્લાન ગુણવાળી માળા, દેવ-સમર્પિત ગદા ( શસ્ત્રવિશેષ ) અને શંખ-પાંચજન્ય નામનો બાર યોજન સુધી જેનો સ્વર વિસ્તાર પામે છે તેવો-આ સાત રત્નો વાસુદેવોને હોય છે. ૩૦૪

પ્રસંગાનુપ્રસંગ અનેક વાતો કહી, હવે પ્રસ્તુત કહે છે. તેમાં નારકી જીવોને કેટલા ક્ષેત્રપ્રમાણ અવધિજ્ઞાનનો વિષય છે તે કહે છે:—

**रयणप्पहाए जोयणमेगं विसओ हविज्ज अवहीए ।**
**पुढवीए पुढवीए, गाउअमद्धं परिहरिज्जा ॥ ३०५ ॥**

**શબ્દાર્થ**:—રત્નપ્રભા પહેલી પૃથ્વીમાં અવધિજ્ઞાનનો વિષય એક યોજનનો છે, ત્યારપછી પૃથ્વીએ પૃથ્વીએ અર્ધ ગાઉ ઘટાડવો.

**ટીકાર્થ**:—રત્નપ્રભા પૃથ્વીના નારકોને અવધિજ્ઞાનનો વિષય એક યોજનનો-ચાર ગાઉનો છે, ત્યારપછી પૃથ્વીપૃથ્વીમાં એટલે એકેક પૃથ્વીમાં અર્ધ ગાઉ પરિહરવો-કમી કરવો. તે આ પ્રમાણે-બીજી પૃથ્વીમાં સાડા ત્રણ ગાઉનો અવધિજ્ઞાનનો વિષય જાણવો, ત્રીજી પૃથ્વીમાં ત્રણ ગાઉનો, ચોથીમાં અઢી ગાઉનો, પાંચમીમાં બે ગાઉનો, છઠ્ઠીમાં દોઢ ગાઉનો અને સાતમીમાં એક ગાઉનો જાણવો. ( અહીં આ મતલબની જ એક ગાથા કહેલી છે. ) આ અવધિજ્ઞાનના વિષયનું પરિમાણ ઉત્કૃષ્ટ જાણવું. જઘન્ય દરેક પૃથ્વીમાં અર્ધ ગાઉ ઓછું જાણવું. તે આ પ્રમાણે-રત્નપ્રભામાં સાડા ત્રણ ગાઉનો, બીજી પૃથ્વીમાં ત્રણ ગાઉનો, ત્રીજી પૃથ્વીમાં અઢી ગાઉનો, ચોથી પૃથ્વીમાં બે ગાઉનો, પાંચમી પૃથ્વીમાં દોઢ ગાઉનો, છઠ્ઠી પૃથ્વીમાં એક ગાઉનો અને સાતમી પૃથ્વીમાં અર્ધગાઉનો અવધિજ્ઞાનનો જઘન્ય વિષય જાણવો. ૩૦૫

આ પ્રમાણે પ્રસંગ સહિત નારકીનું આગતિદ્વાર કહ્યું, હવે નારકવક્તવ્યતાનો ઉપસંહાર કરતા અને ઉત્તર વક્તવ્યતાની શરૂઆત કરતા સતા કહે છે—

**निरए संखेवेसो, इत्तो एगिंदियाण तिरियाणं ।**
**गब्भभुयजलचरोभयपंचिंदियआउमाणं च ॥ ३०६ ॥**

**શબ્દાર્થ**:—નારક વિષયે નારક જીવોની-સ્થિતિ અવગાહનાદિનું પ્રતિપાદન સંક્ષેપથી કર્યું, હવે એની પછી એકેંદ્રિય વિગેરે તિર્યંચો, ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના ભુજપરી, જળચર વિગેરે પંચેંદ્રિયોનું આયુમાન વિગેરે કહેશું. ૩૦૬

**इति नरकाधिकारः**

# ३ तिर्यंच-मनुष्य अधिकार.

ટીકાર્થ:—નારકી જીવોની સ્થિતિ-અવગાહનાદિનું પ્રતિપાદન સંક્ષેપથી કર્યું, હવે આગળ એકેંદ્રિયોનું, વિકળેંદ્રિયો-બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયોનું અને સાક્ષાત્ ઉપાદાન કરેલ હોવાથી પંચેંદ્રિયોનું પણ અહીં બાકી રહેતા હોવાથી તિર્યંચ શબ્દે વિકળેંદ્રિયનું પણ ગ્રહણ કર્યું છે. તથા ગર્ભથી જન્મ થવાથી ઓળખાતા ગર્ભજ એવા ચતુષ્પદ અને પક્ષીઓ, ભુયશબ્દથી ભુજપરિસર્પ, ઉપલક્ષણથી ઉરપરિસર્પો તથા જળચર-મત્સ્યાદિ અને ઉભય શબ્દે ગર્ભજ ને સંમૂર્છિમ બંને પ્રકારના એ વિશેષણ ભુજપરિસર્પ, ઉરપરિસર્પ અને જળચરો માટે પણ સમજવું. વળી ચતુષ્પદ ને પક્ષીઓ સંમૂર્ચ્છિમ હોય છે તેને પણ ઉપલક્ષણથી ગ્રહણ કરવા. એ બધા કેવા? પંચેંદ્રિયો. આ વિશેષણથી ઉપલક્ષણવડે સંમૂર્ચ્છિમ ને ગર્ભજ મનુષ્યો પણ ગ્રહણ કરવા. તે બધાનું આયુ પ્રમાણ અને ચ શબ્દથી દેહપ્રમાણ પણ કહેવામાં આવશે.

હવે પ્રથમ એકેંદ્રિય જીવોના શરીરની અવગાહના કહે છે:—

**जोयणसहस्समहियं, ओहेण एगिंदिए तरुगणेसु ।**
**मच्छजुअले सहस्सं, उरगेसु य गब्भजाईसु ॥ ३०७ ॥**

ટીકાર્થ:—ઓઘે એટલે સામાન્યે એકેંદ્રિયોની અને વિશેષે વિચારણા કરતાં વનસ્પતિકાયની કાંઇક અધિક હજાર યોજનની અવગાહના જાણવી, પરંતુ તે સમુદ્રાદિગત કમળનાળની જાણવી. અહીં શંકા કરે છે કે-શરીરપ્રમાણ તો ઉત્સેધાંગુળે માપવાનું છે અને સમુદ્રનું પરિમાણ તો પ્રમાણાંગુળે માપવાનું છે. સમુદ્રોની ઉંડાઇ એક હજાર યોજનની છે તો તેમાં રહેલા કમળોની નાળની ઉંચાઇ વધી પડે તેથી વિરોધ કેમ નહીં આવે? તેને ઉત્તર આપે છે કે-એ દોષ નહીં આવે; કારણ કે પ્રમાણાંગુળથી હજાર યોજન ઉંડા સમુદ્રમાં જે પદ્મો હોય છે તે તો પૃથ્વીપરિણમનરૂપ હોય છે. જેમ પદ્મદ્રહમાં શ્રીદેવીના સ્થાનરૂપ પદ્મ છે તે પૃથ્વીકાયમય છે તેમ. તે શિવાય શેષ ગોતીથાદિ સ્થાનમાં જે પદ્મો છે તે વનસ્પતિકાયમય છે તેમ જ શેષ જળા-

શયો કે જે ઉત્સેધાંગુળે હજાર યોજન ઉંડા છે તેમાં જે વલ્લી વિગેરે હોય છે તેના શરીરનું પ્રમાણ કાંઈક અધિક એક હજાર યોજનનું હોય છે એટલે આ વિરોધ આવશે નહીં. આ જ મતલબનું કથન શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષણવતી ગ્રંથમાં કરેલ છે. ( અહીં તેની ચાર ગાથા છે તેમાં ઉપર લખ્યા પ્રમાણે જ મતલબ હોવાથી અમે લખી નથી. )

તથા મત્સ્યયુગલે એટલે ગર્ભજ ને સંમૂર્છિમ મત્સ્યોમાં અને સર્વ જાતિના ગર્ભજ ઉરપરિસર્પમાં દેહપ્રમાણ એક હજાર યોજન પરિપૂર્ણ કહ્યું છે.

અત્રાંતરે પ્રાગુક્ત વનસ્પતિ શરીરપ્રમાણના વિષયમાં આક્ષેપ પરિહાર સંવાદક અન્ય કર્ત્તાની કરેલી ત્રણ ગાથાઓ છે. એ ત્રણ ગાથામાં પણ ઉપર જણાવેલ ભાવાર્થ જ હોવાથી અમે અહીં લખેલ નથી. ૩૦૭ તથા—

**गप्भचउप्पय छग्गाउआइं, भुअगेसु गाउअपुहुत्तं ।**
**पक्खिसु धणुअपुहुत्तं, मणुएसु अ गाउआ तिन्नि ॥ ३०८ ॥**

**ટીકાર્થ**:—ગર્ભજ હસ્તી વિગેરે ચતુષ્પદોનું શરીરપ્રમાણ છ ગાઉનું અને ઘો, નકુળ વિગેરે ભુજગનું શરીરપ્રમાણ ગાઉ પૃથક્ત્વ અને પક્ષીનું શરીરપ્રમાણ ધનુષ્ય પૃથક્ત્વ જાણવું. અહીં પૃથક્ત્વ શબ્દે બેથી નવ સુધી સમજવું. મનુષ્યનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ત્રણ ગાઉનું જાણવું. ૩૦૮.

હવે એમનું સંમૂર્છિમનું શરીરપ્રમાણ કહે છે:—

**धणुअपुहुत्तं पक्खिसु, भुअगे उरगे अ जोयणपुहुत्तं ।**
**होइ चउप्पय संमुच्छिमाए तह गाउअपुहुत्तं ॥ ३०९ ॥**

**ટીકાર્થ**:—સંમૂર્ચ્છિમ પક્ષીનું શરીરપ્રમાણ ધનુષ્યપૃથક્ત્વ, ગોધા, નકુળ વિગેરે ભુજગ અને સર્પાદિ ઉરગ સંમૂર્ચ્છિમનું શરીરપ્રમાણ યોજનપૃથક્ત્વ તથા સંમૂર્ચ્છિમ ચતુષ્પદનું શરીરપ્રમાણ ગાઉ પૃથક્ત્વ જાણવું. અત્રાંતરે આ સંબંધમાં જ વિશેષ પ્રતિપાદક અન્યકર્તૃક ગાથા છે તેમાં આ પ્રમાણે કહ્યું છે કે–' શંખ બાર યોજનનો, ગોમી ( કાનખજુરો ) ત્રણ ગાઉનો, ભમરો એક યોજનનો અને મત્સ્ય ને ઉરપરિ એક હજાર યોજનના હોય છે.' ૩૦૯

હવે વિકલેંદ્રિયોનું, પ્રત્યેક વનસ્પતિ વિનાના એકેંદ્રિયોનું અને સંમૂર્છિમ મનુષ્યોનું શરીરપ્રમાણ કહે છે:—

**विगलिंदियाण बारस, उ जोयणा तिन्नि चउर कोसा य ।**
**सेसाणोगाहणया, अंगुलभागो असंखतमो ॥ ३१० ॥**

**ટીકાર્થ**:—વિકલેંદ્રિયોનું એટલે બે, ત્રણ ને ચાર ઇંદ્રિયવાળાઓનું શરીરમાન અનુક્રમે બાર યોજન, ત્રણ ગાઉ ને ચાર ગાઉનું જાણવું. આનો સાર એ કે-બેઇંદ્રિય શંખાદિનું ઉત્કૃષ્ટ દેહમાન બાર યોજનનું, ત્રીંદ્રિય મંકોડા[1] વિગેરેનું ત્રણ ગાઉનું અને ચૌરિંદ્રિય ભ્રમરાદિકનું ચાર ગાઉનું સમજવું. બીજા પૃથિવી, અપ્, તેજો, વાયુ અને સાધારણ વનસ્પતિકાયનું તથા સંમૂર્ચ્છિમ મનુષ્યનું દેહમાન અંગુળના અસંખ્યાતમા ભાગનું જાણવું. ૩૧૦.

હવે વનસ્પતિકાય વિગેરે એકેંદ્રિયોના દેહમાનમાં તારતમ્ય કહે છે:—

**वणणंतसरीराणं, एगं निलसरीरगं पमाणेणं ।**
**अनलोदगपुढवीणं, असंखगुणिआ भवे वुड्ढी ॥ ३११ ॥**

**ટીકાર્થ**:—સાધારણ વનસ્પતિકાયના શરીરનું પ્રમાણ એક વાયુકાય જીવના શરીર પ્રમાણે જાણવું. ત્યારપછી અનલ ( તેઉકાય ), ઉદક ( અપ્કાય ) અને પુઢવી ( પૃથ્વીકાય ) ના શરીરમાં અસંખ્યાત અસંખ્યાતગુણી વૃદ્ધિ સમજવી. એનો સાર એ કે-જેટલા પ્રમાણવાળું એક વાયુકાયનું શરીર છે તે કરતાં અસંખ્યાતગુણ એક અગ્નિકાયિક જીવોનું શરીર જાણવું. તે કરતાં અસંખ્યાતગુણ એક અપ્કાયિકનું શરીર જાણવું. તેથી અસંખ્યાતગુણ એક પૃથ્વીકાયનું શરીર જાણવું. આ બધા સાધારણ વનસ્પતિકાયના, વાયુકાયના, અગ્નિકાયના અને પૃથ્વીકાયના શરીરો સ્વસ્વસ્થાને અંગુળના અસંખ્યાતમા ભાગના જાણવા. મૂળ ટીકામાં પણ આ પ્રમાણે જ કહ્યું છે. ( અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ થતા હોવાથી એમાં વિરોધ સમજવો નહીં. ) ૩૧૧.

તિર્યંચો ને મનુષ્યોનું દેહમાન કહ્યું, હવે તેમના આયુનું પ્રમાણ કહે છે—

**बावीस सहस्साइं, सत्त सहस्साइं तिन्नि होरत्ता ।**
**वाए तिन्नि सहस्सा, दसवाससहस्सिया रुक्का ॥ ३१२ ॥**

---

૧ ઉપરની ગાથામાં કાનખજુરા કહ્યા છે.

**संवच्छराणि बारस, राइंदिय हुंति अउणपन्नासा ।**
**छम्मास तिन्नि पलिया, पुढवाईणं ठिइ उक्कोसा ॥ ३१३ ॥**

**ટીકાર્થ:**—એકેંદ્રિયાદિ મનુષ્ય પર્યંતની ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે-પૃથ્વીકાયની ૨૨૦૦૦ વર્ષની, અપ્કાયની ૭૦૦૦ વર્ષની, તેઉકાયની ત્રણ રાત્રી-દિવસની, વાઉકાયની ત્રણ હજાર વર્ષની અને વૃક્ષની એટલે વનસ્પતિકાયની દશ હજાર વર્ષની જાણવી. ૩૧૨.

બેઈંદ્રિય જીવોની બાર વર્ષની, ત્રીન્દ્રિયોની ૪૯ દિવસની અને ચતુરિંદ્રિયોની છ માસની તથા પંચેંદ્રિય તિર્યંચ મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની જાણવી. ૩૧૩

ઉપર પ્રમાણે સામાન્યે પૃથ્વીકાયાદિની ઉત્કૃષ્ટ સ્થિતિ કહીને હવે પૃથ્વીકાયના ભેદોમાં પ્રતિભેદનું આયુ કહે છે:—

**सण्हा य सुद्धवालुअ, मणोसिला सक्करा य खरपुढवी ।**
**एगं बारस चउद्स, सोलस अट्ठार बावीसा ॥ ३१४ ॥**

**ટીકાર્થ:**—આ ગાથાના અર્થમાં પૂર્વાર્ધના પદોની ઉત્તરાર્ધના પદો સાથે યથાક્રમ યોજના કરવી. તે આ પ્રમાણે-શ્લક્ષ્ણ એટલે મરૂસ્થલ્યાદિગત સ્થાનમાં રહેલી નિરૂપદ્રવસ્થાનસ્થિત પૃથ્વીકાયનું આયુ ઉત્કૃષ્ટ એક હજાર વર્ષનું, શુદ્ધ-કુમારમૃત્તિકાનું ઉપદ્રવના અભાવે બાર હજાર વર્ષનું, વાલુકા-સિકતા-રેતીનું ચૌદ હજાર વર્ષનું, મનઃશિલા-પ્રસિદ્ધ છે તેનું સોળ હજાર વર્ષનું, શર્કરા-પથ્થરના કાંકરાનું અઢાર હજાર વર્ષનું અને ખરપૃથ્વી-પાષાણરૂપ શિલાઓનું બાવીશ હજાર વર્ષનું જાણવું. ૩૧૪.

હવે તિર્યંચપચેંદ્રિયો ગર્ભજનું આયુષ્ય વિશેષ કહે છે—

**गब्भभुअजलचरोभयउरगेसु अ पुव्वकोडि उक्कोसा ।**
**मणुअ चउप्पय तिपलिअ, पलिआसंखिज्ज पक्खीसु ॥ ३१५ ॥**

**ટીકાર્થ:**—પ્રારંભમાં ગબ્ભ એટલે ગર્ભજ શબ્દ છે તે ઉભય શબ્દોપાધિવાળા જળચર શબ્દને મૂકીને બીજા સર્વે પદમાં જોડવો. ભુજપરિસર્પ ગોધા, નકુળ વિગેરે ગર્ભજનું, જળચર મત્સ્યાદિનું ગર્ભજ ને સંમૂર્છિમ બંનેનું અને ઉરગ

સર્પજાતિનું ( ગર્ભજનું ) ઉત્કૃષ્ટ આયુ પૂર્વકોટીનું જાણવું. ગર્ભજ મનુષ્ય અને ચતુષ્પદનું ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટાયુ જાણવું અને ગર્ભજ પક્ષીનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું જાણવું. ૩૧૫

અહીં ગર્ભજ ભુજપરિસર્પાદિનું ઉત્કૃષ્ટાયુ પૂર્વ કોટીનું કહ્યું તેથી પૂર્વનું પરિમાણ કહે છે. ( પૂર્વ કેટલા વર્ષનું થાય તે કહે છે. )

**पुव्वस्स उ परिमाणं, सयरिं खलु हुंति कोडिलख्खओ ।**
**छप्पण्णं च सहस्सा, बोधव्वा वासकोडीणं ॥ ३१६ ॥**

**ટીકાર્થ:**—એક પૂર્વનું પરિમાણ સીતેર લાખ ક્રોડ અને છપ્પન હજાર ક્રોડ વર્ષનું જાણવું. ૮૪ લાખ વર્ષનું પૂર્વાંગ જાણવું, તેને ૮૪ લાખે એટલે પૂર્વાંગે ગુણવાથી પૂર્વ થાય, તેથી ઉપર કહ્યા પ્રમાણેનું પૂર્વનું પરિમાણ બરાબર છે. ૩૧૬.

હવે સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય સ્થળચરાદિનું આયુ કહે છેઃ—

**वाससहस्स पणिंदिसु मुच्छिम चुलसी बिसत्तरि तिवन्ना ।**
**बायाला उक्कोसा, थल खह उरगे भुयगे य ॥ ३१७ ॥**

**ટીકાર્થ:**—અહીં સંમૂર્ચ્છિમ વિશેષણ બધે જોડવું અને હજાર વર્ષ એ પદ ચોરાશી વિગેરેની સાથે જોડવું. એની યથાસંખ્ય આ પ્રમાણે યોજના કરવી. સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય સ્થળચરનું ઉત્કૃષ્ટ આયુ ૮૪ હજાર વર્ષનું જાણવું. સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય ખચર, બગલા વિગેરેનું ઉત્કૃષ્ટ આયુ ૭૨૦૦૦ વર્ષનું જાણવું. સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય સર્પાદિ ઉરપરિસર્પનું ઉત્કૃષ્ટ આયુ ૫૩૦૦૦ વર્ષનું જાણવું અને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય ભુજપરિસર્પનું ઉત્કૃષ્ટ આયુ ૪૨૦૦૦ વર્ષનું જાણવું. ( સંમૂર્ચ્છિમ જળચરનું ઉપર કહેલું છે. ) ૩૧૭.

હવે સંમૂર્ચ્છિમ મનુષ્યની અવગાહના ને સ્થિતિ કહે છેઃ—

**अंगुलअसंखभागो, उक्कोसोगाहणा मणुस्साणं ।**
**संमुच्छिमाण जाणसु, अंतमुहुत्तं च परमाउं ॥ ३१८ ॥**

**ટીકાર્થ:**—સંમૂર્ચ્છિમ મનુષ્ય તે ગર્ભજ મનુષ્યના વાતપિત્તાદિમાં ઉપજે તે સમજવા. શ્રીપ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે–' હે ભગવંત ! સંમૂર્ચ્છિમ

મનુષ્ય ક્યાં ઉપજે છે ? ' ઉત્તર—'હે ગૌતમ ! ૪૫ લાખ યોજનપ્રમાણુ મનુષ્યક્ષેત્રમાં, અઢી દ્વીપ સમુદ્રમાં, પંદર કર્મભૂમિમાં, ૩૦ અકર્મભૂમિમાં, ૫૬ અંતરદ્વીપમાં, ગર્ભજ મનુષ્યના [1]ઉચ્ચારમાં, [2]પ્રશ્રવણમાં, [3]શ્લેષ્મમાં, [4]જલ્લમાં, [5]સિંધાણમાં, ઉલટીમાં, પિત્તમાં, શુક્ર(વીર્ય)માં, શોણિત (રૂધિર)માં, શુક્રપુદ્ગળના પરિશાટનમાં, જીવવિનાના કલેવરમાં, સ્ત્રી-પુરૂષના સંયોગમાં, નગરની ખાળમાં અને સર્વ અશુચિસ્થાનમાં[6] સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉપજે છે'. તેની અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની અને આયુ અંતર્મુહૂર્ત્તનું હોય છે. ૩૧૮.

હવે પૂર્વોક્ત સર્વ સંમૂર્ચ્છિમોનું જઘન્ય આયુ પ્રમાણ કહે છે:—

**सव्वेसिं अमणाणं, भिन्नमुहुत्तो भवे जहण्णेणं ।**
**सोवक्कमाउआणं, संन्नीणं चेव एमेव ॥ ३१९ ॥**

**ટીકાર્થ:**—સર્વ એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના મનવિનાના સંમૂર્ચ્છિમ જીવોનું જઘન્ય આયુ અંતર્મુહૂર્ત્તનું હોય છે તથા સોપક્રમ આયુવાળા સંજ્ઞી ગર્ભજ પંચેન્દ્રિયોનું પણ એ જ પ્રમાણે જઘન્ય આયુ અંતર્મુહૂર્ત્તનું જાણવું. ૩૧૯.

હવે આયુષ્યના સંબંધમાં કાંઇક વિશેષ કહે છે:—

**आउस्स बंधकालो, अबाहकालो उ अंतसमओ य ।**
**अपवत्तणणपवत्तणउवक्कमाणुवक्कमा भणिया ॥ ३२० ॥**

**ટીકાર્થ:**—આયુને અંગે સાત પદાર્થો યથાયોગ્ય પ્રવર્તે છે. તે આ પ્રમાણે—૧ **બંધકાળ** તે જેટલું આયુષ્ય હોય તેના ત્રીજે ભાગે પરભવનુ આયુ બાંધે તે જાણવો. ૨ **અબાધાકાળ** તે પરભવનું આયુ બાંધ્યું સતું જેટલો કાળ ઉદય ન આવે તે કાળવિશેષ જાણવો. ૩ **અંતસમય** તે અનુભૂયમાન ભવાયુ જે સમયે નિષ્ઠા પામે-પૂર્ણ થાય તે. ૪ **અપવર્તન** તે દીર્ઘ કાળ વેદવાપણે વ્યવસ્થિત કરેલું (બાંધેલું) આયુ સ્વલ્પ કાળમાં વેદી નાખવું તે. ૫ **અનપવર્તન** તે જેટલું આયુ પૂર્વે બાંધ્યું હોય તેટલુ પૂરેપૂરૂં ભોગવવું, સ્થિતિનો હ્રાસ ન થાય તે. ૬ **ઉપક્રમ** તે જે કારણોવડે કરીને આયુનું અપવર્તન થાય (ઘટે) તેવા કારણોનો સમૂહ તે અને ૭ **અનુપક્રમ** તે ઉપક્રમનો અભાવ. ૩૨૦.

૧ વિષ્ટા ૨ મૂત્ર ૩ બડખો ૪ કાનનો મેલ ૫ નાકનો મેલ. ૬ એકંદર ચૌદ સ્થાનમાં.

એ આયુ સંબંધી સાત પદાર્થ જે જીવોને જે રીતે પ્રાપ્ત થાય તે કહે છે—

**देवा नेरइया वा, असंखवासाउआ य तिरिमणुआ ।**
**छम्मासवसेसाऊ, परभविअं आउं बंधंति ॥ ३२१ ॥**
**एगिंदिअ तह विगला, पणिंदिआ जे य अणपवत्ताऊ ।**
**ते जीविअत्तिभागे, सेसे बंधंति परमाउं ॥ ३२२ ॥**
**सेसा पुणो तिभागे, नवभाए सत्तवीसभाए वा ।**
**बंधंति परभवाउं, अंतमुहुत्तंतिमे वाऽवि ॥ ३२३ ॥**

**ટીકાર્થ:**—દેવો, નારકીઓ અને અસંખ્યાતા વર્ષના આયુવાળા મનુષ્ય અને તિર્યંચો છ માસ શેષ આયુ રહે ત્યારે પરભવનું આયુ બાંધે છે, તથા એકેંદ્રિયો, વિકલેંદ્રિયો તે બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ને ચૌરિંદ્રિય તથા પંચેંદ્રિયો-તિર્યંચ ને મનુષ્યો જેઓ અનપવર્તનાયુવાળા હોય તે નિશ્ચયે પોતાના જીવિતનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુ બાંધે છે. તે શિવાયના અપવર્તનીય આયુવાળા એકેંદ્રિય, વિકળેંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચ ને મનુષ્યો પોતાના જીવિતનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવાયુ બાંધે છે અથવા ત્રિભાગ ત્રિભાગે એટલે નવમે ભાગે અથવા ત્રિભાગ ત્રિભાગ ત્રિભાગે એટલે ૨૭ મે ભાગે બાંધે છે. તેથી જ સિદ્ધાંતમાં સ્યાત્ ત્રિભાગે, સ્યાત્ ત્રિભાગત્રિભાગે, સ્યાત્ ત્રિભાગત્રિભાગત્રિભાગે કહ્યું છે તેની સાથે અવિસંવાદીપણું જાણવું. તેવા બંધથી ચ્યૂત થયેલા એટલે આયુ બાંધ્યા વિનાના હોય છે તે-આયુને અંતે અંતર્મુહૂર્ત્ત બાકી રહે ત્યારે આયુ બાંધે છે. ૩૨૧-૨૨-૨૩.

આ પ્રમાણે બંધકાળ કહ્યો, હવે અબાધાનું કાળમાન કહે છે:—

**जे जावइमे भागे, जीवा बंधंति परभवस्साउं ।**
**तेसिमबाहाकालो, अणुदयकालुत्ति सो भणिओ ॥ ३२४ ॥**

**ટીકાર્થ:**—જે જીવો જેટલામે ભાગે અર્થાત્ છ માસાવશેષે અથવા સ્વજીવિત ત્રિભાગાદિરૂપે પરભવને યોગ્ય આયુ બાંધે છે તેને માટે તેટલો બન્ધ ને ઉદયનો અપાંતરાળ લક્ષણ કાળ તે અબાધાકાળ સમજવો. એ જ વાત પર્યાયે કરીને કહે છે. તેને અબાધાકાળ અથવા અનુદયકાળ તીર્થંકર ગણધરોએ કહેલો છે. ૩૨૪

તથા અન્તસમય એટલે આયુષ્યનો નિષ્ઠાસમય કે જેનાથી અનંતર પરભવનું આયુ ઉદયમાં આવે છે. એ રીતે પરભવાયુ ઉદય પામે સતે પરભવ સંબંધી જીવોની ગતિ બે પ્રકારે પ્રવર્તે છે તે કહે છે:—

**दुविहा गई जिआणं, उज्जू वक्का य परभवग्गहणे ।**
**इगसामइया उज्जू, वक्का चउपंचसमयंता ॥ ३२५ ॥**

**ટીકાર્થ:**—જીવોની પરભવગ્રહણે–પરભવમાં જતાં બે પ્રકારની ગતિ પ્રવર્તે છે. તદ્યથા–ઋજ્વી અને વક્રા. તેમાં જે ઋજ્વી છે તે એક સમયની છે એટલે એક સમય નિર્વૃત્ત છે. ઉત્પત્તિપ્રદેશ સમશ્રેણિએ વ્યવસ્થિત હોવાથી પ્રથમ સમયે જ તેને પ્રાપ્ત કરે છે, તેમ ન થાય તો ઋજુગતિ જ કહેવાય નહીં. વક્રા ચાર–પાંચ સમય સુધીની જાણવી. ચતુઃપંચ શબ્દ ગ્રહણ કરવાની મતલબ આ પ્રમાણે છે—બાહુલ્યે ઉત્કૃષ્ટ ચાર સમય પર્યંતની જ વક્રગતિ હોય છે; કવચિત્ કદાચિત્ જ પાંચ સમય પર્યંતની હોય છે. એ વાત અનંતર જ કહેશે. ઋજુગતિ ને વક્રગતિમાં નયમતના ભેદવડે પરભવાયુના ઉદયને ચિંતવતા સતા કહે છે કે—' ઋજુગતિમાં પ્રથમ સમયે જ પારભવિક આયુનો ઉદય અને આહાર હોય છે. વક્રામાં બીજે સમયે પરભવાયુનો ઉદય હોય છે. ' ઋજુગતિમાં પ્રથમ સમયે જ પારભવિક આયુ ઉદયમાં આવે છે અને પ્રથમ સમયે જ પરભવ સંબંધી આહાર ગ્રહણ કરે છે. તે જ કહે છે—નિશ્ચયનયમતે પરભવના પ્રથમ સમયે જ પૂર્વશરીરનો પરિસાટ થાય છે. જે સમયે પૂર્વશરીરનો સર્વથા પરિસાટ થાય તે જ સમયે ગતિ થાય તેથી ગતિના પ્રથમ સમયે જ પરભવના આયુનો ઉદય થાય. ઋજુગતિવડે પ્રથમ સમયે જ ઉત્પત્તિદેશને પામે છે અને ત્યાં રહેલા સ્વશરીરયોગ્ય પુદ્ગળોને ગ્રહણ કરે છે તેથી પ્રથમ સમયે જ પરભવ સંબંધી આહાર કહેલ છે. વક્રગતિમાં પણ ઉક્ત પ્રકારે નિશ્ચયનયને આશ્રીને પ્રથમ સમયે જ પરભવાયુનો ઉદય થાય, તે વિના સર્વથા પૂર્વશરીરનો પરિસાટ ન થાય અને તેથી ગતિ ( ગમન ) પણ સંભવે નહીં. પરંતુ કેટલાક પરિસ્થૂલ ન્યાયને આશ્રયીને વક્રગતિમાં બીજે સમયે પરભવાયુનો ઉદય થાય છે એમ કહે છે. તેથી તે વાત કહેવાને ઇચ્છતા સતા કહે છે કે—' વક્રગતિમાં બીજે સમયે પરભવાયુ ઉદયને પામે છે. ' અહીં આ પ્રમાણે ભાવના કરવી–કિલ ઇતિ નિશ્ચયે પૂર્વભવના પર્યન્ત સમયે જ વક્રગતિનો પ્રારંભ કરે છે, તત્પરિણામને અભિમુખ થયેલ હોવાથી. તેથી તે સમય

પણ વક્રગતિ સંબંધી ગણવો. ત્યારપછી બીજે સમયે પરભવાયુનો ઉદય થાય છે. તેથી કહ્યું છે કે—પરભવાયુનો ઉદય વક્રગતિમાં બીજે સમયે થાય છે. આ ગાથા અન્યકર્ત્તૃક જાણવી, સૂત્રકારની કરેલી જાણવી નહીં; કારણ કે મૂળ ટીકા શ્રી હરિભદ્રસૂરિકૃત છે તેમાં એનું વ્યાખ્યાન કરેલ નથી.

હવે વક્રાગતિમાં સ્થિત જીવ કોઇ વખત એકવક્રાએ ઉત્પત્તિદેશને પામે છે, કોઈ વખત બેવક્રાએ, કોઇ વખત ત્રણવક્રાએ અને કોઇ વખત ચાર-વક્રાએ ઉત્પત્તિ દેશને પામે છે. તેમાં જે એકવક્રાએ ઉત્પત્તિદેશને પામે છે તે તો નિયમા આહારક જ છે. તે આ રીતે–પ્રથમ સમયે પ્રથમ શરીર મૂક્યું તે વખત આહારક છે અને બીજે સમયે અન્યભવાશ્રયી તેના શરીરને યોગ્ય કેટલાક પુદ્ગળો જીવયોગ ( કાર્મણકાયયોગ ) થી ઓજાહારપણે સંબંધને પામે છે. ઔદારિક, વૈક્રિય કે આહારક પુદ્ગલોનું જે ગ્રહણ કરવું તે આહાર કહીએ. તેથી પ્રથમ સમયે આહારક હતો તે બીજે સમયે ઉત્પત્તિદેશને પામ્યો સતો તદ્ભવયોગ્ય શરીરપુદ્ગલને ગ્રહણ કરે તેથી તે સમયે પણ આહારક છે.

દ્વિવક્રાગતિમાં ત્રણ સમય થાય છે. તેમાં પહેલા ને ત્રીજા સમયે પૂર્વોક્ત રીતે આહારક અને મધ્યના એક સમયે અનાહારક જાણવો.

ત્રિવક્રાગતિમાં ચાર સમય થાય છે તે આવી રીતે–ત્રસનાડીની બહાર રહેલો જીવ અધસ્તન ભાગથી ઉપરિતન ભાગે અથવા ઉપરિતન ભાગથી અધ-સ્તન ભાગે અને વિદિશામાંથી દિશામાં અથવા દિશામાંથી વિદિશામાં જ્યારે ઉપજવાનો હોય ત્યારે પ્રથમ સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે, બીજે સમયે ઉપર અથવા અધો જાય, ત્રીજે સમયે ત્રસનાડીની બહાર નીકળે અને ચોથે સમયે વિદિશામાં ઉત્પત્તિદેશને પામે. તે જીવ પહેલે ને છેલ્લે ( ચોથે ) સમયે પૂર્વે કહેલ યુક્તિ પ્રમાણે આહારક અને મધ્યના બે સમયે અનાહારક જાણવો.

ચતુર્વક્રા ગતિમાં પાંચ સમય થાય છે. તે ત્રસનાડીની બહાર જ વિદિશા-માંથી વિદિશામાં જ ઉત્પન્ન થવાનો હોય ત્યારે લાભે છે. તે આ પ્રમાણે–પહેલે સમયે ત્રસનાડીની બહાર જ વિદિશામાંથી દિશામાં આવે, બીજે સમયે ત્રસ-નાડીમાં પ્રવેશ કરે, ત્રીજે સમયે ઉપર અથવા નીચે ગમન કરે, ચોથે સમયે ત્રસનાડીની બહાર નીકળે અને પાંચમે સમયે વિદિશામાં રહેલા ઉત્પત્તિદેશને પામે. આમાં પણ પહેલા ને છેલ્લા ( પાંચમા ) સમયે આહારક અને શેષ રહેલા મધ્યના ત્રણ સમયે અનાહારક જાણવો. અહીં ઉત્કૃષ્ટી બહોળતાએ ચાર સમય-વાળી વક્રગતિ જ પ્રવર્તે છે, પાંચ સમયવાળી તો સ્વલ્પ જીવાશ્રિત હોવાથી તેની

વિવક્ષા કરવામાં આવતી નથી. વળી ત્યાં ત્યાં સિદ્ધાંતપ્રદેશમાં વક્રગતિના અના-હારકપણાની ચિંતા ( વિચાર ) માં એક અથવા બે સમય અનાહારક હોય એમ કહેલું છે. અહીં વા શબ્દનું ગ્રહણ કરેલ છે તેથી કોઇ વખત ત્રણ સમય પણ અનાહારક હોય એમ સમજવું. એટલે એ હકીકતમાં વિરોધ રહેશે નહીં. ૩૨૫

ઉપરની હકીકત જ ગાથાવડે કહે છે:—

**इगदुगतिगवक्काइसु, दुगाइसमएसु परभवाहारो ।**
**दुगवक्काइसु समया, इगदोतिन्नि य अणाहारा ॥ ३२६ ॥**

**ટીકાર્થ**:—એક, બે, ત્રણ વક્રાદિમાં—આ શબ્દથી ચતુર્વક્રાગતિમાં દ્વિતીયાદિ સમયે પરભવનો આહાર જાણવો. તે આ પ્રમાણે—એકવક્રા ગતિમાં બીજે સમયે પરભવનો આહાર, દ્વિવક્રામાં ત્રીજે સમયે, ત્રિવક્રામાં ચોથે સમયે અને ચતુર્વક્રામાં પાંચમે સમયે પરભવનો આહાર જાણવો. તથા એકવક્રામાં સર્વથા આહારક, એ હકીકત પૂર્વે સમજાવેલ છે. દ્વિવક્રાદિ ગતિમાં યથાક્રમ એક, બે, ત્રણ સમય અનાહારક જાણવો. તે આ પ્રમાણે—દ્વિવક્રા ગતિગાં એક સમય, ત્રિવક્રામાં બે સમય, ચતુર્વક્રામાં ત્રણ સમય અનાહારક જાણવો. ૩૨૬.

હવે અપવર્તન અનપવર્તન રૂપ બે દ્વાર કહે છે:—

**बहुकालवेअणिज्जं, कम्मं अप्पेण जमिह कालेण ।**
**वेइज्जइ जुगवं चिअ, उइण्णसव्वप्पएसग्गं ॥ ३२७ ॥**

**अपवत्तणिज्जमेयं, आउं अहवा असेसकम्मंपि ।**
**बंधसमएवि बद्धं, सिढिलं चिय तं जहाजुग्गं ॥ ३२८ ॥**

**ટીકાર્થ**:—જે આયુરૂપ કર્મ બહુકાળવેદનીય—પ્રભૂતકાળવેદ્ય હોય તે આ જગતમાં તિર્યંચ—મનુષ્યો અપવર્તના કરણના વશથી સમકાળે સર્વપ્રદેશાગ્રને સ્વલ્પકાળવડે વેદે—અનુભવીને નિર્જરે એ આયુને અપવર્તનીય આયુ સમજવું. આ પ્રમાણે આયુકર્મ જ એક અપવર્તનીય હોય છે એમ નહીં, પણ બાકીના કર્મો પણ અપવર્તનવાળા છે. તે જ વાત કહે છે કે—બાકીના સમસ્ત કર્મો પણ પ્રભૂતકાળવેદ્ય હોય તે અપવર્તના કરણના યોગથી સમકાળે સર્વ પ્રદેશાગ્રને ઉદીર્ણ કરીને અલ્પકાળે વેદી નાખે છે તેને અપવર્તનીય કર્મ કહીએ.

અહીં શંકા કરે છે કે-' જો બંધકાળે પ્રભૂતકાળે વેદવા યોગ્ય કર્મ બાંધ્યું હોય તે અપવર્તના કરણના વશથી અલ્પકાળે વેદાઇ જાય તો કૃતનાશ ને અકૃતાગમનો પ્રસંગ પ્રાપ્ત થશે. યથાબદ્ધ ન વેદવાથી અને વેદવા પ્રમાણે બાંધેલ ન હોવાથી.' આના ઉત્તરમાં કહે છે કે-' બંધકાળે જ તે અપવર્તનીય આયુ અને શેષ કર્મ પણ શિથિળ જ યથાયોગ્ય અપવર્તનીયતા યોગ્ય દેશકાળના અનતિક્રમપણે બાંધેલ હોય છે.' આ અહીં સાર છે કે-બંધકાળે પણ તથાવિધ અધ્યવસાયના યોગથી તથારૂપ જ કર્મ બાંધેલ હોય છે કે જે દેશકાળ ને પુરૂષને અપેક્ષીને અપવર્તના પામે છે, તેથી એમાં કાંઇપણ દોષનો સંભવ નથી. ૩૨૭-૨૮

**जं पुण गाढ निकायणबंधेणं पुव्वमेव किल बद्धं ।**
**तं होइ अणपवत्तण–जोग्गं कमवेअणिज्जफलं ॥ ३२९ ॥**

**ટીકાર્થ:**—જે આયુ અથવા બીજાં કર્મ ગાઢ નિકાચન બંધવડે કરીને એટલે અવશ્ય વેદ્યપણે વ્યવસ્થાપન કરેલ હોય તે કર્મનો બંધ પૂર્વે જ ગાઢ નિકાચનબંધે કરીને બાંધેલ હોવાથી તે અનપવર્તન યોગ્ય છે; તેની અપવર્તના થતી નથી. તે કર્મ ક્રમે કરીને એટલે પરિપાટીએ વેદવારૂપ ફળવાળું છે. આનો સાર એ છે કે-જે કર્મ તથારૂપ પરિણામના યોગથી અવશ્ય વેદ્યપણે નિકાચિત કરેલું હોય છે તે અનપવર્તનીય સ્વરૂપવાળું હોય છે અને અનપર્વતીય સ્વરૂપવાળું હોવાથી ક્રમવેદનીય ફળવાળું હોય છે. તેમાં આયુકર્મ સંબંધી વિચાર કરતાં દેવો, નારકી જીવો, ઉત્તમ પુરૂષો ( શલાકા પુરૂષો વિગેરે ), ચરમશરીરી અને અસંખ્યાત વર્ષાયુવાળા ( યુગલિકો ) અનપવર્તનીય આયુવાળા હોય છે. તે શિવાયના જીવો અપવર્તનીય અને અનપવર્તનીય આયુવાળા હોય છે. ૩૨૯.

હવે ઉપક્રમ અને અનુપક્રમરૂપ બે દ્વાર કહે છે.—

**जेणाउमुवक्कमिज्जइ, अप्पसमुत्थेण इयरगेणावि ।**
**अज्झवसाणाईओ, उवक्कमो सो इहं नेओ ॥ ३३० ॥**

**ટીકાર્થ:**—જે આત્મસમુત્થ અધ્યવસાયવિશેષાદિવડે અથવા ઇતર બાહ્ય વિષ, અગ્નિ, શસ્ત્રાદિવડે આયુ ઉપક્રમ પામે એટલે કે દીર્ઘકાળવેદ્ય હોય તે સ્વલ્પકાળવેદ્યપણે વ્યવસ્થાપન કરાય તે અપવર્તનના હેતુભૂત અધ્યવસાયાદિ અહીં ઉપક્રમ કહેવાય છે. ૩૩૦.

તે ઉપક્રમ સાતપ્રકારનો હોય છે તે કહે છે.—

**अज्झवसाणनिमित्ते, आहारे वेयणा पराघाए ।**
**फासे आणापाणू, सत्तविहं भिज्जए आउं ॥ ३३१ ॥**

**ટીકાર્થ:**—જેનાવડે આયુ ભેદ પામે એટલે કે શીઘ્રમેવ વિધ્વંસને પામે તેવા પ્રકાર આ પ્રમાણે કહેલા છે-અધ્યવસાને-અધ્યવસાયને લઇને. તે અધ્યવસાય ત્રણ પ્રકારના છે-રાગરૂપ, સ્નેહરૂપ ને ભયરૂપ. તેની મતલબ એ છે કે અત્યંત રાગાદિના અધ્યવસાયથી આયુ ભેદ પામે છે. જેમ એક પરબવાળી કોઈ તરૂણ પુરૂષ પરના અનુરાગથી તેને જોતી જોતી, કોઈ સ્ત્રી પુત્રવિયોગ થવાથી તેના પરના સ્નેહથી અને કૃષ્ણ વાસુદેવને જોવાવડે ગજસુકુમારના સાસરા સોમીલને ઉત્પન્ન થયેલા ભયથી તેઓના પ્રાણ ગયા તેમ આયુ ભેદ પામે છે. બીજું કારણ-નિમિત્તથી એટલે દંડ, ચાબુક, શસ્ત્ર અને દોરડાદિકના પ્રહારના નિમિત્તથી. ત્રીજું કારણ-આહાર-પ્રચુર આહાર ખાવાથી. ચોથું કારણ-વેદના એટલે શૂળાદિકની ગાઢ વેદનાથી. પાંચમું કારણ-પરાઘાત તે ખાડામાં પડી જવા વિગેરેથી થતા તીવ્ર આઘાતથી. છઠું કારણ-સ્પર્શ તે સર્પાદિ ઝેરી પ્રાણીના સ્પર્શથી, સાતમું કારણ-પ્રાણાપાન એટલે શ્વાસોચ્છ્વાસના રૂંધાઇ જવાથી-એ રીતે કુલ સાત પ્રકારે આયુ ભેદાય છે. આ ઉપક્રમો અપવર્તનયોગ્ય આયુનું અપવર્તન કરે છે; અનપવર્તનયોગ્યનું અપવર્તન કરી શકતા નથી.

આવા નિમિત્તો ચરમશરીરી વિગેરેને પણ કદાચિત્ સંભવે છે અને પીડા ઉત્પન્ન કરે છે; પરંતુ તે આયુની અપવર્તના કરી શકતા નથી. કેવળ ઉપક્રમના હેતુના સંપર્કવાળું આયુ તે સોપક્રમાયુ કહેવાય છે. તે શિવાયના ઉપક્રમના હેતુ વિનાના આયુ તે નિરૂપક્રમાયુ કહેવાય છે. ઇતિ-આ પ્રસંગે સર્યું. ૩૩૧.

હવે પ્રસ્તુત કહેવું છે તેમાં પ્રકૃતનો ઉપસંહાર કરતા અને ઉત્તર હકીકતનો સંબંધ જોડતા સતા કહે છે:—

**पुढवाईण भवठिई, एसा मे वण्णिआ समासेणं ।**
**एएसिं कायठिई, उड्ढं तु अओ परं वुच्छं ॥ ३३२ ॥**

**ટીકાર્થ:**—ઉપર પ્રમાણે અનંતર કહેલી પૃથ્વીકાય વિગેરે જીવોની ભવસ્થિતિ મેં સંક્ષેપથી વર્ણવી, હવે એની પછી તે પૃથિવીકાયાદિ જીવોની જ

કાયસ્થિતિ એટલે તે પૃથિવીકાય વિગેરે કાયને નહીં તજતા અવસ્થાન રૂપે કેટલો કાળ રહે છે તે કહું છું. ૩૩૨.

પ્રતિજ્ઞાતનો નિર્વાહ કરે છે:—

**अस्संखोसप्पिणिसप्पिणी उ एगिंदियाण य चउण्हं ।**
**ता चेव उ अणंता, वणस्सईए उ बोधव्वा ॥ ३३३ ॥**

**ટીકાર્થ:**—ચાર એકેંદ્રિયો–પૃથ્વી, અપ્, તેઉ ને વાયુરૂપ પ્રત્યેકની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પિણી ને અવસર્પિણી કાળની સમજવી. એ જ કાળપરિમાણનો ક્ષેત્રથી વિચાર કરીએ તો તે આ પ્રમાણે જાણવું. અસંખ્યાતા લોકાકાશના પ્રદેશોનો એકેક સમયે અપહાર કરીએ તો તે પ્રમાણે અપહાર કરતાં જેટલો કાળ લાગે તેટલા કાળપરિમાણ રૂપ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી જાણવી. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે–'હે ભગવંત! પૃથ્વીકાય જીવો પૃથ્વીકાયપણે કેટલો કાળ રહે?' ઉત્તર–'હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ–અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાતા લોક. એ જ પ્રમાણે અપ્, તેજો ને વાયુકાય માટે પણ સમજવું.' તે જ રીતે વનસ્પતિકાય માટે તેવી અનંતી ઉત્સર્પિણી ને અવસર્પિણીની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ જાણવી. આ પણ કાળથી પરિમાણ સમજવું. ક્ષેત્રથી પૂર્વે કહ્યા પ્રમાણે અનંતા લોક અથવા અસંખ્યાતા પુદ્ગલ પરાવર્ત. તે પુદ્ગલ પરાવર્તો એક આવલીના અસંખ્યાતમા ભાગે જેટલા સમય તેટલા જાણવા. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે–'હે ભગવંત! વનસ્પતિકાય જીવો વનસ્પતિકાયપણે કેટલો કાળ રહે?' ઉત્તર–'હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ–અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી. ક્ષેત્રથી અનંતા લોક અથવા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત. તે પુદ્ગલપરાવર્તો આવળીના અસંખ્યાતમે ભાગે જેટલા સમય આવે તેટલા જાણવા.' ૩૩૩. તથા:—

**वाससहस्सा संखा, विगलाण ठिई उ होइ बोधव्वा ।**
**सत्तट्ठभवा उ भवे, पणिंदितिरिमणुअ उक्कोसा ॥ ३३४ ॥**

**ટીકાર્થ:**—વિકલેંદ્રિયોની એટલે બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચૌરેંદ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પ્રત્યેકની સંખ્યાતા હજાર વર્ષની જાણવી. અહીં ગાથામાં તુ શબ્દ છે તે ભેદ અથવા અવધારણમાં આવે છે. અહીં ભેદાર્થમાં સમજવો.

એટલે પ્રથમ ઉત્સર્પિણી અવસર્પિણીમાં કાયસ્થિતિ કહી. અહીં વર્ષમાં કહે છે. પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાત આઠ ભવ પ્રમાણ છે. તેમાં જ્યારે આઠ ભવ પામીએ ત્યારે પ્રથમના સાત ભવ સંખ્યાતા વર્ષના આયુવાળા અને આઠમો ભવ નિશ્ચયે અસંખ્યાતા વર્ષના આયુવાળા (યુગલિકો) નો જ હોય. તે કારણથી સાત આઠ ભવ-એમ કહેલ છે, તેમ ન હોત તો આઠ ભવ જ કહેત. જઘન્ય તો બધે અંતર્મુહૂર્તની કાયસ્થિતિ સમજવી. ૩૩૪

ઉપર પ્રમાણે તિર્યંચ ને મનુષ્યનું દેહમાન અને આયુષ્યપ્રમાણ કહ્યું, હવે તેમનો ઉપપાત ઉદ્વર્તના વિરહકાળ અને ઉત્પદ્યમાન તથા ઉદ્વર્તમાનની સંખ્યા અને ગતિ-આગતિ કહેવાનો અવસર છે. તેમાં પ્રથમ તિર્યંચોનું કહેતાં એકેંદ્રિય જીવોની ઉપપાત સંખ્યા કહે છેઃ—

**अणुसमयमसंखिज्जा, संखिज्जाऊ अ तिरिमणुआ य ।**
**एगिंदिएसु गच्छे, आरा ईसाणदेवा य ॥ ३३५ ॥**

**શબ્દાર્થઃ**—પ્રત્યેક સમયે અસંખ્યાતા અને સંખ્યાતા તિર્યંચ અને મનુષ્યો તેમ જ ઇશાનદેવલોક સુધીના દેવો એકેંદ્રિયમાં જાય છે.

**ટીકાર્થઃ**—ઉપપાતવિરહકાળ અને ઉદ્વર્તનાવિરહકાળ એકેંદ્રિયમાં નથી કારણ કે તેમાં પ્રતિસમય ઉપપાત ને ઉદ્વર્તનાનો સદ્ભાવ છે; તેથી તે બે દ્વારનો તેમાં અવતાર નથી. કેવળ પ્રતિસમય તેમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે તે વિચારવાનું છે. તેમાં પ્રતિસમય એકેંદ્રિયો અને એકેંદ્રિય શિવાયના બીજા જીવો અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. તેનો સાર એ છે કે-પ્રતિસમય એકેંદ્રિયપણે ઉત્પન્ન થનારા જીવો અસંખ્યાતા લભ્ય થાય છે. તે આ પ્રમાણે-પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવો તેમાં ઉપજે છે. તેમાં પ્રથમના પૃથ્વીકાયાદિક ચાર પ્રકારના જીવો સ્વસ્થાન કે પરસ્થાનની વિવક્ષા વિના સામાન્યે પ્રત્યેક જાતિના પ્રત્યેક સમયે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે-'હે ભગવંત ! પૃથ્વીકાયિક જીવો પ્રતિસમય કેટલા ઉપજે ?' ઉત્તર-'હે ગૌતમ ! પ્રતિસમય અવિરહિતપણે અસંખ્યાતા ઉપજે. એ રીતે વાયુકાય સુધી સમજવું.' વનસ્પતિકાયિક સ્વસ્થાનથી આવીને ઉત્પદ્યમાન પ્રતિસમયે અનંતા અને પરસ્થાનથી આવેલા પ્રતિસમય ઉત્પદ્યમાન જીવો સર્વ કાળે અસંખ્યાતા સમજવા. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં આ પ્રમાણે જ કહેલ છે. સ્વસ્થાન ઉપપાતને માટે આ પ્રક્ષેપ ગાથા છે—

एगो असंखभागो, वट्टइ उव्वट्टणोववायम्मि ।
एगनिगोए निच्चं, एवं सेसेसु वि स एव ॥ १ ॥

" એક નિગોદમાંથી નિત્ય સર્વકાળ એક અસંખ્યાતમો ભાગ ઉદ્વર્તનામાં વર્તે છે અર્થાત્ તેમાંથી ચ્યવે છે અને એક અસંખ્યાતો ભાગ ઉપજે છે. એ જ પ્રમાણે બાકીની સર્વ સૂક્ષ્મ–બાદર નિગોદ પ્રત્યેકમાંથી એક અસંખ્યાતમો ભાગ ઉદ્વર્તનામાં ને ઉપપાતમાં સમજવો." એનો સાર એ છે કે–સૂક્ષ્મ ને બાદર એકેક નિગોદ કે જે અનંત જીવાત્મક છે તેમાંથી એક અસંખ્યાતમો ભાગ સતત ઉદ્વર્તના પામે છે (નીકળે છે) અને એક અસંખ્યાતમો ભાગ તેમાં ઉપજે છે. તે અસંખ્યાતમો ભાગ પણ અનંતજીવાત્મક સમજવો, તેથી એકેક નિગોદમાં પ્રતિસમય ઉત્પદ્યમાન જીવો અનંતા સમજવા. એ રીતે સર્વ **નિગોદ**-માંથી મળીને અનંતા નીકળે એમાં તો શું કહેવું ?

( દરેક નિગોરમાંથી અસંખ્યાત સમયે સર્વ જીવો પલટાઇ જાય છે ) હવે નિગોદ એટલે શું ? તે કહે છે–અનંત જીવોનું સાધારણ એક શરીર. તે પણ સ્તિબુકાકાર એટલે પાણીના પરપોટાના આકારનું. એવી રીતની અસંખ્ય નિગોદનો જે સમુદાય ગોલકના આકારનો તેને ગોળો કહીએ. એવા ગોળા અસંખ્યાતા છે. એ અર્થને કહેનારી ગાથા આ પ્રમાણે છે—

गोला य असंखिज्जा, अस्संखनिगोयगोलओ भणिओ ।
इक्किक्कम्मि निगोए, अणंतजीवा मुणेयव्वा ॥ १ ॥

" ગોળા લોકમાં અસંખ્યાતા છે. ગોળો અસંખ્ય નિગોદાત્મક તીર્થંકર ગણધરોએ કહેલો છે. એકેક નિગોદમાં અનંતા જીવો જાણવા." એ નિગોદમાં વર્તતા જીવો બે પ્રકારના છે–સાંવ્યવહારિક ને અસાંવ્યવહારિક. તેમાં સાંવ્યવહારિક તે નિગોદમાંથી નીકળીને શેષ જીવરાશિમાં જે ઉત્પન્ન થયા હોય તે સમજવા. તેમાંથી નીકળીને કોઇ જીવ પાછા પણ નિગોદમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં ઉત્કૃષ્ટા આવળીના અસંખ્યાતમા ભાગના સમય જેટલા પુદ્ગળપરાવર્ત કરે છે અને પાછા તેમાંથી નીકળીને શેષ સર્વ જીવોમાં આવે છે. આ પ્રમાણે વારંવાર સાંવ્યવહારિક જીવો ગત્યાગતિ કરે છે. જે અસાંવ્યવહારિક છે તે તો સર્વદા નિગોદમાં જ રહેલા છે તે કદાચિત્ પણ ત્રસભાવને પામેલા નથી. તે સંબંધની ગાથા આ પ્રમાણે—

अत्थि अणंता जीवा, जेहिं न पत्तो तसत्तपरिणामो ।
उप्पज्जंति चयंति य, पुणो वि तत्थेव तत्थेव ॥ १ ॥

"અનંતા જીવો એવા છે કે જેઓ ક્યારે પણ ત્રસાદિ ભાવને પામ્યા નથી. કેવળ ત્યાં નિગોદને વિષે જ ફરી ફરીને ઉપજે છે અને ચ્યવે છે."

અહીં કોઇ પ્રશ્ન કરે છે કે–પ્રત્યેકશરીરી વનસ્પતિને વિષે પણ અનંતકાયિક જીવોનો સંભવ છે કે નહીં? ઉત્તર–છે. તે સંબંધી ગાથા આ પ્રમાણે—

**सव्वो वि किसलओ खलु, उग्गममाणो अणंतओ भणिओ।**
**सो चेव विवड्ढंतो, होइ परित्तो अणंतो वा ॥ १ ॥**

"અહીં સર્વ શબ્દ અપરિશેષવાચી છે એટલે સર્વ–કોઇ બાકી નહીં એવા વનસ્પતિકાય પ્રત્યેકશરીરી અથવા સાધારણશરીરી તે કિસલયાવસ્થાને પામ્યા સતા અનંતકાય જ હોય છે એમ તીર્થંકર ગણધરોએ કહ્યું છે. તે કિસલયરૂપ અનંતકાયિક વૃદ્ધિ પામ્યો સતો અનંતકાય રહે છે અથવા પ્રત્યેક થાય છે." આમ કેમ થાય છે? તેને ઉત્તર આપે છે કે–જો સાધારણ શરીર નીપજાવે તો સાધારણ થાય અને પ્રત્યેક શરીર નીપજાવે તો પ્રત્યેક થાય. કોઇ પૂછે કે—કેટલા કાળ પછી પ્રત્યેક થાય? તેને ઉત્તર આપે છે કે—અંતર્મુહૂર્ત્તમાં. તે જ વાત કહે છે કે—નિગોદ જીવોની ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્તની જ સ્થિતિ કહી છે તેથી અંતર્મુહૂર્ત્ત પછી વૃદ્ધિ પામતો સતો પ્રત્યેક થાય છે એમ સમજવું. (જો પ્રત્યેક થાય તો બીજા જીવો ચ્યવી જાય છે.)

આ રીતે ઉપપાત સંખ્યાદ્વાર કહ્યું, હવે કયા જીવો એકેંદ્રિયમાં ઉત્પન્ન થાય છે તે કહે છે.—સંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચ—એક, બે, ત્રણ, ચાર ને પાંચ ઇંદ્રિયોવાળા અને મનુષ્યો પણ સંખ્યાત વર્ષના આયુવાળા એકેંદ્રિય નામ–ગોત્ર–આયુકર્મનો ઉપચય કરીને એકેંદ્રિયમાં આવે છે. આમ કહેવાવડે કરીને અસંખ્ય વર્ષના આયુવાળાનો વ્યુદાસ કર્યો. તદુપરાંત ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ને ઇશાન દેવલોક સુધીના વૈમાનિક દેવો પણ એકેંદ્રિયમાં—પૃથ્વી, અપ્ ને વનસ્પતિમાં ઉપજે છે; તેજો–વાયુનો તેવો ભવસ્વભાવ હોવાથી દેવો તેમાં ઉપજતા નથી. ૩૩૫

હવે જીવોને એકેંદ્રિયપણાની પ્રાપ્તિ ક્યારે થાય છે? તે કહે છે:—

**जया मोहोदओ तिव्वो, अन्नाणं सुमहब्भयं।**
**पेलवं वेयणीयं च, तया एगिंदिओ भवे ॥ ३३६ ॥**

**ટીકાર્થ:**—જ્યારે-જે કાળે મોહોદય-મૈથુન આસેવન અભિલાષ રૂપ તીવ્ર-ગાઢ સ્વરૂપવાળો હોય છે ત્યારે તેમ જ અજ્ઞાન-અનાભોગ રૂપ તેમ જ સુમહાભય રૂપ-અતીવ ભયાનક, અતિ ભયાનક હોવાથી અજ્ઞાનથી કોણ બીતું નથી ? સર્વ બીહે છે; કારણ કે અજ્ઞાનના વશથી જીવ સચેતન છતાં પણ અચેતન રૂપ થઇ જાય છે, તેવા અજ્ઞાનથી તેમ જ અસાતાવેદનીય રૂપ અત્યંત અસાર વેદનીય કર્મના ઉદયથી જીવ એકેંદ્રિયપણે ઉત્પન્ન થાય છે. ૩૩૬

હવે એકેંદ્રિયનું આગતિદ્વાર કહેવાનો અવસર છે. એટલે કે એકેંદ્રિય જીવો સ્વસ્થાનથી ઉદ્ધર્યા સતા કયાં ઉપજે છે ? તે વાત આગળ ઉપર કહેશે. હમણા તો વિકલેંદ્રિયોનો ઉપપાત ને વિરહકાળ જઘન્ય ને ઉત્કૃષ્ટ કહે છે:—

**भिन्नमुहुत्तो विगलिंदियाण संमुच्छिमाण य तहेव ।**
**बारसमुहुत्तगप्भे, उक्कोस जहन्नओ समओ ॥ ३३७ ॥**

**ટીકાર્થ:**—વિકલેંદ્રિયો એટલે બેઇંદ્રિય, ત્રીંદ્રિય અને ચૌરિંદ્રિય જીવોનો તેમ જ સંમૂર્ચ્છિમ પંચેંદ્રિયોનો અંતર્મુહૂર્ત્તપ્રમાણ ઉપપાતવિરહકાળ જાણવો. ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ ને મનુષ્યને આશ્રીને ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ બાર મુહૂર્ત્તનો જાણવો. જઘન્ય તો સર્વત્ર વિકલેંદ્રિયોનો પણ ઉપપાતવિરહકાળ એક સમયનો જાણવો. ૩૩૭

હવે વિકલેંદ્રિયોનો અને સંમૂર્છિમ ગર્ભજ તિર્યંચોનો ઉદ્ધર્તનાવિરહ-કાળ, એમની જ ઉપપાત ને ઉદ્ધર્ત્તનની સંખ્યા તથા સામાન્યે નારક, તિર્યંચ, મનુષ્ય ને દેવોની ગતિનાં દ્વારનું પ્રતિપાદન કરે છે--

**उव्वट्टणा वि एवं, संखा समएण सुरवरतुल्ला ।**
**नरतिरिय संख सव्वेसु, जंति सुरनारया गप्भे ॥३३८॥**

**ટીકાર્થ:**—વિકલેંદ્રિયોનો અને સંમૂર્ચ્છિમ તેમ જ ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયોનો ઉપપાતવિરહકાળની સરખો જ ઉદ્ધર્તનાવિરહકાળ જાણવો. ( અહીં એક ગાથા કહી છે તેનો સાર ઉપર આવી ગયેલો છે. ફક્ત ઉપર ઉપપાતવિરહકાળ કહેલ છે, અહીં ઉદ્ધર્તનાવિરહકાળ સમજવો. ) આમ કહેવાથી ઉદ્ધર્તનાવિરહકાળનું દ્વાર કહ્યું, હવે તે જ બેઇંદ્રિયાદિક જીવોની ઉપપાત ને ઉદ્ધર્તનાની સંખ્યા એક સમય આશ્રી કહેવાની છે, તે દેવો પ્રમાણે

સમજવી. તે આ પ્રમાણે—એક સમયે એક, બે, ત્રણ અથવા સંખ્યાતા, અસંખ્યાતા ચ્યવે છે અને ઉપજે છે. એ રીતે ઉપપાત ને ઉદ્વર્તનાની સંખ્યા કહી.

હવે ગતિદ્વાર કહે છે—સંખ્યાતા વર્ષના આયુવાળા મનુષ્ય ને તિર્યંચો સર્વે વિકલેંદ્રિયોમાં જાય છે, અને દેવો તથા નારકી જીવો ગર્ભજ એવા તિર્યંચ ને મનુષ્યમાં જાય છે. અહીં પ્રશ્ન કરે છે કે—પૂર્વે ઇશાનદેવલોક સુધીના દેવો એકેંદ્રિયમાં જાય છે એમ કહ્યું છે અને અહીં ગર્ભજ તિર્યંચ-મનુષ્યમાં જાય છે એમ કહો છો તો તેથી શું વિરોધ આવતો નથી? તેનો ઉત્તર આપે છે કે—આ ઉક્તવડે વ્યતિરેકપણે કહેલ હોવાથી તેમાં દોષ આવશે નહીં. આમ કહેવાથી એ કહ્યું કે—એકેંદ્રિયમાં જાય છે અને ગર્ભજ તિર્યંચ મનુષ્યમાં પણ જાય છે. ૩૩૮

હવે પ્રક્રાંતોના જ ગતિદ્વારને અવસરે સામાન્યે આગતિદ્વાર કહે છેઃ—

**उव्वट्टा तिरियाओ, चउसुं पि गईसु जंति पंचिंदी ।**
**थावर विगला दोसुं, नियमा पुण संखजीवीसु ॥ ३३९ ॥**

**ટીકાર્થ**:—સંખ્યાતા વર્ષના આયુવાળા તિર્યંચ પંચેંદ્રિયો સ્વસ્થાનથી ઉદ્ધર્યા સતા ચારે ગતિમાં—નારક, તિર્યંચ, મનુષ્ય ને દેવતામાં જાય છે. સ્થાવર—એકેંદ્રિય ને વિકલેંદ્રિય—બેઇંદ્રિયાદિ તિર્યંચ ને મનુષ્યરૂપ બે ગતિમાં જ જાય છે. અને તે પણ કેવળ નિશ્ચયે સંખ્યાત વર્ષના આયુવાળામાં જ જાય છે. અસંખ્યાતાયુવાળામાં જતા નથી. ૩૩૯

હવે ગર્ભજ ને સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ઉપપાતવિરહકાળ જઘન્ય ને ઉત્કૃષ્ટ ભેદે કહે છેઃ—

**बारसमुहुत्तगप्भे, मुहुत्तसंमुच्छिमेसु चउवीसं ।**
**उक्कोसविरहकालो, दोसु वि य जहन्नओ समओ ॥३४०॥**

**ટીકાર્થ**:—ગર્ભજ મનુષ્યનો ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ બાર મુહૂર્ત્તનો છે અને સંમૂર્ચ્છિમનો ચોવીશ મુહૂર્ત્તનો છે. જઘન્યથી બંનેનો–સંમૂર્ચ્છિમ ને ગર્ભજનો ઉપપાતવિરહકાળ એક સમયનો છે. ૩૪૦

હવે મનુષ્યોના જ ઉદ્વર્તનાદ્વાર, સંખ્યાદ્વાર ને ગતિદ્વાર કહે છેઃ—

**एमेव य उववट्टण, संखा समएण सुरवरतुल्ला ।**
**मणुएसुं उववज्जेऽसंखाउय मुत्तु सेसाओ ॥ ३४१ ॥**

**ટીકાર્થ:**—ગર્ભજ મનુષ્યને અને સંમૂર્ચ્છિમ મનુષ્યને ઉદ્વર્તનાવિરહકાળ પણ ઉપપાતવિરહકાળ પ્રમાણે જ જાણવો. તે આ પ્રમાણે–ઉદ્વર્તનાવિરહકાળ ગર્ભજમનુષ્યનો ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત્તનો અને સંમૂર્ચ્છિમ મનુષ્યનો ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્ત્તનો જાણવો. જઘન્યથી બંને પ્રકારનો વિરહકાળ એક સમયનો જાણવો. એ રીતે ઉદ્વર્તનાવિરહદ્વાર કહ્યું.

હવે એક સમયે ઉત્પદ્યમાન અને ઉદ્વર્તમાન જીવોની સંખ્યા કહે છે. તે સુરવર તુલ્ય એટલે દેવ સમાન જાણવી. તે આ પ્રમાણે–' એક, બે, ત્રણ, સંખ્યાતા અથવા અસંખ્યાતા એક સમયે ઉપજે છે અને તેટલા એક સમયે ચ્યવે છે.' તેમાં એટલું વિશેષ કે–આ હકીકત સામાન્યે ગર્ભજ સંમૂર્ચ્છિમની મળીને સમજવી; એકલા ગર્ભજ માટે સમજવી નહીં. આ પ્રમાણે સંખ્યાદ્વાર કહ્યું.

હવે ગતિદ્વાર કહે છે. મનુષ્યમાં અસંખ્યાતા વર્ષના આયુવાળા મનુષ્ય ને તિર્યંચોને મૂકીને બાકીના સંખ્યાતા વર્ષના આયુવાળા મનુષ્યો અને તિર્યંચો તથા દેવો અને નારકી જીવો ઉપજે છે. ૩૪૧

હવે મનુષ્યનું આગતિદ્વાર કહેવાનો અવસર છે, છતાં પ્રથમ પૃથ્વીકાય વિગેરે જીવોની લેશ્યાનું પ્રતિપાદન કરે છે:—

**पुढवी आउ वणस्सइ, बायर परिएसु लेस चत्तारि ।**
**गप्भे तिरियनरेसुं, छल्लेसा तिन्नि सेसाणं ॥ ३४२ ॥**

**શબ્દાર્થ:**— બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય, અને ( પ્રત્યેક ) વનસ્પતિકાયને વિષે ચાર લેશ્યા હોય છે. ગર્ભજ તિર્યંચ ને મનુષ્યમાં છ લેશ્યા હોય છે અને શેષ જીવોમાં ત્રણ લેશ્યા હોય છે.

**ટીકાર્થ:**—બાદર શબ્દ પ્રત્યેક સાથે જોડવો અને પર્યાપ્ત વિશેષણ પણ સામર્થ્યથી સમજી લેવું. અન્યથા તેજોલેશ્યા સંભવી શકે નહીં. બાદરપર્યાપ્ત એવા પૃથ્વીકાયમાં, બાદરપર્યાપ્ત અપ્કાયમાં અને બાદરપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયમાં આદ્યની ચાર–કૃષ્ણ, નીલ, કાપોત ને તેજોલેશ્યા હોય છે. તેજોલેશ્યા શી રીતે પામીએ ? તે કહે છે. એ ત્રણ પ્રકારમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી

અને સૌધર્મેશાન કલ્પના દેવો ઉત્પન્ન થાય છે તે તેજોલેશ્યાવાળા હોય છે. દેવો જે લેશ્યામાં મરણ પામે છે તે લેશ્યાએ જ આગળ પણ ઉત્પન્ન થાય છે. આગમમાં કહ્યું છે કે–આગામી ભવના આદ્ય સમયે જીવોને અન્ય લેશ્યાના પરિણામ હોતા નથી, તેમ જ પાશ્ચાત્ય ભવના ચરમ સમયે પણ તેથી જુદા લેશ્યાપરિણામ હોતા નથી; પરંતુ તિર્યંચ મનુષ્યોને આગામી ભવ સંબંધી લેશ્યાનું અંતર્મુહૂર્ત્ત ગયા પછી અને દેવનારકોને સ્વભવની લેશ્યા હજુ અંતર્મુહૂર્ત્ત રહેનારી હોય ત્યારે પરલોક-ગમન થાય છે. તે બાબતમાં કહ્યું છે કે–અહીં ત્રણ ગાથા છે તેનો અર્થ આ પ્રમાણે—

સર્વ લેશ્યા નવી પરિણમે ત્યારે તેના પ્રથમ સમયે કોઇપણ જીવનો પર-ભવમાં ઉપપાત થતો નથી. સર્વ લેશ્યા જે પરિણમેલી હોય તેને ચરમ સમયે પણ કોઇ જીવનો પરભવમાં ઉપપાત થતો નથી. એટલે કે–કોઈપણ લેશ્યા પરિણમ્યા પછી અંતર્મુહૂર્ત્ત જાય ત્યારપછી અથવા પરિણમેલી લેશ્યા અંતર્મુહૂર્ત્ત બાકી હોય ત્યારે જીવ પરભવમાં જાય છે.' આ પ્રમાણે હોવાથી તે દેવો જે પૃથ્વ્યા-દિમાં ઉત્પન્ન થાય તેને કેટલા કાળ સુધી તેજોલેશ્યા પામી શકાય છે.

ગર્ભજ તિર્યંચ ને મનુષ્યોમાં છએ લેશ્યાઓ હોય છે. કારણ કે તે જીવો અનવસ્થિત લેશ્યાવાળા હોય છે. તે જ વાત કહે છે. શુકલલેશ્યાને વર્જીને બાકીની પાંચે લેશ્યા ગર્ભજ તિર્યંચ મનુષ્યોને જઘન્યથી ને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત્ત સુધી જ અવસ્થિત હોય છે. શુકલલેશ્યા જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કર્ષથી કાંઈક ન્યૂન નવ વર્ષે ઉણુ પૂર્વ કોટી સુધી રહે છે. આ ઉત્કર્ષપ્રમાણનું અવસ્થિતપણું પૂર્વકો-ટીના આયુષ્યવાળા મનુષ્ય કે જેમણે કાંઇક અધિક આઠ વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેને માટે સમજવું, તે શિવાયના જીવોને માટે તો ઉત્કર્ષથી પણ અંતર્મુ-હૂર્ત્તનું અવસ્થાન જ સમજવું. કહ્યું છે કે–" શુકલલેશ્યાને વર્જીને મનુષ્ય અને તિર્યંચોને બાકીની પાંચ લેશ્યા જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે તેની સ્થિતિ અંત-ર્મુહૂર્ત્તની હોય. શુકલલેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ નવ વર્ષે ઊણુ પૂર્વક્રોડ વર્ષની હોય." આ ગાથામાં **जहिं जहिं जाउं त्ति** કહ્યું છે એનો અર્થ એ સમજવો કે–જે લેશ્યા જે કાળવિશેષે જે ગર્ભજ તિર્યંચ કે મનુષ્યમાં ઉગે ત્યારે તેની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની જાણવી. બીજો અર્થ સુગમ છે.

શેષ તેજસ્કાયિક, વાયુકાયિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત પૃથ્વ્યાદિ, સાધારણ વન-સ્પતિ, વિકલેંદ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય તિર્યંચ ને મનુષ્યોને ત્રણ પ્રથમની લેશ્યા–કૃષ્ણ, નીલ ને કાપોત હોય. ૩૪૨

હવે **थावरविगला दोसुं** ઈત્યાદિ શબ્દથી અતિ પ્રસંગ પ્રાપ્ત થયે સતે અપવાદ કહે છેઃ—

**सत्तममहिनेरइया,तेऊवाऊ अणंतरुवट्टा ।**
**नावि पावे माणुस्सं, तहा असंखाउआ सव्वे ॥ ३४३ ॥**

**ટીકાર્થઃ**—સાતમી પૃથ્વીના નારકી, તેઉકાય ને વાઉકાય જીવો તથા અસંખ્યાત વર્ષના આયુવાળા મનુષ્ય ને તિર્યંચો અનન્તર તેમાંથી નીકળ્યા સતા મનુષ્યપણાને પામતા નથી. ૩૪૩

હવે મનુષ્યોનું આગતિદ્વાર કહે છે—:

**मुत्तूण मणुयदेहं, पंचसु वि गईसु जंति अविरुद्धा ।**
**परिणामविसेसेणं, संखाउय पढमसंघयणा ॥ ३४४ ॥**

**શબ્દાર્થઃ**—મનુષ્યદેહને છોડીને સંખ્યાતા આયુવાળા ને પ્રથમ સંઘયણવાળા મનુષ્યો પરિણામવિશેષે કરીને પાંચે ગતિમાં અવિરૂદ્ધપણે જાય છેઃ—

**ટીકાર્થઃ**—સંખ્યાતા વર્ષના આયુવાળા આમ કહેવાથી અસંખ્યાત વર્ષના આયુવાળા યુગલિકોનો નિષેધ કર્યો, વળી પ્રથમ સંહનનવાળા એમ કહેવાથી શેષ સંહનનવાળાનો નિષેધ કર્યો, એવા મનુષ્યો પાંચે ગતિમાં નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને મોક્ષ લક્ષણમાં અવિરૂદ્ધપણે જાય છે. અવિરૂદ્ધ કેમ ? તે કહે છે. મનોવ્યાપાર રૂપ પરિણામ વિશેષના અવિરોધે કરીને જાય. તે સ્પષ્ટ કરે છે—જ્યારે હિંસા પરિણામવાળો જીવ સંક્લિષ્ટ હોય ત્યારે તે પરિણામવિશેષે કરીને નારકભવયોગ્ય કર્મ ઉપાર્જન કરીને તેવા પરિમાણથી અવિરૂદ્ધ એવી નરકગતિને પામે છે. જ્યારે માયાદિ પરિણામમાં તત્પર, વ્યસનોમાં એક નિષ્ઠાવાળો જીવ હોય ત્યારે તેવા પરિણામ વિશેષે કરીને તિર્યંચ ભવને યોગ્ય કર્મ ગ્રહણ કરીને તિર્યંચમાં જાય છે. જ્યારે માર્દવ, આર્જવાદિ શુભ પરિણામ વર્તે છે ત્યારે તે પરિણામ વિશેષે કરીને મનુષ્યભવયોગ્ય કર્મ ઉપાર્જન કરી મનુષ્યપણામાં આવે છે. જ્યારે હિંસાદિની વિરતિના પરિણામ વર્તતા હોય છે ત્યારે તેવા પરિણામ વિશેષે કરીને દેવભવ યોગ્ય કર્મ ઉપાર્જન કરી દેવગતિમાં જાય છે. જ્યારે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિ રૂપ સમ્યકત્વ પરિણામ તથા સમ્યક્જ્ઞાન પરિણામ તથા પ્રાણાતિ-

પાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન ને પરિગ્રહની નિવૃત્તિરૂપ ચારિત્ર પરિણામ વર્તતા હોય ત્યારે તે ત્રણેથી મિશ્ર પરિણામ વિશેષે કરીને અનંત ભવજનિત અને શરીર ને મન સંબંધી જ્વર, કુષ્ઠ, ભગંદરાદિ તથા ઇષ્ટવિયોગ, અનિષ્ટ-સંયોગાદિ દુઃખોના બીજભૂત પ્રાયે અસાતાવેદનીય તથા જ્ઞાનાવરણીયાદિ ઘાતિ કર્મચતુષ્ટયને દૂર કરીને-ખપાવીને પ્રાપ્ત કર્યું છે અખિલ લોકાલોકાવભાસી કેવળજ્ઞાન જેમણે એવા અને અનિયતપણે અંતર્મુહૂર્તાદિકે દેશોનપૂર્વ-કોટી પર્યંત કાળે કરીને અશેષ ભવોપગ્રાહી કર્મમળના કલંકથી રહિત થઈને નિરતિશય સુખના ભાજન થયા સતા નિશ્ચયે એક સમયે સિદ્ધિગતિને પામે છે.

અહીં કોઇ પ્રશ્ન કરે છે કે—" શું અન્ય કોઇ વિશિષ્ટ સિદ્ધિક્ષેત્ર છે કે જ્યાં મુક્તાત્માઓ જાય છે અને ત્યાં જઇને અનંત કાળ પર્યંત રહે છે ? સાંખ્યાદિ દર્શન તો ગુણ, પુરૂષાંતર અને જ્ઞાનાદિવડે પ્રકૃતિવિયોગાદિ રૂપ મુક્તિને પામીને મુક્તાત્માઓ સર્વગત હોવાથી ત્રૈલોક્યમાં રહે છે એમ માને છે એવું નથી ? " તેને ઉત્તર આપે છે કે—'હા, એવું વિશિષ્ટ સિદ્ધિક્ષેત્ર છે કે જે પંચમી ગતિ કહેવાય છે. ત્યાં પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ શુભ્ર પૃથિવી છે. કહ્યું છે કે—નિર્મળ પાણીના કણીયા સમાન ઉજ્વળ વર્ણવાળી તેમ જ તુષાર, ગોક્ષીર અને મુક્તાહાર સમાન વર્ણવાળી ઉત્તાન કરેલા છત્રના સંસ્થાનવાળી સિદ્ધશિલા છે એમ જિનેશ્વરોએ કહ્યું છે." અન્યત્ર પણ કહ્યું છે કે—'ત્યાં મનોજ્ઞ, સુગંધી, પ્રાગ્ભારા નામની, પૂર્ણ ચંદ્ર સરખી ( ઉજ્વળ ), છત્રના આકારવાળી પૃથ્વી છે કે જે મનુષ્યલોકના અંત પર્યંત અર્થાત્ મનુષ્યલોકપ્રમાણ ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે, તે ઉજ્વળ શંખ, મચકુન્દના પુષ્પ, મૌક્તિક, ગોક્ષીર, તુષાર અને હાર સદૃશ અર્જુન જાતિના ( ઉજ્વળ ) સુવર્ણમય, સ્વચ્છ અને અત્યંત મનોજ્ઞ છે. ત્યાં જન્મ નથી, મૃત્યુ નથી, જરા નથી, વ્યાધિઓ નથી, ઇષ્ટવિયોગ નથી, અનિષ્ટસંયોગ નથી, ક્ષુધા નથી, તૃષા નથી, કામ નથી, કોપ નથી, ભય નથી, માત્ર ત્યાં અવ્યાબાધ સુખ જ છે. સર્વજ્ઞોનું તે ત્રિલોકના મસ્તકને સ્થાનકે આવેલું આત્યંતિક ને એકાંતિક સાંસારિક સુખથી અતીત સુખવાળું સિદ્ધસ્થાન છે.' આ પ્રસંગથી સર્યું.

હવે સિદ્ધિગતિ આશ્રીને ઉપપાતવિરહકાળ કહે છે:—

**जहन्नेणेगसमओ, उक्कोसेणं तु हुंति छम्मासा ।**
**विरहो सिद्धिगईए, उवट्टणवज्जिआ नियमा ॥ ३४५ ॥**

**ટીકાર્થ:**—સિદ્ધિગતિમાં વિરહ જઘન્ય એક સમયનો અને ઉત્કૃષ્ટ છ માસનો છે, તે સિદ્ધિગતિ નિશ્ચયે ઉદ્વર્તન રહિત છે. નિયમા જે જીવો સિદ્ધ થયા તે કદાપિ પણ ત્યાંથી ચ્યવતા નથી, કેમકે ઉદ્વર્તનાના હેતુભૂત કર્મોને નિર્મૂળ કરી નાખ્યા છે. કહ્યું છે કે—

**दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नांकुरः ।**
**कर्मबीजे तथा दग्धे, न रोहति भवांकुरः ॥ १ ॥**

"બીજ અત્યંત બળી ગયે સતે તેને નવા અંકુર આવતા નથી તેમ કર્મ-રૂપી બીજ અત્યંત દગ્ધ થયે સતે ભવરૂપી અંકુર ઉત્પન્ન થતા નથી." ૩૪૫

હવે એક સમયે કેટલા સિદ્ધિગતિને પામે ? તે કહે છે:—

**एक्को व दो व तिन्नि व, अट्ठसयं जाव एगसमएणं ।**
**मणुअगईओ गच्छे, संखाउअ वीअरागा उ ॥ ३४६ ॥**

**ટીકાર્થ:**—એક સમયે જઘન્યથી એક, બે અથવા ત્રણ સિદ્ધે, ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધે, તે મનુષ્યગતિમાંથી જ સિદ્ધે; બીજી ગતિમાંથી નહીં. મનુષ્યમાંથી પણ સંખ્યાતા આયુવાળા જ સિદ્ધે ( યુગલિકો નહીં. ) તેમાં પણ વીતરાગ થયેલા-રાગ રહિત થયેલા ઉપલક્ષણથી સર્વ કર્મકલંકથી રહિત થયેલા સિદ્ધે. અન્યમતવાળાની જેમ સત્કર્મા પણ સિદ્ધે નહીં. ૩૪૬.

આ સંબંધમાં વિશેષ રીતે સંખ્યા પ્રદર્શિત કરે છે:—

**बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोधव्वा ।**
**चुलसीई छण्णउई, दुरहिअमट्ठुत्तरसयं च ॥ ३४७ ॥**

**શબ્દાર્થ:**—બત્રીશ, અડતાળીશ, સાઠ, બહોંતેર, ચોરાશી, છન્નુ, એક સો બે ને એક સો આઠની સંખ્યા ( સમયસિદ્ધની ) જાણવી.

**ટીકાર્થ:**—એકથી માંડીને બત્રીશ સુધી નિરંતર સિદ્ધે તો આઠ સમય સુધી સિદ્ધે. અહીં આ સાર સમજવો કે—પહેલે સમયે જઘન્યથી એક, બે, ત્રણ ઉત્કૃષ્ટા બત્રીશ સિદ્ધે, બીજે સમયે પણ જઘન્યથી એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ બત્રીશ સિદ્ધે, એમ ત્રીજે, ચોથે, યાવત્ આઠમે સમયે જઘન્યથી એક, બે, ઉત્કૃષ્ટ ૩૨ સુધી સિદ્ધે તો ત્યારપછી જરૂર સમયાદિનું અંતર પડે.

તથા પ્રત્યેક સમયે તેત્રીશથી માંડીને યાવત્ ૪૮ સુધી સિધ્ધે તો નિરંતર સાત સમય સુધી સિધ્ધે પછી જરૂર એક સમયાદિ અંતર પડે.

તથા પ્રત્યેક સમયે ૪૯ થી માંડીને ૬૦ સુધી નિરંતર સિધ્ધે તો છ સમય સુધી સિધ્ધે પછી અવશ્ય સમયાદિનું અંતર પડે.

તથા પ્રત્યેક સમયે ૬૧ થી માંડીને ૭૨ સુધી નિરંતર સિધ્ધે તો પાંચ સમય સુધી સિધ્ધે પછી જરૂર સમયાદિનું અંતર પડે.

તથા પ્રત્યેક સમયે ૭૩ થી માંડીને ૮૦ સુધી નિરંતર સિધ્ધે તો ચાર સમય સુધી સિધ્ધે પછી અવશ્ય સમયાદિનું અંતર પડે.

તથા પ્રત્યેક સમયે ૮૧ થી માંડીને ૯૬ સુધી નિરંતર સિધ્ધે તો ત્રણ સમય સુધી સિધ્ધે પછી અવશ્ય સમયાદિનું અંતર પડે.

તથા પ્રત્યેક સમયે ૯૭ થી માંડીને ૧૦૨ સુધી નિરંતર સિધ્ધે તો બે સમય સિધ્ધે પછી જરૂર સમયાદિનું અંતર પડે.

તથા એક સમયે ૧૦૩ થી માંડીને ૧૦૮ સુધી સિધ્ધે તો એક સમય જ સિધ્ધે પછી જરૂર સમયાદિનું અંતર પડે. ( આ અર્થનો સંગ્રહ કરનારી એક ગાથા અહીં છે તેમાં વિશેષાર્થ ન હોવાથી અમે લખી નથી. )

આ સંબંધમાં વિશેષાર્થ પ્રતિપાદક પ્રક્ષેપ ગાથાઓ ૪ છે તેનો અર્થ આ પ્રમાણે છે.—એક સમયે સ્ત્રીઓ ઉત્કૃષ્ટ ૨૦ સિદ્ધે, પુરૂષો ૧૦૮ સિધ્ધે અને નપુંસકવેદી ૧૦ સિધ્ધે. એ સંખ્યાથી વધારે કદાપિ સિધ્ધે નહીં. ઉત્કૃષ્ટા ગૃહિલિંગે એક સમયે ૪ સિધ્ધે. અન્ય લિંગે ૧૦ સિધ્ધે અને સ્વલિંગે ઉત્કૃષ્ટા એક સમયે ૧૦૮ સિધ્ધે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ઉત્કૃષ્ટા એક સમયે બે સિધ્ધે, જઘન્ય અવગાહનાવાળા ચાર સિધ્ધે અને મધ્યમ અવગાહનાવાળા એક સમયે ૧૦૮ સિધ્ધે. તેમાં જઘન્ય અવગાહના બે હાથપ્રમાણ જાણવી. ઉત્કૃષ્ટ અવગાહના ૫૨૫ ધનુષ્ય પ્રમાણ જાણવી અને તે મરૂદેવી માતાના સમય માટે સમજવી. મરૂદેવી માતાનું શરીરપ્રમાણ આદેશાન્તરે નાભિકુલકર તુલ્ય ૫૨૫ ધનુષ્યપ્રમાણ સમજવું. શ્રીસિદ્ધપ્રાભૃત ટીકામાં એ જ પ્રમાણે કહેલ છે. સિદ્ધપ્રાભૃત સૂત્રમાં કહ્યું છે કે– 'જઘન્ય અવગાહના બે હાથની જાણવી. ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો ધનુષ્યપ્રમાણ– ધનુષ્યપૃથક્ત્વે અધિક જાણવી.' અહિં પૃથક્ત્વ શબ્દ બહુત્વ વાચી છે. અહિં બહુત્વ ૨૫ ધનુષ્ય રૂપ સમજવું. સિદ્ધપ્રાભૃતની ટીકામાં તે પ્રમાણે વ્યાખ્યાન કરેલ છે.

ઊર્ધ્વલોકે એક સમયે ઉત્કૃષ્ટા ચાર સિદ્ધે, સમુદ્રમાં બે, સામાન્ય જળમાં ત્રણ, આ પ્રક્ષેપ ગાથા પ્રમાણે વ્યાખ્યાન કરેલ છે. બાકી સિદ્ધપ્રાભૃતાનુસારે તો જળમાં ચાર જાણવા. અધોલોકે ઉત્કૃષ્ટા એક સમયે ૨૨ સિદ્ધે. તે પણ એ પ્રક્ષેપ ગાથાનુસાર જાણવું. સિદ્ધપ્રાભૃત સૂત્રાનુસારે તો વીશ પૃથક્ત્વ સમજવા. કેવળ વીશ પૃથક્ત્વ શબ્દે ત્યાં ૨૨ ગ્રહણ કરેલા છે, કેમકે પૃથક્ત્વ શબ્દે બેથી નવ સુધી ગમે તે આંક ગ્રહણ કરાય છે.

તેથી અહિં **दोवीसमधोलोए** એમ કહેવાય તો તે સમીચીન જણાય છે. તિર્યક્લોકે ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધે છે. આજ અર્થ કહેનાર અહીં એક ગાથા છે. ૩૪૭

હવે સમસ્ત ગ્રંથાર્થ ઉપસંહાર રૂપ વક્તવ્યતારોપનો ઉપક્ષેપ કરતા સતા ગ્રંથકાર કહે છે:—

**ठिइभवणाणोगाहणवक्कंती वण्णिआ समासेणं ।**
**इत्तो तिविहपमाणं, जोणी पज्जत्ती वुच्छामि ॥३४८॥**

**ટીકાર્થ**:—સ્થિતિ ( આયુ ), ભવન ( રહેવાના સ્થાન ), અવગાહના ( શરીરપ્રમાણ ) અને વ્યુત્ક્રાંતિ એટલે ગતિ-આગતિ દેવ અને નારકાદિ જીવોની સંક્ષેપે કહી હવે ત્રિવિધ પ્રમાણ, યોનિ ને પર્યાપ્તિ કહું છું. ૩૪૮

તેમાં ત્રિવિધ પ્રમાણ આ પ્રમાણે-આત્માંગુળ, ઉત્સેધાંગુળ અને પ્રમાણાંગુળ. તેમાં જે અંગુળવડે જે માપીએ તે કહે છે:—

**आयंगुलेण वत्थुं, उस्सेहपमाणओ मिणसु देहं ।**
**नगपुढविविमाणाइं, मिणसु पमाणांगुलेणं तु ॥३४९॥**

**શબ્દાર્થ**:—આત્માંગુળવડે વસ્તુ માપવી, ઉત્સેધાંગુળવડે જીવોના શરીર માપવા અને પ્રમાણાંગુળવડે પર્વત, પૃથ્વી અને વિમાનાદિ માપવા.

**ટીકાર્થ**:—આત્માંગુળવડે વસ્તુ માપવી. તે વસ્તુ ત્રિવિધ છે. ખાત, ઉચ્છ્રિત અને ઉભય. તેમાં ખાત તે કુવા, તળાવ અને ભૂમિગૃહ ( ભોંયરા ) વિગેરે, ઉચ્છ્રિત એટલે ધવળગૃહાદિ-રહેવાના મકાન વિગેરે અને ઉભય એટલે ભૂમિગૃહ યુક્ત ધવળગૃહાદિ માપવા.

ઉત્સેધાંગુળવડે દેવ વિગેરેનું શરીર માપવું. પ્રમાણાંગુળવડે પર્વત, પૃથિવી

ને વિમાનાદિક માપવા. તેમાં પર્વત તે મેરૂ વિગેરે, પૃથિવી ઘર્મા વિગેરે અને વિમાનો સૌધર્માવતંસકાદિ. વિમાનનું ગ્રહણ કરવાથી ઉપલક્ષણવડે ભવન, નરકાવાસાદિ પણ સમજવા. એટલે તે પણ પ્રમાણાંગુળવડે માપવા.

હવે અંગુળની ભાવના કહે છે અર્થાત્ તે સમજાવે છે.—જે કાળે જેવડા પુરૂષો હોય તેની પોતાની જે અંગુલ તે આત્માંગુળ સમજવી. ઉત્સેધાંગુળનું પ્રમાણ પરમાણુ વિગેરેથી કરવું. તે પરમાણુ બે પ્રકારના છે. સૂક્ષ્મ ને વ્યવહારિક. તેમાં અનંતા સૂક્ષ્મ પરમાણુવડે વિસ્રસા પરિણામે સંઘાતવિશેષને પામે તે એક વ્યવહારિક પરમાણુ જાણવો. તેનું પરિમાણ પૂર્વાચાર્યો આ પ્રમાણે કહે છે–'ખડ્ગાદિ અતિ તીક્ષ્ણ શસ્ત્રવડે જે પુદ્ગળવિશેષને પુરૂષ છેદી ન શકે–અર્થાત્ બે ભાગ કરી ન શકે, તેમ જ ભેદી ન શકે–અર્થાત્ તેમાં છિદ્ર પાડી ન શકે તેને પરમ અણુ–ઘટાદિની અપેક્ષાએ સૂક્ષ્મ અણુ, સિદ્ધાંતના જાણનાર તરીકે પ્રસિદ્ધ થયેલા તે સિદ્ધો કહે છે. તે અંગુળ હસ્તાદિનું પ્રમાણ કરવામાં આદિ–મૂળભૂત છે.' એવા આઠ પરમાણુવડે એક ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા, આઠ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકાવડે એક શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા, આઠ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકાએ એક રથરેણુ, આઠ રથરેણુએ એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુએ એક વાળાગ્ર, આઠ વાળાગ્રે એક લિખ, આઠ લિખે એક યૂકા ( જુ ), આઠ યૂકાએ એક યવમધ્ય, આઠ યવમધ્યે એક ઉચ્છ્રયાંગુળ, છ અંગુળે એક પાદ, બે પાદે એક વિતસ્તિ( વેંત ), બે વિતસ્તિએ એક હાથ, ચાર હાથે એક ધનુષ્ય, બે હજાર ધનુષ્યે એક ગાઉ, ચાર ગાઉએ એક યોજન. આ અર્થને કહેનારી અહિં ત્રણ ગાથાઓ છે તેમાં જે હકીકત છે તે ઉપર પ્રમાણે જ છે તેથી તે અહીં આપેલ નથી. આ ગાથામાં ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા ને શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા આપેલ નથી. શ્રી અનુયોગદ્વારસૂત્રમાં પણ એ જ પ્રમાણે ( ગાથા પ્રમાણે ) કહેલ છે. ૩૪૯

હવે પ્રમાણાંગુળ પ્રતિપાદન કરવા માટે કહે છે:—

**उस्सेहंगुलमेकं, हवइ पमाणंगुलं सहस्सगुणं ।**
**उस्सेहंगुलदुगुणं, वीरस्सायंगुलं भणियं ॥ ३५० ॥**

**શબ્દાર્થ**:—ઉત્સેધાંગુળથી એક હજાર ગુણી પ્રમાણાંગુળ જાણવી અને ઉત્સેધાંગુળથી બમણી વીર પરમાત્માની આત્માંગુળ જાણવી. ૩૫૦

**ટીકાર્થ**:— ઉત્સેધાંગુળ કે જેની અનંતર વ્યાખ્યા કરવામાં આવી છે

તે કરતા હજારગુણુ એક પ્રમાણુાંગુળ થાય છે. તથા તે જ ઉત્સેધાંગુળથી બમણું એક વીર પરમાત્મા અપશ્ચિમ ( છેલ્લા ) તીર્થંકરનું આત્માંગુળ ગણુ-ધર વિગેરે પૂર્વાચાર્યોએ કહ્યું છે. અહિં કોઇ શંકા કરે છે કે–જો ઉત્સેધાં-ગુળથી હજારગુણુ પ્રમાણુાંગુળ કહો છો અને પ્રમાણુાંગુળ તે ભરતચક્રીનું આત્માંગુળ છે તો ભરત ચક્રવર્તી ભગવંત શ્રીવર્ધમાનસ્વામીથી પાંચશેં ગુણા શરીરવાળા થશે. ' આમ કેમ કહો છો ? ' એમ પૂછશો તો કહું છું કે–ભરત ચક્રી પોતાની આત્માંગુળવડે ૧૦૮ અંગુળના હતા. કહ્યું છે કે'–શ્રેષ્ઠ પુરૂષો પોતાની અંગુળે ૧૦૮ અંગુળ ઉંચા હોય છે.' ભરતનું આત્માંગુળ ઉત્સેધાંગુળની અપેક્ષાએ હજારગુણુ હોવાથી તેને ૧૦૮ વડે ગુણીએ એટલે એક લાખને આઠ હજાર ( ૧૦૮૦૦૦ ) થાય. ભગવાન વર્ધમાનસ્વામી ઉત્સે-ધાંગુળની અપેક્ષાએ ૨૧૬ અંગુળ હતા, એમ કહેલું પણુ છે. એટલે એક લાખ આઠ હજાર ને ૨૧૬ વડે ભાંગતાં ૫૦૦ લબ્ધ થશે. એટલે ભરતચક્રીથી વર્ધમાનસ્વામી પાંચશેંમે ભાગે થયા. કહ્યું છે કે–ભરતનું એક અંગુળ જો પ્રમાણુાંગુળ પ્રમાણુ કહ્યું છે તો ભરતચક્રી વધમાનસ્વામીથી ૫૦૦ ગુણા શરીરવાળા ઠરશે એમાં સંદેહ નથી. તથા જો ઉત્સેધાંગુળથી બમણું વીરપર-માત્માનું આત્માંગુળ છે તો ભગવાન વીરપ્રભુ આત્માંગુળે ૧૦૮ અંગુળપ્રમાણુ કેમ થશે ? એમ થવાથી તો ૮૪ અંગુળપ્રમાણુ ઠરશે. તે વાત જ સમજાવે છે. વીરપ્રભુ ઉત્સેધાંગુળે સાત હાથપ્રમાણુ હતા. એક હાથમાં અંગુળ ૨૪ હોય છે, તેથી સાતવડે ચોવીશને ગુણતાં ૧૬૮ અંગુળ આવે. બે ઉત્સેધાંગુળે એક વીરપ્રભુનું આત્માંગુળ છે તેથી ૧૬૮ને અર્ધ કરવા ( બેવડે ભાંગવા ) એટલે ૮૪ આવે. એ રીતે વીરપ્રભુનું શરીર ૮૪ અંગુળપ્રમાણુ થાય છે તો ૧૦૮ અંગુળપ્રમાણુ કેમ કહેવાય છે ? વળી જો ૧૦૮ અંગુળપ્રમાણુ જ આત્માંગુળથી હોય તો ' દ્વિગુણુ ઉત્સેધાંગુળે વીરપ્રભુનું એક આત્માંગુળ જાણુવું' એમ કહેલ હોવાથી ઉત્સેધાંગુળવડે ૨૧૬ અંગુળપ્રમાણુ થશે. અને જો એમ થાય તો ૨૧૬ ને ચોવીશવડે ભાંગવાથી નવ આવશે એટલે ઉત્સેધાંગુળે નવ હસ્તપ્રમાણુ તેમનું શરીર થશે અને તે વાત તો સમ્મત નથી, કેમકે તે યથોક્ત અંગુળથી વિસંવાદી થાય છે. વળી એજ વાત અન્યત્ર પણુ કહેલ છે કે– ' એ પ્રમાણે ગુણતાં આત્માંગુળથી ૧૦૮ અંગુળપ્રમાણુ વીરપ્રભુનું શરીર કેમ થશે ? કેમકે ઉત્સેધાંગુળે તેમનું શરીર તો ૧૬૮ અંગુળનું છે. ૧૦૮ આત્માંગુળથી બમણા ઉત્સેધાંગુળ પ્રમાણે ગુણતાં તો ૨૧૬ ઉત્સેધાંગુળ આવશે અને બીજી રીતે ૧૬૮ ઉત્સેધાંગુળપ્રમાણુ ગણુતાં ૮૪ આત્માંગુળની ઉંચાઇ આવશે. '

આ પ્રમાણેની શંકાના ઉત્તરમાં કહે છે કે—'અમે જે પૂર્વે એક હજાર ઉત્સેધાંગુળે એક પ્રમાણાંગુળ કહ્યું છે તે ભરતનું આત્માંગુળ જ છે. તેમાં આ કારણ છે. ભરત આત્માંગુળે ૧૨૦ અંગુળપ્રમાણ હતા. સર્વ તીર્થંકરો, ચક્રવર્તી અને વાસુદેવો આત્માંગુળે ૧૨૦ અંગુળપ્રમાણ હોય છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં જે કહ્યું છે કે–' અધિક ( પ્રધાન ) પુરૂષો ૧૦૮ અંગુળપ્રમાણ ઉંચા હોય છે. ' તે શેષ બાકીના ( તીર્થંકરાદિ વિનાના ) ઉત્તમ પુરૂષ માટે જાણવું. ૧૨૦ અંગુળના પાંચ હાથ ને સવા ધનુષ્ય થાય છે. ભરત ઉત્સેધાંગુળે ૫૦૦ ધનુષ્ય ઉંચા હતા. અહિં આ પ્રમાણે ત્રૈરાશિ કરવી. જો સવા ધનુષ્યે ૫૦૦ પામીએ તો એક ધનુષ્યે કેટલા પામીએ ? પ્રથમ રાશિ સવા છે તેને સરખાઇ લાવવા માટે ૪ હાથવડે ગુણીએ એટલે પાંચ આવે, મધ્ય રાશિ ૫૦૦ છે તેને પણ ચારવડે ગુણતાં ૨૦૦૦ આવે, અંત્યરાશિ એક છે તેને ચાર વડે ગુણતાં ચાર આવે. તે ચાર વડે બે હજારને ગુણતાં ૮૦૦૦ આવે તેને આદ્યરાશિના પાંચવડે ભાંગતાં ૧૬૦૦ આવે તેને ધનુષ્ય લાવવા માટે ચારવડે ભાંગતાં ૪૦૦ આવે. એ રીતે એક ધનુષ્યવડે ૪૦૦ ધનુષ્ય આવે, એક હાથવડે ૪૦૦ હાથ આવે, એક અંગુળવડે ૪૦૦ અંગુળ આવે અને એક યોજને ૪૦૦ યોજન આવે. તેથી આ પ્રમાણે આવ્યું કે–એક શ્રેણિપ્રમાણાંગુળે ૪૦૦ ઉત્સેધાંગુળ સમજવા. તે શ્રેણિપ્રમાણાંગુળ અઢી ઉત્સેધાંગુળપ્રમાણ બાહલ્ય ( જાડી ) હોય છે તેથી શ્રેણિમાં જે પ્રમાણાંગુળની ૪૦૦ ની સંખ્યા આવી છે તેને અઢીવડે ગુણતાં એક હજાર ઉત્સેધાંગુળે એક પ્રમાણાંગુળ આવે. આ પ્રમાણેના પ્રમાણાંગુળવડે પૃથિવ્યાદિકનું પ્રમાણ લાવવું ( કરવું ), શુચિ અંગુળે નહી.

તથા જે કહ્યું કે–' બમણી ઉત્સેધાંગુળે વર્ધમાનસ્વામીની એક આત્માંગુળ જાણવી. ઈત્યાદિ ' તે પણ અયુક્ત છે; કેમકે વસ્તુતત્ત્વ સમજાયું નથી ભગવાન વર્ધમાનસ્વામી આદેશાંતરે આત્માંગુળે ૮૪ અંગુળ અને ઉત્સેધાંગુળે ૧૬૮ અંગુળપ્રમાણ છે. શ્રી અનુયોગદ્વારસૂત્રનાચૂર્ણિકાર કહે છે કે-**वीरो आएसंतरओ आयंगुलेण चुलसीइ अंगुलमुव्विद्धो उस्सेहंगुलओ सयमट्ठसट्ठि हवइ इति।** આમ કહેલ હોવાથી બે ઉત્સેધાંગુળે વીરપ્રભુનું એક આત્માંગુળ થાય છે. જેમના મતે ભગવાન વીરપ્રભુ આત્માંગુળે ૧૨૦ અંગુળપ્રમાણ છે તેમના મતે પણ સમ ચતુરસ્ર બાહાપ્રતિબાહાના ગણિત પ્રમાણે દ્વિગુણ ઉત્સેધાંગુળે વીરપ્રભુનું એક આત્માંગુળ થાય છે. તે શી રીતે ? તેના ઉત્તરમાં કહે છે કે–જો ભગવાન વીરપ્રભુ આત્માંગુળે ૧૨૦ અંગુળપ્રમાણ છે તો તેને ચોવીશે ભાંગતા પાંચ હાથ થાય. તેને સમચતુરસ્ર બાહાપ્રતિબાહારૂપ ક્ષેત્રગણિતવડે ગુણતાં પચવીશ થાય.

ઉત્સેધાંગુળે પ્રભુ સાત હાથપ્રમાણુ છે. તે સાત હાથને સમચતુરસ્ર બાહાપ્રતિબાહારૂપ ગણિતવડે ગુણતાં અનુક્રમે ૪૯ થાય. એક હાથ પાની અને કેશાદિની અપેક્ષાએ વધારે પામીએ તે ઉમેરતાં પચાસ થાય, પચાસનું અર્ધ કરતાં પચીશ આવે એટલે એ રીતે ભગવંત વીરપ્રભુના એક આત્માંગુળથી બમણી ઉત્સેધાંગુળ આવી. જો બાહાગણિતની અપેક્ષા ન કરીએ તો એક ઉત્સેધાંગુળે એક ઉત્સેધાંગુળ અને બીજા ઉત્સેધાંગુળના $\frac{2}{5}$ આવે. તે આવી રીતે-જો ૧૨૦ આત્માંગુળે ૧૬૮ ઉત્સેધાંગુળ પામીએ તો એક આત્માંગુળે શું પામીએ ? ત્રણ રાશિ આ પ્રમાણે સ્થાપવી. ૧૨૦-૧૬૮-૧ પછી અંત્યની એકડાની રાશિવડે મધ્યની ૧૬૮ રાશિને ગુણતાં તેટલા ( ૧૬૮ ) જ આવે. તેને પ્રથમની રાશિ ૧૨૦ વડે ભાંગતાં એક આત્માંગુળ આવ્યો ને ૪૮ વધ્યા. પછી ૧૨૦ ને ૪૮ બંને રાશિને ૨૪ વડે અપવર્તના કરવાથી $\frac{2}{5}$ આવ્યા.

જેમના મતે વીરપ્રભુનું શરીર ૧૦૮ અંગુળપ્રમાણ છે તેમને મતે ભગવંતના એક આત્માંગુળમાં એક ઉત્સેધાંગુળને બીજા અંગુળના $\frac{5}{7}$ આવે. અહીં પણ ત્રૈરાશિ ઉપર પ્રમાણે જ કરવી. ઇતિ. ૩૫૦

હવે સર્વે જીવોની યોનિસંખ્યા કહે છે-યોનિઓ એટલે ઉત્પત્તિ સ્થાનો. તે પ્રત્યેક જીવરાશિમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના ભેદથી અનેક પ્રકારની હોય છે. તે પ્રમાણે વ્યક્તિરૂપ ગ્રહણ ન કરવી, કારણ કે વ્યક્તિના અનંતપણાથી તેની ગણના કરવી અશક્ય થાય તેથી જાતિરૂપ લેવી. તેમાં અનંત પણ એક સરખા ( સમાન ) વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી તે એક યોનિજાતિ કહીએ. કહ્યું છે કે-' સમાન વર્ણાદિવાળી ઘણી પણ યોનિને એક યોનિપણે ગ્રહણ કરવાથી યોનિના ભેદ લાખની સંખ્યામાં આવી શકે છે.' એ પ્રમાણે જાતિભેદવાળી યોનિઓની સંખ્યા પ્રતિજીવરાશિએ જે પ્રમાણમાં છે તે બતાવવામાં આવે છે:—

**पुढविदगअगणिमारुय, इक्विक्के सत्त जोणिलक्खाओ ।**
**वणपत्तेयअणंते, दसचउदसजोणिलक्खाओ ॥३५१॥**
**विगलिंदिएसु दो दो, चउरो चउरो य नारयसुरेसु ।**
**तिरिएसु हुंति चउरो, चउदसलक्खा उ मणुएसु ॥३५२॥**

**ટીકાર્થ**:—પૃથિવી, ઉદક, અગ્નિ અને મરૂત ( વાયુ ) એના એકેક સમૂહમાં સાત સાત લાખ યોનિઓ છે. તે આ પ્રમાણે—સાત પૃથિવી નિકાયમાં.

સાત ઉદક નિકાયમાં, સાત અગ્નિ નિકાયમાં ને સાત વાયુ નિકાયમાં. વનસ્પતિ નિકાયના બે પ્રકાર છે. પ્રત્યેક ને અનંતકાય. તેમાં પ્રત્યેક વનસ્પતિ નિકાયમાં દશ લાખ અને અનંતકાયરૂપ વનસ્પતિ નિકાયમાં ચૌદ લાખ, વિકલેંદ્રિયમાં એટલે બે ઇંદ્રિય, ત્રીંદ્રિય ને ચૌરિંદ્રિયમાં પ્રત્યેકે બે બે લાખ તે આ પ્રમાણે—બે લાખ બે-ઇંદ્રિયમાં, બે લાખ ત્રીંદ્રિયમાં ને બે લાખ ચૌરિંદ્રિયમાં તથા ચાર લાખ યોનિ નારકમાં, ચાર લાખ દેવમાં અને તિર્યંચ પંચેંદ્રિયમાં ચાર લાખ. તથા મનુષ્યમાં ચૌદ લાખ યોનિ સમજવી. સર્વ મળીને ૮૪ લાખ જાણવી. ( અહીં બે સંસ્કૃત શ્લોક ઉપરના ભાવાર્થવાળા જ છે. ) ૩૫૧-૫૨

હવે કુળ સંખ્યા કહેવાની છે. કુળ યોનિપ્રભવ યોનિમાંથી થતા કહેવાય છે. તે આ પ્રમાણે—એક યોનિમાં અનેક કુળ હોય છે. જેમ છાણરૂપ યોનિમાં કૃમિકુળ, કીટકુળ અને વૃશ્ચિકકુળ વગેરે હોય છે. એકેક જીવરાશિમાં કેટલી કુળકોટિ છે તે કહે છે:—

**बारस सत्त य तिन्नि य, सत्त य कुलकोडिसयसहस्साइं ।**
**नेया पुढविदगागणिवाऊणं चेव परिसंखा ॥ ३५३ ॥**
**कुलकोडिसयसहस्सा. सत्तट्ठ य नव य अट्ठवीसं च ।**
**बेइंदियतेइंदियचउरिंदिअहरियकायाणं ॥ ३५४ ॥**
**अद्धतेरस बारस, दस दस नव चेव सयसहस्साइं ।**
**जलयरपक्खिचउप्पयउरभुअसप्पाण कुलसंखा ॥ ३५५ ॥**
**छव्वीसा पणवीसा, सुरनेरइआण सयसहस्साइं ।**
**बारस य सहस्साइं, कुलकोडीणं मणुस्साणं ॥ ३५६ ॥**
**एगा कोडाकोडी सत्ताणउइ भवे सयसहस्साइं ।**
**पन्नासं च सहस्सा, कुलकोडीणं मुणेयव्वा॥ ३५७ ॥**

ટીકાર્થ:—પૃથિવી, ઉદક, અગ્નિ ને વાયુના કુલોની સંખ્યા યથાક્રમ આ પ્રમાણે જાણવી. પૃથિવી નિકાયમાં બાર લાખ, ઉદક નિકાયમાં સાત લાખ, અગ્નિ નિકાયમાં ત્રણ લાખ અને વાયુ નિકાયમાં સાત લાખ.

બીજી ગાથામાં પણ યથાસંખ્ય યોજના કરવી. બેઇંદ્રિયની સાત લાખ, ત્રીંદ્રિયની આઠ લાખ, ચતુરિંદ્રિયની નવ લાખ અને વનસ્પતિકાયની અઠ્ઠાવીશ લાખ.

ત્રીજી ગાથામાં યથાસંખ્ય પદ યોજના કરવી. જળચરની ૧૨ાા લાખ, પક્ષીની ૧૨ લાખ, ચતુષ્પદની ૧૦ લાખ, ઉરપરિસર્પની ૧૦ લાખ અને ભુજપરિસર્પની ૯ લાખ.

ચોથી ગાથામાં ૨૬ લાખ દેવોની, ૨૫ લાખ નારકોની અને ૧૨ લાખ મનુષ્યોની જાણવી. ૩૫૨ થી ૩૫૬

સર્વ સંખ્યાએ કુલકોટી એક ક્રોડ ૯૭ લાખ ને પચાસ હજાર જાણવી. ૩૫૭.

(૧૨-૭-૩-૭-૭-૮-૯-૨૮-૧૨ાા-૧૨-૧૦-૧૦-૯-૨૬-૨૫-૧૨=૧૯૭ાા)

હવે યોનિનો પ્રસ્તાવ ચાલતો હોવાથી સંવૃતાદિ યોનિભેદો કહે છે:—

**एगिंदिय नेरइया, संवुडजोणी हवंति देवा य ।**
**विगलिंदियाण वियडा, संवुडवियडा य गप्भम्मि ॥३५८॥**

**ટીકાર્થ**:—એકેંદ્રિયો—પૃથિવી, અપ્, તેજો, વાયુ, વનસ્પતિ, રત્નપ્રભા વિગેરે સાત નારકીમાં ઉત્પન્ન થતા નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ને વૈમાનિક રૂપ દેવો સંવૃત યોનિવાળા છે. વિકલેંદ્રિય—બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિયની વિવૃત યોનિ છે. ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચો ને મનુષ્યોની સંવૃતવિવૃત યોનિ છે. ૩૫૮. તથા—

**अच्चित्ता खलु जोणी, नेरइयाणं तहेव देवाणं ।**
**मीसा य गप्भवसही, तिविहा जोणी उ सेसाणं ॥३५९॥**

**ટીકાર્થ**:—અચિત્ત—અચેતન જ યોનિ નારકી અને દેવોની છે. મિશ્ર એટલે સચિત્તાચિત્ત રૂપ યોનિ ગર્ભમાં વસનારાઓની છે. તે આ પ્રમાણે—જે શુક્રથી મિશ્ર થયેલા રૂધિરના પુદ્ગળો યોનિએ આત્મસાત્ કર્યા હોય તે સચિત્ત અને જે આત્મસાત્ કરેલા ન હોય તે અચિત્ત—એવી રીતે મિશ્ર યોનિ ગર્ભજોની જાણવી. શેષ એટલે દેવ, નારક અને ગર્ભજતિર્યંચ-મનુષ્ય સિવાયના એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ-મનુષ્ય પંચેંદ્રિયોની ત્રણે પ્રકારની એટલે સચિત્ત, અચિત્ત ને મિશ્ર જાણવી. તે આ રીતે—જીવતી ગાય વિગેરેના શરીરમાં પડતા કૃમિ વિગેરેની સચિત્ત, અચિત્ત કાષ્ઠમાં

ઉપજતા ઘુણા વિગેરેની અચિત્ત અને સચિત્તાચિત્ત એવા કાષ્ઠમાં ઉપજતા ઘુણાદિની સચિત્તાચિત્ત ( મિશ્ર ) જાણવી. આ પ્રમાણે અન્ય જીવો માટે પણ ભાવના કરવી. ૩૫૯ તથા—

**सीउसिणजोणीआ, सव्वे देवा य गप्भवक्कंती ।**
**उसिणा य तेउकाए, दुह नरए तिविह सेसाणं ॥३६०॥**

**ટીકાર્થ:**—સર્વ દેવો ભવનપત્યાદિ અને ગર્ભવ્યુત્ક્રાંતિવાળા તિર્યંચ ને મનુષ્યો શીતોષ્ણ યોનિવાળા હોય છે. તેમની ભવસ્વભાવથી જ શીતોષ્ણ યોનિ હોય છે. તેઉકાયની ઉષ્ણ યોનિ છે. નારકીમાં બે પ્રકારની યોનિ છે. તે આ પ્રમાણે—પ્રથમની ત્રણ નરકમાં નારકી શીત યોનિવાળા છે, ચોથી નરકમાં કેટલાક નરકાવાસામાં શીત યોનિ છે અને કેટલાકમાં ઉષ્ણ યોનિ છે. પાંચમી પૃથિવીમાં ઘણામાં ઉષ્ણ યોનિ છે ને થોડામાં શીત યોનિ છે. છેલ્લી બે પૃથ્વીમાં ઉષ્ણ યોનિ જ છે. શીતયોનિવાળાને ઉષ્ણવેદના અધિક હોય છે અને ઉષ્ણયોનિવાળાને શીત વેદના અધિક હોય છે એટલે વેદનાના ક્રમથી પ્રતિકૂળપણે યોનિનો ક્રમ જાણવો. અન્ય એમ કહે છે કે—આદ્યની ત્રણ પૃથિવીમાં ઉષ્ણયોનિ છે, ચોથીમાં કેટલાક ઉષ્ણયોનિવાળા છે અને કેટલાક શીતયોનિવાળા છે. છેલ્લી ત્રણે પૃથિવીમાં શીતયોનિ જ છે. આ હકીકત અતિ શ્લિષ્ટ ( બહુ ફેરવાળી ) હોવાથી ઉપેક્ષણીય છે. શેષ નારકી, દેવ, તેઉકાય ને ગર્ભજતિર્યંચ મનુષ્યથી અન્ય જીવોની ત્રિપ્રકારા એટલે ત્રણે પ્રકારની—કેટલાકની શીત, કેટલાકની ઉષ્ણ અને કેટલાકની મિશ્રયોનિ છે. ૩૬૦ તથા—

**संखावत्ता जोणी, कुम्मुन्नय वंसपत्त जोणी अ ।**
**संखावत्ताइ तहिं, नियमाउ विणस्सए गप्भो ॥३६१॥**

**कुम्मुन्नयजोणीए, तित्थयरा दुविहचक्कवट्टी य ।**
**रामा वि य जायंते, सेसाए सेसगजणो य ॥ ३६२ ॥**

**ટીકાર્થ:**—મનુષ્યોની યોનિ ત્રણ પ્રકારે છે—૧ શંખાવર્ત્તા. ૨ કૂર્મોન્નતા અને ૩ વંશીપત્રાકારા. તેમાં શંખાવર્ત્તામાં ગર્ભ વિનાશ જ પામે છે, નિષ્પત્તિ પામતો જ નથી. કૂર્મોન્નતાયોનિમાં તીર્થંકર અને બે પ્રકારના ચક્રવર્તી—છ

ખંડના ભોક્તા ને ત્રણ ખંડના ભોક્તા ( વાસુદેવ ) તથા રામ એટલે બળદેવ ઉત્પન્ન થાય છે. શેષ રહેલી વંશીપત્રાકારા યોનિમાં શેષ–ઈતર જનો ઉત્પન્ન થાય છે. ૩૬૧–૬૨ ( શંખાવર્તા યોનિ સ્ત્રીરત્નને જ હોય છે. )

હવે પર્યાપ્તિ કેટલી છે અને તેમાંથી એકેંદ્રિયાદિને કેટલી છે ? તે કહે છે—

**आहारसरीरिंदियपज्जत्ती आणपाणभासमणे ।**
**चत्तारि पंच छप्पिअ, एगिंदिअविगलसन्नीणं ॥ ३६३ ॥**

**શબ્દાર્થ:**—આહાર, શરીર, ઇંદ્રિય, આણપાણ ( શ્વાસોચ્છ્વાસ ), ભાષા ને મન એ છ પર્યાપ્તિ છે; તેમાં એકેંદ્રિયને ચાર, વિગલેંદ્રિયને પાંચ અને સંજ્ઞી પંચેંદ્રિયને છ પર્યાપ્તિઓ હોય છે.

**ટીકાર્થ:**—પર્યાપ્તિ એટલે શક્તિ–સામર્થ્યવિશેષ. તે શક્તિ પુદ્ગળ દ્રવ્યના ઉપચયથી ઉત્પન્ન થાય છે. તેનો સાર એ છે કે—ઉત્પત્તિદેશને પ્રાપ્ત થયેલા જીવે જે પુદ્ગળો પ્રથમ ગ્રહણ કરેલા તેની તેમ જ ત્યારપછીના અન્ય સમયોએ ગ્રહણ કરેલા પુદ્ગળોની–તેના સંપર્કથી તદ્રૂપ થઈ ગયેલાઓની જે શક્તિ-વિશેષ–આહારાદિક પુદ્ગળોને ખળ–રસાદિપણે પરિણમાવવાના હેતુભૂત–જેમ ઉદરાંતર્ગત પુદ્ગળવિશેષ પૈકી આહારના પુદ્ગળોનું ગ્રહણ કરવું અને તેને ખળરસપણે પરિણમાવવું તેના હેતુભૂત શક્તિવિશેષ તે આહારપર્યાપ્તિ કહેવાય છે. તેવી પર્યાપ્તિઓ છ છે. તે આ પ્રમાણે—આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇંદ્રિયપર્યાપ્તિ, પ્રાણાપાનપર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ. તેમાં જે કરણભૂત શક્તિવડે કરીને ખાધેલો (ગ્રહણ કરેલો) આહાર ખળરસપણે પરિણમાવવાને સમર્થ થાય છે તે આહારપર્યાપ્તિ ૧, રસીભૂત થયેલા આહારને જે રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર લક્ષણ સાત ધાતુપણે પરિણમાવે છે તે શરીરપર્યાપ્તિ ૨, ધાતુપણે પરિણમેલા આહારમાંથી જે એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ ઇંદ્રિયપ્રાયોગ્ય દ્રવ્યો ગ્રહણ કરીને એક–બે–ત્રણ વિગેરે ઇંદ્રિયોપણે પરિણમાવીને પોતપોતાના વિષયમાં પરિજ્ઞાનસમર્થ બનાવે તે ઇંદ્રિયપર્યાપ્તિ ૩, જે ઉચ્છ્વાસપ્રાયોગ્ય વર્ગણાદલિકને ગ્રહણ કરી, ઉચ્છ્વાસપણે પરિણમાવી, અવલંબીને મૂકી દે તે ઉચ્છ્વાસપર્યાપ્તિ ૪, જે ભાષાપ્રાયોગ્ય વર્ગણાદલિકને ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી અવલંબીને મૂકે તે ભાષાપર્યાપ્તિ ૫ અને જે મનોયોગ્ય વર્ગણાદલિકને ગ્રહણ કરી મનપણે પરિણમાવી અવલંબીને મૂકે તે મનઃપર્યાપ્તિ ૬.

આ પર્યાપ્તિઓ અનુક્રમે એકેંદ્રિયને, સંજ્ઞી સિવાયના બેઇંદ્રિયાદિને અને સંજ્ઞીપંચેંદ્રિયને ચાર, પાંચ ને છ હોય છે. તે પર્યાપ્તિ બધી યથાયોગ્યપણે ઉત્પત્તિના પ્રથમ સમયે જ સમકાળે નિષ્પાદન કરવાનું શરૂ કરે છે, પછી અનુક્રમે નિષ્ઠાને પામે છે ( સમાપ્ત થાય છે ), તે આ પ્રમાણે—

પ્રથમ આહારપર્યાપ્તિ, પછી શરીરપર્યાપ્તિ, પછી ઇંદ્રિયપર્યાપ્તિ ઇત્યાદિ. આહારપર્યાપ્તિ ભવના પ્રથમ સમયે જ શરૂ કરવામાં આવે છે અને તે પ્રથમ સમયે જ સમાપ્ત થાય છે. બાકીની પર્યાપ્તિઓ બધી અંતર્મુહૂર્ત્તે અંતર્મુહૂર્ત્તે પૂર્ણ થાય છે. આહારપર્યાપ્તિ પ્રથમ સમયે જ નિષ્પન્ન થાય છે એમ શા આધારે કહો છો ? તેને ઉત્તર આપે છે કે-ભગવંત આર્ય શ્યામાચાર્ય શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આહારપદમાં બીજા ઉદ્દેશામાં આ પ્રમાણે કહે છે કે-"**आहारपज्जत्तीए अपज्जत्तएणं भंते ! किं आहारए अणाहारए ? गोयमा ! नो आहारए, अणाहारए**" **इति.** તે આહારપર્યાપ્તિએ અપર્યાપ્તો વિગ્રહગતિમાં રહે, ત્યાં સુધી જ પામીએ, ઉપપાત ક્ષેત્રમાં આવેલો ન પામીએ, ઉપપાત ક્ષેત્રમાં આવેલાને તો પ્રથમ સમયે જ આહારકપણું પ્રાપ્ત થાય છે તેથી એક સામયિકી આહારપર્યાપ્તિની નિષ્પત્તિ થાય છે; જો ઉપપાત ક્ષેત્રને પામ્યો સતો પણ આહારપર્યાપ્તિએ અપર્યાપ્ત રહેતો હોય તો ઉપરના સૂત્રમાં એમ કહેત કે-"**सिय आहारए सिय अणाहारए**" ઇતિ, સર્વે પર્યાપ્તિઓનો પરિસમાપ્તિ કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. અહિં યથોક્ત પર્યાપ્તિસ્વરૂપપ્રતિપાદક એક પ્રક્ષેપ ગાથા છે તેમાં વિશેષ ન હોવાથી અમે લખી નથી. તેનો અર્થ આ પ્રમાણે છે-'આહાર, શરીર, ઇંદ્રિય, ઉચ્છ્વાસ, ભાષા ને મનની અભિનિષ્પત્તિ દલિકથકી-પુદ્ગળસમૂહથી થાય છે એટલે તેના તેના દલિકનું સ્વસ્વવિષયમાં પરિણમન થવામાં શક્તિરૂપ જે કરણ તે પર્યાપ્તિ જાણવી.' ઉક્ત પર્યાપ્તિની સંખ્યા વિગેરેની પ્રતિપાદક ત્રણ પ્રક્ષેપ ગાથા છે. તેનો અર્થ આ પ્રમાણે છે-'આહાર, શરીર, ઇંદ્રિય, આણપાણ, ભાષા ને મન. આ પ્રમાણે અનુક્રમે છ પર્યાપ્તિઓ જિનેશ્વરે કહી છે. તેમાં પ્રથમની ચાર એકેંદ્રિયોને હોય છે, પ્રથમની પાંચ બેઇંદ્રિય વિગેરે અસંજ્ઞી જીવોને હોય છે અને સંજ્ઞી જીવોને છએ પર્યાપ્તિઓ હોય છે. એ પ્રમાણે પર્યાપ્તિઓ જેને ન હોય તેને તે તે જાતિના અપર્યાપ્ત જાણવા." ઇતિ. ૩૬૩

હવે સકળ શાસ્ત્રનો ઉપસંહાર કરતા સતા કહે છે:-

**एसा संखेवत्था, भव्वाण हियट्ठयाइ समयाओ ।**
**कहिया भे संघयणी, संखित्तयरी इमावन्ना ॥ ३६४ ॥**

**ટીકાર્થ:**—આ અનંતરોક્ત સ્વરૂપવાળી સંગ્રહણિ સંક્ષેપ અર્થવાળી તમારા ભવ્યોના હિતને અર્થે આગમમાંથી–પ્રજ્ઞાપનાદિમાંથી ઉદ્ધરીને કહી છે. આનાથી અન્ય સંક્ષિપ્તતર સંઘયણી આગળ કહું છું તે આ પ્રમાણે છે. ૩૬૪.

હવે તે સંક્ષિપ્તતર સંઘયણિ જ કહે છે:–

**सरीरोगाहणसंघयणसंठाणकसाय हुंति सण्णाओ ।**
**लेसिंदियसमुग्घाए, सन्नी वेए अ पज्जत्ती ॥ ३६५ ॥**

**दिट्ठी दंसणनाणे, जोगुवओगे तहा किमाहारे ।**
**उववाय ठिई समुग्घाय, चवणं गइरागई चेव ॥ ३६६ ॥**

**શબ્દાર્થ:**—૧ શરીર, ૨ અવગાહના, ૩ સંઘયણ, ૪ સંસ્થાન, ૫ કષાય, ૬ સંજ્ઞા, ૭ લેશ્યા, ૮ ઇંદ્રિય, ૯ સમુદ્ઘાત, ૧૦ સંજ્ઞી, ૧૧ વેદ, ૧૨ પર્યાપ્તિ, ૧૩ દષ્ટિ, ૧૪ દર્શન, ૧૫ જ્ઞાન, ૧૬ યોગ, ૧૭ ઉપયોગ, ૧૮ કિમાહાર, ૧૯ ઉપપાત, ૨૦ સ્થિતિ ( આયુ ), ૨૧ સમુદ્ઘાત, ૨૨ ચ્યવન, ૨૩ ગતિ ને ૨૪ આગતિ–આ પ્રમાણે ૨૪ દ્વાર સમજવા.

**ટીકાર્થ:**—( અહીં પ્રથમ ગાથામાં આદ્યના અર્ધમાં પ્રથમ ને તૃતીય ગણ પંચમાત્રાના છે તે ગાથાંતર હોવાથી છે. ) એ શરીરાદિ ચોવીશ સંખ્યાવાળા દ્વારો તે સંક્ષિપ્તતર સંગ્રહણિ જાણવી.

પ્રથમ જે શીર્ણવિશીર્ણ થાય તેને **શરીર** કહીએ. તે પાંચ પ્રકારે છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ ને કાર્મણ. આ શબ્દોની વ્યુત્પત્તિ અન્યત્ર અનેક વખત કરેલી છે ત્યાંથી જાણી લેવી. કેવળ તેના સ્વામી, વિષય, પ્રયોજન, પ્રમાણ, અવગાહના, સ્થિતિ ને અલ્પબહુત્વથી થતો ભેદ જે શાસ્ત્રાંતરમાં કહેલ છે તે શિષ્યજનના અનુગ્રહ માટે અહિં પણ કહેવામાં આવે છે. પ્રથમ સ્વામીકૃત ભેદ આ પ્રમાણે–તિર્યંચ ને મનુષ્યને ઔદારિક શરીર અને દેવ તથા નારકીને વૈક્રિય શરીર હોય. મનુષ્ય ને તિર્યંચમાં કોઇ વૈક્રિયલબ્ધિવાળા હોય તેને વૈક્રિય શરીર હોય. આહારક શરીર ચૌદ પૂર્વના જ્ઞાનવાળાને હોય, તૈજસ-કાર્મણ સર્વ સંસારી જીવોને હોય. વિષયકૃત ભેદ આ પ્રમાણે–વિદ્યાધરોને આશ્રીને નંદીશ્વર દ્વીપ સુધી ઔદારિક શરીર હોય, જંઘાચારણોને આશ્રીને રૂચકદ્વીપમાં આવેલા રૂચકપર્વત સુધી હોય. ઊર્ધ્વ બંનેને આશ્રીને પાંડુક વન-

પર્યંત હોય. વૈક્રિયનો અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી વિષય છે. આહારકનો મહાવિદેહક્ષેત્રપર્યંત વિષય છે. તૈજસ કાર્મણનો સર્વલોક વિષય છે. પ્રયોજનકૃત ભેદ આ પ્રમાણે—

ઔદારિકનું ધર્માધર્મ, સુખદુઃખ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ વિગેરે પ્રયોજન છે. વૈક્રિયનું સ્થૂળ–સૂક્ષ્મ, એક--અનેકત્વ, વ્યોમગમન–ક્ષિતિગમન વિગેરે અનેક લક્ષણવાળી વિભૂતિરૂપ પ્રયોજન છે. આહારકનું સૂક્ષ્માર્થ સંશયના વિચ્છેદ રૂપ પ્રયોજન છે, તૈજસનું આહારપાક, શાપાનુગ્રહપ્રદાન સામર્થ્યરૂપ પ્રયોજન છે. કાર્મણનું ભવાંતરગમનરૂપ પ્રયોજન છે. હવે પ્રમાણકૃત ભેદ કહે છે–ઔદારિક ઉત્કૃષ્ટ સાતિરેક એક હજાર યોજનપ્રમાણ હોય છે, વૈક્રિય લક્ષયોજનપ્રમાણ હોય છે, આહારક એક હાથપ્રમાણ હોય છે, તૈજસકાર્મણ ઉત્કૃષ્ટ ચૌદ રાજલોક પ્રમાણ હોય છે. સ્થિતિકૃત ભેદ આ પ્રમાણે—ઔદારિક જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળું છે, આહારક જઘન્ય ને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાળું છે. વૈક્રિય જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળું છે, તૈજસ કાર્મણ પ્રવાહથી સર્વ જીવો માટે અનાદિ અને ભવ્યો માટે સપર્યવસાન તેમ જ અભવ્યો માટે અપર્યવસાન સ્થિતિવાળું છે. અલ્પબહુત્વકૃત ભેદ આ પ્રમાણે–સર્વથી થોડા આહારક શરીર હોય છે, તે પણ કદાચિત્ હોય ને કદાચિત્ ન પણ હોય. તેનું અંતર કેટલું છે તે કહે છે. જઘન્ય એક સમયનું ને ઉત્કૃષ્ટ છ માસનું અંતર પડે છે. જ્યારે હોય ત્યારે પણ જઘન્ય એક, બે અને ઉત્કૃષ્ટ ૯૦૦૦ હોય છે. આહારક શરીર કરતાં વૈક્રિય શરીરો અસંખ્યાતગુણા હોય છે. નારક ને દેવો અસંખ્યાત હોવાથી, તેમ જ તેમને અવશ્ય વૈક્રિય શરીર જ હોવાથી. વૈક્રિય કરતાં ઔદારિક શરીરો અસંખ્યાતગુણા હોય છે. સર્વ તિર્યંચ મનુષ્યોને તે જ શરીર હોવાથી અહીં પ્રશ્ન કરે છે કે–' તિર્યંચ ગતિના જીવો તો (નિગોદને લઇને) અનંતા છે તો તેમના શરીરો અસંખ્ય કેમ થાય ? ' તેને ઉત્તર આપે છે કે–' તિર્યંચ ગતિના જીવો બે પ્રકારના છે. પ્રત્યેકશરીરી ને સાધારણશરીરી. જે પ્રત્યેકશરીરી છે તેને દરેક જીવોને એકેક શરીર હોય છે અને જે સાધારણશરીરી છે તેને અનંત જીવોને એક શરીર હોય છે. તેથી જો કે તિર્યંચો અનંતા છે તથાપિ તેમના શરીરો અસંખ્યાત જ છે, તેમાં કાંઇ દોષ નથી. ઔદારિક કરતાં અનંતગુણા તૈજસકાર્મણ શરીર હોય છે. સ્વસ્થાને તે બંને શરીરો સરખા છે. દરેક સંસારી જીવોને તે અવશ્યભાવી હોવાથી. ૧

૨ હવે **અવગાહના** નામનું બીજું દ્વાર કહે છે. તે શરીરના પ્રમાણ રૂપ

હોય છે, તે નારકાદિકની ઉપરના દ્વારમાં કહેલી છે. ૩ **સંહનન**–વજ્રઋષભનારાચાદિ છ પ્રકારે છે. તે પૂર્વે કહેલ છે. ૪ **સંસ્થાન**–જેવા આકારવડે સંસ્થિત થવાય તે સંસ્થાન. તેના બે પ્રકાર છે. ૧ જીવોનું ને અજીવોનું. જીવોનું સમચતુરસ્રાદિ છ પ્રકારે છે તે પૂર્વે કહેલ છે, અજીવોનું પાંચ પ્રકારે છે. પરિમંડળ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર ને આયત. તેમાં પરિમંડળ તે બહાર વૃત્તપણે અવસ્થિત હોય અને અંદર વલયની જેમ સુષિર ( પોલું ) હોય, વૃત્ત પણ તેવું જ હોય પરંતુ અંદર પોલું ન હોય. આદર્શમંડળની જેવું હોય. ત્ર્યસ્ર તે ત્રિખૂણું, ચતુરસ્ર તે ચોખંડું અને આયત તે લાંબું. એ પાંચે ઘન ને પ્રતરના ભેદથી બે પ્રકારે છે. અને પરિમંડળ સિવાયના બાકીના ચાર ઓજ પ્રદેશજનિત ( એકી પ્રદેશવાળા )–ને યુગ્મ પ્રદેશજનિત ( બેકી પ્રદેશવાળા ) એમ બે પ્રકારના હોય છે. તેમાં *ઓજ પ્રદેશ પ્રતર વૃત્ત તે પંચ પ્રદેશી પાંચ પ્રદેશાવગાઢ હોય છે.* તે આ પ્રમાણે હોય છે. એક પરમાણુ મધ્યે ને ચાર પ્રદેશ અનુક્રમે પૂર્વાદિ ચાર દિશામાં સમજવા. યુગ્મપ્રદેશ પ્રતર વૃત્ત બાર પ્રદેશી અને બાર પ્રદેશાવગાઢ હોય છે. તેમાં અંતર વિના ચાર આકાશપ્રદેશમાં ચાર પરમાણુ અને તેની ફરતા ચારે બાજુએ બેબે પરમાણુ. કુલ બાર પરમાણુ જાણવા. ઓજપ્રદેશ ઘન વૃત્ત સાત પ્રદેશી અને સાત પ્રદેશાવગાઢ જાણવું. તે આ પ્રમાણે–પંચપ્રદેશી પ્રતરવૃત્તમાં મધ્યમાં રહેલા પરમાણુની ઉપર ને નીચે એક એક પરમાણુ સ્થાપવાથી સાત પ્રદેશી થાય છે. યુગ્મપ્રદેશ ઘન વૃત્ત તે બત્રીશ પ્રદેશી હોય છે. તે આ પ્રમાણે. પૂર્વે કહ્યા પ્રમાણે પ્રતર વૃત્ત જે બાર પ્રદેશી છે તેની ઉપર બીજા બાર પ્રદેશો મૂકી ઉપર ને નીચે ચાર ચાર મૂકવા એટલે બત્રીશ પ્રદેશી થશે. ઓજપ્રદેશી પ્રતર ત્ર્યસ્ર તે ત્રણ પ્રદેશી અને ત્રણ પ્રદેશાવગાઢ હોય છે. તે આ પ્રમાણે–તિર્છા બે અણુ મૂકવા ને પછી પ્રથમના અણુની નીચે એક અણુ મૂકવો એટલે ત્રિપ્રદેશ થશે. *યુગ્મપ્રદેશી પ્રતર–ત્ર્યસ્ર છ પ્રદેશી અને છ પ્રદેશાવગાઢ હોય છે,* તે આ પ્રમાણે–તેમાં તિર્છા અંતર વિના ત્રણ અણુ સ્થાપવા, પછી પેલા બેની નીચે એક એક અણુ મૂકવો ને પછી પહેલાની નીચે એક વધારે મૂકવો એટલે છ પ્રદેશી પ્રતર ત્ર્યસ્ર થશે. ઓજપ્રદેશ ઘન ત્ર્યસ્ર ૩૫ પ્રદેશી ૩૫ પ્રદેશાવગાઢ હોય. તે આ પ્રમાણે–પ્રથમ તિર્છા પાંચ પરમાણુ સ્થાપીએ પછી તેની નીચે નીચે તિર્છા જ અનુક્રમે ચાર, ત્રણ, બે ને એક પરમાણુ મૂકીએ, એટલે કુલ પંદર પ્રદેશ થયા. પછી તેની ઉપર દરેક પંક્તિમાંથી એક એક છોડીને દશ મૂકવા, પછી તે જ રીતે છ મૂકવા, પછી તે જ રીતે ત્રણ મૂકવા ને પછી એક મૂકવો એટલે એકંદર ૩૫ પ્રદેશાત્મક થશે. યુગ્મપ્રદેશ ઘન ત્ર્યસ્ર ચાર પ્રદેશી થશે. તે આ પ્રમાણે–પૂર્વે કહેલા ત્રિપ્રદેશાત્મક ત્ર્યસ્ર સંબંધી એક અણુ ઉપર એક અણુ સ્થાપવો. એટલે ચૌદ

પ્રદેશી ઘન ત્ર્યસ્ર થશે. ઓજપ્રદેશ પ્રતર ચતુરસ્ર નવ પ્રદેશી ને નવ પ્રદેશાવગાઢ થાય છે. તેમાં તિર્ચ્છા અનંતર ત્રણ ત્રણ પરમાણુ ત્રણ વાર મૂકવા. એટલે નવ પ્રદેશી થશે. યુગ્મપ્રદેશી પ્રતર ચતુરસ્ર ચાર પ્રદેશી ને ચાર પ્રદેશાવગાઢ થાય છે. તેમાં તિર્ચ્છા બે બે પ્રદેશની બે પંક્તિ કરવી. એટલે ચતુ:પ્રદેશી થશે. ઓજ-પ્રદેશ ઘન ચતુરસ્ર ૨૭ પ્રદેશી ૨૭ પ્રદેશાવગાઢ થાય છે. તેમાં પૂર્વોક્ત નવ પ્રદેશાત્મક પ્રતરની ઉપર ને નીચે નવ નવ પ્રદેશ સ્થાપીએ. એટલે ૨૭ પ્રદેશી જ પ્રદેશ ઘન ચતુરસ્ર થશે. યુગ્મ પ્રદેશ ઘન ચતુરસ્ર આઠ પ્રદેશી આઠ પ્રદેશાવગાઢ થાય છે તે પૂર્વોક્ત ચતુ:પ્રદેશાત્મક પ્રતરની ઉપર બીજા ચાર પરમાણુ મૂકવાથી થશે. ઓજ પ્રદેશ શ્રેણિ આયત ત્રિપ્રદેશી ત્રિપ્રદેશાવગાઢ થાય છે. તેમાં તિર્ચ્છા આંતરા વિના ત્રણ પ્રદેશો મૂકવા. યુગ્મપ્રદેશ શ્રેણિ આયત બે પ્રદેશી હોય છે. તેમાં બે પ્રદેશ તિર્ચ્છા મૂકવા. ઓજપ્રદેશ પ્રતર આયત પંદર પ્રદેશી ને પંદર પ્રદેશાવગાઢ હોય છે તેમાં પાંચ પાંચ પ્રદેશની ત્રણ પંક્તિઓ તિર્ચ્છી કરવી. યુગ્મપ્રદેશ પ્રતરાયત છ પ્રદેશી હોય છે તેમાં ત્રણ ત્રણ પ્રદેશની બે પંક્તિ તિર્ચ્છી કરવી. ઓજપ્રદેશ ઘન આયત ૪૫ પ્રદેશી થાય છે. તેમાં પૂર્વોક્ત પંદર પ્રદેશી પ્રતર આયતમાં ઉપર ને નીચે બીજા પંદર પંદર પ્રદેશો મૂકવા એટલે ૪૫ પ્રદેશી થશે. યુગ્મપ્રદેશ ઘનાયત બાર પ્રદેશી થાય છે. તેમાં પૂર્વે કહેલા ષટ્ પ્રદેશી પ્રતરાયતની ઉપર તેટલા જ પરમાણુ સ્થાપવા એટલે બાર પ્રદેશી થશે. પ્રતર પરિમંડળ વીશ પ્રદેશી થાય છે તે આ પ્રમાણે—પૂર્વાદિ ચારે દિશામાં ચાર ચાર પરમાણુ સ્થાપવા. અને વિદિશામાં એકેક સ્થાપવો એટલે વીશ પ્રદેશી પરિમંડળ થશે. ઘનપરિમંડળ ચાળીશ પ્રદેશી થશે તેમાં પૂર્વે કહ્યા પ્રમાણે વીશની ઉપર બીજા વીશ મૂકવા. એટલે ચાળીશ પ્રદેશી થશે.

આ પ્રમાણે અજીવના સંસ્થાનની પ્રરૂપણા કરી. એમાં કહ્યા કરતાં ન્યૂન પ્રદેશવડે તે તે સંસ્થાન થઇ શકતા નથી. આ અર્થનો સંગ્રહ કરનારી શ્રી ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં ચાર ગાથા છે તે અહિં ટીકામાં આપી છે; પરંતુ તેમાં ઉપર જણાવ્યા પ્રમાણેના સંસ્થાનોમાં આવતા પરમાણુઓની સંખ્યા જ બતાવેલી હોવાથી તે અમે અહિં લખી નથી.

( આ સંસ્થાનોની આકૃતિઓ આ સાથેના યંત્રસંગ્રહમાં આપવામાં આવશે. )

૫ હવે **કષાય**–જેમાં પ્રાણીઓ દુ:ખી થાય તે કષાય. અથવા કષ જે સંસાર તેનો આય જે લાભ–પ્રાપ્તિ તેને કષાય કહીએ. તે ક્રોધ, માન, માયા ને લોભ એમ ચાર પ્રકારે છે. તે પ્રત્યેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની,

પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ચાર ચાર ભેદ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે—જળ, રેણુ, પૃથ્વી ને પર્વતની રેખા સમાન ચાર પ્રકારનો ક્રોધ છે, નેતરની લતા, કાષ્ઠ, અસ્થિ ને પથ્થરના સ્થંભ સમાન ચાર પ્રકારનું માન છે, અવલેખિકા, ગોમૂત્ર, મેંઢાના સિંગ અને ઘણુવંશના મૂળ સમાન ચાર પ્રકારની માયા છે અને હળદર, ખંજન, કર્દમ ને કીરમજના રંગ સમાન ચાર પ્રકારનો લોભ છે. તેની સ્થિતિ પક્ષ, ચાર માસ, વર્ષ ને જાવજ્જીવની અનુક્રમે છે અને તે ચારે દેવ, મનુષ્ય, તિર્યંચ ને નરક ગતિમાં જવાના હેતુભૂત કહ્યા છે.

૬ **સંજ્ઞા**–સંજ્ઞાન તે સંજ્ઞા. તેના ચાર પ્રકાર છે. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા મૈથુન સંજ્ઞા ને પરિગ્રહ સંજ્ઞા. ૭ **લેશ્યા**–જેના વડે કરીને આત્મા કર્મથી લેપાય તેને લેશ્યા કહીએ. કૃષ્ણાદિ દ્રવ્યના સમીપપણાથી થતા આત્માના શુભાશુભરૂપ પરિણામ વિશેષ તે લેશ્યા કહીએ. કહ્યું છે કે—**कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामोऽयमात्मनः । स्फटिकस्येव तत्रायं लेश्याशब्दः प्रवर्तते ॥ १ ॥** 'સ્ફટિકની જેમ કૃષ્ણાદિ દ્રવ્યના સામીપ્યપણાથી આત્માના જે ( શુભાશુભ ) પરિણામ થાય તે અર્થમાં લેશ્યા શબ્દ પ્રવર્તે છે.' તે લેશ્યા છ પ્રકારની છે. ૧ કૃષ્ણ લેશ્યા, ૨ નીલલેશ્યા, ૩ કાપોત લેશ્યા, ૪ તેજો લેશ્યા, ૫ પદ્મ લેશ્યા, ૬ શુકલ લેશ્યા. એનું સ્વરૂપ જંબૂવૃક્ષના ફળ ખાનાર છ પુરૂષના તથા ગ્રામઘાતક છ પુરૂષના દૃષ્ટાંતથી જાણવું. અહિં બે દૃષ્ટાંતની મળીને ૧૧ ગાથાઓ છે તેનો અર્થ આ પ્રમાણે—એક અત્યંત પાકેલા જાંબુના ફળોથી જેની શાખાઓ નમી ગયેલી છે એવો જંબૂવૃક્ષ છ પુરૂષોએ દીઠો, એટલે તેમણે તેના ફળો ખાવાની ઇચ્છા જણાવી. એક બોલ્યો કે–આ વૃક્ષ પર ફળ ખાવા માટે ચડવાથી જીવવાનો સંદેહ થઈ પડે માટે ઉપર ન ચડતાં તેને મૂળમાંથી છેદીને પાડી નાખીએ, બીજો બોલ્યો કે–આખા વૃક્ષને છેદવાનું આપણે શું કામ છે તેની મોટી શાખા છેદીએ, ત્રીજો બોલ્યો કે–પ્રશાખાઓ છેદીએ, ચોથો બોલ્યો કે–ફળવાળા ગુચ્છા છેદીએ, પાંચમો બોલ્યો કે–ફળો જ પાડીએ, છઠ્ઠો બોલ્યો કે આ પુષ્કળ જાંબુ જમીન પર પડેલા છે તે જ લઈને ખાઈએ." આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે—જેણે આખા વૃક્ષને છેદવાનું કહ્યું તેને કૃષ્ણલેશ્યાએ વર્તતો જાણવો. બીજો મોટી શાખા છેદવાનું કહેનારો નીલ લેશ્યાવાળો જાણવો, પ્રશાખા છેદવાનું કહેનારો કાપોત લેશ્યાવાળો જાણવો, ગુચ્છા છેદવાનું કહેનારો તેજો લેશ્યાવાળો જાણવો, ફળો ત્રોડવાનું કહેનારો પદ્મ લેશ્યાવાળો જાણવો અને પડેલા ફળો ખાવાનું કહેનારો શુકલ લેશ્યાવાળો જાણવો.'

બીજું ઉદાહરણ આ પ્રમાણે જાણવું. છ ચોર કોઇ ગામનો ઘાત કરવા નીકળ્યા. તેમાં એક કહે કે–દ્વિપદ–ચતુષ્પદ જે સામે આવે તેને મારવા, બીજાએ કહ્યું કે મનુષ્યને જ મારવા, ત્રીજો કહે કે–મનુષ્યમાં પણ પુરૂષને જ મારવા, ચોથો કહે કે–આયુધવાળાને મારવા, પાંચમો કહે કે–જે સામો થાય–યુદ્ધ કરવા ઇચ્છે તેને મારવો, છઠ્ઠો કહે કે–તમે કેવળ ધન ગ્રહણ કરો, તમારે મારવાનું શું કામ છે? આનો ઉપનય આ પ્રમાણે સમજવો—સર્વને મારવાનું કહેનાર કૃષ્ણ લેશ્યાવાળો, એ પ્રમાણે બધા ઉતરતા ઉતરતા જાણવા. છેવટ ધન જ લેવાનું કહેનાર શુકલ લેશ્યાવાળો જાણવો. આમાં પ્રથમની ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે અને ઉપરની ત્રણ પ્રશસ્ત છે. તેથી પ્રથમની ત્રણને પરિહરી ઉપરની ત્રણ માટે પ્રયત્ન કરવો.

૮ હવે **ઇંદ્રિયો**–સ્પર્શનાદિ પાંચ–સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રરૂપ જાણવી. તે ઇંદ્રિયો પૃથિવી, કૃમિ, કીડી, ભ્રમર અને મનુષ્યાદિમાં એકેક વધતી જાણવી. એ ઇંદ્રિયોનું સ્વરૂપ દ્રવ્ય–ભાવ ભેદે કરીને નંદી અધ્યયનની ટીકાથી જાણવું. ૯ **સમુદ્ઘાત**–સાત પ્રકારે છે. વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક ને કેવળી. આનું સ્વરૂપ શ્રીપન્નવણા સૂત્રની ટીકાથી જાણવું. ૧૦ **સંજ્ઞી**–સંજ્ઞા–મન જેને હોય તે સંજ્ઞી. મનપર્યાપ્તિએ પર્યાપ્તા પંચેંદ્રિય તે સંજ્ઞી અને બીજા અસંજ્ઞી પૃથિવીકાયથી માંડીને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય સુધીના જીવો જાણવા. અથવા સંજ્ઞી ત્રણ પ્રકારના છે. ૧ દીર્ઘકાલિકી ઉપદેશવડે, ૨ હેતુવાદ ઉપદેશવડે, અને ૩ દૃષ્ટિવાદ ઉપદેશવડે તેમાં દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા તેને કહીએ કે જે 'હું આ કરૂં છું, મેં આ કર્યું છે, હું આ કરીશ.' એમ ત્રિકાળ વિષયક સંજ્ઞાવાળા હોય; તે સંજ્ઞી પંચેદ્રિય જાણવા. તે સિવાયનાને અસંજ્ઞી (મન વિનાના) કહીએ. હેતુવાદોપદેશવડે સંજ્ઞી તે કે જે કારણને લઇને પ્રવર્તે–જેમ કૃમિ વિગેરે તડાકા વિગેરેથી પરાભવ પામ્યા સતા તેના નિવારણ માટે પ્રયત્ન કરે (છાયામાં આવે) તે અપેક્ષાએ તેને પણ સંજ્ઞી કહીએ, કેવળ તેને ( વિકળેંદ્રિયોને ) દીર્ઘકાલિકી સંજ્ઞા હોતી નથી. આ સંબંધમાં કહ્યું છે કે–જે ઇષ્ટાનિષ્ટ વસ્તુ સંબંધી વિચાર કરીને ઇષ્ટમાં પ્રવર્તે અને અનિષ્ટથી નિવર્તે, તેને દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જાણવા. પોતાના શરીરની પરિપાલનાને માટે પ્રાયે કરીને જેની પ્રવૃત્તિ સાંપ્રતકાળને આશ્રીને હોય તેને હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળા કહીએ. દીર્ઘકાળને આશ્રીને તેમની પ્રવૃત્તિ હોતી નથી. તે સંજ્ઞા વિનાના નિશ્ચેષ્ટ જીવો ( એકેંદ્રિય ) ને તેની અપેક્ષાએ અસંજ્ઞી કહીએ. દૃષ્ટિવાદોપદેશ સંજ્ઞાવડે સમકિતદૃષ્ટિ-

જીવોને જ સંજ્ઞી કહીએ, બાકીના જીવો હિતાહિતની પ્રાપ્તિ ને પરિવર્જન રૂપ સંજ્ઞીસાધ્ય જે પ્રયોજન તે કરી શકતા ન હોવાથી તેને અસંજ્ઞી કહીએ. કહ્યું છે કે-સમ્યગ્દૃષ્ટિ જીવોને ક્ષાયોપશમિક જ્ઞાન ( સમકિત ) હોતે સતે સંજ્ઞી કહીએ. દૃષ્ટિવાદોપદેશની અપેક્ષાએ મિથ્યાત્વ સતે અસંજ્ઞી કહીએ.

૧૧ **વેદ**-ત્રણ પ્રકારે છે. સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ. ૧૨ **પર્યાપ્તિ**-છ છે તે પૂર્વે કહેલ છે. ૧૩ **દૃષ્ટિ**ના ત્રણ પ્રકાર છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યા( મિશ્ર )દૃષ્ટિ. ૧૪ **દર્શન** ચાર પ્રકારે-ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન, ૧૫ **જ્ઞાન** પાંચ પ્રકારે-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. ૧૬ **યોગ** ત્રણ પ્રકારે-મનયોગ, વચનયોગ ને કાયયોગ. ૧૭ **ઉપયોગના** બે પ્રકાર છે-સાકાર ને અનાકાર.

૧૮ **કિમાહાર**-એટલે જીવ આહારક છે કે અનાહારક છે ? તે હકીકત ઉપર કહી આવ્યા છીએ કે વિગ્રહગતિમાં અનાહારક છે, સિવાય આહારક છે.

